૬૭૭૩

"મનહર" પુસ્તકમાળા.

ગ્રંથ ૧ લો.

# સ્નેહમાં સંકટ.

અને

# સંસારની વિચિત્રતા.

લખનાર—"મનહર."

આર્યમુદ્રાલય કાલબાદેવી રોડ મુંબઇ.

ઇ. સ. ૧૮૯૮

કીંમત રૂ. ૧-૮-૦

अद्वैतं सुखदुःखयोरनुगुणं सर्वास्ववस्थासु य
द्विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिहान्नर्यो रसः ॥
कालेना वरणात्ययात् परिणते यत्स्नेहसारे स्थितं
भेदं तस्य सुमानुषस्य कथमप्येकं हि तत् प्राप्यते ॥

भवभूति.

"સુખ અને દુ:ખમાં જેનો એક સરખો ભાવ છે, સર્વ અવસ્થામાં જે અનુકૂળ છે, જેને મેળવીને હૃદય આરામ અને વિશ્રામ મેળવે છે; વૃદ્ધાવસ્થા જેની ગાઢતાને નષ્ટ કરી શકતી નથી, કાળે કરીને પરિપક્વ થયાથી લજ્જારૂપ આવરણ ભેદાને જે ઘનીભૂત સ્નેહનો આકાર ધારણ કરે છે તેનું નામ પ્રેમ છે;—આ ઉત્કૃષ્ટ વસ્તુ એક બે સારા માણસનાં હૃદયમાં મળે છે."

# અર્પણ પત્રિકા.

પુજ્ય પિતાજી,

બાળકપણમાં અનહદ લાડમાં ઉછેરી, હજ્જારો રૂપિઆને ભોગે સુશિક્ષણ આપી મને આ સ્થિતિએ આણવા આપે અત્યંત કાળજી રાખી, એ સર્વ આપના મ્હારા ઉપરના ઉપકારોનો બદલો જીવિતપર્યંત વાળી શકવાને હું કેવળ અશકત છું! મ્હારે માટે સહન કરેલાં અસંખ્ય કષ્ટોનું આ પરિણામ આપનાં પુજ્ય ચર્ણમાં અર્પણ કરૂં છઉં!

લા. હું છું  
આપનો ઓશિંગણ પુત્ર  
"મનહર"

# ઉદ્ભવ શાથી?

પ્રસ્તાવનાની કાંઇ ખાસ જરૂર જોવામાં આવતી નથી. શરૂઆતમાં આ વાર્તા "ભીમસેન" પત્રમાં પ્રગટ કરવામાં આવી, તે સમયે તે પુસ્તકના આકારમાં પ્રસિદ્ધ કરવામાં આવશે, એમ સ્વપ્ને પણ ધારવામાં આવ્યું નહોતું.

અમુક સમયે બનેલા અમુક બનાવના વિચારો મનમાં ઉત્પન્ન થયા. રાત્રિ દિવસ પ્રવૃત્તિમાં રહેવા છતાં તે વિચારો દૂર ન થતાં વધુ મુંઝવણનું કારણ થઇ પડયા. દિવસે દિવસે માનસિક દર્દનું જોર વધતાં પ્રવૃત્તિમાં શૂન્યતા અવવા માંડી, એટલામાં અનેક અથડાતા વિચારોમાંથી એક શાંત સમયનો વિચાર તે દર્દનુ અપૂર્વ ઔષધરૂપ લાગ્યું! 'હૃદયમાર્ગપ્રવાસી મંડળને બુદ્ધિનું પ્રાપંચિક જોર ચલાવવું ગમતું નથી!' એવું કંઇક મનેથવા લાગ્યું. બુદ્ધિથી ફાવતો મનુષ્ય લાંબા સમયે ફરી પોતાના મૂળ સ્થાનમાં આવ્યા વગર રહેતો નથી! બુદ્ધિથી થતા ઉદ્યોગને કેટલીક વાર હૃદય જળ સરખી શીતળતા પમાડે છે! કેટલીક વાર બુદ્ધિ વિલાસી મનુષ્યનાં આત્મબળને ખોટે રસ્તે જતું અટકાવી ખરમાર્ગપર દોરી જાય છે! ગમે તેમ હો! તે શાંત સમયે બનેલી દુનિયાને હૃદયદ્રષ્ટિએ અવલોકવા માંડી! પાસે સાધન તૈયાર હોવાથી લખવા માંડયું! તે વખતે ઠીક લાગ્યું! વિશેષ લખાયું! પણ થોડા વખતમાં બુદ્ધિનો તાપ લાગતાં આત્મબળનો વેગ જતો રહ્યો! હૃદય અને બુદ્ધિ વચ્ચે સખત યુદ્ધ ચાલ્યું! લખતાં અટકી જવાયું! દર્દનું દુઃખ ચાલુજ રહ્યું! લખાયલું "ભીમસેન" દ્વારા બહાર પડયું! શરૂઆતનો થોડોક ભાગ એ રમુજી પત્રના આનંદી વાંચનારાઓની મનોવૃત્તિને સ્હેજ અરૂચિકર લાગતાં નવલનું બાંધેલું બંધારણ ફેરવવાની ફરજ પડી! તોપણ મૂળ નેમ કેટલેક અંશે જાળવી શકાઇ! દર્દની અસહ્ય વેદનામાં સ્વહસ્તેજ બનાવેલું ઔષધ કદાચ કોઇ હકીમને યોગ્ય નહીં લાગ્યું હોય! પણ કેટલીક વાર હકીમ પોતાનાં કર્તવ્યમાં અને ઇશ્વરમાં બહુ ભેદ પાડે છે પણ ઔષધી અને આસ્થા, એ બંનેને બહુ નિકટનો સંબંધ છે, એ પણ હકીમે જાણવું જોઇએ!

ગ્રંથકાર તરિકે ખપવાને અથવા કોઇ પણ પ્રકારની ખાસ ઇચ્છાથી આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું નથી! માત્ર દર્દને માટે દર્દીએજ બનાવેલ ઔષધ હકીમ કરતાં વિશેષ અસરકારક થઇ પડે છે કે નહીં, તે જોવાનોજ મૂળ ઉદ્દેશ છે!

છેવટે જે મ્હારા પરમ સ્નેહિ મિત્રોએ આ વાર્તા લખતાં મને કેટલીક સુચનાઓ કરી છે તેમનો તથા સ્નેહિ ભાઇ નગીનદાસ મંછારામે પોતાના "ભીમસેન" પત્રમાં મ્હારાં લખાણને સ્થાન આપી યોગ્ય ઉત્તેજન આપ્યું તે માટે એમનો અત્રે ઉપકાર માનવાની તક લેતાં મને અત્યંત આનંદ થાય છે! એજ.

માઘ શુક્લ પક્ષ<br>
વસંત પંચમી.<br>
મુંબઇ.

કર્તા.

# સ્નેહમાં સંકટ

અને

# સંસારની વિચિત્રતા.

## પ્રથમ ખંડ.

### ઉપસ્થાન.

ખરાં હૈયાં જો મળીયાં તો,
હૃદયમાં સત્ય સ્નેહ ધારો.

### સ્વાર્થી સંસાર.

સ્વાર્થ પ્રપંચ માટેજ ઉત્પન્ન થયેલી દુનિયામાં સુખ ખાલી મનનુંજ માનવું છે. સ્વાર્થથી છવાયલાં સંસારમાં સુખનો લેશ માત્ર પણ ભાસ નથી. આથી સ્વાર્થ અને સુખને વેરભાવ હોય એમ જણાય છે. સ્વાર્થથી સુખ સો યોજન દુર ન્હાસતું ફરે છે. અનેક જગ્યાએ બંધન છે. કોઇ પણ સ્થળે સુખનો ખુલ્લો માર્ગ રચનાએ રચેલો નથી. સ્વાર્થબંધન અરસપરસ કોઇ વિચીત્ર સંજોગથી ગોઠવાઇ ગયો છે, અને સુખ શોધવા જતાં સ્વાર્થ બંધનમાંથી મુક્ત થવાતું નથી. અનેક માયા જાળમાંથી મહા મહેનતે મનને મારી મુક્ત થતાં, પાણી પેટનો વખત આવતાં, સ્વાર્થ વગરના અનેક માણસો, સંસારને અસાર માની ત્યાગ કરી અઘોર જંગલમાં વસતા સન્યાસી, સાધુ, યોગી, વેરાગી વગેરે સર્વ પણ સ્વાર્થના સપાટામાં સપડાઇ જઇ, પોતાની સર્વ મહેનત પર પાણી ફેરવે છે. ત્યારે સુખ છે ક્યાં? સમાન સાથે પેટને અલગું રાખતાં, સ્નેહ બંધાય તો એના સરખું સુખ સંસારમાં બીજું છેજ નહિં. સુખ, સત્ય સુખ, આ ક્ષણભંગુર સંસારમાં માત્ર સ્વાર્થ વગરના સ્નેહમાં સમાયેલું છે.

સંસારની અનેક વિચીત્ર રચનાઓ છે. જેમાં જેમાં દોરાઇએ છીએ તે સર્વમાં, મન સાબીતી સાથે કહે છે કે, મ્હોટું દુઃખ છે. આત્મા, ઇશ્વરી અંશ આત્મા, પણ મનની એ વાતને ટેકો આપે છે. માતપિતાનો સ્નેહ છેવટે પોતાની આબરૂ જાળવવા પુત્ર તરફ દોરાય છે. કદી પુત્ર અકકરમી અથવા મુર્ખ નીવડે તો માબાપને તેજ એક કટ્ટા વૈરી જેવો લાગ્યા વિના રહેશેજ નહીં. વળી દરેક પુત્રનો ધર્મ છે કે પોતાના વડિલોની સેવા કરવી, પણ સ્વાર્થ! ઝેરી સ્વાર્થ વાસનાથી વિષમય થયેલ અંતઃકરણ માત્ર પોતાનું પોષણ થાય ત્યાં સુધીજ એ સ્નેહ-ધર્મ પાળે છે. જ્યાં સુધી પૈસો છે ત્યાં સુધી માતપીતા સર્વ અતિ વહાલાં લાગે છે. પણ લક્ષ્મિ અવિચળ નથી. ભોગ-

વિલાસમાં પિતાનું સર્વ દ્રવ્ય નષ્ટ થતાં, ગરીબાઇની ઉંડી ગારમાં અચાનક પડતાં, જ્યારે ઉદરપોષણના ફાંફા પડે છે, ત્યારે તેજ પુત્ર! તે પાપી! કુપુત્ર રાજ્યવૈભવ સરખું ભોગવેલ સર્વ સુખ તથા જાહોજલાલી દાતા પોતાનાં માતપિતાનો સર્વ સ્નેહ વીસરી જઇ તેમને અનેક દુઃખ આપે છે! શા માટે? સ્વાર્થ તૃષ્ણા તૃપ્ત કરવા માટેજ!! જે માતપિતાએ તેને પોતાનું સર્વસ્વ માની, અસંખ્ય સંકટો સહન કરી, અતિ લાડમાં, મન ગમતું સુખ દઇ ઉછેરી મોટો કર્યો. તે સર્વ ઉપકારો વધુ સુખ ન મળતાં, સ્વાર્થ તૃપ્ત ન થતાં ભૂલી જઇ, તેમની દુઃખદ અવસ્થામાં ભાગ લઇ તેમને દિલાસો ન આપતાં, તથા તેમનાં સંકટો દૂર કરી આશી સુખી કરવાને લેશ માત્ર પણ પોતાને કષ્ટ આપી પ્રયત્ન કરવાને બદલે, તેમની સન્માર્ગદર્શક શીખામણ ન માની, તેમને હેવાનવત ગણી જરા જરામાં ધુતકારી કાઢે છે, અને જાણે પોતેજ તેમનું પોષણ કરતો હોય એમ મનમાં ગુમાન ધરાવી પોતે, "બાવા બાલે અંગ આગમેં, બેટા ઝુલે રંગ રાગમેં" એ પ્રમાણે તેમને દુઃખમાં દેહ બાળતાંજ રહેવા દઇ, મનગમતી મોજ માણવામાંજ પોતાનો સમય ગુમાવે છે; ત્યારે શું તેનાપર કીધેલ તેમનાં અનહદ ઉપકારોનો આજ બદલો? શું આજ પિતૃભક્તિ! વાંચનાર! ખરેખર! આ એક ભયંકર સ્વાર્થનીજ નિશાની છે!!!

પવિત્ર લગનગાંઠથી બંધાયલા સુખ અને દુઃખના એક સરખાંજ જીંદગી સુધીનાં સાથી સ્ત્રીપુરૂષનો પ્રેમ અનહદ કહેવાય છે, તેમાં પણ દુષ્ટ સ્વાર્થ જાળ છવાયલી જોવામાં આવે છે. પતિ પોતાની સ્ત્રી તરફ અનહદ સ્નેહ રાખતો હોય. પોતાના સુખદ સમયમાં તેણીને અત્યંત સુખમાં રાખી, મોં માગ્યાં વસ્ત્રાભુષણોથી તેણીને મઢાવી તેણીની સર્વ ઇચ્છાઓ પાર પાડવા તન મન અને ધનથી સદા તત્પર રહે છે, પણ જ્યારે દુરભાગ્યે અતિશય કંગાલ સ્થિતિમાં આવી જતાં, પેટને પુરતું અન્ન મળવાના પણ જ્યારે વાખા પડે છે, ત્યારે તેજ સ્ત્રી પોતાને મળેલાં સર્વ આભુષણો વગેરે પોતાના પતિના મરણ પછી પોતાનાં પેટના નિભાવઅર્થે છુપાવી રાખી, પોતાના અતિ વાહલા લાગતા પતિના દુઃખમાં રીબાતો મુંગી મુંગી જોયાંજ કરે છે, અને પોતાને મન માનતું સુખ મળતું બંધ થવાથી અંતઃકરણમાં હજારો શ્રાપ આપે છે. આ ઉપરથી એમ નક્કિ થાય છે કે સ્ત્રીનો પ્રેમ માત્ર વિષય આગળ આવીને અટકે છે. વિષયને માર્ગ મળતાં પ્રેમનાં છેવટનાં ચિન્હ ત્યાં પુરાં થાય છે. ત્યારે એ ખરા પ્રેમની લાગણી નથી એ દરેક માણસ કબુલ કરશેજ. આવી રીતે જોતાં જેનો સ્નેહ સર્વથી વધારે અનહદ ગણાય છે, તેજ પોતાના પ્રાણરક્ષક, સુખદાતા અને સૌભાગ્યદીપક તરફ આવી સ્વાર્થવૃત્તિ બતાવે ત્યારે ભાઇ, ભાગિની સંબંધી અમે શું વિશેષ બોલીએ! આ ભયંકર સ્વાર્થ તરફ દ્રષ્ટિ કરતાં હૃદય–આત્મા અત્યંત દુઃખી થાય તેમાં શું નવાઇ!!!

જગતમાં સ્વાર્થિ પેટ તરફ નજર કરતાં સંસાર, કરડો, પાપી સંસાર દુઃખનેજ માટે પેદા થયેલ હોય એમ લાગે છે, અને તે સત્ય છે. આ સર્વ જોતાં હૃદય–મન સ્વાર્થ વગરના માણસને જોવાની આતુરતાથી શોધ કરે છે. માત્ર એકજ જગ્યા સ્વાર્થ વગરની અને સુખનું સ્થાન છેવટે જણાય છે, તે સ્થાન પૂર્ણ વિચારથી જોવા ઉપરાંત દરેક પ્રાણી માત્રની હૃદય ઉર્મી પણ સુચવે છે કે તે સ્થળ સ્વાર્થરહિત છેજ. તે એજ કે, સમાન વયના, સહૃદય સ્નેહિનાં હૃદયનું મિલન, જે શરીરનાં કોઇ પણ સંબંધ વગરજ, કિંચિત માત્ર પણ સ્વાર્થ વગર કુદરતને સ્વહસ્તેજ બનેલ છે, તેજ ખરાં હૃદય મળે છે, તો દુનિયામાં સુખ એથી

દુર નથી. બીજાં સર્વ સુખ એથી ઉતરતાં છે; મનનું માનેલું સુખ તે કાંઇ સુખ કહેવાતુંજ નથી. ઇશ્વરી હાથ જે કુદરત, તેનોજ સંયોગ સુખદાયક છે. કુદરતનીજ મરજીથી સમાન વયના બે સ્નેહિનું પ્રેમપાશથી બંધાતું હૃદયજ, આ સંસારનું ખરૂં સુખ, તથા છેવટે સ્વર્ગનું દ્વાર છે. મનુસ્મૃતિ, ગિતા વેદ વિગેરે આપણાં પ્રાચીન ધર્મ પુસ્તકો પણ અમારા આ વિચારને ટેકો આપ્યા વગર રહેશે નહિજ. આજ સંસારનું સુખ છે. જગતનું માનવું ગમે તે હોય; અમને તે વિષે કાંઇ પણ જાણવાની જરૂર નથી. આટલો માત્ર ખરા સુખનો અનુભવ જણાવ્યા પછી અમે સંસાર, આ પાપી, સ્વાર્થી પ્રપંચ જાળથી ભરપુર અસાર સંસારનો અનુભવ લેતા, ગાઢ સ્નેહ સાંકળથી સંધાયલા, અને એકજ હૃદય—આત્મા માનતા બે સ્નેહિના સ્નેહમાં અચાનક અદ્ભુત તેમજ ભયંકર સંકટની વાર્તા શરૂ કરશું.

## પ્રકરણ ૧ લું.

### બે સ્નેહિ.

મુંબઇ—"વિકટોરીયા ગાર્ડન" અથવા "રાણીના બાગ" ને નામે ઓળખાતો ભાયખલા તરફ આવેલો કુદરતની અદ્ભુત રચનાનો આબેહુબ નમુનો લાવવાની કોશેષ કરેલો, મનહર એક જાણીતો સરકારી બાગ છે. ગરમીની રૂતુની એક બપોરના આ બાગ કંઇક શાંત અને શીતલ હવા આપવા સાથે કુદરતની અદ્ભુત લીલાથી ભરપુર રચનાનું ભાન કરાવતો હતો. સરોવર, સામુદ્રધુની, અને ભૂશિર વગેરેનો તાદૃશ્ય ચિતાર આપવા પ્રયત્ન કરેલી પાણીથી ભરેલી જગ્યાઓ અતિ રમણ્ય લાગતી હતી. પાણીમાં કમલ, કમલિની ભ્રમર સંગે પ્રેમથી રમતાં, આનંદથી ડોલાયમાન થતાં જોઇ મનમાં કંઇક ગુપ્ત શૃંગારનો ભાસ આપતાં હતાં. આસપાનાં વૃક્ષ ઉપર કાગડાઓનો "કાકા" કરવાનો અવાજ તથા તે સાથે ચલીયાંઓની ચીચીયારીથી આસપાસ ફેલાયલી શાંતીનો ભંગ થતો. સમાન અંતરે ઉગેલાં તરેહ તરેહનાં ઝાડો તથા વિચીત્ર રંગબેરંગી રોપાઓ કુદરતી શોભામાં વધારો કરતા હતા. સિંહ, વાઘ, વરૂ, વાંદરા, કબુતર પોપટ વિગેરે અનેક જાતના પક્ષિ અને જંગલી હિંસક પ્રાણીઓને રહેવાનાં પીંજરા નીહાળતા, સમાન વયના એકજ હૃદયના બે સ્નેહિ એક સરખાજ પોશાકમાં, સંસારની અનુભવાતી દુઃખદ સ્થિતિનો વિચાર કરતા એક બીજાને ખભે હાથ મુકી પસાર થતા હતા. છેવટે કુદરતનો ઘાટ પાડતા, ગંભીર વૃક્ષ ઘટાથી છવાયેલાં લતા મંડપમાં વિરામ પામવા વાત કરતા તેઓ બેઉ જણ બેઠા. બેઉની ઉમ્મરં આસરે બાગણીશેક વર્ષની હતી. સ્હેજ મુછનો દોરો તેમની મુખમુદ્રાપર ફુટયો હતો. આ બેમાંથી એકનું નામ કમળકાન્ત અને બીજાનું નામ હરમુખરાય હતું. મંડપમાં બેસતાંજ કમળકાન્તના ખોળામાં સ્નેહથી માથું મુકી પગ લાંબા કરી સુતાં હરમુખરાય બોલ્યો, "આહા હા! કુદરતની રચનાની કોમળ, શાંત શય્યામાં સુખની નિંદ્રા લેનાર માણસનાં સુખનો શું પાર હશે! મને એનો અનુભવ કંઇ મળશે? કમળ! તમારો ખોળો આનંદી તેમજ જ શાંત ઓસીકું છે. આજે ચાલતાં થાક બહુજ લાગ્યો છે, ગરમી અતિશય થાય છે. શાંત નિંદ્રાને આવકાર આપવા પ્રયત્ન કરતી આંખો ઘેરાય છે. ઇચ્છા થાય છે કે એ ઇશ્વરી સુખનો અનુભવ લઉં!"

"ભાઇ!" તેના કપાળપર હાથ ફેરવતાં કમળકાન્ત બોલ્યો, "તમને ઇચ્છા તો થઇ, પણ આ સ્થળ યોગ્ય છે કે નહિં તે પણ વિચારવું જોઇએ!"

"અરે હા !" હરમુખરાય તેની તરફ દૃષ્ટિ કરી મંદ હાસ્ય સહિત બોલ્યો, "હું સમજ્યો ! સમજ્યો ! તમારૂં યોગ્ય સ્થળ મને ખબર છે ! પણ આ સ્થળ પણ મને તેના જેવુંજ પ્રિય લગેછ. ભાઇ ! તમારી મશ્કરી પકડાઇ ગઇ ! તમે ન ફાવ્યા !"

આ વાક્યોનો અર્થ કમળકાન્ત સમજી શક્યો નહિ, અને પોતાના બોલોથી મિત્ર પર કાંઇ જુદીજ અસર થઇ છે, એવું લાગવાથી તેના બોલોનો ભાવાર્થ શોધી કાઢવા એક ટસે તેની સામે જોવા લાગ્યો.

"વાહરે મારા કમળ !" સ્નેહથી તેનું ખભું દાબતાં હરમુખરાય બોલ્યો, "તમે તો જાણે કાંઇ સમજતાજ નથી ! હજી જરા ઠાવકું મ્હોં રાખો ! જરા વધુ ગંભીર થાઓ ! નાટકનો વેશ ભજવવામાં તો બહુ હુશીયાર દેખાઓ છો !"

"એટલે ?" કમળકાન્તે અજાયબીથી પૂછ્યું. "તમે આ શું બોલો છો ? હરમુખ ! તમારૂં કહેવું હું સમજી શકતો નથી."

"તમે નથી સમજી શકતા, પણ હું તો તમારી ધારણા સમજી ગયો !"

"શું ?"

"શું ? મને શું પૂછોછ ? પૂછો તમારા મનને ?"

"મારા મનને ! શું પુછું ?"

"તમારૂં યોગ્ય સ્થળ !"

"મારૂં યોગ્ય સ્થળ ? એ શું વળી?"

"અરે વાહરે તમારી ગંભીરતા ! હયો તમે મારે મોઢેજ વાત બોલાવવા માંગોછ તો મારે કાંઇ ના નથી. તમે તમારાં બ્હેન નંદા વાસ્તે કહેતા હતા ખરૂં કે નહિં ? પણ કમળ ! મને તો તમારો ખોળો પણ એટલોજ સ્નેહ ભર્યો લાગે છે !"

વાંચનારને અત્રે જણાવવાની જરૂર છે કે હરમુખની પત્નિ નંદા કમળની સગી બ્હેન નહોતી, પણ અરસપરસ બેય મિત્રો એક બીજાની પત્નિને બ્હેનનું રૂપ આપતા હતા.

કમળકાન્તને આ સાંભળી બેહદ હસવું આવ્યું. તે દસેક મીનીટ હાસ્ય દબાવી શક્યો નહિં. હરમુખ પણ સાથે હસવા લાગ્યો. "અરે ભાઇ !" હસતાં હસતાં કમળકાન્ત બોલ્યો, "તમે તો કાંઇનું કાંઇ સમજી ગયા ! આ તો બધું આંધળે બ્હેરૂં કુટાઇ ગયું ! મેં કહ્યું શું ને તમે સમજ્યા શું ? હું તો આ મંડપ વાસ્તે કહેતો હતો ! મારૂં કહેવું એમ હતું કે પ્રવૃત્તિ વગરના હલકા વર્ણના માણસો માટે આ નિંદ્રાનું સ્થાન છે ! આપણ સરખા માટે નથી. તમને અત્રે જોતાં કોઇ બેદરકાર અને ઉદ્ધત ધારશે, સમજ્યાની?"

"તમારા વિચારો ભૂલ ભરેલા છે !" હરમુખરાય જરા ગંભીરતા ધારણ કરી બોલ્યો,—"હૃદયની પ્રેરણા પ્રમાણે ચાલનાર મનુષ્યને કોઇનો પણ ભય તેમજ દરકાર હોતી નથી ! દુનિયાના પ્રપંચી માણસની એક પણ વાત ટેકાવાળી ગણાતી નથી ! લોકોની સ્તુતિ તેમજ નિંદા અનિયમિત છે, પણ એથી સદ્‌વૃત્તિવાળા માણસો સુખ કે દુઃખ કંઇ માનતા નથી ! લોકવાણી ઉપર લેશ પણ આધાર નહિજ રાખવો જોઇએ ! ભાઇ ! જરા વિચાર કરો ! મૂર્ખ, અક્કલહીન, અને કુછંદી પણ દ્રવ્યવાનને કેટલાક પૈસાના તેજમાં અંજાઇ ગયલા માણસો સુજ્ઞ, ડાહ્યા, અને સુજન ગણે છે, તેમજ ઉચ્ચ હૃદયના ગરિબને નીચ, લુચ્ચો દગાખોર ગણે છે; પણ ખરૂં જોતાં ગરિબોનાં હૃદય જેવાં સ્વચ્છ અને કલેશરહિત છે, તેવાજ પૈસાદારના અંતઃકરણ પ્રપંચી, કલેશી અને હજારો ખટપટથી ભરેલાં હોય છે ! પૈસામાંજ તેઓ સુખ લેખે છે ! પૈસોજ

તેમનો ઇશ્વર છે! તેમનું સર્વસ્વ છે! પણ યાદ રાખજો કે તે માત્ર આ ક્ષણભંગુર દુનિયાનુંજ! ઇંદ્રજાળની જાદુઇ આકૃતિઓ માફક માત્ર દૂરથી જોવાનુંજ! પૈસાના મદમાં મસ્ત બનેલા અને અંહકારમાં અંધ બનેલા મનુષ્યો માટે સૂખ–સ્વર્ગ છેજ નહિ! ત્યારે ભાઇ! એવી લોકવાણી શું આપણે સત્ય માનવી?"

ઘડીક વાર બેય ચુપ રહ્યા. **હરસુખપર** પોતાનો અમલ બેસાડવા નિંદ્રા દેવીએ તેની મુખમુદ્રા પર શીતળ વાયુ રૂપી મૃદુ શર ફેંકવા શરૂ કર્યાં.

"**કમળ**!" તે બોલ્યો, "મારી આંખો વિશેષ ઘેરાય છે. તમે પણ જો હૃદય માનતું હોય તો થોડો સમય નિંદ્રા લઇ આ શાંત સ્થળનું સુખ લ્યો."

"ભાઇ!" **કમળકાન્તે** જવાબ આપ્યો, "મારૂં ચિત્ત આજે અસ્થિર છે, એટલે મને નિંદ્રા નહિ આવે! તમે વિરામ પામો. હું આંહિ બેઠો છું!"

"ચિત્ત અસ્થિર? શા વાસ્તે?" ખોળામાંથી ઉઠી બેસતાં **હરસુખે** આતુરતાથી પૂછ્યું.

પોતાની મનોવૃત્તિ મિત્ર આગળ પ્રગટ થઇ ગયાથી પોતાની થયેલ ભુલ માટે **કમળકાન્ત** પોતાના અંતઃકરણનેજ ઠપકો આપવા લાગ્યો. મુખ મ્લાન થઇ ગયું. પણ પોતાની ઉદાસી તેના જાણવામાં આવ્યાથી હૃદયવેદના તેને કહેવી પડશે એવી બ્હીકથી, તરતજ સ્વસ્થ થયો ને બોલ્યો, "**હરસુખ**! હું ભુલ્યો! ચિત્ત અસ્થિર નથી પણ શરિર અસ્વસ્થ છે. માથું દુઃખે છે તેની પિડાથી મને બોલવાની શુદ્ધિ રહી નહિ. મનમાં કાંઇ વિચાર રાખશો નહિ. તમે સુઇ જાઓ."

"ત્યારે જો શરિરે સારૂં ન હોય તો ચાલો ઘર તરફ વિદાય થઇએ!" આમ કહેતાં **હરસુખે** તેનું માથું તપાસવા તેને કપાળે હાથ મૂકયો. તે ઉભો થયો ને કમળકાન્તનો હાથ પકડી તેને પણ ઉઠાડવા લાગ્યો.

"ઘેર જવા કરતાં અહિંજ બેસવું વધારે સારૂં છે!" તેને બેસાડતાં **કમળકાન્ત** બોલ્યો, "અહીંની થંડી હવાથી હમણાં મગજ શાંત થઇ જશે!"

"ચાલો ત્યારે આપણને કયાં ના છે!" **હરસુખ** પોતાને આસને બેસતાં બોલ્યો.

"આવો, ભાઇ!" પોતાના ખોળામાં તેને સુવાડતાં **કમળ** બોલ્યો, 'ખોળામાં માથું મુકી થોડો સમય તમને જોઇતો આનંદ ભોગવો, પછી આપણે જઇશું."

**હરસુખ** ખોળામાં માથું મુકી સુતો. ધીમે ધીમે તેની આંખો નિંદ્રાથી ઘેરાવા લાગી. પોતાના સ્નેહિનો હાથ પોતાની છાતીપર મૂકતાં તેણે આંખ બંધ કીધી. કુદરતની રમણીય રચના, મનને આનંદ આપતી, શાંત ભાવવાળી શય્યામાં સુવાડતી,, સંસારબંધનથી આવતી ઉપાધિનું વિસ્મરણ કરાવતી, **હરસુખને** નિંદ્રા લાવવા પ્રયત્ન કરવા લાગી. પવનની શીતળ લહરીઓ આવતાં તે ખરેખર નિંદ્રામાં પડયો. સંસાર ઉપાધિ અસ્ત થઇ!.

**હરસુખરાય** નિંદ્રામાં પડતાં, **કમળકાન્તનું** હૃદય અને વિચાર એકલાં થયાં. પવૃતિવાળાં મનની યાંત્રિક શકિત બંધ ન જ રહી. **હરસુખરાયનાં** નિર્દોષ, શાંત, અને વિશ્વાસુ હૃદયે **કમળકાન્તનાં** હૃદયને આકર્ષ્યું ઉછળતો સ્નેહભાવ મુખપર આવી બેઠો, અને રસિક ઓષ્ઠદ્વારા બહાર નિકળતાં **હરસુખના** મુખપર પથરાણો! સ્નેહની આશિકા લીધી! મન મુંગી રીતે પોતાનું કામ કરવામાં ગુંથાયું. નવા નવા તર્ક ઉઠવા માંડયા. માથું વધારે દુઃખવા લાગ્યું; અને છેવટે કંટાળી જઇ, મનને શાંત કરવા પાસે ઉભા કરેલ પથ્થર

ઉપર ઉગેલાં ઝીણાં ઝીણાં લીલાં ઘાસ ઉપર માથું મુકી તેણે આંખો મીંચી. આંખ મીંચાઈ પણ હૃદય મીંચાયું નહિં.

## પ્રકરણ ૨ જું.

### ચંચળ ચિત્તની યાંત્રિક શકિત
### સંસારી પ્રેમ-બંધનમાં સ્વાર્થ !
### સંસાર—માયા પાપ અને દુઃખ માટેજ!

સર્વ શાંત હતું. આસપાસ ઉડતા ફુંવારાની સહસ્ત્ર ધારાઓ વર્ષા માફક ઝરમર ઝરમર વરસતાં થતો આનંદદાયક અવાજ, પાણીમાં ચાલતા દેડકાઓનો વિચિત્ર સાદ વખતો વખત સંભાળતી પક્ષિઓની ચંચીચારી, તથા મંદ મંદ આવતા વાયુથી હાલતી વૃક્ષની ડાળીઓનાં પરસ્પર અથડાવાનો અવાજ, એ શિવાય સર્વ શાંત હતુ. સર્વ શાંત હતું પણ કમળકાન્તનું હૃદય તેવી સ્થિતિમાં નહોતું. શા માટે ? અમે શું જાણીએ ? ખોળામાં મિત્રના મસ્તક સહિત લીલા ઘાસ પર માથું ટેકવી આંખો બંધ કરી અમે તેને બેઠેલ દીઠો હશે. તે પણ નિંદ્રાવશ થઇ ગયો હતો શું ? કોણ જાણે ! ત્યારે તપાસ કરીએ તો કેમ ? ભલે !

મંડપની પાછળ લીલોતરી વાળી વૃક્ષ ઘટાથી છવાયલી છુટી જગ્યા હતી, અને આનંદનું તે સ્થાન હતું. મંડપની વેલની જાળીમાંથી આ સ્થળે જે કાંઇ બનતું તે દેખાતું હતું, પણ મંડપમાં બેસનાર પુરૂષને ત્યાં જોવાઇ શકાય તેમ નહોતું. આ સ્થળે વીસેક વર્ષની એક યુવાન સ્ત્રી મંડપ તરફ પુઠ વાળી ગોઠણ ઉપર હાથની કોણી ટેકવી લમણે હાથ દઇ બેઠી હતી. તેણી સ્વરૂપે સ્હેજ ગૌરવર્ણની હતી. કોઇના આવ્યાની રાહ જોતી હોય તેમ ઈંતેજારીથી તેણી ઉત્તર દિશાના માર્ગ તરફ એક ટસે જોયા કરતી હતી. પવન તેમજ પક્ષીઓના બેસવાથી જમીનપર ખરતા વૃક્ષના સુકા પાંદડાના ધીમા અવાજથી પણ તેણી વારંવાર પાછળ નજર કરતી, પણ પોતાની ઇચ્છિત વસ્તુ ન જોતાં નિરાશ થઇ પાછું મુખ ફેરવી નાંખતી. એરી બેસીને થાકી ગયેલ હોવાથી તેણી ઉભી થઇ ત્યાં ફરવા લાગી, એટલામાં એક યુવાન પુરૂષે ધીમે પગલે પાછળથી આવી તેણીના ખભાપર હાથ મુકયો. સ્પર્શ થતાંજ તેણીએ પાછળ ફરી જોયું, અને નવા આવનાર યુવાનને કહ્યું, “રામલા ! તુંએ કેટલી વાર લગાડી ? આટલો વાર કાંહાં હુતો ?” વાંચનાર ! આ શબ્દોએ મંડપમાં વિચારપ્રવાહમાં તણાતા કમળકાન્તને જાગૃત કર્યો. મનમાંથી વિચાર દુર થઇ ગયા, ને પાછળથી અવાજ આવેલો હોવથી તેણે ફરીને જોયું. પેલાં સ્ત્રીપુરૂષને જોતાં તેમનાં એક બીજા તરફના આવભાવ જોઇ, તેઓ શું વાત કરે છે, તે સાંભળવાની તેને આતુરતા થઇ. એક ચિત્તે સાંભળવા લાગ્યો. આ સર્વ ક્ષણ માત્રમાં થયું.

“ અરે, તારી પાહેજ આવતો હુતોને ! મારી પેમલી ! તું મારીપર આમ ગુહ્સે હું થતી હોહે તે !” રામલો બહુ કાલાવાલા કરતો બોલ્યો.

“ પન, તારે મારે તું માટે અહિં કેટલી વાર બેહી રેવું જે ?” વધારે ગુસ્સે થઇ છણકો કરી પેમલી બોલી, “ લે હુ તો મારે ઘેર આ ચાલી. મારો પેમલો આવહે ને મને નહિ જોહે તો ગુહ્સે થહે. આજથી બહ તારી ને મારી દોહતી તુટી, હમયજ્ને કે ? કોઇ બીજી હોધી લેજે, જા ! હહરીનો લુચ્ચો કેથેનો !” આમ કહી તેણીએ ગુસ્સામાંજ ચાલવા માંડયું.

"હત્રે," **રામલો** તેણીનો હાથ પકડી કાલાવાલા કરતો બોલ્યો, "જો, **પેમલી**! તું એમ હું કરેહ? મોડો આયવો તેમાં મારો જરીબી વાંક નહી. હું કરૂ?! હહરાનો હેર એવો મચ્છો સે કે બહુ! મારા કાંહાથી ભોગ લાયગા હુતા કે એવાને તાંહા સાકરી રાખો. એક મીનીટ પન ફરહુદ નહિ મલે જો! આખો દાં'ડો બહુ કામજ કામ! હવે તો હું કંટાલી ગીયો સું, ને બીજી સાકરી હોધું છ! મલહે તો રહી પડા જો! આ તુંને મલવા આયવો તે પણ મુહીબતે જો અરે તુને હું કેહું? ભરાઓ બા'ર નીકયલો, કે પછાડી હેઠ હહરો જીવે જીવ કા'ડી લાખે જો! આજ પન અહિં આયવોછ તે કોન જાને હુતું હું કરી લાખહે જો! પણ હું કરૂં તુંને મલયા વગરબી હહરીનું સાલતુંજ નહી જો! તુંને નહી જોતા તે વારે મને કંઇનું કંઇ ઠઇ જાય જો, ને હાસું પુસે તો ખાવાનુંબી નહિ ભાવે જો! પન **પેમલી**!" તે ગળગળો થઇ બોલ્યો, "તારા તો તે કંઇ હિહાબમાંજ નહી, ને તું તો "મારો **પેમલો**" કયરા કરેસ! ને મારી પર નકામી ગુહહે થઇ જયા કરે તેઠી મારો જીવ બળીને રાખ ઠઇ જાય જો! પન વારૂ?" તેણે તેણીને ખભે હાથ નાંખી મસ્કરી કીધી, "**પેમલી**! હું તુંને પૂછું કે તારી માયે• તારે માટે આવો વર તે કાંહાથી હોધી કાયડોસ? તું તો આવી મજેની ખુબહુરત સે, ને તારો **પેમલો** તો ભુત જેવો લાગેસ જો! આ તો ચંદરને ગરણ લાગેસ એના હરખું ઠીયુંસ જો! હા!" આમ કહેતાં તેણીને આલિંગન દઇ તેણે ચુંબન કર્યું.

"**રામલા**! તું આમ હું કરતો હોહે?" તેણી શરમાઇને તેનો હાથ છોડવી બોલી, "કોઇ જોહે તો પંસાત થહે!"

"ને એમાં હું પંસાત થવાની હુતી તે?"

"પન ના! એમ કંઇ હું તારાથી સેન-રાઇ નહી જવાની જો, હમયજો કે? તું બહુ ગુસ્સો સે! જો! કેટલા દહાડાથી તું હાડી લેવાને રૂપીઆ આલવાનો હુતો, તે હજી આય-પાસે કે? બહુ! તુંને તો મોટી મોટી વાતો કરતા આવડે!"

"અરે! નહિરે મારી **પેમલી**! તું એમ હું બોલતી હોહે? કાલ હવારે તુંને એકની બે હાડી અપાવું, પસી કંઇ સે? જો હવે આ મહિનાનો પગાર આવહે તે બધો તુંનેજ આપી દેવા! બોલ હવે કંઇ સે? અરે, મારી ગુલ-બકાવલી તારાપર મારો આખો જીવ કુરબાન સે! હા! હવે હું કેસ બોલ?"

"તો તું મારો **રામલો** ખરો! પન હવે હું જવા, કેમકે હવે પેલા હહરી **પેમલાને** ઘેર આવવાનો વખત ઠઇ ગીઓ સે. હમય જો કે?!"

"તો તું ખરેખાત જવાની હું?" તેણીનો હાથ પકડી તે બોલ્યો, "પાસી કેવારે મલહે?"

"કાલે"

"જો જરૂર મલજે. ભુલતી નહિ. જો નહિ આવહે, ને હું તને નહિ જોવા તો અહિંજ મરા જો!"

"હારૂં હારૂં! કાલે આવા. પન તું હાડીના રૂપીઆનું ભુલતો ના જો?"

"બહુ હારૂં!"

"કાલે મલજે!" આમ કહી તેણી ત્યાંથી ચાલી ગઇ. **રામલો** પણ તેણીનાથી જુદે માર્ગે પોતાને ઘેર ગયો. તેઓ તો ગયાં, પણ **કમળકાન્ત**નાં હૃદયપર કાંઇક જુદીજ અસર કરી ગયાં. આ વિષયાંધ સ્વાર્થી સ્ત્રી પુરૂષ જોતાં તે મુંઝાણો! હૃદય અતિશય દુઃખી થયું—શોકમાં પડયું. વિચારતરંગ ફરી ઉછળવા શરૂ થયા.

"સંસાર! સંસાર! ખરેખર! તારામાં સ્વાર્થ શિવાય બીજું કાંઇ છેજ નહિ! તારામાં અથવા તારામાં વસતાં મનુષ્યમાં સ્વાર્થ રહિત ખરો પ્રેમ જોવામાં આવતો નથી! વારંવાર તું સ્વાર્થ વગરના માણસને લુભાવી તારી મોહજાળમાં ફસાવવા પ્રયત્ન કરે છે! પણ દૃઢ હૃદયના માણસો તુંને ફાવવા દેતા નથી! અરેરે! આ અજ્ઞાન, અને વિષય સ્વાર્થી પુરૂષ કેમ જાણે, કે તેને પ્રેમ દાખવતી સ્ત્રી, જ્યાંસૂધી પોતાના સ્વાર્થ સંતુષ્ટ થતો રહેશે, ત્યાં સુધીજ ચાહશે! અરે! જ્યાં લગણુ તું તેણીને મન ગમતી મોજ આપી આનંદમાં રાખીશ, ત્યાં લગણુજ તે તારી તરફ પ્રેમ દૃષ્ટિ રાખશે! પણ યાદ રાખ! તારા તરફથી લેશ પણ અસંતોષ મળતાં તેણી તને છોડી જશે! તું તેણીને માટે શું શું સંકટો સ્હેતો તે તે વખતે યાદ નહિ આવે! તે સમયે તું તેણીને કટ્ટો વેરી સરખો લાગીશ! હરિ! હરિ! આ શું? દુનિયામાં દુઃખ માટેજ આમ થતું હશે શું! શું આદમ અને ઇવને ઇશ્વરી ઇચ્છા નિષ્ફળ કરવાને, પાપી સેતાને કપટથી પ્રભુએ મનાઇ કરેલ ફલ ખવરાવ્યું, તેનુંજ આ પરિણામ? તે મહાન પિતાના શ્રાપેજ આ દુનિયા પાપી અને દુઃખી થઇ શું? ખરેખર! એવુંજ કાંઇ લાગે છે!" વળી વિચાર ફર્યો. "પણ નહિ! હું ભૂલું છું! સંસારને શા માટે દોષ દઉં છું? મારાં મનને તો દોષિત ગણુતો નથી! મારૂં મનજ દુઃખી છે, તેથી જ મને સંસાર દુઃખી લાગે છે! બીજા હજારો દુનિયામાં આનંદમાં દિવસો ગુજારે છે! નહિ! નહિ!" સ્વચ્છ હૃદયનાં મગજને કંઇક ટેકો મળવાથી વિચાર બદલાયા. "એમ હોયજ નહિ! સ્વચ્છ અને નિર્દોષ હૃદયવાળો માણુસ સંસારમાં કદિ સુખી થતો નથી! તેને અનેક સંકટો આવે છે! ખરેખર! જે પાપ, છળ કપટ, લુચ્ચાઇ, અને પૈસામાંજ રમી સુખ માને છે, તેનેજ સંસાર નિત્ય ગૃહ સરખો મીઠો લાગે છે! પાપ જલદીથી કરી શકાય છે!" અનેક વિચારો **કમળકાન્તને** પેલા વિષયાંધ સ્ત્રી પુરૂષની વાત સાંભળી આવ્યા. અનેક તર્ક બાંધતા છેવટે મગજ થાકી ગયું. બધું દુઃખમય લાગવા માંડયું. એકાએક **હરમુખનાં** મુખપર નજર પડી. નિદ્રાવશ થયેલ નિસ્વાર્થ સ્નેહિનાં નિર્દોષ મુખકમળપર હાથ ફેરવ્યો. તેનો દૃઢ સ્નેહ યાદ આવતાં આંખમાં અશ્રુ ઝળકયાં, અને તે અંતઃકરણમાં ઇશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો. હોઠ ફરકવા લાગ્યા.

"સત્ય," તે મનમાં બોલ્યો, "અને સર્વ હૃદયમાં વસતા નિરાકાર આત્મા—ઇશ્વર! તારી પાસે મારી ફરી ફરી માગણી છે કે હૃદયમાં જો શુદ્ધ ભાવના જોતો હોય તો સ્નેહ જેવા દૃઢ ભાવથી સંધાયા છે, તેવોજ ભાવ હમેંશ રાખજે! સંસારની સ્વાર્થિ મોહજાળમાં ફસાવતાં વિચાર કરજે! જગતની ખોટી મોટાઇ અને દ્રવ્યનું દેખીતું સુખ દૂર કરી, ઇશ્વરી તત્વનાં સત્ય સુખનું જ્ઞાન આપજે!" તેણે આંખો બંધ કરી. ઇશ્વર તરફજ થોડી વાર ધ્યાન રહ્યું. હૃદયચક્ષુ ઉઘડયાં. ઇશ્વરી તત્વ જણાવા માંડયું; પણ ક્ષણ વારમાં ફરી અસ્થિર થયો. મન શાંત થાય તે માટે તે પ્રવૃતિમાં રોકવાનો વિચાર થયો; અને સાથે આણેલુંજ પુસ્તક તેણે વાંચવા માંડયું. શબ્દો મુખ દ્વારા બ્હાર નીકળવા લાગ્યા.

"દિઠ નૃત્ય ગ્રહ ઉપગ્રહ તણાં
"કદી ઉડી જતો નભપાર ત્યાં,
"દિઠ ગગનગણુ ઉડુગણુ
"ભ્રમણમાં સ્નેહથી સંધાયલાં,

" એ સ્નેહરચના ! સ્નેહમય સહુ !
" દૃષ્ટિ નવ જાણે ગણી,
" હાંકે રહ્યું મુજ મન ઉમંગે,
" ગાનમાં હું ગયો ગળી.
" ઘેલું થયું મુજ ચિત્ત નવ ટક્યું
" ઘર વિષે ધરણી વિષે,
" નવ માત વળી નવ તાત ભ્રાત
" ના નાતથી મન ના રિઝે,
" નવ ધર્મ કે નવ કર્મ સર્વે
" ઉપાસના ગઇ ઓગળી,
" જપું અજપ જપ ઘેલો ફરૂં,
" નવ તેય તન ટાઢક વળી.
" ફર ફર ઉડે ધ્વજ ગાય મળી મળી
" બંદી દ્વિજ બહુ ઝુંડમાં,
" કહીં ગાન તાન અભંગ ઉડતાં
" વનવિહારી વિહંગમાં,
" કહીં ભજન કીર્તન થાય,
" વળી કહીં લલિત લલના લાસતી,
" પણ એ વિષે રતિ થાય
" અણુભર; થાકી ઝટ કંટાળતી.
" જોતાં મળ્યું નિજ જ્ઞાન મુદમય
" તેજ ઝટ તેમાં મળ્યો,
" એ તેજનો જન મન વિષે
" અશાંતરે વાંસો રહ્યો,
" કહીં ચપલ, કહીં ઉજ્જ્વલ, ધવલ,
" કહીં રત્ન પણ રહ્યું ધૂલમાં,
" આનંદ રતિ પરમાત્મ અનુભવ
" અત્ર તો એ મૂલમાં.
" મેં તેજ લહ્યું મન તે ગ્રહ્યું
" બહુ ચાખતાં લાગ્યું ગળ્યું.
" મુજ જીવિત સઘળું તે વિષે
" રસરૂપ ગળી જઇને ભળ્યું,
" કહી શૃંગ ચઢ્યું મન નભતણે
" ધરણી નિહાળી ધૂજતી,

" કરી કાલત્રયતણી વાત એક
" નિમિષમાંજ થઇ છતી."

ક્ષણ વાર પુસ્તકમાંથી દૃષ્ટિ બહાર ફેરવી કંઇ વિચારમાં પડ્યો. ફરી વાંચવા લાગ્યો.

" સ્પર્શ વૈભવ, શ્વાસ અમૃત,
" જાત મુદ્દઘન રહ્યું બની,
" વૃત્તિ થઇ રહી મત્ત સહુ
" સ્વર્ગાપવર્ગ ઉવેખતી;
" મૃદુ મધુર રસ ઝીલ્યો ઘણો
" રસપુરમાં હૃદયો ભળ્યાં,
" મુજ હૃદય રસ ટપકે હૃદય જડ
" તે દ્રવી દ્રવી ઓગળ્યાં.
" આનંદ લહરે અધિક વિહરે
" મત્ત થઇ ઉનમત્ત ને
" અતિ રહી પ્રમત્ત ન આપતું
" મન અન્ય વાતે ચિત્તને
" ચિત્ત ચિત્ત રહ્યાં રમી ચઢી
" એક દીન શિશ મેરૂને,
" તેવે ઉભય-રસ-તેજ થઇ ખગ
" ગેબ થયું નભમંડલે.
" ગઇ આંખ ઝટ ઝંખાઇ ઉઘડી
" ત્યાં ન કોઇ, ન મેરૂ છે,
" તરૂ એક પર બેઠો હું દવ
" ચોપાસ ભડ ભડ આ બળે,

* * * * * * * * *

" તન અગ્નિ ઝાળા લાગતાં
" સુખ* મેરૂ તણું ઠર્યું.
" નાઠો ઉડ્યો ડાહ્યો થઇ
" ઘરબાર અન્ન વિચિતનો,
" પણ * સુખ સંભારતાં
" થઇ મૂઢ ભ્રમમાં બેસતો—
" પ્રેમ નહિ એ વે'મ છે,
" છે પેઠ મો'ટા પ્રેમજી,
" લુખે લુખાં છે ઝાડ સઘળાં

'સ્વાર્થ પણ બીજું નથી.
'ચઢતા સુરજને સર્વ વંદે
" પ્રેમ ક્યાં આ પલ ગયો—
" એ તર્કના ઉંડા ગહનમાં
" મોહ મમ શોવી રહ્યો;
" આવો, મળ્યા બહુ દિવસ,
" ભેટો; વાત એ મુજ * *,
" ગમતું નથી મુજને કશું,
" કારણ કશું જાણ્યું નથી."

મનને શાંતી પમાડવા પુસ્તક વાંચવા માંડયું, પણ તેથી તો ઉલટીજ અસર થઇ! ચિત્તની અસ્થિરતામાં વધારો થયો! પુસ્તક એકાએક બંધ થઇ ગયું! કમળ જડવત્ થઇ ગયો! તેની દૃષ્ટિ સ્થિર થઇ ગઇ! સંસારમાં વસતાં માણસને લાગણી વગરનાજ થવામાં સુખ છે એમ પળવાર લાગ્યું! ચિત્ત ચકડોળે ગઢયું! અનેક વિચિત્ર વિચારતરંગોનું ચિત્તમાં તોફાન જાગ્યું! કંઇ યાદ આવતાં તે બોલી ઉઠયો,

" ગણ્યાં મેં સર્વને સરખાં,
ભૂલ્યો હું એ પરિક્ષામાં;
હતું મ્હારા હૃદયમાં જે,
ગણ્યું મેં તે તો સોનામાં!"

ફરી વિચાર વમળમાં પડયો! "દેવિત કેમ થાઉં છું? આ સ્થિતિ કંઇ કંઇ બકાવે છે! શાંત નિંદ્રા લેતા એક હૃદયી હરસુખને કેમ વિસરૂં છું? હરસુખ! હરસુખ! ઉછળતા ચિત્તને શાંત કરવા તારી અથાગ મહેનત માટે હું શું કરૂં! સ્નેહબંધનમાં બંધાયલા મનુષ્યોએ પણ પરસ્પર મિત્રતાની ફરજ બજાવવા માટે એક બીજાનો આભાર માનવો યોગ્ય હોય તો, વાહલા, તારો આભાર હું કેમ વિસરૂં!" વળી વિચાર પ્રવાહ ફર્યો! "અરે! પણ આ શું મને મૂર્ખતા આવી છે! સંસાર કેવળ સ્વાર્થી નહીં તો બીજું શું?! સુખ ક્યાં? ક્યાંય જણાય છે?

તપાસ્યાં મેં સ્થળો સઘળાં,
ન જોયો સાર કંઇ તેમાં!
ઉપાધી ને પ્રમાદી છે,
સરે ના અર્થ કંઇ તેમાં!"

વિચાર કરતાં આખરે કંટાળ્યો! સમય કેટલો વીતી ગયો તેનું તેને લેશ પણ ભાન રહ્યું નહીં! ચિત્ત કંઇક શાંત થયું!

સંધ્યાકાળનો સમય થયો. અસ્ત પામતાં સૂર્યનાં કીરણ હવે અત્રે પડતાં નહોતાં. કોલાહલ કરી થાકી ગયેલ પક્ષિઓ શાંત પડયાં હતાં, અને પોતાના બચ્ચાંને મળવા માળા તરફ વિદાય થતાં હતાં. અસ્ત પામતાં સુર્ય દેવતાને માન આપવા પુષ્પ ખીલવા માંડયાં હતાં. બાગમાં ફરવા આવતાં સ્ત્રી પુરૂષો તથા તેમનાં ઘોડાગાડીનો ધ્વનિ વધવા લાગ્યો હતો. મંડપથી દુર એક બાજુએ અંગ્રેજી બેન્ડ, (વાજું) સેલર, સોલજર, અને અંગ્રેજોનાં મનને આનંદ આપી રમાડવાને, ગોળ કુંડાળામાં ઉભી વોલન્ટીયરોએ વગાડવું શરૂ કીધું હતું. હરસુખની નિંદ્રા પુરી થઇ. આળસ મરડી બેઠો થયો—ટટાર થયો—પાસે ઝરા સરખા વહેતાં પાણીમાં મ્હોઢું ધોઇ સ્વસ્થ થયો, અને કમળકાન્તની સાથે બાગની બ્હાર નીકળ્યો.

## પ્રકરણ ૩ જું.

### હરસુખ અને કમળનું કુટુંબ.

હરસુખરાય અને કમળકાન્ત ઉંચ્ચ વર્ણની એકજ બ્રાહ્મણ જ્ઞાતીમાં જન્મ્યા

હતા. એમના પિતાએ પોતાની ખરી મહેનત અને ચાતુર્યથી સ્વકુટુંબને ઉંચી પંક્તિમાં મુકયું હતું, અને પોતાની વિદ્વતાને લીધે મુંબઈ શેહેરમાં સુજ્ઞ આબરૂદાર ગૃહસ્થ તરિકે પંકાતા હતા, તથા પોતાના ઉદ્યોગનું પ્રબલ દિવસે દિવસે વધારતા જતા હતા.

કમળ પોતાના પિતાને એકજ પુત્ર હતો, અને ચાલતી રાજ્ય ભષા ઇંગ્રેજીનો અભ્યાસ કરતો હતો; તે સાથે આપણી આર્ય ભાષા સંસ્કૃતનું પણ સ્હેજ જ્ઞાન તેણે મેળવ્યું હતું. કમળના પિતા માધવરાય હાલનાં અંગ્રેજી વૈદ્યકશાસ્ત્રનું સારૂં જ્ઞાન ધરાવતા હતા, તેથી 'કાલકાદેવી'ના પ્રસિદ્ધ માર્ગ પર એક ડીસપેનસરી સ્થાપન કરી હતી, જેનો ગરિબ તેમજ તવંગર વર્ગના અનેક દરદીઓ લાભ લેતા હતા. વખત જતાં માધવરાય જુદી જુદી તરેહના રોગોનો અનુભવ મેળવી, સ્હેજમાં રોગી માણસોનાં શરિર નિરોગી કરવામાં પંકાતા ગયા, અને મ્હોટા મ્હોટા તવંગર ગ્રહસ્થોમાં માન પામવા લાગ્યા, પોતાની બ્હોળી ગ્રાહકીમાં દિવસ જતાં માધવરાયને એકલા હોવાને લીધે ઘણી અડચણ પડવા લાગી, અને તેથી કમળકાન્તને જરૂર પડતાં ડીસપેનસરીનો કાર્યભાર ચલાવી શકે તેટલા માટે ઔષધી વિદ્યાનો અનુભવ આપવા માટે કોઇ કોઇ વાર રોકવામાં આવતો હતો. આમ કરતાં દિવસે દિવસે જરૂર પડવે એ કામમાં વધારે ગુંથતાં કમળને સંસાર વ્યવહારની પ્રપંચી લાગણીઓનાં દર્શન થવા માંડયા. અનેક તરેહના સાચા ખોટા બનાવો નજરે આવવા લાગ્યા. વિચિત્ર પ્રકારના માણસો તથા તેમના દર્દો જોઇ 'દુનિઆ શું છે?' એ કમળકાન્તની નજર આગળ તરવા લાગ્યું. જગતમાં માણસો કેવાં કેવાં પાપો કરવાને લેશ માત્ર પણ આંચકો ખાતા નથી, એ સર્વ ડીસપેનસરીમાં અનુભવ લેતાં તેના જાણવામાં આવવા લાગ્યું. આવી રીતે એક બાજુએ અભ્યાસ અને તે સાથે બીજી તરફથી પિતાને મદદગાર થતાં સંસાર વ્યવહારનું જ્ઞાન મેળવતાં અભ્યાસમાં નિર્બલતા આવવા માંડી. અમે આગળ કહી ગયા તેમ માધવરાયને મોટા મોટા તવંગર શેઠીઆઓમાં સારો વગ હોવાથી તેમની સાથે વારંવાર મહિનો પંદર દિવસ બ્હાર ગામ જવું પડતું હતું. આવે વખતે દવાખાનાનો સર્વ બોજો કમળકાન્તને માથે આવી પડતો હતો. આથી બરોબર શાળામાં પણ જવાતું નહીં. વળી અધુરામાં પૂરૂં આપણી હિંદુ સંસાર રીતિ પ્રમાણે ન્હાનપણથીજ, એટલે બાર વર્ષની બાળવયમાંજ કમળને પરણાવી ગ્રહસ્થાશ્રમમાં દાખલ કરવામાં આવ્યો હતો. સંસાર વ્યવહાર અને ગ્રહસ્થાશ્રમ, એ બેય સાથે અભ્યાસને હાડ વૈર ભાવ હોય એમ જણાય છે. બે ઘોડે કાંઇ સાથે સ્વારી કરી શકાતી નથી. વ્યવહારમાં મન ગુંથાતા અભ્યાસ ઉપરથી કુદરતી રીતે મન ઉઠી જાય છે, અને મોહક વસ્તુ માફક તેમાં દિન પ્રતિદિન પોતાની મેળેજ વધારે વધારે પરોવાતું જાય છે. નવું નવું જોતાં તેમાં વધુ ઉંડા ઉતરી તે વિષે પૂર્ણ માહિતગાર થઇ, પોતાના વડિલોને સંસાર વ્યવહારમાં મદદગાર થઇ, પોતાને માટે તેમનાં મનમાં સારો મત એસાડવાની દરેક અભ્યાસ કરતાં વિદ્યાર્થીને સંસારમાં પ્રવેશ કરતી વખતે અત્યંત જીજ્ઞાસા થાય છે. અતિ ઉત્સાહથી તે સંસાર વ્યવહારમાં પડે છે. વાંચનાર! આ વખતે આમ કરવાથી તેને પોતાને શું ગેરફાયદો થશે તે તે જાણી શકતો નથી.

યુવાવસ્થા અંધ છે. તે બ્રહ્મચર્યાશ્રમમાં પડેલ અભ્યાસીની આંખો આડો એક તરેહનો અંતરપટ ઢાંકી દે છે—દેખીતી આંખે તેને અંધ બનાવી અભ્યાસથી વિમુખ રહેવાની પ્રેરણા કરે છે. અભ્યાસે વધતાં શૃંગાર રસથી ભરપુર સંસ્કૃત, ગુજરાતી તેમજ અંગ્રેજી પુસ્તકો વાંચવામાં આવતાં મન્મથના બીજના ગુપ્ત રીતે હૃદયમાં અંકુર ફુટે છે; તેને પ્રેમ રૂપી પાણી પાઈ ઉછેરવાને તરૂણાવસ્થામાં દાખલ થઈ સંસારજંજાળ—પતિ પાસે તૈયારજ હોય છે. એટલે અભ્યાસપર કદી મન ચોંટતું નથી. સરસ્વતી દેવીને સિદ્ધ કરી—પ્રસન્ન કરી, તે મહાદેવીની પ્રસાદિ મેળવી આ અસાર સંસારમાં સુખી થવાને, તેમજ ભવસાગર નિર્વિઘ્ને તરવાને બ્રહ્મચર્યવ્રત પાળવાની જરૂર છે. પણ તે બનેજ ક્યાંથી? આપણી હાલની આર્યસંસાર રિતી પ્રમાણે દસ અગીઆર વરસનો બાળક તો સમ વયની બાળાનો પતિ થઈ બેઠો હોય છે. ગુજરાતી એક અથવા બે ચોપડીનું જ્ઞાન મળ્યું હોય એટલામાં તો તે સંસારમાં દાખલ થયલો દેખાય છે. ત્યારે પછી વિદ્યાદેવીનાં દર્શન દુર્લભ થાય એમાં શી નવાઈ? આવી સ્થિતિમાં મોટા થયેલ એક યુવાન વિદ્યાર્થીની હાલત કેવી દુઃખી થાય તે વિચારી જોતાં અમને અત્યંત દીલગીરી ઉત્પન્ન થય છે! વાંચનાર કમળકાન્તની પણ તેવીજ ત્રીશંકુ સમાન દુઃખી સ્થિતિ હતી પોતાને કોઈ વડીલ બંધુની ઓથ ન હોવાથી, પોતાના પિતાને સર્વ કામકાજ એકલે હાથે કરવું પડતું હતું તે જોઈ તે મનમાં અત્યંત દુઃખી થતો. અને 'પિતાજીને કોઈ મદદગાર નથી, અને હું અભ્યાસમાં રોકાયલો છું તેથી તેમને દવાખાનાના કામમાં બહુ અડચણ આવે છે;' એમ ધારી પોતાની ફરજ બાનવવાની તેને પરાણે જરૂર પડતી હતી. માધવરાયની આ કાર્યમાં લેશ પણ સંમતિ ન હતી. તે તો પોતાનો પુત્ર મેટ્રીક્યુલેશનની પરિક્ષામાં પસાર થઈ, હાલની ઈંગ્રેજી રીતી પ્રમાણે વૈદકશાસ્ત્રનો અભ્યાસ કરી ડૉક્ટરની પદવીમાં ફત્તેહમંદ ઉતરી, પોતાના ધંધામાં સાહ્ય કરે, અને વંશપરંપરાનો પોતાનો ચાલતો આવેલ ધંધો ઉપાડી લે, એવી આશાએ તેને વિદ્યા અભ્યાસ ખંતથી આગળ વધારવાને વારંવાર શીખામણ આપતા હતા માધવરાય મ્હોટા કુટુંબવાળો હતો, પણ સર્વ કુટુંબીઓ સ્વદેશમાંજ રહેતા હતા.

હરમુખના પિતા કૃષ્ણરાય તેમનાથી થોડે દુર વિઠ્ઠલવાડીની ગલીમાં એક ઘરમાં ભાડે રહેતા હતા. તે આપણા આર્યશાસ્ત્રોમાં પ્રવીણ હતા. અને વિદ્વાન હોવાથી મોટા મોટા શેઠીઆઓમાં સારી પ્રતિષ્ઠા પામ્યા હતા. હરમુખ ઉપરાંત તેને એક બીજો મોટો પુત્ર હતો, જેનુ નામ જગન્નાથ હતું. બેય ભાઈઓ ઈંગ્રેજીનો અભ્યાસ કરતા હતા; પણ યુવાન વયે પુગતાં સંસાર વ્યવહારમાં પિતાને સાહ્યકારક થવા જગન્નાથે અભ્યાસ છોડી દીધો. હરસુખરાયનો અભ્યાસ તો ચાલુજ રહ્યો, કારણકે તેને મ્હોટાભાઈની આડી ભીંત હતી, એટલે તેને સંસારની જંજાળમાં પ્રવેશ કરવાની જરૂર પડી ન હતી. જગન્નાથે, અભ્યાસ મૂકી દેતાં, સંસારકાર્યમાં પિતા સાથે ભાગ લેવા, ઉદ્યોગ કરવા કાપડની મારકેટમાં એક દુકાન ઉઘાડી, અને તે સમયમાં વેપારીઓમાં પોતાનું નામ ગજાવી મુક્યું. વેપારનું જ્ઞાન થતાં, તથા વેપારી રિતીનો અનુભવ થતાં તેના સ્વભાવમાં પણ કાંઈ વિચિત્ર ફેરફાર થઈ ગયો હતો. 'ખરાનું ખોટું અને ખોટાનું ખરૂં.' એ વેપારી રિતીની તેનાં હૃદયમાં ઘણીજ ઉંડી અસર થઈ હતી. એવો સ્વભાવજ થઈ રહ્યો

હતો, અને એ સ્વભાવીક ટેવનાં કુદરતી રીતે દરેક સ્થળે દર્શન થઇ જતાં હતાં. આપણી નવલ કથાની શરૂઆતની દસ બાર મહિના અગાઉ **હરસુખરાય** પણ પરણ્યો હતો, એટલે તે તરતનોજ ગ્રહસ્થાશ્રમમાં પડ્યો હતો. તેને અભ્યાસમાં આથી ઘણી અડચણ નડતી ન હતી. તે મેટ્રીક્યુલેશનની પરિક્ષામાં ફતેહમંદ ઉતર્યો હતો, અને ઇંગ્રેજી વિદ્યાનો અભ્યાસ આગળ વધારવા પાઠશાળામાં દાખલ થયો હતો. આથી **કમળ**ને નિશાળનો સાથી ન હતો.

આ બે સ્નેહિઓનાં કુટુંબની આટલી ટુંક ઓળખાણ આપ્યા પછી, આપણે તેમને '**રાણીના બાગ**'માંથી ઘર તરફ જતા નીકળેલા, નજીક આવેલ 'ભાયખળા'નાં નવાં બંધાયલા સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર આગગાડીનાં આવવાની રાહ જોતા બેઠેલ જોઇશું. રાત્રીના મદ્રાસ સાડાસાત કલાકે **પુના**નો મેલ લઇ પુર જોસમાં ગાડી સ્ટેશનપર આવી, તેમાં બીજા વર્ગની એક ગાડીમાં તેઓ ચ્હડી બેઠા. તેમના શિવાય ડબામાં બીજો કોઇ ઉતારૂ હતો નહિ. ગાડી '**વિક્ટોરિયા ટર્મીનસ**' '**બોરીબંદર**' સ્ટેશન તરફ જવાને ઉપડી. ટ્રેન ઉપડતાં **હરસુખ**, **કમળ**ને ખભે હાથ મુકી તેનું ધ્યાન પોતાની તરફ ખેંચતાં બોલ્યો. "કમળ ! તમારી હાલત દિવસ જતાં વધારે અસ્થિર થતી જાય છે, તે તમારા ન જણાવવા છતાં હું જોઇ શકું છું. તમે તો તમારી ચિંતા મને ન થવી જોઇએ એવી આશાએ એ હાલત છુપાવો છો, પણ તમારી એ આશા મને તમારી ચિંતામાં વધારે નાંખતાં અત્યંત દીલગિર કરે છે ભાઇ ! હું એમ ધારૂં છું કે તમે હજી મ્હારૂં હૃદય જાણ્યું નથી ! તમારી તરફ કેટલી લાગણી ધરાવું છું તે તમને જણાવતો નથી તેથીજ તમે તમારી ખરી અનિયમિત સ્થિતિ મ્હારી આગળ છુપાવવાને પ્રયત્ન કરો છો ! પણ લાચાર છું તે હું છેવટ સુધી તમને કહી, હું વેશધારીની માફક એ ફારસ ભજવવા ઇચ્છતો નથી ! તમેજ જો તમારી સાથેના મ્હારાં આટલા લાંબા વખતનાં સંબંધનો બહુજ પુખ્તપણે વિચાર કરશો તોજ તમારી તરફની મ્હારા હૃદયની લાગણી તમને જણાશે ! મારી તરફનું તમારૂં હૃદય હું સ્પષ્ટ રીતે જોઇ શકુ છું, તેથીજ તમારી સ્થિતિ સ્હેજ સ્હેજમાં મારી નજરે આવે છે. ભાઇ! એ અસ્થિર ચિન્તવાળી સ્થિતિ થવામાં હું તમારો જરા પણ દોષ જોઈ શકતો નથી; તોપણ મારે કહેવાની ફરજે તમને કહેવું જોઇએ કે, આવી અસ્થિર હાલતમાં તમે લાંબો વખત રહેશો તો તમે કયે માર્ગે દોરાઇ જશો તેની મને અત્યારથી શંકા થાય છે. તમારા પિતાજીને વ્યવહાર પ્રસંગમાં તથા ઉદ્યોગમાં એકલે હાથે પરોવાયલા જોઇને તમારે મદદ કરવાની ફરજ છે, પણ હાલને માટે એ તમારી ઉમ્મર તથા અભ્યાસ માટે યોગ્ય નથી. તમારા મુરબ્બીના વ્યવહાર પ્રસંગમાં આવતા માણસો તરફથી નીકળતી વાણી તરફ જેમ તમે વિશેષ ધ્યાન આપતા જશો, તેમ તેમ તમે વધારે અસ્થિર થશો, અને તમારે જે કામમાં હાલ ગુંથાવું જોઇએ તે નક્કી વિસરી જશો. દિવસ જતાં વ્યવહારમાં પડ્યા તો આ તમારી ભૂલ થતી નજરે જોવા છતાં પણ તમે કોટી પ્રયત્ને પણ સુધારી નહીજ શકો, અને હંમેશને માટે હૃદય દુઃખી રાખશો !"

**કમળ** આ સર્વ મુંગો સાંભળતો હતો. તેની આંખમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં, પણ **હરસુખ**નું તે પર લક્ષ ન પડતા, સ્નેહિ તરફ દોરાતાં હૃદયની લાગણીથી નીકળતાં વચન ચાલુજ રહ્યાં.

"હાલ તમારા મુરબ્બીને તમે જે સંતોષ આપવા માગો છો તે હાલ ચાલુ રાખશો તો હંમેશને માટે તેટલોજ રહેશે, પણ હમણાં જો એ સર્વમાંથી તમારૂં ધ્યાન દુર રાખશો તો હું જોઇ શકું છું. કે તમારાં અંતઃકરણ પ્રમાણે તમારા પિતાજીને આગળ જતાં, વિશેષ, સારો અને આજ સુધી કોઇએ પણ આપેલ નહિ એવો સંતોષ આપી શકશો! સંસાર વ્યવહાર દુઃખી છે! એનાથી તમારા મુરબ્બીને દુઃખી થતા જોઇ, જેટલા તમે તે દુઃખમય વ્યવહારમાં હાલ પડયા છો, તેથી વધુ પડી તમારા મુરબ્બીના વિચારમાં ભાગ પડાવશો તો તે વ્યવહારિક વિચાર તમારાં હૃદયમાં ઘર કરી તમને હંમેશને માટે દુઃખી બનાવશે. તમરી ઉપર એક વડિલ ભાઇ હત તો હું ખાત્રીપૂર્વક કહુ છું કે તમારી આવી અસ્થિર સ્થિતિ નજ હત! હશે! ઇશ્વરેચ્છા!"

કમળનું હૈયું ભરાઇ આવ્યું. હરમુખનાં શબ્દોની ઉંડી અસર થઇ. આંખમાંથી આંસુ ગાલપર સરી પડવા લાગ્યા. 'સંસારની જંજાળ હૃદયદૃષ્ટિથી દૂર રાખવાને એક સમજુ વડિલ બંધુ દરેકને જોઇએ' એમ ઘડિએક લાગ્યું. આંસુથી ભીંજાયલા ગાલપર હરમુખની દૃષ્ટિ પડતાં તેણે ખીસામાંથી રૂમાલ કાઢી આંસુ લોહ્યાં, અને સ્નેહિનાં દુઃખી હૃદયને શાંત પાડવા પોતાના બેય હાથ વચ્ચે તેનો હાથ પકડી કહ્યું, "કમળ! આમ છેક નિરાશ શું થઇ જાઓ છો? હજી તમારી હાલત કાંઇ એટલી બધી દુઃખમય નથી! હજી કાંઇ વહી ગયું નથી. વ્યવહાર જાળમાંથી છુટવા ઇચ્છો તો હજી છુટી શકો તેમ છે, પણ તેમ કરવા પહેલાં તમારાં હૃદયને તમારા કાબુમાં રાખવાની જરૂર છે. આમ કરતાં તમે લાગણી વગરના અને મૂર્ખ જણાશો, પણ તે માટે જરા પણ દીલગિર થશો નહિ. વ્યવહારમાંથી દૂર જતાં કોઇનું મન દુઃખાય તે માટે ચિંતા કરશો નહિ ભાઇ! આમ કરશો તોજ આ અસ્થિર સ્થિતિમાંથી મુક્ત થશો!"

"પણ," કમળકાન્ત દબાયલે અવાજે ધીરેથી બોલ્યો, "મુરબ્બીનું અંતઃકરણ દુઃખી થતું કેમ જોઇ શકાય? સંસારની ઉપાધિમાં તેમને એકલાજ પિડાતા કેમ દેખી શકાય? મુરબ્બીનેજ આનંદમાં જોઉં તોજ હું આનંદમાં રહી શકું તેમ છું! પણ તેવો સ્વભાવ હું જોઇ શકતો નથી, તેથી ભાઇ! મ્હારે માટે હંમેશ નિરાશાજ ભાગ્યમાં લખી છે!"

તે આગળ બોલી શકયો નહિ! ગળું રૂંધાઇ ગયું, અને રોવાઇ ગયું. આંખમાંથી ચોધાર આંસુ પડવા લાગ્યા સ્નેહિની આંખમાં અશ્રુ જોઇ, હરમુખ આંખમાં આંસુ સહિત ગદ્‌ગદ્‌ અવાજે બોલ્યો, "કમળ! કમળ! આ શું કરો છો?" હરમુખથી પણ વધારે બોલાયું નહિ. સ્નેહિની ખરી સ્થિતિ નજરે આવતાં તેનાથી પણ વધારે રડાઇ ગયું.! બેયં એક બીજાને ગાઢ આલીંગન દઇ ખુબ રડયા! દુઃખી હૃદય ખાલી થયાં!

* * * * *

રાત્રીના મદ્રાસ પોણા આઠ વાગે આગગાડી 'બોરી બંદર' સ્ટેશન પર આવી પહોંચી. સર્વ ઉતારૂઓ સાથે આપણા બે સ્નેહિ પણ ઉતરી ઘર તરફ વિદાય થયા.

# પ્રકરણ ૪ થું.

## સ્ત્રી ચરિત્ર.

### સંકટનું બીજ.

આપણી નવલ કથા આગળ ચલાવીએ તે પહેલાં આપણી શરૂઆતની થોડા માસ અગાઉ બનેલા કેટલા વિચિત્ર બનાવ તરફ અમારા સુજ્ઞ વાચનારનું ધ્યાન ખેંચવાની અમે આવશ્યકતા જોઇએ છઇએ.

ઇ. સ, ૧૮૯—ના સપટેમ્બર માસની એક ઘોર અંધારી રાત્રીના બાર વાગે કાલકા-દેવીનાં મંદિરની નજીક આવેલ એક મોટી વાડીમાંની એક ચાલીમાં બીજે માળે એક ઓરડીમાં ભયંકર કોલાહલ થઇ રહ્યો હતો. ઓરડી આગળ કટેરામાં સ્ત્રીપુરૂષોની દોડધામ થઇ રહી હતી. સર્વ ભયભિત જણાતાં હતાં, એટલે તેમનાં અસ્ફુટ બોલવાનો અવાજ ઘોંઘાટ સાથે મિશ્ર થઇ જવાથી તેમની વાસ્તિનું કારણ સમજાતું નહોતું. ઓરડીમાંથી બ્હાર, ને બ્હારથી ઓરડીમાં તેઓ હાંફલા ફાંફલા થઇ દોડધામ કરી રહ્યાં હતાં. તેમનાં બોલવાની ઢબથી તેઓ જ્ઞાતિએ ભાટિયા હોય એમ માલમ પડતું હતું. પણ આ કોલાહલ થવાનું કારણ શું? કારણ ઓરડીમાં હશે!. હા, એમજ છે! ઓરડામાં એક બીછાનાપર વિશેક વર્ષની એક નવયુવાન સ્ત્રી બુમો પાડતી પડી હતી, અને વારંવાર હાથ, માથું, જોરથી અફાળતી હતી. આ સ્ત્રીની વેદનાથીજ સર્વ ગભરાટ થઇ રહ્યો હતો. ત્રણ ચાર સ્ત્રીઓ સગડીમાં દેવતા સળગાવવા પંખાવતી કોલસા ફુંકતી એક બીજી સાથે ધીમે સાદે વાતો કરતી તેણીના બીછાના પાસે બેઠી હતી. બીછાનાથી થોડેક દૂર એક ખુણામાં કેટલાક પુરૂષ કુંડાળું વાળી પોતપોતામાં ખાનગી વાત કરતા બેઠા હતા. તેમની સામે બીજા ખુંણામાં સાઠેક વર્ષનાં એક વૃદ્ધ પુરૂષ કાંઇ ગંભીર વિચારમાં હોય તેમ લમણે હાથ દઇ, પેલી વેદનાથી પિડાતી સ્ત્રી તરફ એક ટસે જોતો મુંગો બેઠો હતો. એકદમ પેલી તરૂણી બીછાનામાં બેઠી થઇ, અને ડોકું ખુબ જોરથી ધુણાવતી લાંબા લાંબા શ્વાસ લેવા લાગી. પાસે બેઠેલ સ્ત્રી તરતજ સગડીમાં મરચાંની ધુણી કરવા મંડી ગઇ. મરચાં બળવાની વાસ આવતાં પેલી સ્ત્રી વધુ ધુણવા લાગી; આ વખતે શરિરનું તેણીને ભાન ન હતુ. વસ્ત્રનું પણ કાંઇ ઠેકાણું રહ્યું ન હતું. લાજ મર્યાદા વિના ઉઘાડે માથે તેણી બરાડા પાડતી હતી. આ જોતાં પાસે બેઠેલ સ્ત્રીઓ તેણીની આગળ ખોળા પાથરી તેણીને અનેક સવાલો પૂછતી પણ કાંઇ પ્રત્યુત્તર મળતો નહિ. એક વૃદ્ધ ડોકરી ખુણામાં બેઠેલ બુઢ્ઢા પાસે જઇ બોલી, "કો? વામનભટ કે કાય તેંણુકે વ્યો કે ન?"

"હા, મોરલો ત કડાંણુ જો વ્યો આય!" પેલા વૃધ્ધે જવાબ આપ્યો, "હીન ઘડી જો આવ્યો ખપે!"

"ન્યારા ઠયાળભા?" પેલી ડોસી તેના પગપર હાથ પછાડતી બોલી, "તંવી ત હીતરા ડીં મંજના ન વા! પણ સચો પુછો ત ઇનકે મોંઘીવઉ જ નળેતી! તંવી ત કોય કે મંજે જ ન, તેંસેંજ હીતરા ડુખી ડુખી થીઓતા! ન કંયણું ડીં ડેવેજે, ને પીતરૂકે પણ બારેં મહિનેંમેં કીં ન ડેણું! પણ કોય આસા પણ કરે! હી બાધે તંવાજે પાપમેં હીન બીચાળીજે પીભાણું પયતો! હીતરા ડીં થ્યા ડુખી થીઓતા ત પણ તવાંજી અખ્યું નાંય ઉઘળન્યું! તવાંકસેં કીં વિચાર આય કે ન?"

"ઠીક, ઠીક !" આમ જવાબ આપી ડોકરીનાં ટાહ્યલાંથી દયાળદાસ કંટાળીને બ્હાર કટેરામાં જઇને ઉભો.

"બસ ! કી ચઉં ત ખીજઇને હીં ઉથીજ વેંણું ! કાય જો કીં પણ સુણણુંજ ન ? હીસેં કુઇ માળુજી રીત આય ભલા ?" આમ ત્યાં બેઠેલા બીજા પુરૂષને છણકો કરી કહેતી ડોકરી પોતાને ઠેકાણે જઇ બેઠી, ને "સી બાલકસનલાલજી કરે સેં ખરી !" આમ મનમાં કહેતી પેલી સ્ત્રીની મહાવજતમાં બીજી સ્ત્રીઓ સાથે ભેળાઇ.

હવે પેલી સ્ત્રીને અત્રેજ થોડો સમય ભૂલી જઇ, વામન ભટ આવે તેટલા સમયમાં વૃદ્ધ દયાળદાસ કોણ હતો તે વિષે થોડીક બીના અમે વાંચનાર આગળ રજુ કરીશું.

દયાળદાસ સાઠ વર્ષની વયનો ભાટિયા જ્ઞાતીનો એક તવંગર આબરૂદાર ગ્રહસ્થ હતો. દ્રવ્ય છતાં પેટે તેને કાંઇ પણ સંતાન ન હતું. સંતાન મેળવવાની આશાએ એક પછી એક એમ ત્રણ સ્ત્રીઓ તે પરણ્યો હતો. તેમને પેટે આઠ દશ બાળક થયાં હતાં, પણ દયાળદાસનાં દૂર્ભાગ્યે એકે બાળક જીવવા પામ્યું ન હતું. ત્રીજી સ્ત્રી મરણ પામતાં સંતતિ માટે નિરાશ ન થતાં, પોતાની વૃદ્ધાવસ્થાથી ગળી ગયેલ કાયા ધ્યાનમાં ન લેતાં મૂર્ખ ડોસો પંચાવન વર્ષની વયે, ભાટિયા જ્ઞાતિમાં હાલમાં ચાલતા રીવાજ પ્રમાણે, બ્હાર ગામ જઇ, ત્યાં કન્યાના પિતાને રૂપિઆનો મ્હોટો ગાંસડો બંધાવી, પંદર વર્ષની યુવાવસ્થામાં મસ્ત બનેલી એક કન્યા પરણી લાવ્યો. આ ચોથી વારની સ્ત્રી તે પેલી ઓરડીમાં બરાડા પાડતી બીછાનામાં પડેલી સ્ત્રી આપણે જોઇ તેજ હતી. તેણીનું નામ કેશર હતું. તેણીને પરણ્યાને હમણાં પાંચ વર્ષ થયાં હતાં. એટલે હાલ તેણીની ઉમ્મર વીશ અથવા એકવીશ વર્ષની હતી. વૃદ્ધ વયમાં યુવાન સ્ત્રી આણેલ તેથી દયાળદાસ તો તેની પાછળ ગાંડા સરખોજ થઇ ગયો—એક ન્હાના બાળકપેરે તેણીને અનહદ લાડ લડાવવા લાગ્યો. વૃદ્ધ વયમાં સ્ત્રીનું સખ (?) ભોગવી પોતાનો તથા તેણીનો જન્મારો સફળ કરવાની ઉત્કંઠાએ તેણીને મ્હોં માગ્યું સુખ આપી રાજી રાખવા તન, મન અને ધનથી દરેક પ્રયત્ન કરવા લાગ્યો. તેણીનો એક હલકો દાસ સમાન થઇ તેણીનાં મૂખમાંથી નીકળતા વચનો ઝીલવા તે સદા તત્પરજ રહેતો હતો, અને તેણીનું અંતઃકરણ કોઇ વાતે દુખવતો નહિ. આથી ગામડામાં ઉછરેલ કેશર, મુંબઇ સરખા ભવ્ય, અનેક મોહિનીથી ભરપુર, રંગીલા શેહેરમાં આવતાં, વૃદ્ધ, અક્કલહીન પતિના અનહદ લાડમાં સ્વચ્છાનુસાર મન ગમતાં સુખ ભોગવતાં, ગાડી ઘોડામાં ફરતાં, અંકુશ રહિત હોવાથી ઉદ્ધત બની ગઇ. મુંબઇમાં ભજવાતાં શૃંગારરસે ભરપુર મોહક નાટકો જોતાં તેણીના મૂર્ખ મનપર ખરાબ અસર થઇ. અનેક પ્રસંગે સમવયના ભર યુવાનીના પુર બહારમા ઝુલતા પરપુરૂષોના સંબંધમાં આવતાં, સ્ત્રીધર્મનું જ્ઞાન અજ્ઞાન હૃદયમાં ન હોવાથી આડે માર્ગે દોરાઇ ગઇ– અનેક કૂકર્મોનો ભોગ થઇ પડી. પતિ તરફનો પ્રેમ અંતઃકરણમાંથી જતો રહ્યો. યુવાવસ્થાના મદથી ગરમ થયેલું લોહી શરીરની રગે રગમાં વહેતાં, મદનના પૂર આવેશમાં મસ્ત બનેલી, અને રતિભક્તિમાં પ્રવિણ થયેલ તારૂણીને વૃદ્ધાવસ્થામાં જીર્ણ થઇ ગયેલ પતિ તરફથી શું સંતોષ મળી શકે? લેશ માત્ર પણ નહિજ ! આમ થતાં સમાન વયની મૂર્ખ મતિની અભણ સહચરી સાથે સબંધમાં આવતાં તેમના મુખમાંથી--

"સહીયર જોને પેલો શેડીયો,
"દાંત પડયા, ડાચાં ભંખિયાંરે;
"જમણા કરમાં તો ઝાલી લાકડી,
"માથું ધ્રુજે આવ્યાં પળીયાંરે.
"પરણ્યો તે ગયા ફાગણ માસમાં,
"બાર વરસની બાળારે;
"મસાણ કાંઠે જાશે નાવલો,
"જોબનવંતી થશે નારીરે."

આ ગરબો સાભળતાં અંતઃકરણમાં અત્યંત બળતાં, પોતાનુ દુઃખ નીવારવાને તેમની સલાહ લેતાં, તેમના નીચ વિચારોની અક્કલહીન હૈયામાં ઉંડી અસર થતાં, મદન જ્વાળે બળતી મુગ્ધા ભાન ભુલી ગઇ—સ્ત્રી ચરિત્રમાં પ્રવીણ થઇ ગઇ. પોતાના મનનાં ભાવ જુદી જુદી રીતે સમજાવવામાં કળાવાન, લાજ—મર્યાદા રહિત, અને સ્વામિ સાથે એટલી બધી સમાનતા કરી દીવેલ કે સાધારણ લોકવાણીના શબ્દમાં કહીયે તો પતિને પી ગયેલ ગણીએ તો ચાલે, એવી પ્રગલ્ભાભિસારીકાના રૂપમાં આવેલ વીશં વર્ષની યુવાન તારૂણી **કેશર** અનીતિને માર્ગે દોરાઇ જાય તેમાં શી નવાઇ? કુસુમાયુધના કોમળ પણ દુઃખદ પુષ્પશરના પ્રહારથી થતી વેદના દ્રઢતાથી સહન કરી હૃદયમાં શમાવી ન શકવાથી, સતિત્વને અનંગઆગમાં ભસ્મ કરી, પોતાના અંતઃકરણમાં બળતા અગ્નિના ભડકા શાંત કરવા વિષયાંધ થયેલ યુવતિ પરપુરૂષનો ભોગ થઈ પડી. શરમ તજી બેધડક તેણી વ્યભિચારિણી થઇ ગઇ. પાપ કોઇ દિવસ પણ છુપું રહેતું નથી! છેવટે પાપનો ઘટ ભરાઇ જતાં ફુટયો! **દયાળદાસે** પોતાની સ્ત્રીનાં આ સર્વ દુરાચરણ જાણ્યાં, પણ યુવાન પત્નિના સ્ત્રીચરિત્રના મોહમાં અંધ બનેલ મૂર્ખ ડોસાએ તેણીને કાંઇ પણ શીક્ષા અથવા શીખામણ આપી સત્ય માર્ગમાં લાવવાને લેશ માત્ર પણ પ્રયત્ન કરવાને બદલે, પોતાની મૂઢ મતિ માટે પોતાને જ ઠપકો આપી, મનમાં બળાપો કર્યા કીધો. સર્વ જન મંડળના જાણવામાં પણ **કેશરનાં** ચરિત્રો આવ્યાં, પણ ચાલાક, ચાતુર્યવાળી ચકોર ચપળાએ પોતાની અનેક યુક્તિઓનો ઉપયોગ કરી, પોતાનું સતિત્વ બતાવી એ વાત શકમાંજ રાખી. હંમેશને માટે તે બીનો લોકોની નજરમાં શકમંદજ રહી, અને તેણી યથેચ્છ કર્મ કરવામાં પ્રખ્યાત ન પડતાં, પોતાની કળામાં ફતેહમંદ ઉતરી લોકોની આંખમાં ધૂળ નાંખી સર્વને અંધ બનાવ્યા, એમ માની મનમાં મગરૂબ થતાં, વ્યભિચારમાં વધુ પોરવાતીજ ગઇ. **દયાળદાસ** કદી કોઇજ વાર તેણીને કાંઇ કહેતો તો તેને સામો જવાબ આપતા અચકાતી નહિ, અને તેને ઉલટો પોતાના અંકુશમાં રાખી, તેનાપર પોતાનો અમલ બજાવતી હતી, અને કોઇવાર પોતાની મનકામના પૂર્ણ કરવા અનેક સ્ત્રીચરિત્રનાં ઢોંગ ભજવતી હતી. આજે પણ તેણી શરમ રહિત થઇ બરાડા પાડતી, જાણે ભુત આવ્યું હોય એમ ધ્રુણતી બીછાનામાં પડી હતી, અને બીજા પોતાના સંબંધીઓમાં આટલી મોડી રાત્રીએ આટલો ગભરાટ ઉત્પન્ન કરી દીધો હતો, તે શું તેણી કાંઇ ભયંકર દરદની વેદનાથી પીડાતી હતી? ના, ના! ત્યારે શું તેણીનાં અંગમાં કોઇ ભુત અથવા પીશાચનો વાસ હતો? ના, તેમ પણ નહોતું! તેણીના સર્વ ઢોંગજ હતા. ત્યારે વૃદ્ધાવસ્થામાં યુવાન સ્ત્રી પરણવામાં આજ ફાયદો કે? આવુંજ સુખ કે? અમે અજ્ઞાન શું જાણીએ? એ તો—

" જેને વીતી હોય તે જાણે,
" અજાણ્યો કાંઇ ન જાણે."

ખરેખર ! પવિત્ર વાંચનાર ! વૃદ્ધ વયમાં બીચારી પારકા નિર્દોષ, અનાથ બાળાનો, પોતાનો સ્વાર્થ સાંધવા ખાતરજ ભવ બગાડનાર અક્કલહીન પુરૂષો પરમેશ્વરના કેટલા ગુન્હેગાર થાય છે ! કેવાં પાપી થાય છે ! વળી જે પાપી માબાપો પોતાની પુત્રીઓને, પૈસા કમાવવાની લાલચે, સારો સારો ખોરાક ખુબ ખવરાવી પીવરાવી, અત્યંત લાડમાં ઉછેરી મ્હોટી ઉમરની કરી, સાઠ, સીત્તેર અથવા એહેંશી વર્ષનાં લાકડાંનો ટેકો લઇ ચાલતા, ખુંધા વળી ગએલ, આંખે અંધ, એવા ડોસાને પાંચ, દસ, અથવા પંદર હજાર રૂપીઆ સરખી પૈસાની મ્હોટી રકમનો ગાંસડો લઇ, જેમ ગાય અથવા બકરી કસાઇને વેચે, તે પ્રમાણે ગાય સમાન પોતાની ગરિબ, નિર્દોષ બાળાઓને આંધળા, લુલા, અથવા પાંગળા વૃદ્ધને પરણાવી દેખીતી આંખે અંધ બની ઉંડા કુવામાં સ્વહસ્તેજ નાંખે છે ! એવા કસાઇ સરખા ક્રૂર, ઘાતકી માતપિતાઓને આવું કરપીણુ કામ કરતાં શું લેશ માત્ર પણ ઇશ્વરનો ડર લાગતો નહીજ હોય ? ધીક્કાર હોજો એવા નીચ માબાપોને ! ફીટકાર પડજો એવા દ્રવ્યલોભી સ્વાર્થના ઝેરી કીડાઓપર ! વળી એ કન્યાવિક્રયનો પૈસો પણ કેવો નષ્ટ સમજવો ? શું તેનો સુખેથી ઉપભોગ કરી શકાય છે ? નહીજ ! સુખી તે ક્યાંથી થવાય ! બીચારી નિર્દોષ બાળકી યુવાવસ્થામાં પ્રવેશ કરતાં હર્ષ સહિત સાસરે આવે છે, અને પ્રથમ વારજ સ્વપતિની મુખમુદ્રા અને આકૃતિનું અવલોકન કરે છે, ત્યારે તેની છેક જીર્ણ અવસ્થા નીરખી પોતાના ભવિષ્ય માટે કેટલી દુઃખી થાય છે ! પોતાની યૌવનવેલડી કાચીને ઇશ્વરતુલ્ય પતિને સુવાસ આપી ઉપભોગમાં આવ્યા વિના એમને એમ કરમાઇ જશે એવી ધાસ્તિથી તેણી કેવી પિડીત થશે ! એ વેલડી પોતાને પાણી પાઇ ઉછેરનાર માલીને તેનો યોગ્ય સ્થળે ઉપયોગ ન કરવા માટે કેટલા શ્રાપ આપતી હશે ! ખરેખર ! ગરીબ નિર્દોષ યુવતી મનમાંજ બળતી હજારો ઉંડા નિઃશ્વાસ નાંખતી હશે ! પોતાના કસાઇ માતપિતાપર ગાળોનો વર્ષાદ વરસાવતી હશેજ ! વળી કર્મ સંજોગે સ્વામી, પાકું પાન હોવાથી સ્વર્ગવાશી થાય તો એવી ગરીબ યુવાન,અબળાના દુઃખની શું સીમા રહે ! કેટલાક મુર્ખ પુરૂષો સંતતીનું સુખ મેળવવાની આશાએ છેક વૃદ્ધાવસ્થામાં હજારો રૂપિઆ કન્યાના બાપને ખાવાના આપી ચોરીએ ચહડેલ, લગ્ન મંડપમાં મંગળ ફેરા ફરતાંજ રામશરણ પહોંચી ગયા છે, તેના કંઇક દાખલાઓ આપણા સાંભળવામાં આવે છે ! અરે રે ! તેવી સ્થિતિમાં આવેલ તરૂણીના હૃદય દુઃખનો શોકજનક પુકાર સાંભળી શું કોઇને પણ કમકમાટ છુટયા વિના રહેશે ? કોની આંખમા અશ્રુ નહી આવે ? કોનું હૃદય નહી ચીરાઇ જાય ? હવે તેવી લાચાર અબળાઓને સંસારસુખ ભોગવવાને દિવસ તો સ્વપ્ને પણ દુર્લભ ! ખરેખર !

" નાથ તજી પર લોક જવાથી,
" બાળ પણે રંડાય ;
" હડ હડ થાય બધેય બિચારી,
" કેમ કરી ભવ જાય. "

આવી રીતે બાળવિધવાની આખી જીંદગી શોક, સંતાપ અને દુઃખથી સદા ભરપુર પસાર થાય છે. એવી અનાથ અબળાઓ મરણ પર્યંત રંડાપો ભોગવતી ચોરની માફક ઘરનો ખુણો સેવતી નીરંતર અશ્રુ ખાળતી પોતાનું આયુષ્ય પુરૂં કરે છે-પોતાને ઉંડા ખાડામાં

નાંખનાર સ્વાર્થી, પાપી, વૈરી માબાપને અસંખ્ય શ્રાપ આપે છે. કેટલીક મનને મારી, સાક્ષાત પારબ્રહ્મ ઇશ્વરજ સ્વપતિ રૂપે નિરંતર પોતાની સમીપ છે એમ માની હૃદય દુઃખ દબાવી, તેજ મહાન જગતપિતાની સેવા કરી તેનીજ અહર્નિશ આરાધના કરવામાંજ પોતાનો કાળ નિર્ગમન કરે છે, પણ એવી સાધ્વિ સતિ તો આ કારમાં કળિકાળમાં વીરલીજ મળી આવશે! યુવાનીનો બહાર ખીલતાં, વૈધવ્યપણામાં આવતાં, સહનશીલતાની તંગાસને લીધે, કેટલીક બીચારી અજ્ઞાન બાળાઓ અનંગજ્વાળના ધુમાડાથી અંધ બની, તે શમાવવા વ્યભિચારીણી બની, જાર કર્મ કરી, ગર્ભપાત કરી બાળહત્યારિ બને છે! કેટલીક લાજ મર્યાદા રહિત બની જઇ પોતાની જ્ઞાતિની લેશ પણ દરકાર અથવા ધાસ્તિ રાખ્યા વિના અન્ય પુરૂષ સંગે કોઇ અજાણ્યા પ્રદેશમાં જઇ રહી હંમેશને માટે પોતાનો સ્વદેશ, ન્યાત જાત, સગાં સંબંધી, સર્વનો ત્યાગ કરે છે કેટલીક બીચારી સમજુ પણ કોમળ અંતઃકરણની બાળાઓ હૃદયમાં બળતો દુઃખદાવાનળ શાંત કરી નહિ શકવાથી આત્મઘાત કરી, પોતાના ઘાતકી, દુષ્ટ અને અઘોર પાતકી માતપિતાને હત્યા આપે છે! આવાં અનેક સ્થળે અત્યંત શોકજનક અસંખ્ય કૃત્ય બનેલ નજરે જોવામાં આવેલ છતાં પણ પાપી પેટ ભરવાને કસાઇનો ધંધો લઇ બેઠેલાં મુર્ખ માબાપો પૈસાની મ્હોટી લાલચે પોતાની નિર્દોષ બાળકીઓને વેચવાને હજી પણ પછાત પડતા નથી! ખરેખર! એ પણ સંસારની વિચિત્રતાજ છે!

કોલાહલ હજી શાંત પડયો ન હતો. કેસરના ઢોંગ ચાલુજ હતા· જોરથી બરાડા પાડવાના, તેમજ હાથ પગ ઘણો વાર સુધી પછાડવાના અને માથું ધુણાવવાના પરિશ્રમથી થાકીને તેણી કાંઇક શાંત પડી હતી. મરચાંની ધુણી હવે બંધ થઇ ગઇ હતી, અને સર્વે વામનભટ્ટ ભુવાની રાહ જોતા બેઠાં હતાં. તે હજી આવ્યો નહોતો. દયાળદાસ પોતાની પતિ તરફ જોતો શોકાતુર ચ્હેરે લમણે હાથ દઇ બેઠો હતો. એટલામાં કટેરામાં ઉઘાડે શરિરે ઉભેલ એક વૃદ્ધ ત્વરાથી ઓરડીમાં આવ્યો, ને બોલી ઉઠયો, "ગીનો! મોરલો ત અચી પોતો!"

"સારો થયો! પણ ભલા, વામનભટ્ટકે ભેગો તેળી આંધઇ કે ન?" કસ્તુરડોસી બારણા આગળ જતાં બોલી ઉઠી, એટલામાં બદન તથા ટોપી પહેરેલ એક યુવાન ઉતાવળે ઉપર આવ્યો. તેને જોતાંજ દયાળદાસે અધીરાઇથી તેની સમીપ જઇને પૂછ્યું, "કો! ભટકે તેળી આવે?"

"હા! અચેનો!" મોરલાએ હાંફતાં હાંફતાં જણાવ્યું.

"કીડાં આય?" વામનભટને ન જોવાથી કસ્તુર ડોસીએ આગળ આવી પૂછ્યું.

"હીન મળી જો અચનો! જરા તવીં નીરાંતે વ્યો!" દયાળદાસે ખીજવાઇને તેણીને એક તરફ બેસાડી, ને મોરલા તરફ ફરી કહ્યું, "તું હાંણે બ મ! વીન, વૈદકે ઝટ તેળી અચ!"

"હીન ટાંણે વૈદજો કુઇ કામ આય? સવારે તેળઇજા!" કસ્તુરડોસી વચમાં બોલી ઉઠી.

"કસ્તુરબાઇ! તવીં હેર તવજો ડાં પણુ મ હલયો! બેઠા બેઠા નોંધ કર્યો!" દયાળદાસે વધુ ખીજવાઇને જણાવ્યું. "મોરલા! તું તોજે વીન!"

કસ્તુરડોસી ગુસ્સામાં બબડતી ફફડતી ઓરડીમાં ગઇ, ને મોરલો વૈદને બોલાવવા ગયો. થોડીવારમાં ભટ આવી પહોંચ્યો. તેણે પાસાબંધી બદન પહેર્યું હતું. માથે કાળા રંગની દક્ષણી પાઘડી હતી. હાથમાં વાંસની જાડી લાકડી હતી, તે ટેકવીને તે હાથીની ચાલે ચાલતો આવ્યો. શરિરે તે અત્યંત જાડો પણ કદમાં ઠીંગણો હતો. આથી તેનું સ્વરૂપ વિચિત્ર લાગતું હતું તેને જોતાંજ દયાળદાસ બોલ્યો, "આવો મા'રાજ !"

"હા શેઠજી !" વામનભટે હાંફતાં હાંફતાં જણાવ્યું. "કેમ આજ શું કામ પડ્યું?"

"કામ તો ઇ પડયું છ કે આ કેશર વહુના ગઠમાં કોઇ આવ્યું છ !" કસ્તુરડોસી આગળ આવી વચમાં બોલી ઉઠી. "જોવને એ ઘૂણે છ તે ! આવો, ઓયડીમાં આવીને જોવ તો ખરા !"

"અરે ! બ્હેન, એન્હાં તે શા ભાર છે? હમણાં એમને સારાં કરી દઉછું !" ભટજી ઓરડીમાં દાખલ થતાં દમામમાં બોલી ઉઠયા. એટલામાં મોરલો આવ્યો ને દયાળદાસ પ્રત્યે બોલ્યો, "વૈદ ત ઘરસેં નંઇન ! નાસક ગ્યા અંઇન ! દંનજે છોકરેકે ચવ ત તેળા અચાં !"

દયાળદાસ વિચારમાં પડયો, અને થોડીવારે બોલ્યો, "વીન, તડેં છોકરેકેજ તેળા અચ ! ઇ પણ હુંસીઆર. આંય, કીં કચો નાંય !"

"સારો તડેં ઇનકેજ તેળા અચાંતો !" આમ કહી મોરલો ત્યાંથી ચાલ્યો ગયો.

વામનભટ કેશરનાં બીછાનાની સામે મ્હોટો પલાંઠો વાળી, ગંભીર મુખમુદ્રા ધારણ કરી બેઠો, અને પોતાના ઢોંગ ચલાવવા શરૂ કીધા. પહેલાં તેણે મીઠાંનું પાણી કરી ભુત કાઢવા કેશરપર છાંટવા માંડયું, અને કાંઇ મંત્ર ભણતો હોય તેમ હોઠ ફફડાવવા લાગ્યો. મીઠાનાં પાણીથી ભીંજાતાં કેશરનાં શરિરમાંનું ભુત નીકળવાને બદલે વધારે જોર કરવા લાગ્યું. તેણી મ્હોટેથી બરાડા પાડવા લાગી. અને જોરથી હાથપગ પછાડવા લાગી. આ પ્રયોગ ભુવારાજે પંદરેક મીનીટ ચાલુ રાખ્યો, પણ તેમાં ફાવી ન શકવાથી, બીજી યુક્તિ ચલાવવા માંડી. મ્હોટો ઘાંટો કાઢી કાંઇક મુસલમાની ભાષાનો કલમો બોલતાં એક જુનો ખાસડો લઇ તેણે અત્યંત જોરથી જમીનપર તે ઠોકવા માંડયો. આ પ્રયોગ ચાલુ થયો એટલામાં મોરલો વૈદના પુત્રને તેડી લાવ્યો. વાંચનાર વૈદનો પુત્ર તે કોણ ? "વિકટોરિયા ગારડન"માં ફરવા આવેલ બે સ્નેહીઓમાંનો એક ! કોઇજ નહિ પણ કમળાકાન્ત ! તેને જોતાં સર્વ પુરૂષો તેની આસપાસ વિંટળાઇ વળ્યા, અને તેના પિતાજીના ખબર પુછવા લાગ્યા. સર્વને યોગ્ય પ્રત્યુત્તર આપી સંતોષ પમાડયા બાદ પોતાને આવડી મોડી રાત્રીએ બોલાવવાનું કારણ પુછતાં, તેના જવાબમાં સર્વ જણ જેમ પોતાનાં મનમાં આવે તેમ બોલવા લાગ્યાં. એમાં કસ્તુર ડોસી પણ સામેલ હતીજ. કોઇ કહે 'દયાળદાસની વહુને પિત્ર નડે છે તેથી ધુણે છે.' કોઇ કહે 'એ તો જીવતી ડાકણના ઝપાટામાં આવી છે તેથી તે એને હેરાન કરે છે;' કોઇ કહેવા લાગ્યું કે 'એ તો ભુતની ઝપાટમાં આવી ગઇ છે તેનું જ આ પરિણામ છે;' કોઇ બોલ્યું, 'દયાળદાસની આગલી ધણીઆણી એને નડે છે ને તેજ એના શરિરમાં આવી બીચારીને દુઃખ આપે છે.' આમ જેને જે સુઝયું તે કહેવા લાગ્યાં. આ સર્વેના ગભરાટભર્યાં વ-

ચનો સાથેજ સાંભળતાં કમળકાન્ત પહેલાં તો જરા ગભરાયો, પણ દરદીઓને સમજાવવામાં, પિતાના હાથ નીચે દવાખાનાંમાં કામ કરવાથી કુશળ થયેલ યુવાન સ્વસ્થ થયો, અને તેમને શાંત પાડવા ગંભીરતા ધારણ કરી બોલ્યો, "ભૂત બુત શું હોય? એ તો બધા તમારા અણસમજુના વહેમ છે! હું ધારૂં છું કે આજે અગિઆરસ હોવાથી વ્રત કીધું હશે, અને ફળહારમાં કાંઇ વાયડી વસ્તુ ખાધી હશે, તે પાચન નહિ થઇ શકી હોય, તેથી વાયુના જોરથી પેટમાં દુખાવો ઉપડી આવ્યો હશે. બાકી ભુતનો વહેમ તમે રાખતા નહિ. સમજ્યાં ના!—"

"અરે!" કસ્તુર ડોસીની જીભલડી કાબુમાં રહી શકી નહિ. અને તે વચમાં બોલી ઉઠી,—"તમે આજ કાલના ઉછરેલા એમાં સમજો નઇ! બધાય સુધરી ગીયા, અટલે કાંઇ પણ માનવું નઇ! પણ છોકરા! આજ આંખે જોઇશ ત્યારે ખબર પડશે. જા, તારા બાપને પુછી આવ તો ખબર પડે!"

"કસ્તુર મા," મોરલો બોલ્યો, "ઇનમેં હીનકે વાચાળેકે સે, કુઇ ખબર પય? કાય ડી ડીઠઇ હોય તડેં ન? બીધે ઇંગરેજીમેં પાસ થ્યા, અટલે થી ચુકયો!" તેણે આમ કહી કમળકાન્તના અંગ્રેજી ભાષાના અભ્યાસ માટે મશ્કરી કીધી. કમળકાન્તે કાંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહી. સર્વને બોલતાં અટકાવી દયાળદાસ કમળકાન્તને એકાંત સ્થળમાં લઇ ગયો, ને કાંઇક પોતાની આબરૂનું સંરક્ષણ કરતાં સ્વપતિ કેશરનાં ચરિત્ર તેમે કહી સંભળાવ્યાં. સર્વ હકીકત સાંભળી કમળ સ્તબ્ધજ થઇ ગયો, પણ દયાળદાસને ધીરજ આપી દરદીને તપાસવા તેની સાથે ઓરડીમાં ગયો. આ વખતે સોમ પર પાસકું જોરથી પછાડવાનો પ્રયોગ ભટજી મહારાજ કરતા હતા; પણ તેમાં ફતેહ પામ્યા ન હતા. ભૂતનું પ્રાબલ્ય અધિક વધવા માંડયું હતું. જે વખતે કમળ ત્યાં આવ્યો, તે વખતે વામનભટને કેશરનાં અંગમાંના ભૂતે અથવા કહો કે કેશરે ખુબ જોરથી એક તમાચો લગાવ્યો! ભટ બીચારો ખસીયાણો પડી ગયો, ને પોતાનો પ્રયોગ બંધ કરી, 'ભૂત બહુ જોરાવર છે, તે કહાડવાને ખરચ વધારે થશે,' એમ સર્વને સમજાવી વધુ વહેમી બનાવી દીધાં, અને ગંભીર અવાજે કાંઇ અજબ તરેહના ગપાટા ઠોકી પોતાની હોંશીઆરી બતાવવા પ્રયત્ન કરવા લાગ્યો. કમળ જો કે અંતઃકરણમાં ભૂત અથવા પિશાચ કોઇને માનતો ન હતો, પણ સર્વ જણ જ્યાં એક મત થયાં, ત્યાં કોઇને પણ માઠું ન લગાડવાની ઇચ્છાએ તે પણ તેમની સાથે વહેમીનું ડોળ ઘાલી ડોકું ધુણાવવા લાગ્યો. વામનભટની કળાચાતુર્ય તે સારી રીતે જાણતો હતો, પણ તે મનમાંજ રાખતાં 'ગાડરીયા પ્રવાહ' પ્રમાણે સર્વની પાછળ તે પણ દોરાયો. રાત્રીએ બે વાગ્યાનો સમય થઇ ગયો હતો, પણ કેશર હજી શાંત પડી ન હતી. વામનભટને લપડાક પડતાં સર્વે સ્ત્રીઓ, ડરીને દૂર ન્હાસી ગઇ હતી. ઓરડીમાં દયાળદાસ વામનભટ અને કમળ ત્રણેજ જણ હતા. દયાળદાસને સંતોષ પમાડવા કમળ પોતે પણ ભૂત કહાડવાનો મંત્ર જાણે છે એવું ડોળ ઘાલી ભટજીને મદદ કરવા લાગ્યો. દયાળદાસને ઓરડીની બહાર મોકલી દ્વાર બંધ કરી, એક લાકડી લઇ તેણે કેશરને જોરથી ફટકા મારવા માંડયા. એક બે ને ત્રણ ફટકા પડતાંજ કેશરનાં શરિરમાંનું ભૂત ગભરાયું, અને 'જાઉં છું, જાઉં છું' એમ જોરથી બોલતું ન્હાસી ગયું. કેશર

શાંત પડી તેણીનો સર્વ ઉન્માદ બંધ પડયો અને બુમબરાડા તથા ધ્રૂજવાનો પ્રયાસ અને હાથ પગ અફાળવાથી થાકી ગયેલ તેમજ રડવાથી હૃદય ખાલી થઇ ગયેલ હોવાથી થાકને લીધે તેણી બીછાનામાં ઢળી પડી, ભર નિંદ્રામાં પડી, જાણે કાંઇ બન્યુંજ ન હોય તેમ ઘોરવા લાગી. સર્વ આનંદ પામ્યાં. કમળની ચતુરાઇ સર્વનાં અંતઃકરણમાં વસી. છેવટે મોડી રાત્રીએ કેશરને કાંઇક ઔષધ પીવરાવી દયાળદાસની રજા લઇ તે પોતાને ઘેર વીદાય થયો

## પ્રકરણ ૫ મું.

### યુવાન પત્નિના વૃદ્ધ પતિની સ્થિતિ. કમળકાન્ત અને દયાળદાસ.

આગલાં પ્રકરણમાં વર્ણવેલી બીનાને આજ પાંચ દિવસ થઇ ગયા હતા. સંધ્યાકાળના પાં ચ વાગ્યાનો સમય હતો. કેશર એક બીછાના પર બેઠી હતી. ભૂત આવ્યું તે રાત્રીથી તેણી બીમાર પડી ગઇ હતી. તેણીની પાસે કસ્તુર ડોસી હાથમાં ઔષધની શીશી લઇ એક વાટકીમાં દવા કહાડતી બેઠી હતી. દયાળદાસ પણ પાણીની લોટી હાથમાં લઇ ત્યાં ઉભો હતો. કેશરને દવા પીવા માટે તેઓ સમજાવતા હતાં, પણ તેણી ન પીવાને હઠ લઇ બેઠી હતી—અનેક ઢોંગ અને ફીતુર કરતી હતી. દયાળદાસ તેણીના કાલાવાલા કરતો હતો, પણ હઠીલી અબળા સ્ત્રિચરિત્રની કળાઓ ચલાવી તેને ઉડાવતી-રમાડતી હતી. આમ તેમની રકઝક ચાલતી હતી એટલામાં ઓરડીનું દ્વાર ઉઘડયું અને કમળકાન્ત અંદર દાખલ થયો. તેના હાથમાં ચાર પાંચ પુસ્તકો હતાં, તેથી તે શાળામાંથીજ આવેલ હોય એમ દેખાતું હતું, અને તે ખરુંજ હતું. તેને જોતાંજ દયાળદાસ સામે આવતાં બોલ્યો, “આવો કમળ! ઇસકોલમાંથી પરબારાજ આવ્યા છો સું?”

“હા, મુરબ્બી!” તેની સમીપ આવતાં કમળે જવાબ આપ્યો.

“ગીનો!” કમળને જોતાંજ કસ્તુર ડોસી બોલી ઉઠી, “હાંણે લી વઇદજો છોકરો આવ્યો આય સેં ગથ્થો કુટીનો ને આફેણ પીરઇનો!” આમ બોલતાં કમળ તરફ ફરી તેણીએ કહ્યું, “લીઓ! જોવ! આ કેસર વહુ ઓસડ નથી પીતી! એને કાંઇ સમજાવો! અમે તો બરોબર એક કલાક થીઆ માથો કુટીને થાકી ગયા, પણ એકની બે થાતી નથી! અમે તો ભાઇ, હવે એનાથી હાર્યા! લ્યો આ ઓસડ, ને હવે તમે જાણો ને ઇ જાણે! અમે તો એના સારા સારૂ ટોકટોક કરીએ છીએ, પણ ભાઇ, બહુ વાડીલી! બહુ વાડીલી! માથેથી નીચે પછાડ પણ ઇ પોતાનો વાડ મૂકતી નથી! ઓસડ પીસે ને સારૂ થસે તો એને થસે, કાં ખરૂં કે નઇ?”

“હા, એ તો ખરૂં!” કમળે જવાબ આપ્યો, “આપો એમના હાથમાં પ્યાલું! હમણાં પી જશે!”

“ગીન, વેલી હાંણે ચાળા મ કર, ને ઝટપટ પી વીન!” કેશરનાં મુખ આગળ ઔષધની વાટકી ધરતી તેણી બોલી.

કેશરે મ્હોં બાજુએ ફેરવ્યું, અને દવાની વાટકી દૂર કરવા કસ્તુરનો હાથ અસેડવા હાથ લાંબો કર્યો! આ જોઇ કમળકાન્ત બોલ્યો, “બાઇ! આમ કરશો તો કેમ ચાલશે? પી જાઓ જોઇએ! દવા નહિ પીશો તો સારું થવાનું નથી ને વધારે હેરાન થશો!”

"નથી પીવાતું !" કટાણું મ્હોં કરી કેશરે જણાવ્યું.

"નથી કેમ પીવાતું ?" કમળ કંટાળીને બોલ્યો, "હાથમાં લઇ મોઢે ધરશો તો બધું એ પીવાશે ! લ્યો જોઇએ ! ઝટ ઉતારી જાઓ !"

"અરે વા !" દયાળદાસ સ્હેજ ગુસ્સે થઇ બોલ્યો, "ન સેં કીં પીવાય ? વલી, હાંણે ઢોંગ છડી ડે, ને ઝટ પી વીન ! સવા પો'રથી ઉધાડી રી આય તેંજો કીં વિચાર આય કે ન ? હીન પીરમાણે ઓસડ પીધેલાય રોજ મથાકૂટ કરંઇયેં તડેં પછી ગુણ સેં કીડાંથી થીયે ?"

"હાજ તો !" કસ્તુર ડોસીએ ટહુકો પુર્યો, અને કમળને પૂછ્યું, "કાં સચો કે ન ભાઇ ? તમે કાં કાંઇ બોલતા નથી ?"

"સાચું માજી !" કમળકાન્તે જવાબ આપ્યો, ને કેશર તરફ ફરી કહ્યું, "લ્યો ! હવે દવા વધારે વખત ખુલ્લી ન રાખો ! હાથમાં વાટકી લ્યો, ને પી જાઓ ! એમાં કેટલી વાર લાગવાની છે ? આ પાણી પણ તૈયાર છે !" આમ કહેતાં દયાળદાસના હાથમાંથી તેણે પાણીની લોટી લીધી ને કેશર આગળ મૂકી.

"દવા બહુજ કડવી છે, ને વાસ પણ કેવી ખરાબ મારે છે !" મ્હોં તથા આંખનાં અનેક વિચિત્ર ચાળાં કરતી કેશર કચવાતી બોલી, "મોઢા આગળ લઇ જાઉં છું એટલેજ ઓબકા આવેછ !"

"સે !" કસ્તુર ડોસી ગુસ્સે થઇ વચમાં બોલી ઉઠી, "ઓસડ સેં કોય ડી મીઠો હોય કે ? હાંણે ધણો થ્યો ! ઝીઝા ઢોંગ મ કર ને પી વીન, ગીન નારીયાં ! હાં હી મથેથી ભેરાથી ખાઇ વેંજ, એટલે કળપો નઈં લગે ને ઓબકો એ નઈં અચે, સમજીયેં ન ? વે'લી ! વે'લી !"

"પણ" કેશર ખીજવાઇને બોલી, "તવીં કીં જાણ્યાં કે ઓબકો નઈં અચે? અચનો તડેં તવીં આડો હથ ડેંણુકે અચનાં ? ગીનો નરીયાં, તવીંજ પીયો ત ખબર પય !" આમ કહેતાં કસ્તુર ડોસીનાં મુખ આગળ તેણીએ વાટકી ધરી.

"હી સેં કુઇ બાઇ !" હાથ દૂર કરતી ડોકરી રાતી પીળી થઇ બોલી, "આંઉં સેં કુલાય પીયાં ? કુઇ માંદી બાંદી અંઇયાં ! હાંણે પીની હોંય ત પી ન ત આંઉં ત મીંજે હી હીડાંથી હલીસૂ !"

"સેં પછી વેંના હો ત હેરજ વીનો ન ?" કેશરે ડોકરીને ખીજવવા કરડાકીમાં કહ્યું, "તવાંજો હય્ય કેર ઝલી બેઠો આય ? કોય બંધીએ નાંય રખુંઇ ન ? હીં બાંયણું ઉધાળા પ્યા આઇન !"

"ઠીક ઠીક હાંણે !" દયાળદાસ ગુસ્સે થઇ આંખ ચ્હડાવીને બોલ્યો, "બોલેંતી સેં કીં વીચાર કરીયેં તી કે ન ! હલ વે'લી, ઓસડ ઝટ પી વીન !"

કેશરે આનાકાની કરવી ચાલુજ રાખી. કસ્તુર ડોકરીની જીભ વશ રહી નહિ. "સી વલ્લભ ! સી વલ્લભ !" તેણે કંટાળીને બોલી, "સી બાલકીસનલાલ જ તોકે પોંચી સકન ! જ્યો ત તોકે પોંચે તેંકે પરમેસર પોંચે ! માવડી, હાંણે કીં કને પીને ભીંજે છેબો છંડનીયેં ?" આમ બોલતાં તેણીએ કેશરની આગળ બોબા પાથર્યા.

આમ ઘણીક મથાકુટ અને કમળકાન્તના બહુ સમજાવ્યા પછી કેશરે આંખના ચિત્રવિચિત્ર ચાળા અને મુખના મરડાટ પછી આખરે ઔષધ પીધું. પછી કમળે તેણીની નાડી તપાસી અને ઔષધ આપતું હતું તેજ ચાલુ રાખવાનું કહ્યું. થોડી વાર ત્યાં

બેસી કમળ ઘેર જવાને ઉઠયો એટલે 'કાંઇ ખાનગી વાત કરવી છે' એમ કહી દયાળદાસ તેને પાસેની બીજી ઓરડીમાં લઇ ગયો અંદરથી બારણું બંધ કરી બેય જણ ચટાઇ પાથરી બેઠા.

"કહો મુરબ્બી, શું કામ છે?" બેસતાંજ કમળે પૂછ્યું.

"જરા નીરાંત રાખો કઉં છું." શું કહેવું તે ન સુઝતાં દયાળદાસે અચકાતાં જવાબ આપ્યો.

"શું કાંઇ ખાનગી કામ છે?" કમળે આતુરતાથી પૂછ્યું.

"હા!" દયાળદાસે સ્વસ્થ થઇ કહ્યું, "જોવ, સાંભળો! પણ હા! વાત તો મેં તમને તે દીં રાતના કીધી હતી!"

"કઇ વાત?" કમળે અજબ થઇ પૂછ્યું.

"કેમ એટલી વારમાં ભૂલી ગીયા સું? આમ બે દીની વાત યાદ નઇ રાખો તો પછી ઇસકોલના લેસન પણ ભૂલી જાસો! આ હયો! યાદ નથી તો હું કઉં છ! આ તમારી સેઠાણી વીસેની વાત તમને કઇ'તી એનો સું વિચાર કીધો?"

"વિચાર શું કરૂં?"

"સું કરૂ સું? એને સારૂ હવે ઉપાય કાંઇ સોધી કાઢયો કે નઇ?"

"ઉપાય? ઉપાય હું શું શોધી કાઢું?" કમળે ગુંચવાઇને પૂછ્યું. "મારાથી શું બને એમ છે?"

"અરે વા'રે કમળ!" દયાળદાસ તેના પગપર હાથ ઠોકતો મંદ હાસ્યસહ બોલ્યો, "તમે પણ ઇંગરેજી સીખ્યા એટલે પક્કા થઇ ગીયા હો! પણ આંઇ તમારી હુસીઆરી નઇ ચાલે! માટે આરૂં કામ તો કરી આપવુંજ પડસે!"

"તમો મુરબ્બી માટે મારાથી જેટલું બનશે તેટલું કરવાને હું તૈયાર છું! એ મારી ફરજ છે એમ હું ગણું છું!" કમળે ભાર દઇ જવાબ આપ્યો, "અને મારાથી બનતું હું કરૂં છઉં!"

"હં! હવે ઠેકાણે આવ્યા ખરા! તો જોવ! તમારી સાથે આટલા દીં થીયા પરીચય પડયોછ તેથી મારી ખાતરી થઇછ કે તમે જો કાંઇ પણ કામ મનપર લ્યોછ તો તે ખપે તેમ પણ પુરૂં કરોછ, અટલે હવે તમને પૂછુંછ કે એની (કેશર) બાબતમાં તમને જે વાત કઇ'તી તે કાંઇ ધ્યાનમાં ઉતારી કે નઇ? કે એક કાનેથી સાંભળી બીજે કાનેથી કાઢી નાખી? એને માટે સું રસ્તો લેવા વિચાર કીધો?" આમ કહી તેણે કમળકાન્ત તરફ એક ટસે જોયા કીધું. કમળ થોડી વાર ચુપજ રહયો—વિચારમાં પડયો—આખરે બોલ્યો, "કેશર બાઇની બાબતમાં હું શું કરી શકું એમ છઉં? ટુંકમાં એ કામમાં હું લાચાર છું! બનતા ઉપાય કરૂં છું!"

"આમ છેક છુટી જવા માંગસો તે ત મારાથી જરાકે છુટાસે નઇં, સમજ્યા નાં?" દયાળદાસ જમીનપર હાથ ઠોકતો બોલ્યો, "હવે તમારાથી ફરાય તેમ નથી! તમે મારી આગળ બંધાઇ ચુકયા છો! હા!"

"શું હું બંધાયલો છું?" કમળકાન્તે અજાયબ થઇ પૂછ્યું.

કમળની અજાયબી ચાલુજ રહી. મન કંઇક ઉંડા વિચારમાં પડયું.

"વિચારમાં સું પડી ગયા?" તેનો હાથ ખેંચી વિચારમાંથી જાગૃત કરતાં દયાળદાસ બોલ્યો, "તમારા બાપ તરફથી તમને કાંઇ પણ હરકત નઇં આવે, ને એ તમને ઠપકો ન આપે એ સારૂ હું તજવીજ કરીસ, જાવ, હવે કાંઇ છે?!"

"ઠપકો ? ઠપકો શું ? શા માટે ?" કહીને અચાતા કમળે પૂછ્યું.

"આ કામ માટે !" ધીરે સાદે દયાળદાસે જવાબ આપ્યો.

"એવું તે શું ઠપકાપાત્ર આ કામ છે? કદી એ કામ હું માથે લઈશ તો શું મારા મુરબ્બી તરફથી મને ઠપકો મળે એમ તમે ધારો છો?" કમળે આતુરતાથી પૂછ્યું.

"ના!" દયાળદાસ ખસીયાણો પડી અવાજ દબાવી બોલ્યો. "હું કાંઈ એમ કે'તો નથી! હું તો તમને કદાચ ખોટું લાગતું હોય તેટલા સારૂ કહું છું! તમને મનમાં એવું કંઈ લાગતું હોય તો તેની જરા પણ ચિંતા કરતા નહિ!"

"શું લાગતું હોય ? મુરબ્બી તમે આવી રીતે બોલો નહીં! જે હોય તે ચોખ્ખે ચોખ્ખું કહો! કંઈ કેશરબાઈને દવા આપવામાં મારી ભૂલ થઈ છે? કહો તો કોઈ હુશીઆર દાક્તરને બોલાવીએ ?"

"ના ના! ઓસડની બાબતમાં નહિ ને દાક્તર પણ બોલાવવા નથી!"

"ત્યારે તમે એમના સંબંધી શું કહેવા માગો છો?" આશ્ચર્યથી કમળે પૂછ્યું.

"ત્યારે આટલી બધી વાત કહી તે ઉપરથી શું ખાસ કાંઈ? આ બધું કહ્યું તે [illegible] ગયા નહિ?" દયાળદાસે આતુરતાથી પૂછ્યું.

"ના મુરબ્બી! તમે તૂટક તૂટક શબ્દોમાં બોલ્યા એટલે મારાથી કાંઈ સમજી શકાયું નહિ."

"ત્યારે ફરીથી બધી રામાયણ કે'વી પડશે શું? ભલે! લ્યો ત્યારે સાંભળો! કમળને ખાટલા પાસે ઉભો રાખી લઈ જતાં દયાળદાસ બોલ્યો, પણ આમળ બોલતાં તેની જીભ ઉપડી નહિ. તે ગભરાઈ ગયો, પણ જેમ તેમ આખરે બોલવું શરૂ કર્યું:—"તમે જુઓ છો કે, આ બિચારીએ અત્યાર સુધી તે બોલાવ્યો, મારે કાંઈ પણ છોકરાંછઈયાં નથી! ઘરમાં અમે બે જણ શિવાય બીજું કોઈ પણ નથી! સગા સંબંધી છે પણ તે બધા પૈસાના ભાઈ છે. [illegible] મારી આગલી ત્રણ બાયડીઓમાંથી એકને પણ કાંઈ છોકરો થયો નહિ! વેપાર, ધંધા રોજગારમાં આટલો બધો પૈસો કમાવીને ભેગો કીધો, પણ પછવાડે કોઈ ખાનાર ન મળે, ને ખરી મેહનતનો ને પરસેવાનો પૈસો પારકા ખાઈ જાય, ને મારો નામ નીશાન નાબુદ થઈ જશે એ વિચાર મારા મનમાં આવવાથી મારી આ ઘડપણની અવસ્થામાં આ ચોથી વખત નાણાંની મોટી રકમ એના બાપને ખાવા આપી લઈ આવ્યો!" આ વાક્ય સાંભળતાં કમળે નિઃશ્વાસ નાંખ્યો! દયાળદાસની વાત તે એક ચીત્તે સાંભળવા લાગ્યો. દયાળદાસનું બોલવું ચાલુજ હતું:—"એને પરણ્યાને આજ ત્રણ વરસ થઈ ગયાં છે, પણ એની તરફથી પણ મને જરાએ સુખ, તમારા સમ, મળ્યું નથી! સીબાલકીસનલાલ એને કંઈ સારો ઘંડો દેખાડવાની કીરપા કરે તો! મારા મનની મનના પુરી કરવી ન કરવી એ સી દાવજીના હાથમાં! હું તો છોકરાની આશામાં ને આશામાં [illegible] છું! વળી મારા સરીરનું પણ ઠેકાણું રહ્યું નથી! એક દી સાજો તો બે દી માંદો તમે જાણો છો તેમ બારે માસ તમારે ત્યાંથી સક્તિનો ઓસડ લેવા આવવું પડે છે ને અમે તેવા ઓસડ ખાઈએ તોય શક્તિ આવતી નથી. ત્યારેજ આ રાંડ (કેશર) આ'રે રખળતાં સીખી છે! હું એના બધા લખણ જાણું છું પણ શું કરૂં ? કાંઈ ઉપાય સુઝતો નથી, ને એને કાંઈ કે'વાનું એ [illegible] બાંધ [illegible] કરી [illegible]

ગામમાં મારી આબરૂ રાંડેજ ધુલધાણી કરી નાખી છે!" જરા જુસ્સામાં આવી તે બોલ્યો, પણ તેનાથી વધુ બોલાયું નહિ. અવાજ હબાઈ ગયો. તે રડી પડ્યો! એક ન્હાના બાળક માફક રોયો! કમળના હૃદયમાં પણ અસર થઇ, ને તેણે ભારે નિ:શ્વાસ નાંખ્યો! થોડી વારે અશ્રુ લુછી નાંખી સ્વસ્થ થઇ તેણે આગળ બોલવા માંડ્યું. "કમળ! એના પાપના ફળ તો ઇ હવે ભોગવે છે! નઇં તો આવો ભારી રોગ તે એના જેવી સારા ઘરની ધણીઆણીને સપનામાં પણ કોઈ દી હોય? શું કરીયે? એ પીડાય છે ને આપણે જોયા કરીએ છીએ! પણ એમાં મારા પણ ભેગ છેની? આટલી પીડાય છે તોય રાંડ હજી સમજીને સુખે ઘરમાં ટાંટીઆ ખોળીને બેસતી નથી! રોજ બબાડા કરે છો હવે તો હું એનાથી કાયર થઇ ગયો છું! આવી ફજેતી તે રોજ કેમ જોવાય! પયણીને સુખ તો કાંઇ જોયું નઇં ને વળી આ રાંડ આગમાં ઘી હોમે છો શું કરૂ? કમળ! મોતે નથી આવતું કે આ પીડામાથી છુટું! અરે, તમને શું કહું! ગયા દીવાસાને દા'ડે નાટક જોવા ગુઇ હતી, ત્યાં પણ સખણી રહી ન સકી! રાંડ કાંઈ એના બાપનો અજવાળો કરી આવી છ, ને આખી નાતમાં હજારો વાત ચાલી રહી છો! લોક તો એકના બે કરી બોલે! ગામને મ્હડે કાંઇ તાળો મરાય છે? બસ! કમળ! હવે તો હું સાવ કંટાળી ગયો! પરમેસરે તો હવે—"

"શેઠ!" તેને વિશેષ બોલતો અટકાવી, ધીરજ આપી, હૃદય શાંત કરવા કમળકાન્ત વચમાં બોલી ઉઠ્યો, "જો કે જે કાંઇ બને છે તે સર્વ વિધિને હાથેજ થાય છે, તોપણ માફ કરજો, કે મારે કહેવું જોઇએ કે, તમારેજ વાસ્તે આવું નથી, પણ તમારી આખી જ્ઞાતી ઉપર વૃદ્ધ વયમાં યુવાન સ્ત્રી હજાનરો રૂપીઆ ખરચી વેચાતી લાવવાનું એક મોટું કલંક છે! આવા લગ્નો તમારી જ્ઞાતિમાં સાધારણ થઈ ગયાં છે, ને તેમજ એવા દરેક ઘરમાં કંઇ કંઇ વિચિત્રતા પણ જોવામાં આવે છે!"

"ઇ તો હવે સમજ્યા! પણ હવે આનો સું ઉપાય કરવો?"

"મારાથી શું ઉપાય થાય? એ બધી જાતી પડયાં, ને હું એક વિદ્યાર્થી થયો! મારાથી કાંઇ બને તેમ નથી!"

"મન પર લ્યો તો કરી શકો એમ છે." દયાળદાસ ગળગળો થઇ બોલ્યો.

"ત્યારે જુઓ!" કમળ જરા ભાર દઇ બોલ્યો, "કેશરબાઇને ખરાબ રસ્તે દોરનાર તમે પોતેજ છો!"

"કેમ?" દયાળદાસ અજાયબ થયો.

"સાંભળો! તમે એમનાપર પહેલાંથી જ અંકુશ રાખ્યો હેત તો કોઇ દીવસ પણ આવું પરિણામ આવતજ નહી! વળી ધર્મગુરૂઓ ડોળ ઘાલી બેઠેલ કેટલાક ઠગોએ તમારૂં સર્વ સત્યાનાશ વાળ્યું છે! તેમનાં કુકર્મ તમે નજરે જુઓ છો તે છતાં પણ અંધ બની તેમને ઇશ્વર રૂપે ગણી તમારી વહુ પુત્રીઓને તેમની સમક્ષ મોકલવાને અચકાતા નથી, અને તેમને ઉત્તેજન આપી પોતાને હાથેજ ખાડામાં પડો છો, તેનો કાંઇ વીચાર કર્યો? તમને સુમાર્ગે દોરી ધર્મજ્ઞાન આપી મુક્તિ આપવાનું કામ ધર્મગુરૂઓનું છે, પણ આથી ઉલટું તેઓ તમારા દુ:ખનું કારણ થઇ પડયાં છે! તમને પણ નર્કમાં નાખે છે, ને પોતે પણ સાથી બને છે! હવે આવું છે ત્યાં બીજાની શું વાત કરવી? એ નીચ! લુચ્ચા દંભીક! વ્યભી--"

દયાળદાસથી આ શબ્દો સહન થઇ શક્યા નહિ, અને કમળને બોલતો અટકાવવા કાને હાથ લગાડી તે વચમાં બોલી ઉઠયો, "સી વલ્લભ! સી વલ્લભ! કમળ આમ બોલવાનું તમને કાંઇ કારણ નથી! તમે આજ કાલના સુધરેલા જુવાનીઆ આમજ બધાય ની નીંદા કરવાનું સીખ્યા છો! અમારા ગુરૂ વાસ્તે તમારે કાંઇ બોલવું નહિ! એમાં ઇ લોકોએ સું ખરાબ કીધું?! ઇતો સાક્સાત પરમેસર જ છે! એમના પરતાપની વાત તમે સું જાણો? નાથજી બાવા! સી નાથજી બાવા!" આમ બોલતાં તેણે પોતાને ગાલે બે ત્રણ તમાચા માર્યા.

"મુરબ્બી!" કમળ પોતાના વિચારના ટેકામાં બોલ્યો, "સુધારાવાળા વાસ્તે નથી! તમે પોતે પણ એમની દાંભીકતા તથા આડંબર વિષે બારિકીથી તપાસ કરી સત્ય શોધી કાઢવા પ્રયત્ન કરશો, તો એમનું પોકળપણું તમને જણાઇ આવશે! તમે સૌ ધર્મને બ્હાને અંધ બની વગર વિચારે મેંઢાનાં ટોળાં માફક એકજ રસ્તે દોરાયા જાઓ છો; એ બાબત વિચાર કરવાને લેશ પણ તસ્દિ લીધી હોત તો તમને સર્વ સ્પષ્ટ દેખાઇ આવ્યા વિના રહેતજ નહી! આજેજ રાત્રીના નિંદ્રા લેતી વખતે લેશ પણ પક્ષપાત વગર, એ તમારા ગુરૂઓ ઇશ્વરજ છે એમ માન્યા વગર તમારા અંતઃકરણમાં પુખ્ત વિચાર કરી જોજો! પછી તમારૂં મન શું કહે છે તે મને કહજો!"

"કમળ! તમે, આડી વાટપર ઉતરી ગીયા! હમણા એને ને આપણે સું લાગે વળગે છે! જેનાં લગન હો તેનાંજ ગીત ગાવાને! હું તો તમને એટલું કઉં છું કે ઇ મનિ વસ થાય ને બાર રખડવા ન જાય એમ કરી આપો એટલે થયું!" દયાળદાસે ઠંડકમાંજ પતાવ્યું.

"શેઠ! હું કાંઇ જાદુગર નથી! તેમ કામણટુમણના ટુચકા યા મંત્ર પણ જાણતો નથી, માટે એમ કરવા માટે તો એ કામમાં માહિતગાર હોય એવા કોઇ ભટ અથવા ગોરજીની મદદ લ્યો, તો હું ધારૂંછું કે તમે તમારી ધારણામાં ઘણે દરજ્જે ખચિયત પાર પડશો!" કમળકાન્તે મશ્કરી કીધી; પણ દયાળદાસે તે ન સમજતાં સાચુંજ માન્યું.

"અરે! તમને સું કઉં? જોગી, જતી, વેરાગી, ભુવા, જોસી બધાયના ઉપાય કરી સુક્યો, ને એની પછવાડે ઘણા રૂપીઆ ખરાબ કીધા, પણ બધાય પાણીમાં ગીયા! કોય આવાને કીયે કે ફલાણો કરો તો તે પણ કીધું! કોઇએ કે'યું કે સનીના જપ કરાવો તો ઇએ કરાવ્યા! અરે! મા'મ્રુત્યુનજયના જપ કરવાને અગીઆર દી સુધી પચીસ બામણ બેસાડયા, પણ બધેય પૈસા ગુમાવવાનાજ! કેટલા દાન કીધા, ને બામણ પણ જમાડયા, તોય કાંઇ ફળ મળ્યું નથી! હવે તો હું છેક હારી ગીયોછ! હવે તો સુખે ઘરમાં બેસાતું પણ નથી! આજ કાલના જુવાન છોકરાઓ એની મારા દેખતા મસકરી કરે છે તે એ ગુપચુપ સાંખી લેવી પડે છે! સી વલ્લભ! આવા દી તો મે કોય વાર જોયા નો'તા!—"

"શેઠ! હજી તો જેમ જેમ ઉમ્મર વધતી જશે, તેમ તેમ વિશેષ ભવાડા થતા જશે! માશાબેહેરબાનના વૃદ્ધ વયમાં યુવાનિ લાવની એ તો એક જાતનો આનંદ છે!" કમળે મશ્કરી ચાલુજ રાખી, પણ બીચારો ભોળો, ભાટિયો તે જાણી શકયો નહિ.

"અરે તાંડી બાગે ના ઇ આનંદને! તમે ચણ અકલના બારદાન લાગોછ! ઇ તે કાંઇ આનંદ કે'વાય કે?"

"એ આનંદ નહીં ત્યારે બીજું શું? યુવાનો તમારા દેખતા શૃંગારરસની વાતો

કરી તમો બેયને આનંદ પમાડી 'રસિક' બનાવે એમાં શું ખોટું ?" મશ્કરી આણુજ રકી.

"અરે ! ખાડમાં પડ્યું એવું રસિક આવું ! તમે પણ સીખામણ તો સારી આપો છો ! જેમ તેમ મશ્કરી કરે ને જેસે બુઢાની મારી મઇઝ જાણે જુદી ઘોડી ને સાથે લગામ !" આમ કહેતાં તે સ્હેજ હસી પડયો, "સાચું પુછો તો જેના કરમના ભોગ ભાગ્યા હોય હંજ ધમધેધ જેવણ જુવાન બાયડી આણે !"

"ત્યારે, મારા મુરબ્બી ! જ્યારે સમજો છો કે વૃધ્ધાવસ્થામાં યુવાન સ્ત્રીજ ન શોભે, ત્યારે પહેલાંથીજ વિચાર કરવો હતો ! તમે લાવ્યાજ શું કામ ?"

"કારો મો' કરવા !" દયાળદાસ કંપાળ ઠોકતો બોલ્યો. "કમળ ! સાચું પુછો તો મને ઇસતરીનો મોં (મોહ) જ નથી ! આ છોકરાની લાલચે આને પરણ્યો છ !"

"સંતાન માટેજ ?" કમળે અજાયબીથી પૂછ્યું.

"તંયે બીજા સા સારૂ ? અમે તો છોકરાનીજ આસા રાખીયે ! બીજું સું !"

"મેહેરબાન ! સંતાન ? એ જગતમાં ખાલી મોહ છે !"

"તમે આ શું બોલો છ ?" તે સ્હેજ ગુસ્સે થઈ ગયો, "તમારો મગજ ઠેકાણે છે કે નઈ ? ભાંગ બાંગ તો નથી પી આવ્યા ના ? અરે ! છોકરા વગર બાપ જો વાંઝીયોજ મરી જાય તો ઈ નરકમાં જાય ! સમજ્યા !"

"પણ નર્ક તમે જોયું છે ?"

"ના !"

"ત્યારે સંતાન હોય તોજ પિતાને સ્વર્ગ મળે એમ નહિ ?"

"હા !"

"કોણે જોયું !"

"જોઇ કોય આવે છ ? ઇ તો બધા કે' છ તે કાંઇ ખોટું છે ?"

"ત્યારે માત્ર મનવુંજ માનવું છે, કેમ ?"

"તે હું કાંઇ જાણુતો નથી !"

"ઠીક ! પણ વારૂ, પુત્ર સમજુ અને વિદ્વાન ન હોતાં, લુચ્ચો, વ્યભિચારી અને પાપી હોય તો તે પણ પોતાના પિતાને સ્વર્ગે મોકલે ખરો કે ?"

"ઇ કાંઇ હું જોઇ આવ્યો નથી !"

"ત્યારે માનો છ શું કામ ? અરે મારા મુરબ્બી ! સંતાન ન હોય તો નર્ક અને સંતાન હોય તોજ સ્વર્ગ મળે એમ કદી બનવુંજ નથી ! સર્વ આ સંસારીની માયા જાળ છે, અને પાપમાં પડવાની બારી છે !"

"એ બધેય કે'વાનું ! કરી દેખાડવાનું નઈ ! સમજ્યા ? અને કરી બતાવો તો જગતમાં તમારા જેવા કોય મુરખ એ નઈ !"

"મૂર્ખ !" કમળ તિરસ્કારયુક્ત હાસ્ય સહિત બોલ્યો, "અને તે પણ વળી આ દુઃખદાવાનળથી સળગતી ભઠ્ઠી સરખી દુનિયામાં નીચ પેટ વાસ્તે અનેક ખટપટ અને પ્રપંચમાં રમતા, અને ભયંકર પાપ કરવાને પણ આંચકો ન ખાય એવા વજ્ર સરખા હૃદયના સ્વાર્થી મનુષ્યો મૂર્ખ ગણે તેની મારા સરખા જગતમાં કહેવાતા મૂર્ખને લેશ માત્ર પણ અસર થાય નહિ !"

"કમળ !" તે કંટાળીને બોલ્યો, "હમણાં આ તમારા સુધારાના ભાસણ કરવાનો વખત નથી ! હા, એક વાત છે ! તમે જો એને (કેશરને) સુધરાને સારે રસ્તે વાળો તો તમારી હુસીઆરી સાચી કે'વાય ! બોલો, એને સારૂં સું કરીયે છ ? જોવ !" તે ગળ-

મળે એવા કાલાવાલા કરવા લાગ્યો, "મારૂં એ કામ કરી આપો તો તમારો ઉપકાર નહીં ભુલું! તમને એનો બદલો કેંસો તેમ વારી આપીસ!"

"હું કોઇનાપર ઉપકાર કરવા ઇચ્છતો નથી!" કમળ સ્હેજ ગુસ્સે થઇ બોલ્યો, "પૈસાની લાલચે કોઇને કાંઇ પણ મદદ કરવી એને હું ધીક્કારૂં છું! બદલો મેળવવાની આશાએ અન્ય પુરૂષનું કામ કરી આપનાર મનુષ્યોને હું નીચ ગણું છું! હા, જ્યારે તમે એ કામ માથે લેવા મને આટલો આગ્રહ કરો છો તો હું તૈયાર છું! તમે કહેલી સર્વ વાત મ્હારા લક્ષમાં છે, અને તે માટે હું પ્રબળ કરીશ! એમને નીચ થતા અટકાવી સુમાર્ગે લાવવાને હું બનતી મહેનત લઇશ. અભ્યાસમાંથી નિવૃત્તિ મળશે તે વખતે હું એમની પાસે આવતો જઇશ!"

"એમ કરો તો તો પછી બીજું સું જોઇએ છ?!" દયાળદાસ આનંદમા આવી બોલ્યો, "એમ જો મનપર લઇ મેં'નત કરસો તો ખચીત એ સુધરી જસે! બીજું એને માટે તમારે જે કાંઇ ઉપાય અથવા રસ્તો લેવો હોય, તે બધેયની મારી તરફથી તમને પુરા પરવાનગી છે! અને તમારો વીસવાસ છે, સમજ્યા કે?"

"બહુ સારૂં!" કમળે જવાબ આપ્યો, "પણ એટલું કરજો! આજથી કેસરબાઇને મંદીરમાં દર્શન કરવા જવા માટે સખત મનાઇ કરજો, તો હું એ કામમાં પડીશ!"

"વળી પાછી તમે ઇની ઇજ વાત કાઢી!" તે મંદ હાસ્ય સહિત બોલ્યો.

"ના, મ્હારા કહેવાની મતલબ જુદીજ છે! જુઓ! દર્શન કરવા જતાં ચીઢીમાં અસંખ્ય પુરૂષોની અથડાઅથડીમાં ઘુંદાતા જવામાં સ્ત્રિઓની શું લાજ-મર્યાદા રહી શકે તેમ છે? તેમની પવિત્રતા જળવાય છે? આપણી આર્યસ્ત્રિઓએ તો અજાણતાં પણ પર પુરૂષનો સ્પર્શ ન કરવો એમ આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે! ભીડભીડમાં પશુની માફક દોડતા જવું, શરીરપર વસ્ત્રનું ઠેકાણું ન રહે, ને હજારો મનુષ્યો આવજાવ કરે તેની વચમાંથી અબળાઓને જવું શું યોગ્ય છે?! તમેજ વિચાર કરો!"

"આ તમારી વાત સાચી છે! હું એને હવેથી મનાઇ કરીશ, બસ! હવે કાંઇ છે?"

"તો જોજો કે હું થોડા દિવસમાં એમને સુધારૂં છઉં કે નહીં?!" કમળ ભાર દઇ બોલ્યો.

"તો તમારા મોં'માં સાકર!" આનંદાવેશમાં દયાળદાસ બોલી ઉઠયો.

"ચાલો મુરબ્બી!" કમળ ઉઠતાં બોલ્યો, "હવે હું રજા લઇશ! સમય બહુ થઇ ગયો છે! દવા માણુસને મોકલી મંગાવી લેજો. જાઉં છું હો!"

"આવજો! બોલ્યું ચાલ્યું માફ કરજો!" દયાળદાસે સભ્યતા બતાવી. "મનમાં કાંઇ ખોટા મ લાવશો! તમને બહુ વાર તસ્દી આપી છે હો!"

"અરે, એમ શું બોલો છો મુરબ્બી! તમારો કાચા સુતરને તાંતણે બાંધેલ છઉં!" કમળે પ્રત્યુત્તર વાળ્યો. "ઠીક છે કાલે આવીશ!"

"સારો!"

કમળ ત્યાંથી નીકળી કેસરની રજા લઇ દયાળદાસની સ્થિતિ વિષે વિચાર કરતો તેને માટે દુઃખી થતો, 'એ પણ સંસારની વિચિત્રતાજ છે,' એમ મનને મનાવતો રાત્રીના છેક આઠ વાગે પોતાને ઘેર ગયો.

## પ્રકરણ ૬ ઠું.

મૂર્ખ વૃદ્ધ વિધવાઓ
ઉલ્ટ ધર્મધ્યાની તર્ણ ધરી ભારી,
મુક્તિ માર્ગ તાજી નેતા
બની ભમાવે કપટે યુવા નારી;
વ્યભિચાર વીણ ધર્મ
અન્ય ન સ્વપ્ને કો દી વિચારી,
સમર્થ ક્ષણમાં કરવા
નિચ ઉપદેશે જારિણી સતી નારી.

### સંગ તેવો રંગ!

સૂર્ય નારાયણ દેવતા, આખા દિવસનું પોતાનું કાળચક્રનું ભ્રમણ સમાપ્ત કરી, પ્રયાસ તેમજ ઈંદ્રદૂતો સાથેના યુદ્ધથી થાકી ને લોથ થઇ, રીફ્રાસથી છવાયલી મુખમુદ્રાએ વિશ્રાંતિ પામવા પશ્ચિમ સમુદ્રમાં સ્નાન કરવાને પધાર્યા હતા. સંધ્યા સમય હતો. આસરે ૭ એક વાગ્યાનો સુમાર થયો હતો. આકાશ વર્ષાદના કાળાં વાદળાંથી છવાઇ રહ્યું હતું, અને હમણા વર્ષાદ પૂર જોસમાં તુટી પડશે એમ જણાતું હતું. આ સમયે 'ભુલેશ્વરનો' ગીચ વસ્તિવાળો માર્ગ ચિત્રવિચિત્ર કલરવથી ગાજી રહ્યો હતો. ગોસ્વામિ મહારાજોનાં મંદિરોમાં 'ફુલમંડળી'નાં દર્શન થવાનાં હોવાથી વૈષ્ણવોની આવજાવ ખુબ હતી. કેટલાક વૃદ્ધ અને યુવાન પુરૂષો 'જે, જે, જે, જે!' એમ મ્હોટેથી પુકાર કરતા, ગાડાની માફક એક બીજાને અથડાતા, પહેરેલ પાઘડીને પડી જતી સંભાળવા મથે હાથે મુકી દોડધામ કરી રહ્યા હતા. કેટલાક ડોકરાઓ, ચાલી શકવાને અશક્ત હોવાને લીધે, અથવા આંખે બરોબર દેખાતું ન હોવાથી લાકડી ટેકવતા, અથવા તો કોઇ છોકરો કે યુવાનનો હાથ પકડી દર્શન કરવાની આતુરતાએ જોરમાં વાંકા વળીને ચાલ્યા જતા હતા. સ્ત્રીઓ પણ 'દર્શન બંધ થઇ જશે તો પોતે કર્યા વગર રહી જશે' એવી ધાસ્તિથી કાંઇ પણ લાજ અથવા મર્યાદા વિના, માથાપરથી વસ્ત્ર ઉતરી ગયેલ તેની લેશ પણ દરકાર ન કરતાં ખુલ્લે માથે દોડતી દોડતી મંદિર તરફ જતી જણાતી હતી. દર્શન કરી પાછી વળેલ કેટલીક ડોકરીઓ 'પોહોંચી જાવ વૈષ્ણવ! જલદી પોહોંચો! ટેરો આવી જાસે! કમાડ બીડઇ જાસે!' એમ પુકારતી બીજા મંદિર તરફ જતી હતી. ભીક્ષુકો, 'હે દાતા! આંધળાલા!' એમ બૂમ મારતા, કોઇ પેટ અથવા માથું કુટતા, કોઇ તાળીઓ પાડતા, ધરણીપર આળોટતા નજરે આવતા હતા. ભજન ગાનાર સાધુઓના કીરતનીયાનો અવાજ, સન્યાસી તેમજ વૈરાગીઓની 'જય ભોલેશ્વર મહાદેવ! જય ભોલાનાથ! બંબં ભોલા!' ની ગર્જના સાથે મિશ્ર થવાથી ત્યાં અત્યંત શોર મચી રહ્યો હતો. મથુરાજીના લઠ્ઠપઠ્ઠ ચોબાજીઓ, 'જમના મૈયાકી જે કુછ્ભી દે હે મૈયા! જમુનાજી પ્રસન્ન હો!' એમ બોલતા માર્ગમાંથી પસાર થતાં સ્ત્રી-પુરૂષોની પાછળ હાથ ધરી દોડતા હતા. વ્હોરાઓની દુકાનપર ઉન, કેનવાસ, રેશમ, મખમલ, સેવ, દોરા વિગેરે લેવાને અસંખ્ય સ્ત્રીઓ ટોળે મળી ઉભી હતી. સ્વચ્છતાથી મનને આકર્ષણ કરે એવી રીતે ગોઠવેલી મીઠાઇવાળાઓની દુકાનપર પણ ગ્રાહકોની અત્યંત ભીડ હતી અને ટુંકમાં ત્યાં આવેલી સર્વે દુકાનોમાંથી એક પણ ગ્રાહક વિનાની ન જ હતી. ગાડી ઘોડાની પણ ખુબ ગીર્દી હતી. આ પ્રમાણે ફળ, ફુલ આદિ અનેક વસ્તુઓ વેચનાર રસ્તાની બાજુએ બેઠેલ ફેરીયાઓની બૂમ, તે સાથે શ્રી ભુલેશ્વર મહાદેવના

મ્હેરાંમાં વાગતા ઘંટાનો તીવ્ર નાદ; તથા તેનીજ સામેનાં શ્રી પંચમુખી હનુમાનનાં મંદિરમાં વાગતા ડંકાનો કાનને બ્હેર પમાડે એવો અવાજ, તેમજ ત્યાંથી પસાર થતા ગાડી ઘોડાઓનો ગગડાટ, અને "બાજુ! ચલે બાજુ! પોઇસ!" ની ઘોડાવાલાઓની બૂમ, એ સર્વ ઉપરના શોરબકોર સાથે ભળી જવાથી આખો માર્ગ ગાજી રહ્યો હતો. પોલીસના સિપાઇઓ ખરા અંતઃકરણથીજ જાણે પોતાની ફરજ બજાવતા હોય, તેમ આંગથી તેમ દોડધામ કરતા ગાડીઓ બાજુમાં ગોઠવતા, તેમ જ રસ્તે ચાલતા મનુષ્યોને ધક્કા મારી બાજુએ ખસેડી ભીડ ન થવાને પ્રયત્ન કરતા હતા.

થોડી વારમાં વર્ષાદ ઝરમર વરસવા લાગ્યો, તોપણ ધર્માંધ વૈષ્ણવોની ભીડ ચાલુજ રહી. 'એક દિવસ જો દર્શન નહીં થાય તો બધો જન્મારો વ્યર્થ જશે, અને સ્વર્ગ નહીંજ મળે,' એવા વિચારવાળી ભોળી સ્ત્રિઓ વર્ષાદ બંધ પડે ત્યાં સુધી કોઇના ઓટલા ઉપર ઉભી રહેવાને બદલે પોતાના સુશોભીત વસ્ત્ર ભીંજાતા હતા તેની કાંઇ પણ દરકાર કર્યા વગર આમથી તેમ દોડાદોડ કરતી હતી. વર્ષાદથી કાદવ પણ શીખંડ સરખો થઇ ગયેલ હતો, તેથી સ્ત્રી પુરૂષોના વસ્ત્ર એક બીજાનાં ચાલવાથી ઉડતા છાંટાને લીધે ચુંદડીની માફક છંટાઇ જતાં હતાં. આ વખતે આટલી ભીડમાં કમળકાન્ત એક હાથમાં પુસ્તક લઇ તથા બીજે હાથે છત્રી ઓઢી ગીર્દીમાંથી દૂર એક બાજુએ શ્રી પંચમુખી હનુમાનનાં મંદિર આગળથી પસાર થતો હતો. એકાએક પવન અત્યંત વેગથી ફુંકવા લાગ્યો, અને તે સાથે વર્ષાદનું જોર પણ વધ્યું. તે મુસળધાર વરસવા માંડ્યો. આથી સ્ત્રીઓની ભીડ નરમ પડી. ઘણીએક માર્ગમાં કોઇના ઘરના ઓટલાપર ઉભી રહી; છત્રી ઓઢીને ચાલતા પુરૂષો પણ પોતાનાં શરિરનું બરોબર રક્ષણ કરવાને અશક્ત થઇ પડયા, અને તેઓને પણ કોઇ સ્થળે થોડી વાર ઉભા રહેવાની ફરજ પડી. કમળને પણ એક ઠેકાણે આશ્રય લેવાની જરૂર પડી. તે એક વિશાળ ઓટલા ઉપર એક બાજુએ ખુણામાં જઇ ઉભો અને ઘણી સ્ત્રીઓ પણ ઉભી હતી, અને ટોળામાં એકઠી થઇ રહેટ સાદ ઘોંઘાટ કરતી હતી, તેથી ત્યાં પણ ઘોંઘાટ થઇ રહ્યો હતો. કેટલીક બેદરકાર સ્ત્રિઓ પોતાના વસ્ત્ર ખરાબ થવાની કંઇ પણ કાળજી ન રાખતાં જમીનપર જ બેસી ગઇ હતી, કેટલીક લાજ-મર્યાદા રહિત બની જઇ ખુલ્લે માથે બેઠી હતી. અને ટુંકમાં ત્યાં બેઠેલ સ્ત્રિઓમાં દેખાવ નિર્લજ હતો.

કમળની પાછળ આઠ દશ સ્ત્રિઓ ગોળ કુંડાળામાં એકઠી મળી, ઉભી ઉભી, પરસ્પર એકમેકની મશ્કરી કરતી, મ્હોટે અવાજે હાસ્ય કરતી, લાંબા લાંબા હાથ કરી વાતો કરવામાં મશગુલ થઇ ગઇ હતી. કમળનું લક્ષ તેમની તરફ નહોતું, પણ એટલામાં એક વૃદ્ધના વાક્યોએ તેનું ધ્યાન તેમની તરફ ખેંચ્યું. તે વાક્યો શું હતા? વાંચનાર! આગળ વાંચો તો જણાશે!

"કેશર વહુ!" તે ડોસી બોલી, "અજ ત તવી હેળે વરસાદમે કી બઉ ભભકો કુસી, બની ઠનીને ડસણુ કયણુકે નીખર્યા અયો! કી આય કુઇ? સી બાલકીસનલાલ કી સારો ડીઉખાળઉ કુઇ? એમાં તેજા કી હોસ ત અચ ડીજા!"

કેશરનું નામ કાને પડતાં કમળકાન્ત ચમક્યો, અને પાછળ ફરી જુવે છે તો આપણા દયાળદાસ શેઠની પત્નિ, કેશર જ તેની દ્રષ્ટિએ પડી. સાથે આપણી કસ્તુર ડોસી તો

હતી જ ! આ વખતે બીજી સ્ત્રિઓ ત્યાંથી દૂર ખસી ગઇ હતી; કમળ તરફ તેમની પીઠ હતી તેથી કોઇ તેને જોઇ શકી નહિ, અને બેઉ જણ વાતો કરવા લાગી.

"જેસીકીસન, અમુબાઈ!" કસ્તુર ડોસીએ જવાબ આપ્યો, "અરે! સારો ડી અચેત ત તવાંજે મોંમે ગુળ ને ટોપરો! ઇનકે સે એડો સમો કેર જાણે કડે અચતો! ડી ચળનાજ નાઇન! ન્યારો ન! બારે માસ મોંજો ભાટીજ રેય ને ડયાળભા તંવી જાણેતા તી વીંદ્યા થ્યા, અટલે હણે ત સી ઠાકરજી કીં કીરપા કેન ત કીં સારો ડી અચે!"

"તવાં જેડી પાસે અઇન. અટલે ઉપાય કેમેં કીં બાકી નંઇ રખના વ્હા!" અમુબાઇ બોલી.

"અરે હાંરે બાઇ!" કસ્તુર ડોસી બાર દઇમે બોલી, "ઉપાય ત કીતરાય કરી ચુકીસ! પણ કીં કને સંધ્યો બજનો નાંય! બેણુ! હાણે ત સી બાલકીસનલાલ સા'ય થીન ત મીંજી મે'નત પાર પય, ને સુકે તાઢક વેરે!"

"હાજ ત બાઇ!" અમુબાઇએ પણ હામાંહા મેળવી, "સારો નીરતો કસણુવારા ત ઠાકરજી અઇન! ખરી ત ઇનજી કીરપા ખપે! પણ ભલા! તડેં હીતરો ભભકો કરેઇને અજ કુલાય તેળી આવ્યા અયો?"

"અજ વહુજો જનમ આય, અટલે જાણ્યો કે સારો ડી આય ત બ બાલકજા ચરણુપસ (ચર્ણસ્પર્શ) કરઇયાં, ને બેસા ભેગ ગુરૂકે ભેંટ પણ પચણુકે તેડી વીના! બાઇ, ફરી ફરીને ઠ્યો ડી સેં ડીં પાછો અચેતો? વરી ડેઓ (દેહ) ભરોસો ક્યાંજે નાંય! કે ડીંઠ બાલ-કાલ? સી નાથજીઆવા હતો ડીનણુ હોય ને વાવરજે ન ત પછી પાંજે નીસીબજો જ વાંક ન?"

"હાજ ત બાઇ! અમુબાઇએ ગંભીર થઇ ટાપસી પુરી, "પણ ભલા! કેશર વઉજા ગુરૂ કયા બાલક અઇન?"

"લંપટલાલા" કેશરે જવાબ આપ્યો.

"લંપટલાલ! ઇ કયા ભલા?" અમુબાઇએ પૂછ્યું.

"કો આંઇ નાંય ઓળખનાં?" કસ્તુરે ડોસી અજાયબી બતાવતી વચમાં બોલી ઉઠી, "મોહનપુરવારે સવછંદલાલજા લાલજી? હુ હેર આવ્યા અઇન સેં કુઇ? તંવી કોય ડીં ઇનજા ડસણુ નાંય કયા? કયા હુના ખણે? અરે હા! પાણ બય તે ડીયાં ભેગા વ્હાસીં ને ભોગજે ડસણુ મેં આરતી કનાં વ્હા સેં કુઇ? ભુલી વ્યા કુઇ?"

"અરે હાં!" અમુબાઇ માથું હલાવતી બોલી. "ઓળખ્યા! ઓળખ્યા! ઇ વહુજા ગુરૂ થીનતા? ધન ભાગ ઇનજા! કુઇ ઇનજી કાનતી આય! સાક્ષાત જાણે સરગમેંથી (સ્વર્ગ) ભગવાનજ આવ્યા હોન ન! ઇનજી ઉમરેં કીં બઉ વડી નાંય? ચોઇ પીંજી વરેંજી બઉ ત હુની!"

"હા! ઇતરીજ હુની!" કસ્તુર ડોસી બોલી, "વધારે ત ત્રી વર માન થ્યા હુના! ઠાકર નંઢ અઇન! પણ ઇનીજો સરૂપ જ તગાલજ છડી ડયે! નારીને અપ્યું ઠરી રને! વાંકો અંબુડો કેડો સોભે તો! અરે બેણુ! જડેં સીણુગાર સજીને બેઠા હોન તડેં જો નીરખીને ડસણુ કરીયું તા, ત ઉઠેંજી ખસિજો જ મન માંય થીનો! જાણે આંખે કીં ડસણુજ કયાં કજે!"

"પણ ઠાકર વઉ મથે કોય કીં કુરપા કઉં કે ન?" અમુબાઇએ સ્હેજ ધીમે સાદે કસ્તુરબાઇને પૂછ્યું.

"જરે બાઇ!" કસ્તુર ડોસીએ નિરાશા બતાવી ડોકું ધુણાવ્યું, "કડે હોય ત પછી બાકી એ કુછ રય ? ત પછી કેશરે વઉજે ભાગજી કુછ મણું ? ત હીતરે ડીંઘી કુખી થાયેતી સે એ પછી કુલાય થીએ ?"

"સસ!" કેશર વચમાં બોલી ઉઠી, "હાણે હલોન ? વરસાદે થોબોક રઇ વ્યો આય!"

"અરે હજી કીડાં ? હેબેમેં ન વીનાય!" અમુબાઇએ તેણીનો હાથ ઝાલી મશ્કરી કરી, "વઉ હીતરી ઉતાવરી કીં થાયેતી! અજ જ નમ આય સેં બસાંકે ખબર આય! ડયાળભા ઘરે વાટ નાંય ન્યારનાં ન?" આમ કહેતાં તેણી અત્યંત હસવા લાગી.

"વીનો! વીનો!" કેશર સ્હેજ શરમાઇને તેણીનો હાથ હડસેલતી બોલી, "તંવી એ અડાવડાથીને બીજી મસકરી કુછ કર્યોતા!"

"ઠીક! પણ કસ્તુરબાઇ! તવાં જેળાં પકા માળુ જે હથમેં છ કમ, ને હીતરા ડીં ડીસ કીં થીવા ? તવી ત ઇન ગાલજા બોંમીયાં અયો!" તેણીએ કસ્તુર ડોસીને છાપરે ચ્હડાવી.

"બાઇ!" કસ્તુર ડોસીએ ગંભીરતા ધારણ કરી કહ્યું, "આઉ સેં કુછ કરીયાં ?! મું ત બ ત્રે વાર તજવીજ કી હુઇ પણ ઉંડાં ઠાકરજીજી મરજી ન, કેસીજા નીસબ ન ખુલન, તીડાં સુધી બીજી મે'નત ફોકટ! આંઉ ત બીજેથી બનનો કરી છુટાં! જડે નીકી કયો હોય તડે કીં ન ને કીં અળચણ કેર જાણે કીડાંથી અચી પયતી ?!"

"અજ કીં તજવીજ કયા અયો કે ન?" અમુબાઇએ ધીમેથી પૂછ્યું, "વરી કેશર વઉ જો અજ જનમેં પણ આય અટલે બેટ ધય



ખુટે ત હુંધએ તવાંજે વેણું ત આયં! જીરા મેહેનત કરો, મે જો ઠાકરજી વઉ મથે કુરપા દીસ્ટી થીએ ત પછી ઇનજે સુખજી બાગું કુછ રય ?!"

"સે આંઉ કીડાં ભુલાં એળા અંધયાં!" કસ્તુરડોસી ફુલાઇ જઇ બોલી, "અજ એ મે'નત ત કી આય! ઉ લંબકયણ ખવાસ આય તેકે સંધી ત રખ્યો આય! ઇ કૂપીઆ ઇનકે ડીનેજા સવારેં જ ઠરઇ આવી અંઇયો, તડે ઇન ચઇ આય જે આઉં બાવાજીકે ગાલ કરીને રખનોસ, ને તાંના ફુલમંડલીજા ઠસણું થી રન કે મથે રંગમોલજી (મહેલ) બંગલી સેં આય બીરાજન તડેં અચાજા! નાર્યુ હાણે કેશરવઉજે નીસીબમેં જ ચ્હાય લીખ્યા હુંધા ત બાવાજીજી અજ ઇનુ મથે કુરપા થીવેની!"

"તડેં ત સો ફીસા, કેશરવઉંજો કજ થી વેનો ખરો!" અમુબાઇ બોલી, "ખમા ખમા!" તેણીએ કેશરને પૂછ્યું, "વઉ! બે ઇ કુછ ધરીનાં ? ડયાળભાજે ઘર પીરઆણે તકી સાવો પ્રેયણું ફુનો ?!"

"ત્રે સેરજી બોર્યાબમાળા હેરજ નઇ કરઇ હુઇ સે આંધી આંયં! ન્યારો મ!" કેશરે જવાબ આપ્યો, ને ચોળીના ગજવામાંથી ચળકાટ મારતી એક મોહનમાળા તેણીના હાથમાં આપી.

"કીં અમુબાઇ! મજેજી આય ને ?" કસ્તુરડોસીએ કહ્યું, "અઠ તોલેજી આય!"

"હાણે ઠીક!" તેણીએ જવાબ આપ્યો. "અજ નીકી વઉકે ઠાકરજી સાય થીતા ન્યારજા!"

"હલો સસ!" કેશર બોલી, "વરસાદ સાવ રઇ વ્યો આય!"

"હા, હા!" અમુબાઇએ ટેકો આપ્યો, "ઝટ પોં'ચી વીનો! ડસણુ એ ખુલી બ્યાં હુના! એજે કમમેં ઢીલ કરેજે કમ નાય! આઉં એ ધણેં ઝાંખી કયણુકે અચત, પણુ ધરેં જીરા કમ આય અટલે વે'લી વેણું આય!" તેણીએ મ્હોં કટાણું કરી કહ્યું, "વરસાદ એ પીટયો ન્યારો ન! ઢુંઢો ઢકીને મંડયોજ આય! જીરા રયતો! ન કીડાં અચાય કે વીનાય!"

"હારે બાઇ!" કસ્તુરડોસી બોલી, "જીરા જપ વારીને બેનો નાય! સારો હાંણે વેનાસીં! જેસીકીસન! અચજા હો!"

"જેસીકીસન!" જતાં જતા અમુબાઇએ કહ્યું, "કેશરવઉ અચજ!"

અમુબાઇ પોતાને માર્ગે પડી, અને કસ્તુરડોસી કેશર સહિત મંદિર તરફ વિદાય થઇ. તેમની સર્વ વાત કમળે શબ્દે શબ્દ સાંભળવાથી તેનાં હૃદયમાં કંઇક વિચિત્ર અસર થઇ. 'કસ્તુરડોસી અને અમુબાઇ સરખી વૃદ્ધ સ્ત્રીઓ ધર્માભિમાનીઓનું ડોળ ધાલી અજ્ઞાન યુવાન સ્ત્રીઓને ધર્મમાર્ગ બતાવવાને બ્હાને કેવાં નીચ કામો કરતાં શીખવે છે! અને ધર્મસ્થાનને નામે ઓળખાતા ઉપરથી દુધ સરખા સફેત અને પવિત્ર પણ અંદરથી કાળા કર્મથી ભરેલાં પાપગૃહમાં કેવી યુક્તિથી ધસડી જાય છે!' એ માટે કંઇ કંઇ વિચાર આવ્યા. તેમની વૃત્તિ માટે તેને અત્યંત ધીઃકાર છુટયો. જે સમય જાય છે તેમાં સ્વાર્થ સંતુષ્ટ કરવા અંધ બનેલ અક્કલહીન કેશર કુકર્મનો ભોગ થઇ પાપના ઉંડા ખાડામાં પડશે! પોતાનાં સ્ત્રિધર્મપર પાણી ફેરવશે! તથા સાથે આણેલ મોહનમાલા નીચ કર્મ કરનાર સાધીને તેના પાપનો બદલો આપવામાં ગુમાવશે, એવી તેને દેહેશત લાગી! તેણીને મંદિરમાં દર્શન કરવા ન જવા દેવાની દયાળદાસને સખ્ત તાકીદ કર્યા છતા, તેણી આમ રખડતી કેમ આવી, તેનું કારણુ તે શોધી શકયો નહી-સમજી શકયો નહી! શું દયાળદાસે તેણીને કાંઇ પણુ કહ્યુંજ નહિં હોય? કંઇ કહ્યું હશે તો શું ઉદ્ધત બની તેણીએ તેની આજ્ઞા માન્ય નહી રાખી હોય? અંકુશ રહિત હોવાથી તેનાથી છુપી રીતે આવી હશે? અથવા તો સ્ત્રિચરિત્ર ચલાવી, કાંઇ બ્હાનું કાઢી તેને સમજાવીને તો આવી નહી હોય? વખતે કસ્તુરડોસી તેણીને લાલચ બતાવી આ નર્કકુંડમાં નાંખવા તેડી ન લાવી હોય? કોણુ જાણે? કમળકાન્ત કાંઇ નિશ્ચય કરી શકયો નહિ. તેનું ચિત્ત અસ્થિર થયું - દયાળદાસની દયા જનક સ્થિતિ માટે શોકમાં પડયું! મુર્ખ કેશર સંતાનસુખ મેળવવાની આશાએ—લાલચે મુક્તિમાર્ગદર્શકની ફરજ બજાવતી ધર્માંધ કસ્તુરડોસીની નીચ સલાહ સત્ય માની, પાપી વ્યભિચાર મુર્તિના મોહજાળમાં સપડાઇ, તેને સાક્ષાત ઇશ્વ સ્વરૂપ માની, તેની પશુવત્ વૃત્તિઓનો ભોગ થઇ પડી, પાપીણી બની સુંદર મોહનમાલા પાપીને અર્પણુ કરશે તે શું દયાળદાસની સંમતિથી જ? એક વાર ઠોકર ખાધા છતાં પણુ શું તે પણુ મૂઢમતિનોજ રહ્યો હશે? બે દિવસ પહેલાં કહેલ વાત શું તે વાસરી ગયો હશે? ના! ના! શું કેશર પોતેજ સ્વપતિની આજ્ઞા વિના પોતાને પહેરવા કરાવેલું આવું ભારે કિંમતનું ઘરેણું છુપી રીતે આ પાપી પુરૂષને અર્પણુ કરવા આવી હશે? વખતે આમાં પણુ કદાચ કસ્તુરડોસીની તો સલાહ નહી હોય? કમળનાં હૃદયમાંથી આ સર્વ સંશયનો કાંઇ નક્કી પ્રત્યુત્તર મળ્યો નહિ! તે મુંઝાણો-ચિન્ત ભ્રમ થઇ ગયો! શું ઉપાય કરવો તે સુઝયું નહિ! શું આ બાબત વિષે તેજ ક્ષણે જઇ દયાળદાસ

ને ચેતવણી આપી, તેને ત્યાં લાવી કેશરનાં કુકર્મો તેને દેખાડવા? શું ફીરસ્તાના રૂપમાં છુપાયલી સેતાન કસ્તુરડોસીની નીચ સલાહ તેની આગળ ખુલ્લી કરી દેવી? નહિ તો તેજ ક્ષણે જાહેર માર્ગ ઉપરજ નર્ક ધામમાં જતી અટકાવવાને કેશરને શીખામણ આપી, તેની આંખ આડો આવેલો ધર્મની અજ્ઞાનતાનો અંતરપટ ખસેડવા શું પ્રયત્ન કરવો? દાંભીક કસ્તુરડોસીને પણ શું ત્યાંજ ધીક્કારી કેશરથી દૂર કરવી? શું કરવું? કુમળ તદન વિચારશુન્ય થઇ ગયો! કાંઇ યુક્તિ શોધી શક્યો નહી, અને ગાંડા સરખો તેમની પાછળ પાછળ ગયો!

વાંચનાર! ધીઃક્કાર હોજો આવી કસ્તુર ડોસી સરખી નીચ વૃત્તિની વિધવાઓપર! વિધવાનો ધર્મ શો છે? 'વૈરાગ્ય ધારણ કરી ઈશ્વરનેજ પતિરૂપ માની, તેની અચળ ભક્તિમાં કાળ નિર્ગમન કરી આયુષ્ય પુરૂં કરવું,' એજ તેમનો ધર્મ છે, પણ એથી ઉલટું હાલની આર્યવિધવાઓ યુવાવસ્થામાં અનંગજ્વર સહન કરી ન શકવાથી વિદ્યાની ખામીને લીધે કુકર્મો કરતાં શીખી, તેમને સત્કર્મ પ્રમાણે ગણી, ઉમંગથી તેમાં અહર્નિશે મશગુલ રહે છે! અજ્ઞાનતાથી પોતાની યુવાન વયમાં મૂઢ મતિથી પોતાની વડીલ વૃદ્ધાઓની નીચ સલાહ પ્રમાણે સ્વપતિ જીવતો છતાં પણ થોડે ઘણે દરજ્જે કુકર્મોમાં ચકચુર હોય છે, તો પછી તેનાં મૃત્યુ પછી તેમને શાનો ભય રહે? જ્યારથી એ સ્ત્રીઓનું યૌવન ખીલતું જાય છે ત્યારથી જ તેમનાં હૃદય સદ્દવિદ્યાનાં અંકુર રહિત વેરાન અરણ્ય સરખાં હોવાથી તેમાં નીચ સંગતે રોપાયલાં દુર્વાસનાનાં બીજ ફુટી નીકળે છે, અને એજ અવિદ્યાકૃત જડી બુટી તેમને અંધ બનાવી વ્યભિચારની મોહક દુષ્ટગારમાં અનાયાસે ફેંકી દેછે! ત્યારે પછી વિધવા રૂપ ધારણ કર્યા પછી તેમનાં પશુવત્ થઇ ગયેલ શુન્ય હૃદયમાં એ વિષે લેશમાત્ર પણ ધીઃક્કાર છૂટતો હોય એમ માનવુંજ કેવળ અસંભવિત છે! ખરેખર! વિધવાઓએ તો આડો આંકજ વાળ્યો છે! નર્ક કુંડમાં નિત્ય સ્નાન કરી પોતાની દેહ અપવિત્ર કરી, જીદંગી દુઃખમય બનાવી વૃદ્ધ વયમાં પણ એ પાપમાંથી મુક્ત થવા ધર્મમાર્ગ ગ્રહી, ઇશ્વર સ્તવનમાંજ પોતાનું આયુષ્ય પુરૂં કરવામાં સંતોષ માની બેસતી નથી! પણ જાણે પરોપકારનું કાર્ય બજાવતી હોય તેમ અન્ય યુવાન સૌભાગ્યવંતિ તેમજ વિધવાઓને પણ ધર્મજ્ઞાનીનું ડોળ ઘાલી, મુક્તિમાર્ગદર્શક તેમજ તેમને પ્રભુપદમાં લઇ જનાર દૂત તરિકેનું પદ ધારણ કરી, તેમની સલાહકાર તરિકે તેજ નીચ પાપ માર્ગે દોરી જાય છે! અને તેમ કરવામાં જાણે એક તરેહનો લ્હાવો લેતી હોય તેમ સમજે છે! તેમની આ ચાલથી પતિ પરાયણ પ્રમદાઓ તથા નિર્દોષ કુમારિકાઓનાં કોમળ અંતઃકરણ ઉપર બહુજ માઠી અને ખેદકારક અસર થયા વિના ખરેખર રહેતી નથી! પણ આ સર્વ માટે દોષ કોનો? શું વિધાવાઓજ પોતાનાં કુકર્મો માટે દોષપાત્ર ગણાય! નહિ! ત્યારે શું આર્યશાસ્ત્રાનુસાર વિધવાઓને પુનર્લગ્ન કરતી અટકાવી તેમને આવી નીચ થવાને ઉત્તેજન આપનાર આર્યધર્માભિમાનીઓનો વાંક છે? કેમ કહી શકીયે? શું આપણી આર્યબાળાઓને યોગ્ય કેળવણી ન મળતી હોવાથી આવું પરિણામ આવે છે? કોણ જાણે? નહિ તો શું બાળલગ્ન અને કન્યાવિક્રય કરી પોતાનાં નિર્દોષ પુત્ર પુત્રીઓનો ભવ બગાડનાર મૂર્ખ, દ્રવ્ય લોભી પિતાઓનેજ દોષિત ગણવા? તેવા ક્રુર પિતાઓ આવાં ભયંકર તેમજ

ખેદકારક પરિણામ ફરેલો ભાર પોતાની નજરે જ જોતા છતાં અંધ બની શા માટે આવી ઉંડી ખાડમાં પડતા હશે ! શું ઉંચ અને નીચ કુળનાં મિથ્યાભિમાન માટે ? કે પાપી પેટના પોષણ અથવા પૈસા માટે ? હા ! પૈસાજ માટે ! ત્યારે શું પૈસો આ માટે દોષિત ગણાય ? ના, ના ! અમે કેમ કહીયે ? જગતમાં ઈશ્વરરૂપ મનાતા પૈસાને અમે કેમ નિંદીયે ? ત્યારે શું આ સર્વ, બદલાઈ જતા જમાનાનીજ અસર છે ? કદી નહિ ! એ તો ખાલી મનહુંજ માનવું છે ? ત્યારે આ સર્વ તોહમતદારોમાંથી ખરો ગુન્હેગાર કોણ ? એ શોધી કહાડવા અમારી અલ્પ મતિ ચાલતી નથી, તેમજ એ કામ પણ અમારૂં નથી ! વિચારવંત વાંચનાર ! સર્વ સંસારની વિચિત્રતાજ છે !

---

## પ્રકરણ ૭ મું.

---

મનહર રાજ મહેલમાં
સુંદર ભોજન ખાય,
તદપી સ્વપ્ને સ્વાનથી
વિષ્ટા નહી તજાય !

### રાસલીલા !

વર્ષાદ બંધ પડી ગયો હતો. લોકોની ભીડ મંર્ગમાં ફરી વધી પડી હતી. 'ફુલ મંડળી'નાં દર્શન ખુલી ગયલાં હોવાથી, 'દર્શન કર્યા વિના રહી જશે તો સ્વર્ગે નહી જશે' એમ માનતા ભાવિક સ્ત્રીપુરૂષોની દોડધામ ચાલુ થઇ હતી. "પોહોંચી જાવ વૈસનવ ! આરતીના દરસણ ખુલ્યાં છે ! જલદી પોંચે ટેરો આવી જસે !" એમ મ્હોટે સાદે પુકારતાં દર્શન કરી પાછા વળતા વૈષ્ણવ, બીજા મંદિરો તરફ ઉતાવળે જતાં હતાં. આગલાં પ્રકરણમાં અમે કહ્યું તેમ કેશર અને કસ્તુર બાઈ પણ દર્શન કરવાને ગયાં. તેમજ કમળ પણ ગાંડા સરખો તેમની પાછળ ચાલ્યો,' એ વાંચનાર વીસરી ગયા નહીંજ હોય. "પોંચી જાવ !" ની બૂમ સાંભળી ધર્માંધ કસ્તુર ડોસી તેમજ કેશરે પણ ભીડમાં આવતાં જતાં માણસો સાથે અથડાતાં દોડવામાંડયું. આ જોઈ વિચારભ્રમણમાં ભ્રમિત કમળનાં મગજમાંથી આગલા વિચારો જતાં રહ્યા, અને તેમની મૂર્ખાઈ માટે તેને કંઇ કંઈ નવા વિચારો આવ્યા તે સ્હેજ હસી પડયો, અને તેમની માફક બીજા દોડાદોડ કરતાં સ્ત્રિ પુરૂષો તરફ જોવા લાગ્યો. તેમનાં શરિરની નિર્લજ સ્થિતિ જોઇ ધર્માંધપણારૂપ મૂઢતા માટે તે અત્યંત ખેદ પામ્યો. કેશરપરથી લક્ષ જતું રહ્યું, અને ભીડમાં દૂર નીકળી જઇ તેઓ કમળની દ્દષ્ટિથી અદ્દશ્ય થઇ ગઇ. મંદિર સમીપ આવતાં કમળ વિચારમાંથી જાગૃત થયો. પોતે ક્યાં હતો એનું તેને ભાન થયું, અને કેશર તથા કસ્તુરડોસીને જોવા તે ચોતરફ દૃષ્ટિ ફેરવવા લાગ્યો—તેમને શોધવા લાગ્યો, પણ તેમને ક્યાંય ન જોવાથી 'તેઓ નક્કી મંદિરમાં જતી રહી હશે !' એમ હૃદયમાં શંકા થતાં આગલા વિચારતરંગમાં તે ફરિથી તણાયો. "શું, ખરેખર, કેશર એ પાપિણી ડોસીના નીચ વિચારો તેમજ દુષ્ટ સલાહનો ભોગ થવા ગઇ ? અરે ! મારૂં મન આમ કેમ થઇ ગયું ? મારૂં લક્ષ બીજી તરફ શા માટે દોરાયું ? અરેરે ! મેં કેવી મૂર્ખાઇ કરી ! શો ઉપાય કરવો ? દયાળદાસને આ ક્ષણેજ સર્વ હકીકત જણાવી આ સ્થળે લાવી આ દૂષ્ટ ગૃહમાં અજ્ઞાનતાને લીધે સ્વાર્થ લોભે કપટજાળમાં સપડાતી બચાવું ! કેમ બને ? એટલો સમય નથી ! એ તો ક્યારની

રંગમાં જઇ પડી હશે ! હરી ! હરી ! મારી મતિ ગુમ કેમ થઇ ગઇ છે ?! હૃદય અસ્થિર કેમ થતું જાય છે ? ક્યાં જાઉં ? એમની પાછળ મંદિરમાં જઇ કેશરને શોધી બ્હાર લઇ આવું ?! એ તો અસંભવિત જ ! આટલી ભીડમાં મને એમની ક્યાં ભાળ મળે ?! અરે ! કેશર તો ક્યારની રંગમહેલની બંગલીમાં બેઠી હશે ! ત્યાં જઇ એને બચાવું ?! કેવી રીતે ? રંગમહેલની બંગલીજ પ્રથમ મેં ક્યાં દીઠી છે ? શોધ કરે પણ આ અજાણ્યા સ્થળમાં ભાળ કેમ મળે ? કોઇ માણસને પૂછીને ત્યાં જાઉં ? શું પૂછું ? ત્યાં પુરૂષોને જવાની આજ્ઞા ન હોય ને હું કદાચ કોઇને પૂછું, તો તે મારી શું દશા કરે ? ના, ના! એવી મૂર્ખાઇ કેમ કરૂં ? ત્યારે મંદિરની બ્હાર અત્રેજ ઉભો રહી એમના આવ્યાની રાહ જોઉં ? પણ તેથી ફાયદો શું ? કેશરનો બચાવ થઇ શકે એમ તો નથીજ ! ત્યારે હવે આ માટે શું કરવું ?" આમ વિચારપ્રવાહમાં ઘસડાતો કમળ મંદિરની બાજુનાં ઘરની વાડીમાં દાખલ થયો, ને ઓટલાપર ચ્હડી ત્યાં બાંકડા ઉપર બેઠેલ ભૈયાને પૂછ્યું, "ભૈયાજી ! ક્યોં તો મનહરબાઈ ઉપર હય ક્યા ? તે હોવે તો બોલો કે કમળ નીચે આયા હય ! ફીરુ નેકું આના હોવે તો ચલો !"

ભૈયો તરતજ ઉપર ગયો, ને કમળ તેના આવ્યાની રાહ જોતો બાંકડાપર બેઠો. થોડીવારમાં ભૈયો પાછો આવ્યો, અને બોલ્યો, "હય, ઉપર બંગલીમેં બયઠે હય, ઔર તુમકુ અપની પાસ બુલાતે હય ! ચ્હે કાગદ દીયા હય !" આમ કહેતાં તેણે કમળના હાથમાં કાગળનો એક કટકો આપ્યો. કમળે તરતજ કાગલમાં લખેલ શબ્દોપર નજર ફેરવી. શબ્દો થોડા હોવાથી ક્ષણ વારમાં તે વાંચી રહ્યો, પણ ભાવાર્થ સમજી શક્યો નહીં. તે અત્યંત આશ્ચર્ય થયો, ને ફરિ ફરિ કાગળ વાંચવા માંડ્યો, પણ કાંઇ અર્થ શોધી શક્યો નહિ. એવું તે કાગળના કટકામાં શું લખ્યું હતું ? આપણે વાંચી તો જોઇએ !

"રાસ લીલા" જોવી હોય તો સત્વર ઉપર આવો !" આટલાજ શબ્દો તેમાં લખેલ હતા, તે પણ કમળ સમજી શક્યો નહીં. વાંચનાર ! તમે પણ એનો ભાવાર્થ સમજ્યા ન હો તો તમે પણ અમારી સંગે "રાસ લીલા" જોવા ચાલો !

ત્રણ ચાર વખત વાંચ્યા પછી કમળે ભૈયાને પૂછ્યું, "યે કોન લીખ દીયા હય ? દુસરા કોઇ ઉપર હય ક્યા ? મનહરબાઇકા દુસરા નહી હય ?"

"હાં, સચ્ચી બાત હય !" ભૈયો મંદહાસ્ય સહિત બોલ્યો, "વહ મોતીરામકે હાથસે લીખા હુવા હય ! વહ ભી ઉપર બયઠે હય !"

"અચ્છા, ઠીક !" આમ કહેતાં કમળ કાગળપર લખેલ શબ્દો પુનઃ વાંચતો, અને તે માટે વિચાર કરતો ઉપર ગયો. દાદર ચ્હડતાં 'રાસલીલા' માટે વિચાર કરતાં તેને યાદ આવ્યું કે, 'મનહરના માળામાં કોઇ રાસધારીઓ ભાડે રહેવા આવેલ છે, તેઓ વેશ લઇ ભજવતા હશે.' આ વિચાર તેનાં મનમાં આવ્યો, પણ વળી ભૈયાએ તો કહ્યું કે 'તેઓ તો બંગલીમાં બેઠા છે,' એ યાદ આવતાં તે ફરી વિમાસણમાં પડ્યો—કાંઇ નક્કી કરી શક્યો નહીં. ત્રીજે માળે જઇ તેણે દ્વાર આગળ પહેરેલ બુટ ઉતાર્યાં. ચાલીમાંથી પસાર થઇ તે છેક નાકે આવેલ મનહરના ઓરડા આગળ ગયો, અને દ્વારમાં સ્પ્રિંગનો પડદો ઉઘાડી અંદર દાખલ થયો. ભૈયાના કહેવા મુજબ મનહર અને મોતીરામ ત્યાં હતા.

**મનહર** ઉંચા કદનો, લાંબી ભરાવદાર મુખાકૃતિવાળો, મજબુત બાંધાનો ત્રિસેક વર્ષની વયનો યુવાન હતો, પણ તેના દેખાવપરથી જાણે તેને ચોવીસેક વર્ષ થયાં હોય, એમ દરેક જોનાર કહી શકે તેમ હતું. **મોતીરામની** ઉમ્મર આસરે ત્રેવીસ વર્ષની હતી, પણ કદમાં તે ઠીંગણો અને શરીરે, જન્મથીજ આરોગ્ય ન હોવાથી નબળી પ્રકૃતિને લીધે, અત્યંત પાતળો હોવાથી, માત્ર સોળ અથવા સત્તર વર્ષનો હોય એમ શરિરની આકૃતિપરથી જણાતું હતું. તે અને **મનહર** બેય નિશાળના બાળ સ્નેહિ હતા; અને તેમની મિત્રતાને આજ આઠ નવ વર્ષ થઇ ગયાં હતાં. **મોતીરામ** ગમતી સ્વભાવનો યુવાન હતો, અને બટક બોલું બોલી અન્યને હસાવવામાં અને મશ્કરી કરવામાં બહુજ ચાલાક હતો. **મનહર** કમળને બાળપણથીજ ઓળખતો હતો, કારણ કે પોતાનાં કુટુંબ સાથે **કમળ**ના મામાનાં કુટુંબને ગાઢો સંબંધ હોવાથી, ત્યાં આવવા જવાના પરિચયથી તે તેમે ઘણી વાર જોતો હતો. ઉમ્મર વધતાં અને પ્રસંગ આવતાં આ માત્ર નેજરનીજ ઓળખ મિત્રતામાં ફેરવાઇ ગઇ. જેણે વખત જતા એટલું બધું મ્હોટું રૂપ પકડયું કે, એક દિવસ પણ **મનહર**ને ત્યાં આવ્યા વિના **કમળ**ને ચેન પડતું નહીં. આમ અત્રે આવતાં **મોતીરામ** સાથે સંબંધમાં આવતાં તેની સાથે પણ મિત્રતા બંધાઇ હતી. આપણી નવલ કથા સાથે **મનહર** અને **મોતીરામ**ને વધુ સંબંધ ન હોવાથી એમની આટલી ટુંક ઓળખ આપ્યા પછી અમે વારતા આગળ ચલાવીશું.

**મનહર** અને **મોતીરામ** બારી આગળ કાંઇ જોતા ઉભા હતા. કમળના આવવાથી તેમને ફરીને જોયું. ઓરડામાં દાખલ થતાંજ કમળ અજાયબીમાંજ બોલ્યો, "નમસ્કાર, **મનહર**ભાઇ! કાં **મોતીરામ** શું કરો છો? આ ચીઠ્ઠામાં શું લખ્યું છે?"

"આવો દેતરાજ! આવો!" તેને જોતાંજ **મોતીરામ** બોલી ઉઠયો. આમ કહી તેણે કમળ દેશી ડાકટરનો પુત્ર હોવાથી "વૈદરાજ" ને બદલે ઉપલો શબ્દ કહી તેની મશ્કરી કરી.

"આવો કમળ! કયાંથી ભુલા પડયા?" **મનહરે** તેને આવકાર દીધો, "આ **મોતીરામ** તમને કયારનો યાદ કરતો હતો!"

"અરે યાદ તો શું? તમારા નામની કયારનો માળા જપતો હતો માળા! માસ મહેરબાન!" **મોતીરામે** ટહુકો પુર્યો, "આવ્યો છું ત્યારનો 'કમળ, કમળ,' જ કરૂં છું!"

"મ્હોટી મહેરબાની!" કમળે મંદ હાસ્યસહ જણાવ્યું.

"અહિં ખુરસીપર બીરાજોને ડાકટર સાહેબ! ઉભા શું રહ્યા છો?" કમળને ઉભો રહેલ જોઇ એક ખુરસી બતાવતો **મનહર** બોલ્યો.

"અરે અહીયાં બારી આગળ ખુરસી લાવોને! મઝા તો બધી અત્રે છે!" **મોતીરામ** બોલ્યો.

"અહીંજ ઠીક છે!" ખુરસીપર બેસતાં કમળ બોલ્યો, અને કાગળ બતાવતા તેણે **મોતીરામ**ને પૂછ્યું, "**મોતીરામ**ભાઇ! આ '**રાસલીલા**' શું? બારીમાંથી શું જુઓ છો?"

"એ તો એજ!" **મોતીરામે** જવાબ આપ્યો, "રાસલીલા જ જોઇએછ!" આમ કહેતાં તેણે કમળનો હાથ ધરી ખેંચ્યો.

"એમાં શું જોવું હતું?" પોતાનો હાથ છોડવી ખુરસીપર બેસતાં કંટાળો બતા-

છતાં કમળે કહ્યું, "કૃષ્ણ અને ગોપીઓનો ચાર પાંચ છોકરાઓ વેશ લઇ નાટકની માફક નાચતા હશે, એજ કે બીજું કંઇ? એટલા માટેજ મને ઉપર બોલાવ્યો શું?"

"અરે નારે ના!" તેની જાંગપર હાથ ઠોકતો **મોતીરામ** બોલ્યો. "આ તો બીજી તરેહની છે! આ તો મ્હોટી **રાસલીલા** છે! જોવા જેવી છે! તમે આવો તો ખરા!"

"એમાં કાંઇ નહી!" કમળ ઉત્કંઠા રહિત અવાજે બોલ્યો, "મ્હોટી **રાસલીલા** મેં એક વાર જોઇ હતી! પેલા મંદિરમાં દસ દિવસ સુધી થઇ હતી તેવીજ હશે! કેમ ભાઇ?" **મનહરને** તેણે પૂછ્યું, "આપણે સાથેજ જોવા ગયા હતા તે શું?"

"હા!" **મનહરે** જવાબ આપ્યો, "પણ આમાં ને તેમાં તો આકાશ ને પાતાળનો ફરક! આ તો—" આટલું બોલતાં તે બેહદ હસી પડયો. આ હાસ્યનો અર્થ કમળ સમજી શકયો નહી. તે વધુ આશ્ચર્ય પામ્યો, અને તેમની સામે એક ટસે જોવા લાગ્યો.

"કેમ?" તેની આવી સ્થિતિ જોઇ **મોતીરામ** બોલ્યો, "આમ ગભરાઇ કેમ ગયા?"

"અરે! ગભરાઇ શું જાય?" **કમળ** હસતાં હસતાં બોલ્યો, "પણ તમે બારીમાં જોઇને આટલા બધા હસો છો શું કામ? મારી મશ્કરી તો નથી કરતા?"

**મનહર** હાસ્ય દબાવી શકયો નહીં. તેણે હસ્યાજ કીધું.

"અરે જાઓ, મારા ભાઇ!" **મોતીરામ** ગંભીરતા ધારણ કરી બોલ્યો: "કહાની કયાં ખોટ છે કે મશ્કરી કરીએ?!"

આથી કમળને પણ સ્હેજ હાસ્ય ઉત્પન્ન થયું, ને સહાસ્ય તે બોલ્યો, "ખરેખર! તમે બેઉ જણ મળી મારી મઝાક કરો છો! મને બનાવો છો!"

"અરે વાહ!" **મોતીરામ** હસતો હસતાં બોલ્યો, "ઇશ્વરે તમને બનાવવામાં શું ખામી રાખી છે, કે વળી અમે બનાવીએ? જાઓ મારા ભાઇ!"

"નહી, નહીં, કમળ!" **મનહર** મહા મહેનતે હાસ્ય દબાવી બોલ્યો. "તમારી મશ્કરી કરતા નથી! તમે જરા બારીમાંથી નજર તો કરો! આવો, આવો!"

"અરે, મીંચેને આંખ ઠરી જશે, આંખ!" **મોતીરામ** બોલી ઉઠયો, "આ તો મ્હોટી કૃષ્ણલીલા છે!" આમ બોલતાં તેણે બારીમાં જોયું. વળી કમળ ભણી જોઇ બોલ્યો, "જુઓ! હવે જોવાની ખુબી છે આ તો,—

> એક તો ઉભી ગુંથે કેશ,
> આંજે બીજી આંખે મેશ;
> વળી ત્રીજીની વાત છે ન્યારી,
> આલિંગી ઉભી મિતમને પ્યારી.
> જાણે રાધિકા ધરીને ગર્વ,
> શરમાવે ગોપીઓ સર્વ.
> વળી ઘરડી વિધવાઓ પણ,
> સધવા બની—

એ તો બધું એજ! તમે સમજ્યા કે?"

આ સાંભળતાં **મનહર** મ્હોટેથી હસી પડયો. **મોતીરામની** ગંભીરતા પણ ટકી શકી નહી, ને તે પણ તેની સાથે હસવા લાગ્યો. કવિતા સાંભળી કમળ પણ તેમની સંગે હાસ્યમાં ભેળાયો.

"અરે વાહરે **મોતીરામ**!" હસતાં હસતાં **મનહર** બોલ્યો, 'તે તો હજ વાળી! તું તો જાણે શીઘ્ર કવિ જ તો! "ઘરડી વિધવાઓ પણ સધવા બની," આટલું બોલતા તે ફરી ખડખડ હસી પડયો.

"હાક ભાઇ !" કમળ હાસ્ય દર્શાવતી ઉઠતાં ઉઠતાં બોલ્યો, "હું હવે રત્નાકર મામાને ત્યાં જાઉં; મારે અગત્યનું કામ છે ! તમે તો નકામી મશ્કરીજ કરો છો ! આ મોતીરામ ભાઇને તો બીજો કાંઇ કામ ધંધોજ નથી !"

"લે !" મોતીરામ તેને જતો અટકાવતા બોલી ઉઠયો, "ચાલ્યા ક્યાં ? જવાય નહિ ! પણ કમળ ! તમને આમ ખુલ્લું કરી સમજાવી દીધું તોએ હજી સમજ્યા નહિ, ને મશ્કરીજ માનો છો ? ! વાહ ! ભાઇ વાહ ! હવે બેસોને ! આવી ગમ્મત જોવાનો ફરી સમય નહી આવે ! પછી પસ્તાશો ! જુઓ ! માન ન ખાઓ !"

"હા, હા !" તેનો હાથ ઝપડી ખુરસી એ બેસાડતાં મનહર બોલ્યો, "કમળ ! ખરેખર ! આ લીલા જોવા જેવીજ છે—!"

એટલામાં તેમને કાને એક કરતાં વધુ સ્ત્રિઓના ગાવાનો અવાજ આવ્યો, એટલે મોતીરામ બોલી ઉઠયો, "જુઓ સાંભળો !" આમ કહેતાં તેણે બારીમાં દ્રષ્ટિ કરી. ગાયનના શબ્દો સ્પષ્ટ સમજાતા હતા, તેથી તે પાસેજ ગવાતું હોય એમ જણાતું હતું.

"આ કોણ ગાય છે ?" કમળે પૂછ્યું.

"ગોપીઓ !" મોતીરામે જવાબ આપ્યો, "તમે બારી આગળ આવી દર્શન કરો, પછી કહેજો !"

"વળી તમે મશ્કરી ચલાવી !" કમળ હસી પડયો !

"લે !" મોતીરામ જાણે ગુસ્સે થયો હોય એવું ડોળ ઘાલી બોલ્યો, "આ તો ખરૂં કહીયે તોપણ હજી વિશ્વાસ નથી ! કમળ ! તમારૂં કાતરીયું ઠેકાણે છે કે નહિ ? હમણાં વરસાદના તોફાનથી ઘણાં ઘરો અને ઝાડો પડી ગયાં, તેમ તમારૂં કાતરીયું પણ ખસી પડયું હોય એમ લાગે છે ! કેટલી વાર કહ્યું કે, ભાઇ, બારી આગળ આવી નજર કરો, તો ખરૂં ખોટું જણાઇ આવશે ! પણ તે તો માનતા નથી ! કોણ જાણે આજ આમ કેમ થઇ ગયા છો ?"

કમળ બારી આગળ આવ્યો, અને દ્રષ્ટિ કરતાં તેની નજર સામેની બારીમાં પડી. જો કે તે ખુલ્લી નજ હતી તોપણ તેના જાળીયાંમાંથી સર્વ સ્પષ્ટ દેખાતું, તેમજ સંભળાતું હતું, કારણ કે બેય બારીઓની વચ્ચે માત્ર ત્રણ ફીટ પહોળી ગલીજ હતી. રેશમી ગાદીવાળી શોભાદાર ખુરસી ઉપર અઠાવીશેક વર્ષની વયનો એક યુવાન બેઠો હતો. બારી તરફ તેની પુંઠ હોવાથી તેની મુખમુદ્રા જણાતી ન હોતી. શરિરે તે ભરાવ હતો. સ્ત્રિની માફક આખે માથે વાળ હતા. કોરણ ઉપર સોનેરી પટાવાળું કેશરી રંગનું મલમલનું વસ્ત્ર માત્ર તેણે શરિરે અહોડયું હતું. આઠ નવ યુવાન તેમજ વૃદ્ધ સ્ત્રિઓ તેની આસપાસ ઉભી હતીં. મોતીરામે કવિતામાં વર્ણવેલ બીના પ્રમાણે એક યુવતી તેનો મ્હોટો ચોટલો ઓળતી હતી. બીજી એક તેની સન્મુખ જમીનપર બેઠી બેઠી તેના ચર્ણ દબાવતી હતી. બીજી બે જણીઓ બેય બાજુએ ઉભી રહી હાથમા રેશમી સાટીનના ભપકાદાર ઝાલરવાળા પંખા વતી તેને પવન નાંખતી હતી. બાકીની સધવા તેમજ વિધવાઓ હાથ જોડી અત્યંત ઉત્સાહ સહિત ઉભી ઉભી ધોળ ગાતી હતી. આ સવ વિચિત્ર બનાવ જોઇ કમળ સ્તબ્ધજ થઇ ગયો, પણ ગીત ચાલતું હોવાથી તે મુંગોજ રહ્યો ! ત્રણે જણ એક ચિત્તે ઉભા રહી સાંભળવા લાગ્યા. તેઓ નાચતી ધોળ ગાતી હતી.

"શ્રી વલ્લભ રાજકુમાર !

તમે કાંઇ કીધું રે ;

મુજ ચિત વિત કપટી કા'ન !
હરી તમે લીધું રે !
ગીરધારીએ ઘેલી કરી મને,
વાંસલડી તણે વેણુરે,
ભ્રમણામાં ભમુ ભાનજ ભુલી,
અંધ પ્રિતિ તણે ઘેન !—તમે કાંઇ.
કામકાજ મને લેશ ન સુઝે,
નવ ભાવે કંઇ અનરે;
કા'ન કુંવર શ્રી **યસોદાના** જાયા,
તેથી મોહ્યું મુજ મન !—તમે કાંઇ.
લોભાણા લોભી રહ્યા ને
**નંદલાલ** રંગ રેલરે,
રસિક રંગીલા કુંજવિહારી !
મારી અર્જ સુણો અલબેલ,
તમે કાંઇ કીધુરે !—શ્રી **વલ્લભ** "

ફરીથી તેમણે એજ ઘોળગાવા માંડ્યો. તેમનાં ચાળા જોતાં **કમળને** કંઇ કંઈ વિચાર આવ્યા.

"ભાઇ !" તેણે **મનહરને** પૂછ્યું, "આ કોનું ઘર છે ?"

"લે !" **મોતીરામ** આ પ્રશ્નથી આશ્ચર્ય પામી બોલ્યો, "આ સર્વ નજરે જોયું તોએ જાણ્યું નહી ! વાહરે, કમળ' તમે દુનિયામાં વસોછ કે કયાં બીજે ! આટલા દિવસ થયાં અહિં રોજ આવોછ તોપણ હજી પુછોછ કે આ કોનું ઘર છે ! તમે જાગોછ કે નિંદ્રામાં છો ! આ તો **મુકિતનું ધામ છે મુકિતનું** ! મારા ભાઇ !"

"**કમળ** !" **મનહરે** કહ્યું, "આ આપણી બાજુની હવેલી છે, તે પણ ખબર નથી ? આજ આમ ભાન કેમ ભૂલી ગયા છો ?"

"અરે, આજ ભાંગ બાંગ પીધી હશે ?" **મોતીરામે** મશ્કરી કરી, ને વળી બારીમાં દ્રષ્ટિ કરી.



"હા, હા !" કમળ બોલી ઉઠ્યો, હવે લીનું તો મને ભાનજ ન રહ્યું ! આ મહારાજની બંગલી હશે ? !"

"હા !" **મોતીરામ** બોલ્યો, "હવે સુધ ઠેકાણે આવી ખરી ! હવે રાસલીલા જોઈ ? ! કેમ આ મશ્કરી કે ઠઠ્ઠા ? ! બોલો જોઇએ ? !"

"બંગલી" શબ્દ **કમળના** મુખમાંથી અજાણપણે નીકળી ગયો ! **કેશર** અને **કસ્તુર** ડોસીની બાત યાદ આવી ! તેઓ પણ તે સ્થળે હશેજ, એમ ધારી તેણે ફરીથી બારામાં નજર કરી તો જે સ્ત્રી મહારાજના કેસ ગુથતી હતી તેને ખસેડી તેને બદલે **કેશર** આ સેવા કરવામાં ગુંથાઇ હતી ! તેણીને જોતાંજ તે સ્તબ્ધ થઇ ગયો ! હૃદયમાં વિચિત્ર વિચાર તરંગો ઉછળવા લાગ્યા ! વિચાર પ્રવાહમાં તે ઘસડાયો ! "અત્રેથીજ **કેશર**ને બોલાવી આ તેણીના ધર્મગુરૂને ધીઃક્કરના, વચનો કહું !" વળી મન વળ્યું ! "ના, ના ! એમ કરવામાં મારી મૂર્ખાઇજ પ્રગટ થાય !" કાંઇ વિચાર સુઝયો નહિ ! હૃદય વિચારશુન્ય થઇ ગયું દુઃખી થયું : મહારજપર તેને અત્યંત ક્રોધ છૂટ્યો, જે મુખદ્વારા બ્હાર નીકળ્યો ! "ભાઇ" તે ઉશ્કેરાઇ જઇ **મનહર** તરફ ફરી બોલ્યો, "ખરેખર ! આ મહારાજે તો હદ વાળી છે ! આવા મૂઢમતિનાને લોકો ધર્મગુરૂ તરીકે શા માટે માન આપતા હશે ? કેવી અધમતા ! ગુરૂપદ ધારણ કરી ને પછી પોતાની પુત્રી સમાન પોતાના સેવકોની પુત્રી, પત્નિ સાથે આવી વર્તણુક ચલાવે ! કેવી મૂર્ખતા ! કેવી અધમ વૃત્તિ ! અરે !—"

"અરે !" **મોતીરામ** વચમાં બોલી ઉઠ્યો, "એ તો સાક્ષાત **કૃષ્ણ ભગવાન** કળિયુગમાં પ્રગટયા છે ! આ સર્વ સ્ત્રીઓ

ગોકુળની ગોપીઓ છે, ગોપીઓ ! જુઓ ! વિધવાઓ પણ સુવાસણ બની ગઇ છેને ભાઇ ! આ તો સ્વર્ગની સીડી છે ! એમાં વળી અધમતાં શું ને વાત શું ? દ્વાપરયુગમાં શું કૃષ્ણ ગોવાળપતિ ગોપીઓ સંગે રાસક્રીડા રમ્યા ન હતા ? ત્યારે કૃષ્ણે પણ પાપનું કામ કીધું, કેમ નહી ? જાઓ મારા ભાઇ ! એમાં વળી પાપ શું છે ? અરે ! આના સરખું તો બીજું પુન્યનું કામ છેજ નહી ! વાહરે વાહ ! સત્યુગની લીલા કળિયુગનાં માનવીઓને પ્રત્યક્ષ દેખાડે છે, એ આપણાં મ્હોટા ભાગ્યની વાત સમજવી ! નહી તો આમ તમે કહી જોવા પામત પણ ખરા કે કે કળિયુગનાં પાપી, અધમ મનુષ્યોનો ઉદ્ધાર કરવા અને તેમને મુક્તિનો માર્ગ દેખાડવા કૃષ્ણ પોતેજ અવતાર લઇ પ્રગટ થયા છે ! તેમની આ સર્વ લીલા છે ! સમજ્યા મારા ચોગરડમ ! "

" હા, હા ! " મનહર હસતાં હસતાં બોલ્યો, " કમળ ! મોતીરામનું કહેવું સત્ય છે ! "

" શું સત્ય છે ! " કમળ વધુ ઉશ્કેરાઇ ગયો, " મુક્તિ માર્ગને બદલે અમુક્તિમાં પડવાનો માર્ગ છે ! મનહરભાઇ ! આવા ધર્મગુરુનાં દુષ્ટ આચરણો શું તેમના ભાવિક સેવકો નહીજ જાણુતા હોય ? "

" કમળ ! " મોતીરામે મશ્કરી ચાલુજ રાખી ! " આટલું જોતાંજ આટલા ગુસ્સે શું થઇ ગયા ? આ તો હજી રાસલીલાના નાટકનો પહેલોજ પ્રવેશ છે ! અરે ! પ્રસ્તાવના છે, પ્રસ્તાવના ! હજી જોવાનું તો હવે આવશે ! પાછળ તો બડી તોશી ઓવરણી ! " આમ કહી તે બારીમાં જોવા લાગ્યો.

મનહર હસી પડયો. કમળને પણ હાસ્ય આવ્યું. " ખરેખર ! " તે હાસ્ય દબાવતાં બોલ્યો, " મને તો એમ થાય છે કે જાહેર પત્રોમાં એ બાબત સખત લખાણ કરી ખુબ ચરચા ચલાવી, આવા બનતા નિર્લજ બનાવો જાહેરમાં આણી, આ ધર્મગુરૂની દાંભિકતા ખુલ્લી કરવી જોઇએ, તોજ આપણા વૈષ્ણવ બંધુઓની આંખ ઉઘડે, અને ધર્માંધ બની અમુક્તિમાં પડતા બચે ! "

" કમળ ! " મનહર ગંભીર થઇ બોલ્યો, " તમારા વિચારો ભૂલભરેલા તેમજ નિરર્થક છે ! શું છાપાઓમાં એ બાબત વારંવાર સખત લખાણો નથી આવતાં ? પણ તેથી શુ ફાયદો થયો છે ? કાંઇજ નહી ! ખરૂં કહીએ તો દિન પ્રતિદિન આવા બનાવો વધુ ને વધુ બનતા જાય છે ! અને તેનાં ચોક્કસ કારણો છે ! પણ તે બાજુએ મૂકતાં એક માણુસની મુર્ખાઇ, તેમજ તેનાં નીચ કર્મો માટે સર્વ મહારાજોને શામાટે વગોવવા જોઇએ ! એકના પાપ માટે સર્વની નિંદા કરવી એ મૂર્ખતા ભરેલું છે ! પાંચ આંગળાઓ કોઇ દિવસ સરખી હોતી નથી ! "

" અરે, જુઓ ! આમ જુઓ ! " મોતીરામ બારીમાંથી દૃષ્ટિ ફેરવી તેમની તરફ ફરી વચમાં બોલી ઉઠયો, " હવે કાંઇ નવીનજ ગમ્મત જોવાની છે ! બધી ગોપીઓ જતી રહી છે ! માત્ર એકજ ગોપી અને એક સેવકી પાછળ રહી છે ! રાસલીલા—પ્રવેશ બીજો ! "

મનહર અને કમળ બારી આગળ આવી જોવા લાગ્યા. એક યુવાન અને એક વૃદ્ધ સ્ત્રી, બે મહારાજની સામે ઉભી હતી. તેમની મુખાકૃતિ સ્પષ્ટ ઓળખાતી હતી. કમળે તેમને તરતજ ઓળખી ! તેઓ કોણ હતી ? વાંચનાર ? કેશર અને કસ્તુરડોસીને ભૂલી ગયા નહીજ હોય ! તેઓજ હતી !

ગયા પ્રકરણમાં તેમની જે વાતચીત કમળે સાંભળી હતી, તે પ્રત્યક્ષ નજરે જોવા તે ઉભો ! તેના હ્રદયમાં કંઇ કંઇ વિચારો ઉછાળા મારવા લાગ્યા ! પણ તેણે સર્વ લાગણી દબાવી ! **મનહર** અને **મોતીરામ**ને એ વિષે કાંઇ પણ વાત કરી નહી ! ત્રણે જણ મુંગા મુંગા જોવા લાગ્યા, કારણ કે મહારાજ અને તેમની વાતચીત શરૂ થઇ હતી. !

"ક્યું કસ્તુરબાઇ !" મહારાજે આનંદી અવાજે પૂછ્યું, "આજ તેરી સંગ ન્હેં કૌનકું લે આઇ હય ?"

"જે મારાજ !" કસ્તુરડોસીએ હાથ જોડી નમ્ર અવાજે જવાબ આપ્યો, "એ તો આપકી સેવક હય ! આપકા સેવક ડયાળાડસ હયના, ઇનકી વઉ હય !"

"હં ! દયાળદાસકી બહુ !" મહારાજ ડોકું ધુણાવતા બોલ્યા, "વ્હોતો પરમ ભક્ત હય ! અચ્છા વૈશ્નવ હય ! હમેરી ગાદીકાઇ સેવક હય !"

"હા, જે મા'પ્રભુ !" કસ્તુરડોસી બોલી, "અરે ઇસકે બાપ દાદે સબ આપકી ગાદીકોજ પુજતે હય ! આપકાજ સેવક હયા જે મારાજ આપકી એ સેવકકા આજ જનમ દીવસ હય સો ઇનકું ભેટ ધરનેકું લાઇ હું ! ઇનકી ઉપર કુરપા કરો ! આપકું લંબકરણ વીનતી કીયા હોગા !"

"હા !" મહારાજે આનંદી અવાજે કહ્યું, "લંબકરણ કુછ બોલા હોતા ખરા ! મગર ભેટ કયા લાઇ હય ?"

"જે માહારાજ ! સબ આપકોઇ છેના ?" કસ્તુરડોસી મ્હોં મલકાવી બોલી, "ડયાળભાકું તો આપ અછી રીતે જાણતે હો ! ઇનકે ઘર પીરમાણે કુછ ફુલકી પાખડી ધરેગી !"

"ઘર તો બડા હય ! ઇનકી ભેટમેં કયા પૂછના ?"

કસ્તુરડોસીનાં કહેવાથી કેશરે ચોળીના ગજવામાંથી મોહનમાલા કહાડી મહારાજને દંડવૃત કરી પગ આગળ ધરી દીધી, જે ઝટ હાથમાં ઉંચકી લઇ મહારાજ બારીકીથી જોવા લાગ્યા.

"જે મા'રાજ !" કસ્તુરડોસી બોલી, "હમ તો ગરિબ માણુસ હએં ! એ સબ આપ કોઇ પીરતાપ હય ! અબ તો એ કેશરવઉકો બાર મહિનેમેં એક લડકો આવે એસી આસીસ દીઓ ! બાકી આપકી સેવા તો હમસેં કુછ બનતી નઇ હય !"

"ઠીક હય !" મહારાજે કહ્યું, "મગર ઇન કેશરકા કંઠ બ્હોત મીઠા હય, કયું કે અબ મેરે સુનનેમેં આયા, તો અબી એક દુસરા અચ્છા સુનાવે !"

"અરે હાં ! જે મહા પ્રભુ !" કસ્તુરડોસીએ જણાવ્યું, "આપકી સેવક તો ખુબ હુસીઆર હય ! કેસા કેસા ઇસકું તો આવડતા હય કે ઇસકી બાત મત કરો ! આપકી આગ્યા હોય તો એક સુંદર ધોળ ઇનકા પાસ ગવરાવે ?"

"સુનાઓ !"

"વઉ !" તેણીએ કેશરને કહ્યું, "વે'લી નારીયાં ? આજ તોજા ધન ભાગ કે ઠાકરજીજી તો મથે કુરપા થી ! કાલ ઉ ધોળ ગાની હુંઇએ સેં ગા નારીયાં ? ન્યાર ! સરમાજ મ ! વે'લી, વે'લા ! હુસીઆરીસે ગાજ કે જે વા'લા રાજી રાજી થી વીંજન !"

"કયો ગાં !" કસ્તુર ડોસી બોલી, "કાલ રાતજો ગાની હુંઇએ સેં ! હીડાં સરમ કરેજો કમ નાય ! સરમાનીએં ત તોજો

સવારથ બીગાળીનીએં, સમજીએ ! હેળો સમો ફીરી ફીરીને નઇ અચે ! હા ! વે'લી નારીયાં ? મજ્જો ધાંટો કઢીને ગાજ હો ! "

"ગીનો તડું !" કેશરે જવાબ આપ્યો ને ધોળ ગાવો શરૂ કર્યો.

"અમો આવ્યાં તમારે આશરે, અલબેલાજી,
હવે શું કરીએ જઇ સાસરે, અલબેલાજી.
ફેરા તણું ફળ એ મળ્યું, અલબેલાજી,
મન ગમતું સુજને મળ્યું, અલબેલાજી.
હીરલો લાગ્યો હાથમાં, અલબેલાજી,
તમો શોભો સહીયર સાથમાં, અલબેલાજી.
તમારૂં શામળું અંગ અડશોમાં ! અલબેલાજી,
ગુણવંતીને લાંછન લગાડોમાં ? અલબેલાજી.
જો જાણશે મ્હારી માવડી ! અલબેલાજી,
કોની સાથેં પ્રીત્ય છે આવડી ! અલબેલાજી.
અમે કાજળ આંખમાં આંજશું, અલબેલાજી,
તમે નેણાંની ચોર નાંખો શું ? અલબેલાજી.
હું તો દાણુ નહિ આપું દોકડો, અલબેલાજી,
અમે જવાબ આપીશું રોકડો ! અલબેલાજી.
હું બીવરાવી બ્હીતી નથી, અલબેલાજી,
હું ઓશીઆળી કોઇની નથી ! અલબેલાજી.
હું ઓશીઆળી પ્રભુ તમ તણી, અલબેલાજી,
શ્રી નટવર તમો મુજ છો ધણી ! અલબેલાજી."

ધોળ સમાપ્ત થતાં કેશરે તે ફરી લલકારીને ગાવા મડયો ! મહારાજે ગાયનરસમાં લદબદ થઇ આનંદથી ડોલવા લાગ્યા, અને "વાહ વાહ !" ના પુકારથી તેણીને શાબાસી આપવા લાગ્યા ! કમળનું અંતઃકરણ હાથ રહ્યું નહી ! નજરે જોઇ ન શકવાથી તે દૂર ખુરશીપર આવી બેઠો ! મુખમાંથી નિરાશાનો ઉદ્દ્ગાર નીકળવા માંડયા. "ભાઇ !" મનહર પ્રત્યે નિરાશાથી બોલ્યો, "હું રજા લઇશ ! આ બનાવ મારાથી જોઇ શકાતો નથી ! મારૂં હૃદય બળી જાય છે ! ખરેખર ! મને અત્યંત ખેદ થાય છે !"

"કમળ !" મનહર દબાયલે અવાજે બોલ્યો, "તમે ખેદ પામો એમાં કાંઇ નવાઇ નથી ! આ દેખાવ એવોજ છે ! ખરૂં કહું તો હું પણ અત્યંત કલેશ પામું છું ! પણ શું કરીએ ? ! એમાં આપણો કાંઇ ઉપાય નથી !"

"અરે આવો ! આમ આવો ! હવે વિનતિ સમાપ્ત થઇ ! હવે કાંઇ બીજોજ રસ ઝામશે ! કમળ ! જુઓ ! આ એક્ટીંગ જોવા જેવી છે !" ધોળ સમાપ્ત થતાં બારીમાં જોતાં મોતીરામ બોલી ઉઠયો, પણ તેના વચનોપર કોઇએ લક્ષ આપ્યું નહિ. બેઉ જણ વાતમાં મશગુલ રહ્યા.

"પણ !" કમળ સ્હેજ ઉશ્કેરાઇ ગયો, "એમનાં મનમાં એમાટે લેશ માત્ર પણ ત્રાસ નહીજ આવતો હોય ? ! એમનું અંતઃકરણ એમને ડંખતુ નહિંજ હોય ? !"

"અરે ! વાહ કમળ, આ વાત તે કયાં લાવ્યા ?" મોતીરામની મશ્કરી ચાલુજ રહી ! "તમે કાંઇ વિચાર કરો છો કે બસ, જેમ મનમાં આવે તેમ મ્હોડેથી બોલ્યાજ જાઓ છો મારા ભાઇ ! આ કંઇ ઘાસ બાસ કાપવાનું છે શું ? મારા મ્હેરબાન !

પરમારથનું કામ કરતાં,
'હૃદય ડંખે ?' એ કોણ માને ?
અન્ય આનંદે રમતાં દેખી,
જીવ બાળો ભાઇ તમે શાને ?"

"કદી નહિંજ !" મનહરે જણાવ્યું; "એને શું છે ? કદી લેશ પણ ત્રાસ આવતો હોય, અથવા આવાં આચરણમાં કાંઇ પણ પાપ છે એમ ઉભયનાં હૃદયનો કીડો કોતરી સુચવતો હોય તો પછી આવો બનાવ તમારી દૃષ્ટિએ પડે પણ ખરો કે ? ! એ તો 'જેણે

મુકી લાજ તેને ન્હાનું સરખું રાજ !' ભાઇ ! જેણે સદ્‌કેળવણી લીધી નથી, ને બાલકપણથીજ નિરંતર આવાં કર્મોમાં પરોવાયલાંજ હોય, થયેલ સાંભળ્યાં હોય, અથવા તો સ્વનજરે જોયાં હોય તેને પછી એ કામ કરવું અઘટિત કેમ લાગે ?! એ કામ કરતાં તેને જરા પણ આંચકો શાનો આવે ?!"

"પણ એવું જ્ઞાન આપનાર કોઇ ગુરૂ જન્મે ત્યારેજ તો !" મોતીરામે ટહુકો પુર્યો, "ગુરૂ વિના જ્ઞાન નહી, મારા ભાઇ !"

"ત્યારે આ ગુરૂ નથી તો બીજા કોણ છે ?" કમળે પૂછ્યું.

"પણ ગુરૂ પોતેજ અજ્ઞાન હોય ત્યાં બીજાને શું બોધ આપે ?!" મનહરે કહ્યું.

"અરેરે!" કમળે ઉંડો નિઃશ્વાસ નાંખ્યો. "જ્યાં વાડ ઉઠીનેજ વેલનું ભક્ષણ કરે ત્યાં પછી શું ઉપાય ?! દરેક મનુષ્યને ગુરૂ પિતા તુલ્ય અને બહુ માન્ય છે ! પણ તે પોતેજ જ્યારે સ્ત્રીઓને સન્માર્ગ ન શીખવે ત્યારે તેમના નિર્દોષ પતિઓની કેવી દુઃખદ અવસ્થા ! જે દુષ્ટ અને અનિતિમય રીવાજ લોકોની અધમ દશાનું કારણ, તેમાંજ જ્યારે કોઇ પણ કોમના ગુરૂ સુખ અને મુક્તિ મનાવે, ત્યારે આર્યોની ગૃહસંસારી સ્થિતિ ચુંથાઇ જઇ, દરેક સ્ત્રી પતિવ્રત ધર્મ તજી દઇ, વ્યભિચારિણી અને નર્કની અધિકારિણી થાય એમાં શું નવાઇ ?!"

"અરે, પણ !" મોતીરામ વચમાં બોલી ઉઠયો, "આ ગુરૂ કયાં છે? આ તો સાક્ષાત ભગવાન છે ! એકવાર કહ્યું, બે વાર કહ્યું, તોપણ હજી સમજતા નથી ?! વાહરે ! મારા ભાઇ ! આતો આપો આપ ઠાકોરજી છે ઠાકોરજી ! સમજ્યા ?!"

"ઠીક ! ત્યારે એમ ?" કમળ વધારે ઉશ્કેરાઇ ગયો, "પણ વળી ઠાકોરજી હોય તેને તો સર્વ સ્ત્રીઓ પુત્રી સમાન છે અને–"

"શું ?" મોતીરામની જીભ વશ ન રહી, "શ્રીકૃષ્ણ ગોકુળમાં ગોપીઓ સાથે રાસક્રીડા રમ્યા નહોતા કે ?"

"પણ તેનું પરિણામ શું આવ્યું, તે જાણો છો ?" કમળે પૂછ્યું.

"પરિણામ શું આવે વળી !" મોતીરામે જણાવ્યું.

"અરે એ બીચારાને શું ખબર હોય ! એને કાંઇ જોયું યા સાંભળ્યું હોય ત્યારે જ તો !" મનહરે જણાવ્યું.

"બેસ, બેસ, !" મોતીરામે કરડાકીમાં કહ્યું, "તમેજ જોયું હશે ! અમે તે કોઇ દહાડો કાંઈ જોયું છે ! અરે ! મારા મહેરબાન ! અમે જોયું છે એટલું તો તમે કાને પણ નહી સાંભળ્યું હોય ! જો મ્હોટી વાત બાબ્યા છે તે ! જાણે કેમ અમે તો માણસમાંજ નહી ! વાહ ! કમળ ! વાહ ! ઠીક, ઠીક !"

"ઠીક ! ત્યારે બોલો જોઇએ; આપણે ગઇ પરમ દિવસે દર્શન કરવા ગયા હતા તે કેવી મૂર્ત્તી છે? એમાં કાંઇ વિચિત્રતા જોઇ ?" કમળે પૂછ્યું.

"હે ! જુઓ ભાઇએ સવાલ પૂછ્યો તે !" મોતીરામ સહાસ્ય બોલી ઉઠયો, "મૂર્ત્તી કેવી હોય વળી ? મૂર્ત્તી જેવી મૂર્ત્તી ! હાથ, પગ, મ્હોં, બે આંખ, એ બધું ! ને હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ વિગેરે શસ્ત્રો ! એમા વળી વિચિત્રતા શું ને વાત શું ? બાકી હમણા તો વિચિત્રતા તમારામાં દેખાય

છે! ખરેખર! આજ કાતરીયું બાહેર આ-વ્યું છે!"

"મારૂં નહીં પણ તમારૂં! સમજ્યા મારા ભાઇ!" આટલું બોલતાં કમળ બેહદ હસી પડયો. મનહર પણ હસવા લાગ્યો! મોતીરામ અજાયબ થયો! "તમે મેડ થઈ ગયા હો, એમ લાગે છે!" તે બોલ્યો.

"હવે મુંગા રહો, મુંગા!" કમળ હાસ્ય દબાવી બોલ્યો, "તમારી હોંશીઆરી બધી જણાઇ આવી! તે તેજસ્વી મૂર્તીને તમે ઓળખતાજ નથી, ને નકામી ફીશીઆ-રી શાના મારો છો?"

'અરે! સુરતના ઘણાંક વતનીઓ ફીશીઆરી મારવામાં બહુ જબરા છે!" મોતીરામ સુરતનીવાસી હોવાથી મનહરે મશ્કરી કીધી. "એ તો એમનો વંશપરમ-પરાથી ઉતરી આવેલો જાતી સ્વભાવજ છે, સ્વભાવ!" મનહર હસ્યો.

"જુઓ!" કમળે કહ્યું, "હવે જઇ ને બરોબર તપાસી જોજો! એમને હાથ પગ છેજ નહીં! સડીને કપાઇ ગયા છે! પેલા અવતારમાં પાપ કર્યાં તેનાં ફળ, સમ-જ્યા! ફરી અવતાર લેતાં સર્વ ભોગવે છે! પરસ્ત્રી સાથે સંબંધ રાખનારની કેવી દશા થાય છે તે આકારમાં કળિયુગના અધમ માનવીઓને પ્રત્યક્ષ બતાવવા, અને પરાઇ સ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરતાં અટકાવવા ઇશ્વરે એવું સ્વરૂપ ધારણ કર્યું છે! સમજ્યા?! કેમ? તમે હવે જોયું છે કે?"

મોતીરામ ખીસીઆણો પડી ગયો, ને તેમની તરફ જોવા લાગ્યો. "હેં! મનહર! આ વાત ખરી છે?" તેણે અજાયબીથી પૂછ્યું.

"હા, હા!" મનહરે જવાબ આ-પ્યો, "ખરી નહી તો શું ખોટી છે?"

"શાબાસ! કમળ, શાબાસ!" મો-તીરામ બોલી ઉઠયો, "તમે તો ખુબ કરી! આ બધું કયાંથી જાણ્યું? તમારામાં આટલું પાણી હશે તે તો મેં આજેજ જોયું? વાહ! પણ," તેણે ફરી મશ્કરી ચલાવી, "એ બધું આપણુ સાધારણ માણુસને દેખા-ડવા માટેજ! આ મહારાજ તો અલૌકિક પુરૂષ છે! તે કાંઇ તમે જાણો છો?!"

"હવે જાણ્યું, જાણ્યું!" કમળે ઉ-શ્કેરાઇ જઇ કહ્યું, "અલૌકિક શાના વળી? અરે પવિત્ર મતિના માણસો પણ એક પત્ન-વ્રત પાળી, પરસ્ત્રીને માતા તુલ્ય માની પુજે છે! તો બહુ સ્ત્રીઓની રાસક્રિડામાં નિમગ્ન રહે, તેને અલૌકિક માનવું એ પણ મૂર્ખાઇ ભરેલું છે!"

"કમળ!" મનહર ગંભીર થઇ બોલ્યો, "તમે આટલી હદ સુધી એમને દોષપાત્ર ગણો છો, એપરથી એમ સિદ્ધ થાય છે કે તમે એ બાબત વિષે લેશ પણ ઉંડો વિચાર કીધો નથી! માત્ર એકજ તર-ફની હકીકત ઉપરથી તમારા મનમાં ખોટો વિચાર ઠસી ગયો હોય એમ અનુમાન થાય છે! દરેક વસ્તુના ગુણ દોષ બેય જાણ્યા વિના એકજ તરફનો વિચાર મનમાં ઠસ્યાથી એમ બને એ સ્વાભાવિક છે! માટે એ બા-બતમાં ઉંડા ઉતરી તમે તપાસ કરશો તો તમે હમણાં ધારો છ એટલા બધા એ દોષિત નથી, એમ તમારૂં પોતાનું હૃદય કબુલ કરશે!"

"ત્યારે દોષિત કોણ છે?" કમળ વિચારવમળમાં અથડાવા લાગ્યો!

"એમના સેવકોજ!" મનહરે ભાર દઇ જણાવ્યું. "તેઓજ આવા કામને ઉત્તે-

જન આપનાર છે! અને તેનું કારણ સદ્‌કેળવણીની ખોટ છે! જો આપણા આર્યબંધુઓ કેળવણીમાં આટલા બધા પછાત પડયા નહોત તો આવા અયોગ્ય બનાવ કદી બનતેજ નહીં! ખરેખર! આ સ્થિતિમાંથી મુકત થવાને સ્ત્રીઓને કેળવણી આપવાની જરૂર છે! કેળવણીની પ્રસાદી પામતાં તેઓ સારાસારને વિચાર કરી શકશે, સ્ત્રીધર્મનો પ્રભાવ જાણશે સત્યનો માર્ગ શોધવાની તેમને જીજ્ઞાસા થશે, અને એથી પોતાની મેળેજ તેઓ અનિતિને હૃદયના ઉંડાણમાથી ધીઃક્કારતાં શીખશે! ખરેખર! જયારે સ્ત્રી કેળવણીનો પ્રકાશ પડશે ત્યારેજ કૂકર્મોનો અંધકાર નાશ પામશે! જ્યાં સુધી એમ થયું નથી ત્યાં સુધી આપણે બીજા અસંખ્ય પ્રયત્ન કરીશું, પણ સર્વે નિષ્ફળ થશે! ભાઇ! એટલાજ માટે હું તો સ્ત્રીકેળવણીની વિરૂદ્ધ બોલનારા, અને તેનો ફેલાવો થતો અટકાવનારા ધર્માભિમાનીનું ડોળ ઘાલનાર દાંભિકોને આ ગુરૂઓ કરતાં હજાર ગણા વધુ દોષિત ગણું છું!"

કમળ ઉંડા વિચારમાં પડયો!

"અરે! હવે કેમ કરતાં તમારી આ બધી ફીલસુફી બંધ રાખશો કે નહીં!" મોતીરામ કંટાળીને વચમાં બોલી ઉઠયો, "'કાજીજી દુબળે કયું તો કે સારે ગાંવકી ફીકર,' તેમ તમને થયું છે! પણ ભાઇ! એમાં મારૂં ને તમારૂં શું જાય છે?! રડશે રાંડનો રવાળો! જે કરશે તે ભરશે! આપણને શું લાગે વળગે? કાંઇ સનાન કે સુતક? આવી ગમ્મત જોવાની છે તે તો જોતા નથી, ને નકામા ડહાપણ ડોળ્યા કરોછો તે તમારૂં માથું નથી દુઃખતું? પારકી પંચાત કરતાં તમને કંટાળો નથી આવતો? જાઓ મારા ભાઇ! ફોગટની કોઇની નિંદા કરી એ ટ્રે પાપ તમે શાં માટે ધુઓ છો? અરે! આમ જો ગામનાં બધાં લોકોની ચિંતા કર્યા કરશો તો દુનિયામાં રહી નહી શકો, સમજયા? હાલનાં સમયમાં તો આપ આપકી સંભાલીએ! ને એમ ન કરીએ તો હડસેલા ખાઇએ! ને કયા ખૂણામાં સડતા હોઇએ તેનો પત્તો પણ નહીં લાગે! માટે નકામી માથાકુટ કરવી છોડી દઇ મુંગા મુંગા જોયા કરોને! કે જેમ કાંઇ સુકરવાર વળે! એતો બધું એમજ ચાલે! દુનિયા છે! કંઇક કાળાં ધોળાં થયાજ કરે! ગામ હોય ત્યાં ઘેડવાડો પણ હોય! કળજુગનો સમય છે! એમજ હોય!" આમ કહેતાં તેણે બારીમાં દ્રષ્ટિ કરી.

"ખરેખર!" મનહરે જણાવ્યું, "એમજ છે! ભાઇ! એ બધી કળિયુગની બલિહારી છે! ટુંકમાં બધી સંસારની વિચિત્રતાજ સમજવી! ને આપણે પણ એમજ માની મન વાળવું! બીજું શું?"

"લે!" બારીમાંથી નજર ફેરવી જાણે ગુસ્સે થયો હોય એવું ડોળ ઘાલી બોલી ઉઠયો, "આ તમારા પાપમાં મ્હારી બધી ગમ્મત ગુમાવી! તમારૂં ડહાપણ સાંભળતાં અહિંઆ બારી બંધ થઇ ગઇ!"

"હેં? બારી બંધ થઇ ગઇ શું?" બારી આગળ આવતાં મનહરે પૂછયું. "આપણી વાતો સાંભળી તો નહી હોય?"

"સાંભળી હોય તો શું કરવાનાછે? આપણા કાન તો નથી કાપી લેવાનાને?" મોતીરામે જણાવ્યું, ને કમળનો હાથ ખેંચી તેને વિચારમાંથી જાગૃત કરતાં તેને કહ્યું, "કેમ, કમળ! આટલા બધા શા વિચારમાં ગુંથાઇ ગયા છો? કોઇનું રાજ બાજ લેવાની બાજી તો નથી રચતાને? કંઇ એવું તેવું હોય

તો અમને પણ કહેજે યાર! એકલપેટા થતા નહીં, સમજ્યા?"

"આ મોતીરામને તો આખો દહાડો મશ્કરી કરવાનું સુઝેછ!" કમળે સહાસ્ય કહ્યું.

"હવે! મશ્કરી કરવાનું સુઝેછ તો આ ચાલ્યા!" જાણે ગુસ્સો લાગ્યો હોય તેમ મીજાજમાં કુદતાં મોતીરામ બોલ્યો, "તમને નથી પરવડતું તો અહિંયાં બેઠા વગર પણ કોને અટકી રહ્યુંછ? જાઓ, મારા ભાઇ! આમ અહેવા શું થાઓ છો!"

"હવે બેસોને! ચાલ્યા કયાં? આપણે બેય સાથે જઈશું!" તેનો હાથ પકડી જતો અટકાવતાં કમળે હસતાં હસતાં કહ્યું.

"હવે બેસને જવાય છે! એટલી બધી ઉતાવળ શું આવીછ? ભાભી સાહેબ ઘેર વાટ નહી જોતાં હોય! જરા વાર તો બેસ!" તેને ખુરસીપર બેસાડતાં મનહરે સહાસ્ય કહ્યું.

"નહીંરે! હવે હું જઇશ! 'વાતમાંને વાતમાં લલ્લુભાઇએ ભરૂચ ગુમાવ્યું' તેમ થશે! સાત વાગી ગયા તેનો કંઇ વિચાર છે! મારે ઘેર તો વાળુ કરવાની રાહ જોતા હશે? ચાલો કમળ આવતા હો તો નાકા સુધીનો સંગાત થશે! અરે હું ભુલ્યો! તમારે તો મામાને ત્યાં જવું હશે! ઠીક બેસો ત્યારે! ચાલ મનહર, હું જઇશ! કાલે સાંજના મળશું! સાહેબજી કમળ!" આમ કહી મોતીરામ પોતાને ઘેર ગયો.

મનહરે કમળને દીલગિર થવાનું કારણ પૂછતાં તેણે કેશર વિષેની સર્વ વાત તેને કહી, મનહર ગંભીર થયો! "વારૂ! પણ આ ડોસી આ કેશરની કાંઇ સગી હોવી જોઇએ?" તેણે પૂછ્યું.

"હાં!" કમળે જવાબ આપ્યો, "દયાળદાસના પિત્રાઇ ભાઇની વિધવા! ગરીબ હોવાથી કેશરની બાજુમાંજ ઓરડી ભાડે રાખી રહી છે, ને જેમ તેમ પોતાનું ગુજરાન ચલાવે છે! દયાળદાસનાં ઘરમાં એનું ચલણ જરા સારૂં છે, ને કેશર એને સારૂ કહી બોલાવે છે! ખરેખર! એ દુષ્ટ કસ્તુર ડોસીજ આ અણસમજુ સ્ત્રીને આડે રસ્તે ઉતારનાર છે!" તેનાથી વધારે બોલાયુ નહીં! અવાજ દબાઇ ગયો! તેની મતી મુંઝાઇ! નિર્જીવ પુતળાંપેરે ખુરસીપરથી ઉઠી બારીમાં જોયું! બારી બંધ જોઇ પાછો ખુરસીપર બેઠો! હૃદય જડ થયું! આંખ સ્થિર થઈ ગઇ! કંઇ ભાન રહ્યું નહીં! કંઇક બકયો! મુખમાંથી ચાર પાંચ શબ્દો નિકળ્યા, અને છેવટે બેશુદ્ધ થઇ તે ખુરસીપર ઢળી પડયો તેનાં ચક્ષુ મીંચાઇ ગયાં!

વાંચનાર! આ શું? તેની આવી સ્થિતિ શા માટે થઇ? આટલી બધી અસર તેનાં હૃદયપર શેની થઇ? તેણે એવું તે શું જોયું હતું? વિચાર કરો—જરા ઉંડાણમાં ઉતરી નજર કરો—હૃદયમાં ઇશ્વરી અંશ હોય—કંઇ લાગણી હોય તો એ દિવ્ય હૃદય ચક્ષુએ જુઓ—અને ત્યાર પછી સંસારને જુઓ! શું જણાય છે? કંઇ વિચિત્રતા દ્રષ્ટિએ પડે છે? સંસાર કેવો છે તે હૃદયનો દૈવી અવાજ કાંઇ કહે છે? તેનો પ્રત્યાઘાત કયાંય સંભળાય છે? પ્રત્યુત્તર આપશો?!

---

## પ્રકરણ ૮ મું.

### નાટયગૃહ—સંકટનું સાધન.

ખરેખર! આગલાં પ્રકરણના બનાવે કમળનાં પવિત્ર અંતઃકરણમાં બહુ દુઃખ ઉત્પન્ન કીધું! કંઈ કંઇ યાદ કરતો સ્હેજ સ્હેજમાં દીલગિર થવા લાગ્યો! તેની દીલગિરી દૂર કરવા મનહરે ઘણાં પ્રયત્ન કીધા ને છેક રાત્રીના સાડાઆઠ વાગેં તેનું લક્ષ બીજી બાબતમાં રોકી તેને આનંદ પમાડવાની ઇચ્છાએ પોતાની ગાડી જોડાવી, પોતાના એક સ્નેહિની નાટક મંડળી તરફથી એક નવો પ્રયોગ તે રાત્રીના ભજવવાનો હતો, ત્યાં તેને પોતાતાની સાથે લઇ ગયો. નાટકશાળા આગળ ગાડી આવી પહોંચતાંજ, ગાડીમાંથી ઉતરી તેઓ સ્ટેજપર ગયા. કંપનીનો મેનેજર, એ તેમનો મિત્ર હતો, તે ત્યાં એક ખુરસીપર બેઠો બેઠો એક પાત્રને કંઇ સુચના કરતો હતો, તેણે દ્વાર ઉઘડતાં પાછળ ફરી જોયું, અને તેમને જોઇ આવકાર આપવા ખુરસીએથી ઉઠી તેમને માટે ખુરસીઓ લાવવાને પાસે ઉભેલ નોકરને આજ્ઞા કરી. કમળને જોતાંજ તે બોલ્યો. "કમળકાન્ત! તમારી આ ગરિબપર આજ કાલ કૃપા નથી! તમારા દર્શનનો લાભ આજ કેટલે દિવસે મળ્યો! ખરેખર! તમને જોઇને હું બહુ ખુશ થયો છું!" આટલું બોલી તેણે પાસે ઉભેલ નોકરને કહ્યું. "બીજી ટકોરી મારો!" તરતજ પેલા નોકરે તેની આજ્ઞા પ્રમાણે કર્યું.

"લ્યો મનહરભાઇ!" મેનેજર પાસે પડેલ પાનની પેટી તેમની આગળ મુંકતાં બોલ્યો, "પાન તો ખાઓ! કેમ કમળ! તમારે માટે પાણી મંગાવું?"

"નહિ! જરૂર નથી!" કમળે જવાબ આપ્યો, અને પાન હાથમાં લીધાં.

"બેસો તમે પાન ખાઓ! હું તમારે માટે જગ્યાની ગોઠવણ કરી આવું!" ખુરસીએથી ઉઠતા મેનેજરે કહ્યું, ને બ્હાર જઇ ત્રણેક મિનિટમાં પાછો ફર્યો.

"પહેલીજ લાઇનમાં બે ખુરસીઓ તમો માટે રાખી છે?" તેણે કહ્યું, "કમળ! જાઓ બેસો! હમણાં પડદો ઉપડશે!"

એટલામાં ત્રીજી ટકોરી પડી અને પ્રેક્ષકોની હર્ષ ગર્જના વચ્ચે પડદો ઉઘડયો, ને ખેલ શરૂ થયો. મેનેજર કામના અતિશય રોકાણમાં હોવાથી તેને વધુ વખત વાતચીતમાં રોકવો યોગ્ય ન ધારી થોડા વખત પછી કમળનો હાથ ઝાલી મનહર ઉઠી બ્હાર ખેલ જોવા ગયો. તેઓ ઓરચેસ્ત્રામાં આવ્યા. આ વખતે એ પ્રવેશનું છેલ્લું સુત્રધારનું ગાયન તેમને કાને પડયું.

"જલનિધિના મધ્યેથી,
"દ્વીપાંતરથી દિગંતમાંથી તો;
"અનુકૂળ વિધિ આણી દે,
"અભિમતનો ઝટ સુયોગ દૂરથી તો."

ગાયન સમાપ્ત થતાં કમળને કંઇક અસર થઇ, અને આનંદાવેશમાં આવતાં તે મનમાં બબડયો; "હા! એ પણ ખરૂં! સ્ત્રિ પુરૂષનું જોડું કેટલે દૂર છતાં વિધિના પ્રાબલ્યથી કેવી અદ્‌ભૂત રીતે સંધાય છે! કોની પુત્રી? કોનો પુત્ર? વળી એમાં પ્રેમ! પ્રેમ તે વળી શું? સંસારિક! એ પણ વિધિનોજ પ્રભાવ તો!" કમળ વિચારમાં પડયો!

કમળની પાસેની ખુરસીપર એક યુવાન બેઠેલો હતો, તેણે આ તેનું ગણગણવું સાંભળી તેની તરફ જોયું. તે હસ્યો—કમળની મુખમુદ્રા તરફ થોડી વાર જોઇજ રહ્યો. કમળને પોતે ઓળખતો હોય એમ તેને કંઇક ભાસ થયો. ક્ષણ વાર તે શંકામાં રહ્યો, પણ બે મિનિટમાં તેની સ્મરણ શક્તિએ તેની શંકા દૂર કરી, ને કમળનો હાથ ઝાલી તે બોલ્યો, "કેમ મીo કમળકાન્ત મને ઓળખો છ કે ?"

પોતાના હાથને આમ સ્પર્શ થતાં તથા પોતાનું નામ અન્યનાં મુખમાંથી સાંભળતાં કમળ ચમક્યો—વિચારમાંથી જાગૃત થયો, અને પોતાને બોલાવનાર પુરૂષ તરફ જોવા લાગ્યો. ક્ષણમાં તે તેને ઓળખી શક્યો, અને આનંદમાં આવતાં તેની સાથે 'શેક હેન્ડ' કરતાં બોલ્યો, "ઓહો ! મીo જયકર ! તમને નહિ ઓળખું ? તમે મારી પાસે બેઠા છો તેનું તો મને ભાનજ ન રહ્યું ! તમે અહિં ક્યાંથી નીકળી આવ્યા છો ?"

"આજે રજાનો દિવસ હોવાથી મ્હારાં બ્હેન સાથે આવ્યો છું !" જયકરે જણાવ્યું.

"તમે તો ભાઇ, હમણાં બહુ મ્હોટા લાગો છો !" તેની મુખાકૃતિ તરફ જોતાં કમળે જણાવ્યું, "આજ આપણે કેટલે વર્ષે મળ્યા ! હુ ભૂલતો ન હોઉં તો પાંચ છ વર્ષ થવા આવ્યા હશે ! એટલો બધો સમય ક્યાં અદૃશ્ય થઇ ગયા હતા ? મુંબઇમજ હતા કે કાંઇ બ્હાર ગામ ગયા હતા ?"

"હા, બ્હાર ગામજ ગયો હતો." જયકરે જવાબ આપ્યો. "સ્કુલમાં તમારાથી છુટા પડયા પછી હું અજમેર જઇ રહ્યો હતો, અને હાલ થોડા વખતથીજ અહિંયા આવેલો છું !"

"ત્યારે હાલમાં તમારો અભ્યાસ કેટલે સુધી આવ્યો છે ?" કમળે પૂછ્યું, "હું ધારૂંછ કે તમે મેટ્રીકની પરિક્ષા તો પસાર કરી હશેજ ?"

"હા ! ગયે વરસે અજમેરમાંજ ! હવે તો અહિંજ રહેવું છે !" જયકરે જણાવ્યું.

"અભ્યાસ આગળ ચાલુ કરવાની ઉમેદ છે કે ?" કમળે સહાસ્ય પૂછ્યું.

"અલબત ! અભ્યાસ શા માટે બંધ પાડીશ !" જયકર ભાર દઇ બોલ્યો, "એલફીનસ્ટન કાલેજમાં દાખલ થયો છું !"

"ત્યારે તમે તો ઘણી સરસ રીતે તમારો અભ્યાસ લંબાવી શક્યા !" કમળે કહ્યું, "ખરેખર ! તમારી એ ફત્તેહ માટે મને અત્યંત હર્ષ થાય છે ! ભાઇ, હું તો ત્યારે તમારી પાછળ પડી ગયો !"

"મેટ્રીકમાં પસાર થવું એમાં કાંઇ મ્હોટી મુસ્કેલી નથી !" જયકરે જણાવ્યું, "પણ કમળ ! તમે એથી નિરાશ થઇ અભ્યાસ છોડી દેતા નહિ ! એક વાર ફત્તેહ ન પામ્યા તેથી નાસીપાસ થઇને અભ્યાસથી કંટાળતા નહિ ! જરા ખંતથી પાછળ પડશો તો અભ્યાસ એક નજીવી વસ્તુ સમાન છે ! જુઓ ! અજમેરમાં અભ્યાસ અને આનંદ એ બે શિવાય બીજુ કંઇ પણ હું સમજતો નહોતો ! નહીં કંઇ જંજાળ કે પીડા ! ખરેખર ! આપણી આ વયમાં અભ્યાસ એજ આપણું કર્તવ્ય છે ! ને તે પાર પાડવાને જો આપણા માતપિતા તરફથી આપણને પુરતી સગવડ મળે, અને આપણે સંસારની પ્રપંચી લાગણીથી મુક્ત રહીએ, તો આપણો અભ્યાસ સ્હેલથી ફત્તેહમંદી સાથે આપણે આગળ વધારી શકીએ ! મારી આટલી ઉમ્મર થઇ

તોપણ ઘર શું છે તે હું કાંઇ પણ સમજતો નથી! હવે અનાયસે હું સંસાર વ્યવહારમાં પરોવાતો જાઉં છું, અને તેથી દિવસે દિવસે મારો આગલો આનંદ જતો રહેતાં, દુઃખ અને દિલગિરીનો ભાસ થાય છે! માતુશ્રીને સ્વર્ગવાસ થયે આજ લગભગ પાંચ છ વર્ષ થયાં તે દિવસે મને કાંઇ લાગ્યું નહોતું, પણ હવે મને એ માતાની ખોટ અતિશય સાલે છે! બ્હેન સુશીલા પિતાશ્રી અને હું અને નોકરો શિવાય ઘરમાં બીજું કોઇ નથી! પિતાશ્રી તો આખો દિવસ કોર્ટમાં રોકાયલા હોય! હું પણ કોલેજમાં જાઉં, એટલે બહેનને આખો દહાડો ઘરમાં એકલાં રહેવું પડે! કમળકાન્ત! મ્હારી તમને શું વાત કહું! દિન પ્રતિ દિન મ્હારી સ્થિતિ બદલાતી જાય છે! સંસાર ઉપાધિના પ્રથમજ દર્શન મને બહુ દુઃખકારક થઇ પડયાં છે!" આટલું બોલતાં તેનાં મુખમાંથી નિરાશાનો ઉદ્‌ગાર નિકળ્યો.

"જયકર!" કમળ મંદહાસ્ય સહિત બોલ્યો, "તમે તમારે હાથે કરીને તમારે માથે જંજાળ વ્હોરી લેતા હો એમ હું ધારૂં છું! નહિં તો તમને ઘર સંબંધી ચિંતા વળી શા માટે હોય! તમારે માથે તમારા મુરબ્બી બાપુ છે, તે પણ સમજુ અને વિદ્વાન છે, એટલે તે પોતેજ તમને ગૃહ સંસારના પ્રપંચમાં પ્રવેશ કરવા દીયેજ કેમ?"

"કમળકાન્ત!" જયકરે જણાવ્યું, "મુરબ્બી પિતાશ્રી ઘરની જંજાળમાં મને પડવા ન આપે એ વાત તો ખરી, પણ જુઓ, ધંધાનાં રોકાણને લીધે એમનાથી કાંઇ ઘરની ખટપટમાં ભાગ લેવાય એ તો કેવળ અશકય જ છે! એટલે અમારાં માતુશ્રીનાં મૃત્યુ પછી ઘરનો સર્વ કારભાર મ્હારાં બ્હેન સુશીલા એકલીને માથેજ આવી પડયો. હવે એ બિચારાં સંસાર વ્યવહારમાં તે શું સમજી શકે? જેટલું હું જાણું તેટલું એ જાણે! જંજાળથી મ્હારૂં મન દૂર રાખવાને હું બહુ પ્રયત્ન કરૂં છું, પણ મન વળતું નથી ભાઇ! ભાઇ, હવે મ્હારી તો એવી સ્થિતિ થઇ છે! મને બીજી કશી ચિંતા નથી, પણ માત્ર આ મ્હારાં બ્હેન સુશીલા માટે મને અત્યંત દુઃખ થાય છે!—" આમ કહેતાં તેણે પોતાની બાજુમાં બેઠેલ પોતાની યુવાન બ્હેન તરફ આંગળી કરી.

કમળે પણ તેણીની તરફ જોયું, પણ ક્ષણ વારમાં નજર ખસેડી, જયકર સાથે વાતમાં ભેળાયો. જયકરનું બોલવું ચાલુજ હતું.

વાંચનાર! નાટક તો નાટકને ઠેકાણે રહ્યું, અને આ બાલ્યસ્નેહિ યુવાન રૂપમાં મળતાં, અત્યંત હર્ષ સહિત આગલી પાછલી યાદ કરતા વાતોમાં ગુંથાતાં, પ્રવેશ પર પ્રવેશ એક પછી એક પસાર થઇ ગયા, પણ તેનું તેમને કંઇ ભાન રહ્યું નહીં. મનહર નાટકના રસમાં લીન થઇ જવાથી તેમની વાતચીતપર લક્ષ આપી શકયો નહિં, પણ પ્રથમ અંકનો છેલો પ્રવેશ ચાલતો હતો તેમાં વધુ રસિક ભાગ આવતાં તેણે કમળનું ધ્યાન તે તરફ ખેંચ્યું. કમળ પણ રસમાં લીન થયો! તેનાં મનપર કાંઇ જુદીજ અસર થઇ! તે ધ્યાન દઇ નાટક જોવા લાગ્યો. આખા પ્રવેશમાં શૃંગારરસ પ્રાધાન્ય હોવાથી પ્રેક્ષક વર્ગનાં અંતઃકરણ પણ ભેદાયાં. સર્વ રસમાં લદબદ થઇ ડોલવા લાગ્યાં. આ પ્રમાણે રસ છેક ટોંચપર આવતાં પ્રથમ અંક સમાપ્ત થયો, અને પડદો પડયો, ઘણાક પ્રેક્ષકો બ્હાર નીકળવા લાગ્યા, મનહર અને કમળ પણ ઉઠયા.

"કેમ ભી૦ જયકર !" ઉઠતાં ઉઠતાં કમળે કહ્યું. "મ્હાર આવોછ કે અહિયાંજ બેસી રહેવું છે ?"

"હું તો બેઠો છું !" જયકરે જવાબ આપ્યો, "તમે પણ બેસોને ! મ્હાર ક્યાં જશો ?"

"ઠીક ત્યારે બેસો ! હું હમણાં આવું છું !" આમ કહી કમળ ને મનહર સ્ટેજ પર ગયા.

આઠેક મીનિટમાં કમળ ત્યાં પાછો આવી જયકર સંગે વાતમાં ગુંથાયો. વાત કરતાં જયકરનાં મુખમાંથી તેની બ્હેન સુશીલાનું નામ વારંવાર આવતાં કમળનું લક્ષ તે ણીની તરફ ખેંચાયું. તેણીને જોતાંજ તેનાં હૃદયમાં વિચિત્ર અસર થઇ ! તે તેણી તરફ ધારી ધારીને જોવા લાગ્યો, પણ એટલામાં ત્રીજી ટકોરી થવા સાથે પડદો ઉપડયો, અને બીજો અંક શરૂ થયો. કમળની દ્રષ્ટિ તે તરફ ફરી, પણ તેનું મન સુશીલા તરફજ ખેંચવા લાગ્યું. મહા મહેનતે તેણે મનનો વેગ દબાવવા પ્રયત્ન કર્યો. ફરી જયકર સાથે વાતે વળગ્યો, પણ મન વશ રહ્યુંજ નહી ! હૃદયમાં પોતાને માટેજ ધીઃક્કાર છુટયો, અને તે સ્થળે વધુ વાર રહેવું યોગ્ય ન ધારી ત્યાંથી ઉઠયો ! તેને આમ એકાએક જતાં જોઇ જયકરે પૂછયું, 'કેમ વળી ક્યાં ચાલ્યા ?'

"હમણાં આવું છું !" જતાં જતાં કમળ બોલ્યો, "મેનેજરને કાંઇ કહેવું છે !" આમ કહેતાં તે સ્ટેજપર ગયો, ને મનહરને શોધવા લાગ્યો. દરેક વીંગ તપાસી પણ ક્યાંઇ મનહર જણાયો નહી. પાત્રોને શૃંગાર સજવાની દરેક ઓરડી જોઇ વળ્યો; પણ માં પણ તેનો પત્તો લાગ્યો નહી, એટલામાં મેનેજર તેને સામો મળ્યો, તેણે પૂછયું. "કેમ કમળકાન્ત ! કોને જુવો છો ? મને શોધતા હતા શું ?"

"ના !", કમળે જણાવ્યું, "પણ મનહરભાઇ કયાં છે ?"

"અરે એ તો મ્હારા ઓરડામાં સ્વસ્થતાથી નિંદ્રા લે છે !" મેનેજરે સહાસ્ય જણાવ્યું, "જાઓ ત્યાં છે, ત્યાં !" આમ કહી મેનેજર ત્યાંથી ચાલ્યો ગયો.

કમળ મેનેજરના ઓરડામાં ગયો તો ત્યાં ખરેખર, મનહર પોતાનો ડગલો ઉતારી ને એક આરામ ખુરસીપર નિંદ્રાવશ થયેલ હતો. તેને નિંદ્રામાંથી જાગૃત કરવો એ પણ કમળને યોગ્ય લાગ્યું નહીં. 'હવે શું કરવું !' એ તેને કાંઇ સુઝયું નહી ! આમ તેમ ઓરડામાં ત્રણ ચાર ફેરા માર્યા— થોડી વાર બારીમાંથી મ્હાર મેદાનમાં દ્રષ્ટિ કરી, પણ તેને લેશ પણ ચેન પડયું નહી ! પાસે ટેબલપર પડેલ કુચમાંથી એક પ્યાલામાં પાણી લઇ મ્હોં ધોઇ, થોડું પાણી પીધું, પણ તેને લેશ પણ શાંતી થઇ નહીં ! તેનું મગજ ભમવા લાગ્યું ! તે વિચાર શુન્ય થઇ ગયો, અને તરતજ મૂઢની માફક પાછો પોતાને સ્થાને આવીને બેઠો !

"કમળ ! આગલો પ્રવેશ બહુજ રસિક હતો !" જયકર તેની સાથે વાતે વળગ્યો, "ખરેખર ! વિદુષકનો વેશ ભજવનાર પાત્ર બહુ ચાલાક છે ! અરે મ્હારાં બ્હેન તો પેટ દાબી દાબીને હસતાં હતાં !"

"બ્હેન" શબ્દ તેના મુખમાંથી નીકળતાંજ કમળનાં મનનો વેગ પાછો દોડયો ! તેની દ્રષ્ટિ અનાયાસે અથવા તો મનના ખેંચવાથી સુશીલા તરફ ગઇ, એટલામાં તેમની

પાછળની હારમાં બેઠેલ એક પુરૂષે તેણીનાં હાથમાં પાનની બીડીઓ આપી, જેમાંથી તેણીએ એક બીડી પોતાના ભાઇને આપી, અને બીજી કમળને આપવા પોતાનો ગૌર વર્ણનો કોમળ હાથ તેની તરફ લંબાવ્યો. **કમળે** તે લેવા પોતાનો હાથ અચકાતાં અચકાતાં સ્હેજ આગળ કર્યો, પણ ક્ષણમાં પાછો ખેંચી લઇ, જાણે પોતે કંઇ જાણતોજ ન હોય તેમ નાટક તખ્તા તરફ દ્રષ્ટિ ફેરવી નાંખી. તેની આ ચાલથી **સુશીલાને** પોતાનું કંઇક અપમાન થયું હોય એમ લાગ્યું, પણ તે પ્રગટ ન કરતાં તેણી કાંઇ દ્દઢ નિશ્ચયપર આવી હોય એમ તેણીની લાવણ્યસંપન્ન મુખમુદ્રાપર ભાસ થયો. વાંચનાર ! આ સર્વ ક્ષણ માત્રમાંજ બન્યું, અને પટી આપવાને લાંબો કરેલ હાથ એમજ રહેવા દઇ તેણીએ આ પ્રથમ વારજ **કમળને** બોલાવ્યો, " **કમળકાન્ત** ! આ પાન લ્યો ! "

મધુર બારીક અવાજ **કમળને** કાને અથડાતાં તેણે ફરીને તેણી તરફ જોયું ! **સુશીલા** તથા તેની દૃષ્ટિ એક થઇ ! મંદહાસ્યથી છવાયલી મુખાકૃતિએ મનપર ફરી અસર કરી ! હાથ પોતાની મેળે આગળ આવ્યો ! સાથે ક્ષણ વાર તેણીનાં કોમળ હસ્તનો સ્પર્શ થયો ! દૃષ્ટિ સ્થિર ટકી શકી નહી ! પાનની બીડી મ્હોંમાં મુકવા જતાં હાથમાંથી સરી પડી ખુરસી નીચે પડી ગઇ, તે ઉંચકવા નીચો વળ્યો ! **સુશીલા** તેની આ સર્વ ચેષ્ટા નીહાળતી હતી. **કમળ** પાનની બીડી ઉપાડયા વિનાજ સીધો બેઠો ! અનાયાસે તેની દૃષ્ટિ **સુશીલા** તરફ ફરી, એટલે તેણીએ મૃદુ હાસ્યથી કહ્યું, " કેમ બીડું પડી ગયું શું ? કંઇ નહી ! લ્યો, હું બીજુ આપું છું." આમ કહેતાં તેણીએ પાછળ બેઠેલ પેલા નોકર પાસે પાનની ચમચી લીધી, અને કમળ તરફ વારંવાર દૃષ્ટિ કરતાં પોતાને હાથેજ એક નાજુક બીડી બનાવી કમળના હાથમાં આપતાં કહ્યું " લ્યો ! હવે સંભાળજો ! જોજો પડી ન જાય ! તંબાકુ ખાશો કે ? "

કમળે પટી લીધી પણ તે નખાતાં પોતાના હાથમાંજ રાખી.

" કેમ ? પાનમાં ચુનો તો વધારે નથી પડી ગયો ને ? " **સુશીલાએ** આતુરતાથી પૂછ્યું.

" અરે આ યુવતિ આટલી બધી છુટ શા માટે લેતી હશે ? આમ મર્યાદાનું છેક ઉલંઘન કરી મારી સંગે કેમ વર્તતી હશે ? વાંચનાર ! ક્ષણ માત્ર કમળનાં મનમાં ઉપલા વિચાર આવ્યાં ! **સુશીલા** ઉપર તેને ધીઃક્કાર છુટયો, તિરસ્કાર યુકત નજરે તેણીની તરફ તેણે જોયું, પણ તરતજ તે વખતે યાંત્રિક યત્નની માફક **કમળની** આંખ કંઇ જુદાજ રૂપમાં ફેરવાઇ ગઇ ! **સુશીલાના** મુખપર **કમળને** જોતાં આવેલ પ્રેમચિન્હ મંદહાસ્યનું પ્રતિબિંબ કમળનાં મુખપર પડતાં વાર ન લાગી ! **સંકટનું સાધન** થયું ! સંસારમાં સંધાસતા અને એક પળ માત્રની નબળાઇમાં પોતાનું પ્રબળ વધાર્યું ! કમળ અને સુશિલાની દ્રષ્ટિ વારંવાર એક થવા લાગી ! કમળ આ સમયે કાંઇ નવીનજ સ્થિતિ અનુભવવા લાગ્યો ! નાટક પુરૂં થયું. પ્રેક્ષકોનું ટોળું નાટય ગૃહ છોડી વીખેરાવા લાગ્યું. વીકટોરીઆ વિગેરે ભાડાની ગાડીઓની દોડધામ ચાલુ થઇ. જયકરની બ્રુમ ગાડી તેનો નોકર નાટકશાળાના દરવાજા આગળ લઇ આવ્યો. **સુશીલા** અને **જયકરે** તેમાં પોતાની બેઠક લીધી. ગાડીમાં બેસતાં પાસેજ ઉભેલ **કમળને** પાછું મળવાનું કહેતાં તેણે શેકહેન્ડ કરી,

અને સુશીલાએ પ્રવાળાસમ ચળકતા ઓષ્ટ પર નાજુક તર્જનિ મુકતાં ચપળ ચક્ષુથી સાંસારિક મોહમંત્ર મુક્યો ! કમળના મુખપર મંદહાસ્ય આવ્યું ! ગાડી ઉપડી ! કમળ ગાડી પાછળ નજર કરતો ત્યાંજ ઉભો હતો, એટલામાં પુર વેગથી પસાર થતી એક લેન્ડો ગાડીએ કમળાનું ધ્યાન એંચ્યું. તે કંઇક શંકામાં પડયો, દોડતી ગાડી પાછળ દોડ્યો ! ખુલ્લી બારીમાંથી અંદર નજર કરતાં તેણે કેશર અને એક પુરૂષાકૃતિ જોયાં ! "કોણ કેશર ? પણ સાથે આ પુરૂષ કોણ ? આજેજ આ પુરૂષને કયાંઇ દીઠોછ ખરો ! રખેને મહારાજ તો ન હોય ?" આમ શંકા કરતો કમળ ત્યાં સ્થિર ઉભો રહ્યો ! ગાડી વીજળી વેગે ત્યાંથી અદ્રશ્ય થઇ ગઈ !

---

## પ્રકરણ ૯ મું.

---

### સ્નેહ વિરૂદ્ધ લોકવ્યવહાર.

રાત્રીના નવેક વાગ્યાનો સમય થયો હતો. આ વખતે વીઠલવાડીમાં આવેલ એક ઘરમાં બીજે માળે વસતાં મનુષ્યોમાં આજે મ્હોટો આનંદ પ્રસરી રહ્યો હતો. એક ઓરડામાં સુંદર વસ્ત્રાભુષણ સજી કેટલીક સ્ત્રીઓ હર્ષથી લગનપ્રસંગના માંગલિક ગીતો ગાતી બેઠી હતી. બીજી તરફની ઓરડીમાં કેટલાંક ગાઠડાં પોટલાંનો એક મોટો ઢગલો પડયો હતો, અને બીજે વધારે સામાન બાંધવાને કેટલાક પુરૂષો દોડધામ કરી રહ્યા હતા. કોઇ પેટી પટારાઓને દોરડાં વતી મજબુત એક બીજા સાથે બાંધતા હતા. એક ગંભીર વૃદ્ધ પુરૂષ એક ગાદીપર બેઠો બેઠો નોકરોને આસપાસ પડેલ સામાનની વ્યવસ્થા કરવાની વારંવાર સલાહ આપતો, પાસે પડેલ પેટી ઉપર રૂપીયા ગણી ગણીને મુકતો આનંદમાં જણાતો હતો. આ સમયે તેની પાસેના એક ઓરડામાં કાંઇ જુદોજ બનાવ બનતો હતો. આ ઓરડો અભ્યાસ કરવાનું સ્થળ હોય એમ જણાતું હતું. એક બાજુએ એક નાજુક સુંદર ટેબલપર કેટલીક અંગ્રેજી તથા ગુજરાતી ચોપડીઓ પડેલી હતી. એક ભલુકાદાર સુશોભિત ચીમનીની રોશનીનો ત્યાં પ્રકાશ પડતો હતો. બે ત્રણ ખુરસી તથા એક કોચ અને એક આરામખુરસી ત્યાં હતાં. કોચ ઉપર એક બાજુએ એક યુવાન અઢેલી પગ પર પગ ચઢાવી બેઠો હતો. તેનાં વિશાળ કપાળમાં કંકુનું લાંબુ શુભ ચિન્હ હતું. તેની પાસે તેની સમાન વયનો બીજો યુવાન તેના ગોઠણપર માથું ટેકવી તેનો હાથ પોતાની છાતીપર દાબી બેઠો હતો, તે દબાયલે અવાજે બોલ્યો, "હરસુખ ! તમે સમજુ છો, એટલે તમને વધુ શું કહું !"

"શું ત્યારે તમે નહીંજ આવો, કમળ ?" તેણે આતુરતાથી કમળ તરફ નજર કરી કહ્યું.

"ભાઇ, કેવી રીતે આવું ! આપણી ગ્નાતીમાં કેટલાક નજીવા સરખા વ્યવહાર પણ કેવા દુઃખરૂપ થઇ પડયા છે તે કાંઇ તમારાથી અજાણ્યા નથી ! આપણી ગ્નાતીના દરેક વડીલોને હુંપદ કેટલુ છે તે તમે કયાં જાણતા ! અને તેથી—"

"તેથી શું ?"

"તેથીજ હું તમારી પાસે માગી લઉં છું કે, તમે મને વધુ આગ્રહ ન કરો ! જગતના જુઠા વ્યવહારિક પ્રપંચો આગળ આપણી

તમારી સાથે મારા આવવા સંબંધી મારા મુરબ્બીઓ વાંધો લેશે !"

"શું વાંધો લેશે ?"

"તમે જાણો છો કે, મારે ત્યાં આવોજ માંગલિક પ્રસંગ હતો તે વખતે તમારા વડિલ ભાઇ અથવા તમે કે તમારા કુટુંબમાંથી કોઇ પણ મારે ત્યાં આવ્યું નહોતું !"

"હશે !" હરમુખ ગંભીર થયો ! "પણ હું ખાત્રીપૂર્વક કહું છું કે, તેથી આપણા સંબંધમાં આ પ્રસંગે તમારા બાપુ લેશ પણ વાંધો લેશે એમ બનવું કેવળ અસંભવિત છે ! આપણા બેય વચ્ચેનો સ્નેહ અને પરીચય શું તેમનાથી અજાણ્યો છે ? કમળ ! મારી સાથે આવવાને તેઓ તમને કદી પણ મનાઇ કરનાર નથી ! તમારો આવવાનો વિચાર નથી એટલે તમે પોતેજ આવા ખોટાં બ્હાનાં કાઢો છો !"

"ભાઇ ! તમને આટલું સમજાવ્યા છતાં પણ છેવટે મારાપર જ દોષ મૂકો છો કે? શું તમે એમ ધારો છો કે, તમારો વિયોગ થતાં એક ક્ષણ હું આનંદી રહીશ ? તમારા ગયા પછી મારી સ્થિતિ કેવી દુઃખી થશે તે તમે કયાંથી જાણી શકો !"

"ત્યારે આપણા સ્નેહ વચ્ચે લોકવ્ય વહાર આણવાની શું જરૂર છે?"

"અરે ! પણ એ સ્નેહને તો આપણા મુરબ્બીઓ છોકરાવાદ માને છે !" કમળ મંદ હાસ્ય સહિત બોલ્યો, "એ તો વિનાકારણ બે ઘડિના ઢોંગ છે' એમ કહી તેઓ આપણને હસી કાઢે છે !"

"હસે તો ભલે હસવા દ્યો ! આપણું અંતઃકરણ તો માનેછ ના ! તોપણ આ પ્રસંગે તમારા બાપુ તમને ન મોકલે એ હું માનુંજ નહી ! તમે પોતાની મેળેજ ના પાડો છો ! એવું તે તમને હાલ અહિં શું કામ છે ! ભાઇ ! હવે આનાકાની કરવી છોડી દેજો, ને કાલે ચાલવાની તૈયારી કરજો !"

"આટલું આટલું સમજાવ્યા છતાં પણ છેવટે હજી મારે માથેજ દોષ મુકો છો કે !"

"ત્યારે શા માટે ના પાડો છો ?"

"શા માટે ! કારણ તો તમને જણાવ્યું—"

"એ કારણ માનવા યોગ્ય નથી !"

"એથી વધુ સબળ કારણ તે શું બતાવું ? ભાઇ, બીજો કાંઇ પણ વાંધો નથી !"

"વાંધો નથી તો પછી શું છે ? તમારા અભ્યાસમાં કદાચિત ખલલ પડશે એમ ધારીને તો તમે ના નથી પાડતા ના ? શાળા ઉઘડવાને તો હજી એક માસનો સમય બાકી છે !

"નહી, નહી ! અભ્યાસમાં શું ખલલ પડશે ! વળી અભ્યાસ તો હું કેવો કરૂં છું તે તમે કયાં નથી જાણતા ? ભાઇ, જો મારા વડિલો તરફથી મને કાંઇ પણ હરકત ન હોત તો હું તમારી સાથે આવવાને અત્યંત રાજી છું !"

"પણ શું ત્યારે તમે નહીંજ આવો ?" આંખમાં આવતાં ઝળઝળીયાં અટકાવતાં હરમુખે કહ્યું, "કાલે સ્ટીમરમાં મારી કેવી સ્થિતિ થશે તેનો તમને કાંઇ ખ્યાલ આવતો હોય તો તમે કદિ ના પાડોજ નહીં !"

"ભાઇ, ભાઇ ! આમ કેમ કહો છો ?" આંખમાં અશ્રુ આણતાં કમળે કહ્યું, "શું છેવટે મનેજ આવો હૃદય વિનાનો માનો છો ! શું હુંજ—"

"ના, ના !" હરમુખ ગદગદ કંઠે વચમાં બોલી ઉઠયો, "ભાઇ ! દુઃખી ન થાઓ ! મને દોષિત ન કરો ! કોઇ દિવસ પણ તમારે માટે—"

"બસ !" કમળે તેને આગળ બોલતાં અટકાવ્યો, "હવે જે બોલવા માંગો છો, તેમને કહી બતાવ્યા કરતાં હંમેશ માટે હૃદય-માંજ જાળવી રાખશો તો હું ઇશ્વરનો અત્યંત આભારી થઇશ, અને જગતમાં મને મોટો ભાગ્યશાળી સમજીશ !" કમળનું અંતઃકરણ સ્નેહથી ઉભરાયું ! તે કંઇક આનંદમાં આવ્યો !

"એ તો બધું ઠીક ! પણ ત્યારે ખરે-ખર, તમે શું નહીંજ આવો ?" નિરાશ થતાં હરમુખે ફરીથી આતુરતાથી પુછ્યું, "શું ખરેખર, મને તજી દેશો ? નહીંજ આવો ?"

"ભાઇ, ભાઇ !" કમળના મુખમાંથી આ બે શબ્દો નીકળતાં તેનો અવાજ દબાઇ ગયો ! તેનાથી વધુ બોલાયું નહીં ! તે રડી પડયો !

"તમે રોઇને છુટી જવા માગો છો !" પોતાનાં હૃદય સાથે નિર્મળ પ્રેમથી કમળને ચાંપતાં હરમુખે કહ્યું, "રડો નહી ! મને આનંદમાં રાખવા તમારે આવવું જોઇએ ! તેને બદલે તમેજ આ શું લઇ બેઠા છો ? આ તો તમે મને દુઃખી કરો છો !"

"ભાઇ ! શું હજી તમને એમજ લાગે છે કે, હું પોતેજ તમારી સાથે આવવા ઇચ્છતો નથી ?" કમળે આંસુ લુછતાં કહ્યું, "શું હું સ્વતંત્ર છું કે, તમે આમ બોલો છો ?"

"ગમે તેમ હોય પણ તમારે આવવુંજ પડશે ! કમળ, તમારા વિના મને ત્યાં ઘડી એક પણ આનંદ મળશે ?! ક્ષણ પણ મને કંટાળા ભરેલી નહી લાગે શું ?! આ શુભ પ્રસંગનો લેશ પણ આનંદથી શું હું લ્હાવો લઇશ ?! નહી, નહી, ભાઇ ! જોઇએ તેમ કરીને પણ માત્ર મને રાજી કરવાને પણ તમે મારી સાથે ચાલો !" આટલું બોલતાં હર-મુખની આંખ ફરી આંસુથી ભરાઇ આવી ને તે કમળની છાતીપર માથુ મુકી રડવા લાગ્યો.

કમળનું હૈયું ભરાઇ આવ્યું ! થોડી વાર બેઉ સ્નેહિ ચુપ રહ્યા ! છેવટે હરમુખને શાંત કરવા કમળ બોલ્યો, "હરમુખ ! આ શું કરો છો ? સમજુ થઇને આમ છેક નરમ હૃદય કેમ કરી નાંખો છો ? આમ છેક નિરાશ શા માટે થઇ જાઓ છો ? તમારે તો હાલ આનંદમાં રહેવું જોઇએ ! આમ ગાંડાઇ જેવું શું કરો છો ?! ભાઇ ! છાના રહો ; જુઓ, તમારા કુટુંબીઓને કેટલો બધો આનંદ ને ઉલ્લાસ થાય છે ! તેમની સંગે તમે પણ ભળાઇ જાઓ. દીલગિરી દૂર કરો વિચાર કરો કે, કદાચ તમારા વડિલ ભાઇ, અથવા તમારા બાપુ અત્યારે આ સ્થળે આવે તો તમારી આવી સ્થિતિ જોઇને તેમનું અંતઃકરણ કેટલું દુઃખી થશે ? ઉઠો, સ્વસ્થ થાઓ ! આનંદી થાઓ !"

"ભાઇ, આનંદી તે શી રીતે થઉં ?" હરમુખ ગદગદ કંઠે બોલ્યો, "કાલે મારી સ્થિતિ કોણ જાણે કેવી થશે ! કમળ ! તમે મને આમ છેક નિરાશ કરો નહી ! તમે તમારા બાપુને ફરી મારે માટે સમજાવો ! તેમને મારી તરફથી વીનવો ! જોઇએ તેમ કરો, પણ મારી સાથે ચાલો !"

"હરમુખ ! લાચાર છું કે, એ બનવું અસંભવિત છે ! મેં તેમને બહુ બહુ સમ-જાવ્યા, પણ મારી એકે વાત તેમણે કબુલ રાખી નહી ! માટે ગમે તેમ હૃદયને શાંતી આપો ! ભાઇ, કદી હું સાથે નહીં આવું તેથી શું થઇ જશે ? આપણાં શરિર વિખુટા પડશે

પણ એ તો કરણ તો કંઈ જુદા પડવામાં નથી ? એમાં શું !”

“એ તો ખરૂં, તોપણ ભાઇ, એવો કાંઇ માર્ગ નથી કે જેથી તમે મારી સાથે આવી શકો ? ઇશ્વર પણ શું આપણી વિરૂદ્ધ થઇ બેઠો છે ? કમળ ! કાંઇ ઉપાય શોધી કાઢો !” હરસુખ સ્હેજ સ્વસ્થ થઇ બોલ્યો.

“ભાઇ ! ઉપાય એકે નથી !” કમળે નિરાશા બતાવી, “ઉપાય માત્ર એક છે–”

“શું ?” અધીરાઇથી હરસુખ વચમાં બોલી ઉઠયો, અને કમળ શું પ્રત્યુત્તર આપે છે તે સાંભળવા આતુરતાથી એક ધ્યાને તેની તરફ જોવા લાગ્યો.

“શું કહું ભાઇ ! ઉપાય છે પણ તેમાં કાંઇ વળે તેમ નથી !”

હરસુખની અધીરાઇ આથી વધુ થઇ ! તેણે ફરી આતુરતાથી વધુ આગ્રહસહ પૂછ્યું, “પણ તે શું છે તે તો કહો ?”

“ભાઇ ! અધીરા શું થાઓ છો ?” કમળ મંદહાસ્ય સહિત બોલ્યો, પણ ફરી ગંભીર થયો, “વડિલોની આજ્ઞાનું ઉલ્લંઘન કરું તોજ તમારી સાથે આવી શકું તેમ છું !”

આ સાંભળતાં હરસુખે નિરાશાનો ઉંડો નિશ્વાસ મુકયો, અને કહ્યું, “એમ બનવું કેવળ અશકયજ છે ! કમળ ! તેમ કરવામાં હું તમને સલાહ આપું ?” તે ગંભીર થયો ને ભાર દઇ બોલ્યો, “અરે, મ્હારૂં ગમે તેમ થાય તોપણ હું તમને એવી સલાહ આપવા તૈયાર કેમ હોઉં ! ભાઇ ! તમને એવો વિચાર કેમ સુઝયો ? ખરેખર ! તમારાં એ વચનો મને અત્યંત દીલગીર બનાવ્યો છે ! કમળ ! એ વિચાર મગજમાંથી કહાડી નાખજો !

સમય આવે તે કરતાં બ્હેતર છે કે તમે નહીજ આવો ! તોપણ કોઇ રીતે તમારા મુરબ્બીને સમજાવી તેમની આજ્ઞા લઇ આવી શકો તેમ નથી ? ખરેખર ! શું તમારા બાપુ તમને માત્ર પંદર દિવસની પણ રજા નહીજ આપે ? ભાઇ ! તમે એમને પૂછયુંજ નહી હોય !”

“હરસુખ ! એમની આજ્ઞા મેં માગી તે સમયે તમે ત્યાં હાજર હોત તો તેમણે જ્યારે મને ના પાડી તે વખતની મારી હાલત તમે જાણી શકત ! એમને વીનવવામાં મેં કાંઇ પણ બાકી રાખી નથી !”

“ત્યારે શું મારે નિરાશજ થવું કે ?” હરસુખે નિરાશા બતાવી. “વારૂ, તમે મારી સાથે નહી આવો, પણ પાછળથી પ્રસંગ ઉપર નહી આવી શકો ? માત્ર બે દિવસ પણ નહી આવી શકો ?” કમળે કાંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહી. તે મુંગોજ રહ્યો. “કેમ? કાંઇ જવાબ કેમ આપતા નથી ?” તેણે વધુ આતુરતાથી પૂછ્યું, “પ્રસંગ ઉપર આવવાને તમારા બાપુને તમે સમજાવી નહીજ શકો ? હું ધારૂં છું કે તે વખતે તમારા મુરબ્બી તમને નહીજ રોકે ! ભાઇ બનતી તજવીજે જરૂર આવજો !”

કમળ એટલી પણ આવવાની હા પાડી શકયો નહી ! ઘણો સમય વાતો કરી બેય સ્નેહિઓ પોતપોતાનાં મન જુદી જુદી રીતે મનાવ્યાં–હૃદયને સંતોષ આપ્યો ! છેક મોડી રાત્રીએ તેઓ છુટા પડયા !

પ્રભાત પ્રકાશ પડયો. જાણીતી મીસરસ કંપનીની આગબોટ “મહા નદી” પર સ્ત્રી પુ

રૂષોની બહુજ ભીડ હતી. જળપ્રયાસઅર્થે તે ઉપડવાની તૈયારીમાં હતી. તેમાં જતા ઉતારૂઓને વિદાય કરવાને તથા તેમને મળવાને તેમનાં સગાં વહલાંઓ આવજા કરતાં હતાં. કોઇ પોતાનાં સગાં સંબધીઓ માટે સારી જગ્યા પ્રથમથીજ રોકી રાખી તેમનાં આવ્યાની રાહ જોતા હતા. કોઇ પોતાની જગ્યાએ બીજાને બેઠેલ જોઇ, તેને ત્યાંથી ઉઠાડવાને તેની સંગે તકરાર કરતા હતા. કોઇ કંઇ ફળ તથા મેવો પોતાના સગાં માટે લાવી ઉત્સાહમાં ઝડપથી ડંકાપર મૂકેલ સીડીપર ચ્હડી, આગબોટમાં દાખલ થતા હતા. આમ અનેક તરેહના શોરથી સ્ટીમર ગાજી રહી હતી, એટલામાં ચાર પાંચ ગાડીઓ અતી ત્વરાથી દોડતી ગોદીનાં દ્વાર આગળ આવી ઉભી. અને તેઓમાંથી કેટલાંક સ્ત્રી પુરૂષો ઉતર્યાં. સ્ત્રીઓ આનંદ તેમજ ઉત્સાહથી ગીતો ગાતી હતી. પુરૂષમંડળમાં એક યુવાને એક સુનેરી મંડીલનો કાઠીયાવાડી ફેટો વીંટાળી લીધો હતો. તેના હાથમાં સોનાનાં કડાં હતાં, તથા ડોકમાં સોનાની કંઠી હતી. કપાળે લાબું ટીલું સૂર્યકીરણના તેજથી ચળકાટ મારતું હતું. વાંચનાર ! આ યુવાન હરસુખ તો નહી હોય ? હા, એજ ! સર્વ સ્ત્રી તેમજ પુરૂષો તેનાં સંબંધીજ હતાં. જે આનંદ તેમનાં મુખપર જણાતો હતો, તેનું કારણ કંઇ અત્રે ફરી જણાવવાની જરૂર નથી. ગઇ રાત્રીની બે સ્નેહિઓની વાતચીતથી વાંચનાર કંઇ અટકળી શકયા હશેજ! સર્વ આગબોટપર ચ્હડયાં. સામાનનાં પાંકીટો તથા પેટીઓ અને ગાંસડા પોટલાંઓ મજુરોએ ઉપર ચ્હડાવી દીધાં. સર્વ સારી જગ્યા જોઇ બેસી ગયાં, પણ હરસુખ તુતકપરના કટેરા આગળ આવી ઇન્તેજારીથી કીનારા તરફ સ્થિર દ્રષ્ટિ કરી ઉભો રહ્યો. તેને મળવા આવનાર તેનાં સંબંધીઓ તેની સાથે પ્રયાસની વાતો કરવામાં તેને રોકતા, પણ તેમાં તેનું લક્ષ લાગતું નહીં. કોઇના આવવાની તે આતુરતાથી રાહ જોતો ઉભો હતો. જેમ જેમ વખત જતો ગયો, ને સ્ટીમર ઉપડવાનો સમય સમીપ આવતો ગયો, તેમ તેમ તેની આતુરતા વધવા માંડી. તેની મુખમુદ્રાપર નિરાશાની સ્હેજ છાયા દેખાવા લાગી. એટલામાં સ્ટીમરના ભૂંગળાનો અવાજ થયો, ને ઉતારૂઓ શિવાયના બીજા માણસોને કીનારાપર ઉતરી જવા ખલાસીઓ મ્હોટે બૂમ મારવા લાગ્યા. સૌ સ્ટીમરમાંથી ઉતરવા લાગ્યા. હરસુખનાં સંબંધીઓ પણ મળી ભેટી તથા સફર સુખદાયક નીવડવાનાં આશીર્વચનો કહી સ્ટીમરમાંથી ઉતરવાં લાગ્યાં. હરસુખની ઉદાસી વધુ થતી ગઇ ! તે કીનારાપર હજી જોયાંજ કરતો હતો. ઉતારૂ શિવાય બ્હારનાં સર્વ માણસોને ઉતરી ગયેલ જોઇ કપતાનનો હુકમ મળતાં લંગર ઉપાડવામાં આવ્યું, અને સ્ટીમર ધીમે ધીમે કીનારાથી દૂર હંકારવા લાગી. હરસુખ તદન નિરાશ થયો ! તેનું હૃદય હાથ રહ્યું નહી ! તેની આંખમાં ઝળઝળીયાં આવ્યાં ! સ્ટીમર ઉપડતાં તેનાં વડીલોએ તેને પોતાની પાસે બેસવાને બોલાવ્યો, પણ તે બેઠો નહી ! કીનારો ધીમે ધીમે દૂર થવા લાગ્યો, તોપણ તેની દ્રષ્ટિ તે તરફજ હતી. થોડો સમય ત્યાં ઉભો રહી તે છેક નિરાશ થઇ ત્યાંથી પોતાના પિતા પાસે જવાને વિચાર કરતો હતો એટલામાં તેની મુખમુદ્રાપર એકાએક આનંદ છવાઇ રહ્યો, અને પોતાના હાથમાંનો રૂમાલ તે ઉંચો કરી હલાવવા લાગ્યો ! વાંચનાર ! આમ થવાનું કાંઇ કારણ ? હરસુખની સ્થિતિ આમ શાથી બદલાઇ ગઇ ? કીનારાપર તેણે એવું તે શું જોયું ? અમે તો

તેના સ્નેહી કમળને કીનારાપરથી આતુરતાથી હાથ ઉંચો કરી તેની સામે રૂમાલથી તેના આનંદનો પ્રત્યુત્તર આપતો જોયો! પણ આ તેમનો આનંદ કેટલો વાર ટક્યો? માત્ર એક ક્ષણ વાર! ને સ્ટીમર કીનારાપરના મનુષ્યોની દ્રષ્ટિમર્યાદાથી બ્હાર જતી રહી—દેખાતી બંધ થઇ ગઇ!

હવે હરસુખને વિશાળ મહાસાગરની સપાટીપર પ્રયાણ કરતા આપણા કલિયુગના વૈમાનરૂપ સ્ટીમરમાં તેનાં કુટુંબીઓ સાથે બેસી પ્રવાસ કરતો છોડી આપણે કમળની સ્થિતિ તપાસીસું—તેનું હૃદય જોઇશું! સ્ટીમર કીનારાપરનાં મનુષ્યોને અદ્રશ્ય થતાં સ્થિર થયેલ કમળની દ્રષ્ટિ હવે પાછી ખેંચાઇ. થોડીવાર તે દુઃખી હૃદયે એક ટસે સમુદ્રની સપાટીપર જોઇજ રહ્યો. પોતાનાં સગાં સંબંધીઓને વિદાય કરી પાછા વળતાં મનુષ્યો તથા ગાડી ઘોડાનો શોરબકોર સાંભળી તે પણ પાછો વળી જરા પણ ઉંચુ જોયા વગર નીરાશ થઇ ધીમે પગલે ઘર તરફ પાછો વળ્યો. મનમહોદધિમાં અનેક વિચાર તરંગો ઉછળવા લાગ્યા! સંસાર, સ્નેહ, સુખ, લોક વ્યવહાર, મુરબ્બીનું મ્હોટપણું, વિગેરે અનેક બાબતપર વિચાર આવતાં, હૃદય શોકથી છવાતાં, થોડી થોડી વારે આંખમાંથી સરતાં અશ્રુ લુતાં, કમળ આખરે ઘેર આવી પહોંચ્યો. પોતે ક્યાં હતો તેનું તેને લેશ માત્ર પણ ભાન નહોતું. અંધની માફક દાદરે ચ્હડતાં માથું સામેની ભીંત સાથે જોરથી અથડાતાં તે વિચારમાંથી જાગૃત થયો! પોતે છેક ઘેર આવી પહોંચ્યો છે, તે તેણે હમણાંજ જાણ્યું! માથામાં બહુ વાગ્યું, અને તમર અવતાં તે બે હાથે માથું દબાવી ભીંતને અઢેલી ત્રણેક પળ ત્યાંજ ઉભો રહી ગયો! માથામાં વેદના થવા માંડી! પોતાની ઓરડીમાં આવતાં કપડાં ઉતાર્યા વગરજ તે પલંગપર પડયો! જોરથી અથડાયેલ હોવાથી માથું વધારે દુઃખવા લાગ્યું, પણ તેની કંઇ પણ દરકાર કર્યા વિના એક ઉસીકા સાથે માથું દબાવી તે હૃદય શાંત કરવા પડીજ રહ્યો! સર્વ વિચારો દૂર કરવા તેણે આંખો બંધ કરી રાખી, પણ તેમાં તે ફાવ્યો નહીં! હરસુખની નિરાશ મુખાકૃતિ તેની સમક્ષ આવી ઉભી! વિચાર પ્રવાહ વેગથી વહેવા લાગ્યો! “અરે ગયો! બીચારો દુઃખી થઇ મ્હારાથી છુટો પડયો! કાલે પ્રભાત સમયે સ્ટીમર સુદામાધામ જઇ પહોંચશે! પણ અરેરે! એકલો હોવાથી તેનું અંતઃકરણ આનંદને બદલે શેના—થી છવાઇ ગયું હશે! હાય! અત્યારેજ સ્ટીમરમાં તેની શું સ્થિતિ થઇ હશે! હું કેવો હૃદયહિન ક્રુર ઠર્યો! મ્હારાથી તેની સાથે જવાને પણ બન્યું નહી! પછીથી પણ એની પાસે જવાને હું કબુલ કરી શકયો નહી! અરે! છુપડતી વખતે પણ એને મળી શકયો નહી! હું કેવો નિષ્ઠુર હૃદયનો! ખરેખર! એની નજરમાં હું કેટલો દોષીત થયો હોઇશ! હરી, હરી! આ કેવું દુઃખ! ઇશ્વર આવો સમય શા માટે આણતો હોઇશ! શુદ્ધ હૃદયે સંસારમાં રહેતાં, સદ્‌ગુણ અને સદાચાર પાળતાં પણ આમ દુઃખી થવું, એ પ્રારબ્ધની કઠણાઇ શિવાય બીજુ શું?! એણે મ્હારે વાસ્તે કેટલું કેટલું કર્યું છે?! પણ મેં એને માટે શું કર્યું? ખરેખર! કંઇ કીધું નથી! હરસુખ! હરસુખ! ખરેખર, હું ક્રુર! હૃદય વિનાનો છું! ત્હારા સ્નેહને લાયક હું નથી! હરસુખ! મને ભૂલી જઇ આનંદમાં રહેજે! અરે! પણ હું એને તજી અહિંજ રહ્યો, પણ એ મને કેમ ભૂલશે?! એનું સ્નેહયુકત સત્ય અંતઃકરણ મને કેમ વીસરી જશે?! હરસુખ! હર—” આમ વિચાર કરતાં તે પ

થારીમાં ગાથું દબાવી રડવા લાગ્યો ! વડીલ મુરબ્બીઓની ખોટી મ્હોટાઇ માટે તેને કંઈ માઠું લાગ્યું—સંસારના વ્યવહાર પ્રપંચ ઉપર તિરસ્કાર છુટ્યો, અને આખરે રડી રડીને હૃદય ખાલી થતાં 'ખરી મ્હોટાઇ તે શું?' તે શોધી કાઢવા વિચાર કરતો થાકીને નિંદ્રામાં પડ્યો ! ભર નિંદ્રામાં પડતાં તે હાથ તથા મ્હોંથી અનેક વિચિત્ર ચાળા કરવા લાગ્યો, અને કંઇ કંઇ અર્થ વિનાના ભાંગા તુટા વાક્યો બોલવા લાગ્યો. વાંચનાર ! આ શું ? શું કમળ સ્વપ્ન અનુભવતો હશે ? હા, એમજ હતું !

## પ્રકરણ ૧૦ મું.

### અદ્ભુત સ્વપ્ન—સ્નેહ સ્વરૂપ !
### "ખરી મ્હોટાઇ તે શું કહેવાય ?"

કુદરતની રચના અલૌકિક છે. આ વિશાળ પૃથ્વિપર સ્થળે સ્થળે મ્હોટાં મગરો, શહેરો, ગામો, ન્હાનાં ગામડાંઓ, નદિ નાળાંઓ, સરોવર, વેરાન અરણ્ય, રમણિક લીલોતરીવાળાં જંગલો, મહાન ગીરીદ્રશનો રચનાએ પોતાની અપાર લીલાનો ચીતાર આપવા અદ્ભુત શક્તિનો ઉપયોગ કરી રચ્યાં છે. વાંચનાર ! એવા એકાદ મનહર દેખાવોથી ભરપુર કુદરતની લાવણ્યતાથી આનંદી લાગતાં, વૃક્ષ અને લીલોતરીથી શોભતા રમણ્ય જંગલમાં તમારી દ્રષ્ટિ દોડાવો !

પ્રાત:કાળનો સમય હતો. અંધારાનો નાશ કરનાર, સર્વ પ્રાણીઓને ઉદ્યમ કરવાને સુચવનાર સૂર્ય નારાયણ પોતાના સારથી અરૂણ ભાગે ઉદયાચળ પર્વતપર આવેલ લૌકિક ગુફાનું ભવ્ય દ્વાર સોનાની કુંચીઓ વડે ઉઘડાવીને આ પૃથ્વિપર પોતાનો અમલ ચલાવવાને હસ્તે મુખારવિંદે બ્હાર નીકળ્યા હતા. પ્રભાતના રંગથી લાલ થયેલ ચંદ્રમાં અગ્નિ થયેલ વૃદ્ધ કેશરી સિંહની માફક આસ્તાચળ પર્વતની ગુફામાં વિશ્રાંતિ લેવા સીધાવ્યો હતો. જેમ એક રાજાનું મરણ થતાં યુદ્ધમાં તેનું લશ્કર નાસ ભાગ કરી સંતાઇ જાય તેમ પ્રકાશિવ તારા તેમજ ગ્રહો એક પછી એક સંતાઇ ગયા હતા. આકાશ સ્વચ્છ હતું. જંગલમાં ઝાડો તથા લીલાં ઘાસવાળી ભૂમિ પર છવાઇ રહેલ અંધકાર નાશ પામવા લાગ્યો હતો, ઝાકળથી ભીનાં થયેલાં વૃક્ષ પલ્લવો તેમજ લીલોતરી સૂર્ય કીરણના પ્રકાશથી ચળકાટ મારતાં જાણે સુર્ય સાથે હાસ્ય વિનોદ કરતાં હોય એમ જણાતાં હતાં. ચકલાં, કબુતર, કાગડા વિગેરે પક્ષિઓ માળા તજી પોતપોતાનાં બચ્ચાં માટે ખોરાકની શોધમાં આમથી તેમ ઉડતાં હતાં. કોયલ મધુર સ્વરથી ગાન કરતાં આખા જંગલમાં કલ્લોલ કરી રહી હતી. મયુરનાં ટોળાં જાગ્યાં હતાં. અને પક્ષિઓના વિવિધ તરેહના નાદથી આખું જંગલ ગાજી રહ્યું હતું. શીતળ પ્રભાત પવન મંદ મંદ વાતો હતો, ને સૂર્યરૂપી હાથીના ધ્વજાને છેડે બાંધેલા વસ્ત્ર જેવાં મજીઠ જેવા રાતા રંગના કીરણો ત્યાં થોડે થોડે દૂર દેખાવા માંડયાં હતાં. આ વખતે આવા મનોહર અને આનંદદાયક જંગલમાં એક સુકોમળ દેહનો યુવાન "ખરી મ્હોટાઇ તે શું કહેવાય ?" તેનો વિચાર કરતો એક ઘટાદાર વૃક્ષની ડાળી સામુ સ્થિર દ્રષ્ટિએ જોતો ઉભો હતો. જગતમાં માનવામાં આવતી મ્હોટાઇઓ તે વિચારવા લાગ્યો કે, 'કેવું આચરણ કરવું તે મ્હોટાઇ કહેવાય ? દુનિયાની

અદ્ભુત રીતિ પ્રમાણે અને સ્વભાવની ભિન્નિત્રતા પ્રમાણે જુદી જુદી રીતભાત લોકોમાં હોય છે, તેમાં કઇ રીતભાત મ્હોટાઇ તરિકે ગણી શકાય? કુલંશંકરભાઇ મ્હોટા મ્હોટા ન્યાતવરા અને નાચ તમાસામાં મ્હોળે હથે દ્રવ્ય વાવરી ફુલાતા ફરે છે। જગન્નાથ મ્હોટી મ્હોટી મિટીંગોમાં સુધારાનાં અને સ્વતંત્રતાનાં ભાષણો કરી જય મેળવી જગતનાં સર્વે મનુષ્યોનાં મન જીતવાને જોર કરે છે। વિશ્વનાથ વાતોના તડાકાનાં વ્હાણ ખાલી કરવામાંજ પોતાની વડાઈ માને છે। ઉડાઉલાલ જે હાથમાં આવ્યું તે ઉડાવી દઇને ખાઇ પી મોઢે હાથ ફેરવી બગાસાં ખાતાં બેઠા રહી બાપનું નામ બોળે છે! ચંદુલાલ નવા નવા ભભકાદાર ચસ્મા ચઢાવી ઉંચુ જોતા જોતા અને મરડાતા મરડાતા હાથમાં નહી આવે તેવા મુછના વાળને વળ દેતા ગાડીમાં બેસી ચૌટામાંથી પસાર થઇ સોપારીપર ફરવા જવામાંજ પોતાના જેવું કોઇ મ્હોટું માણસ નથી એમ માને છે। લાલજીભાઇ પાનસોપારીનો ડુચો ગાલમાં ભરી લાલ મ્હોં કરી હાથમાં લાકડી લઇ બુટ મોજા પેહેરી રોજ લટકતી ચાલે ચાલતાં મોજ મારવા જાય છે! શોભાલાલ ભાતભાતનાં વસ્ત્રનો ભભકો મારવામાં જ સર્વ માન માને છે। ચતુરાનંદ ચોકિલ વ્રણી કે હોદુ સંસારસુધારાનાં કામપર મ્હોટી મ્હોટી કલ્પનાઓ કરી નિત્ય નવીન યોજનાઓ જનમંડળ આગળ રજુ કરી તેમનાં મન ડોળા મારે છે। દંભીલાલ વિદ્વત્તા અને સદ્ગુણનું ડોળ દેખાડી બ્હાર ઉજળા થઇ ફરી પોતાના દાંભિકપણાથી અજ્ઞાન લોકોને ઠગવામાંજ પોતાને મ્હોટા માને છે। આખણીયાદાસ મ્હોટા મ્હોટા ખેતાબો મેળવવા અને લોકોના માનીતા થવામાં મન [illegible] રાજ્યના અમલદારોને મસ્કા લગાડવામાં મ્હોટાઇ સમજે છે। સંપત્તિપ્રસાદ શરિર શોભાવવા ખાતર સોના રૂપાનાં આભુષણો પેહેરી સવત્ર ફરે છે। શોભાલાલ ભાતભાતનાં રંગબેરંગી વસ્ત્રનો ભભકો મારવામાંજ પોતાનું સર્વસ્વ સમજે છે। ઇંગ્લિશાનંદ ઇંગ્રેજી ઢબના કોટ પાટલુન, નેકટાઇ અને કોલર ચ્હડાવવામાંજ પ્રીતિ ધરાવે છે। [illegible] જાલાલભાઇ તો અર્ધાંગનાને આભુષણોએ વળગાડી ફરવા તેડી જાય છે। અવિચારપ્રસાદ શરિર ઉઘાડયા ઢાંકયાની ખબર વિના અંગ [illegible] આડે પડખે પડયા પડયા આખી નિંદ્રા અને પોતાની મ્હોટાઇ [illegible] પોતાના જીવનનું સાર્થક સમજે છે। સુરજલાલ [illegible] દીવા [illegible] આંખો [illegible] કરવામાંજ મ્હોટાઇ લેખે છે! સોમશર્મા [illegible] માથામાં વાળ [illegible] હાથમાં નાળુક દાંતીયો અને [illegible] પટીયાં પાડવામાંજ પોતાની જીંદગી ગુજારે છે! નર્મદાશંકર [illegible] થાય, [illegible] [illegible] છે! [illegible] છે। [illegible] થયા છે। [illegible] ઉપદેશ કરવામાં કાળ ગુમાવે છે। [illegible] છે [illegible] મ્હોટું [illegible] છે। [illegible] કરે છે। [illegible] થયા છે। [illegible] છે, [illegible] કરે છે। [illegible] બોલવામાં પુરા છે। [illegible] પોતાને ગણાવે છે। [illegible] ગાવા [illegible] પોતાનો [illegible] છે। [illegible] મરે છે। [illegible] અભિમાન ધરાવી અન્યને ધમકાવી નાખે છે।

કઇક યૌવનમદમાં અંધ બની યુવરાજ સરખા થઇ ફરે છે ! કોઇ વિદ્યામદમાં જાણે મોર છાપ મળેલ હોય એમ સમજી અવિદ્યાના અંધકારમાં અથડાયા કરે છે ! કેટલાક અધિકારના મદમાં પોતાને ઇશ્વરતુલ્ય સમજી જેને તેને દંડી નાખવામાં અને સ્વેચ્છા પ્રમાણે જેને તેને અધિકાર આપવામાં પોતાની એ ઇશ્વરી સત્તા(?)નો ઉપયોગ કરે છે ! કેટલાક મહાસાગરનું પાણી પોતાનાં ઘરમાંજ વાળી લેવાનો વિચાર કરે છે ! કોઇ પોતાના વિચારમાં આખા દેશને વાળી લે છે ! ત્યારે આમાં મ્હોટાઇ કોનામાં ગણવી ? સંસારમાં વસતા વિચિત્ર સ્વભાવનાં મનુષ્યો, જેને જે અનુકુલ પડતું આવે અને ઉપર ઉપરથી દેખાવમાં સારૂં લાગે તેમાં મ્હોટાઇનું આરોપણ કરે છે ! દુનિયાની દ્રષ્ટિએ નીરખીયે તો જેની પાસે પૈસો છે તેનેજ લોકો મ્હોટાઇ વાળો માને છે, પછી તે વિદ્વતા ધરાવતો હોય, કે કાળા અક્ષરને કુટી મારે એવો હોય; કુલવાન હોય કે અકુલીન હોય; વિવેકી હોય કે અત્યંત અવિવેકી હોય; એમાંનું કંઇ પણ કોઇ તપાસવા જતું નથી ! પાસે દોઢ પરમેશ્વરનાં દર્શન થયાં કે તે દુનિયામાં મ્હોટો ગણાય છે ! પણ એવાઓ જેને સંસારનાં માણસો મ્હોટામાં ગણે છે, તેવાઓ કેવી સ્થિતિમાં પોતાની જીંદગી ગુજારે છે, તે તરફ જોતાં તો તેમની મ્હોટાઇમાં સત્યતાનો અંશ કેટલો છે તે જણાઇ આવે છે ! કોઇ ખાટલા, કોચ, કે આરામખુરસી અથવા તો છપ્પર પલંગપર બેઠા બેઠા મ્હોટી મ્હોટી પણ ઢંગધડા વગરનીજ વાતોના તડાકા હાંકતા દેખાશે ! કોઇએ પાશેર માત્ર ભાર કે ભણવા વાંચવાની ચોપડી ઉપાડવાને પણ નોકર રાખ્યો હશે ! કોઇની કમ્મરજ જાણે ભાંગી ગઇ હોય તેમ કંઇ પણ નજીવા સરખા કામમાં પણ પોતાના શરિરને તસ્દિ આપવાને અશક્ત હોય તેમ સુખાસને બેઠા બગાસાં ખાતા હશે ! કોઇ પોતાને હાથે જમવાની પણ મહેનત લેતા નથી, પણ મ્હોમાં કોળીયો મૂકવાને પણ અન્યના હાથપર આધાર રાખે છે ! કઇક તો જમતાં જમતાં માખી છીંકી જાય તો ઉઠી નીકળે એવા હોય છે ! અરે ! કોઇ તો શરિરે માખી બેઠી હોય તો તેને ઉરાડવાને જરા મહેનત લેવાને બદલે "ઉડતી હય કે મેરે બાવાકું બુલાઉં !" એમ માખીને કહે એવા હોય છે ! કોઇ ઝીણું જીવડું પણ જોઇને ડરી જાય એવા શુરવીર (?) નીકળે છે ! કોઇ પરશ્યન કે મોગલ કેપ (ટોપી) જ પહેરે છે ! કોઇ કોટ પાટલુન ચ્હડાવી ઇંગ્રેજ સરખા થવામાંજ પોતાનું સર્વસ્વ માને છે ! કેટલાક માથાપર વાંકી ટોપી રાખી, અર્ધું માથું ખુલ્લું રાખી, ધરણીપર વાસીદું વાળતા હોય તેમ ઢસડાતાં ધોતીયાં પેહેરીનેજ ફરે છે ! કોઇ કંઇ વાત કહેવા જઇએ તો જાણે કાને બ્હેરા હોય તેમ સાંભળતા પણ નથી ! કોઇને શાકભાજી ખરીદ કરવા જેટલું પણ ભાન નથી ! કોઇ તો ઘરની બ્હાર પણ નીકળતા નથી ! કોઇ વાત વાતમાં બીજાને પાછા પાડવામાંજ ખંતથી મંડ્યા રહે છે! કેટલાક તો જરા જરામાંજ માત્ર નજીવા કારણ માટે ક્રોધાયમાન થઇ જાય છે ! કોઇ તો પોતાના જ્ઞાતિબંધુને ધિક્કારે છે અને પરજાતિના માટે પોતાનો પ્રાણ પાથરે છે ! કોઇ મ્હોટાં મ્હોટાં ટીલાં ટપકાં કરી પોતાનું વિચિત્ર સ્વરૂપ બનાવવામાંજ કાળ ગુમાવે છે ! કોઇ અત્તર વિગેરે સુગંધી તેલથી આખાં શરિરે મર્દનજ કરે છે ! કોઇ ભભકાદાર રૂમાલ લઇ તેપર સુવાસિક સેન્ટ છાંટી બ્હાર ફરવા નીકળે છે ! કેટલાકનાં મુખમાંથી અપશબ્દવાળીજ વાણી નીકળે છે, અને તેમાંજ તે હાસ્યવિનોદ કરે છે ! કેટલાક

સ્વશરિરની રક્ષણુતા રાખવામાંજ પૂર્ણતા માને છે। કોઇ અવનવા ભોગ વિલાસ ભોગવવામાંજ પોતાનું આયુષ્ય પૂર્ણ કરે છે। કોઇ ઘોડા ગાડીમાં બેસીને ફર્યા કરે છે। કોઇ હાથીપર સ્વારી કરે છે। કોઇ ટેબલ ખુરસી રાખે છે। કોઇ નવા નવા સુંદર રમકડાંઓથી નકસીવાળાં કબાટ સણગારે છે। કોઇ રેશમી ગાદીતકીયા બીછાવી રાખે છે। કોઇ નિરંતર ચાહેપાણી પીયાજ કરે છે। કઇક હાંડી ઝુમ્મર ને આરીસા લટકાવી થોડે ખરચે ઘરને સણગારે છે, ત્યારે કેટલાકને ઘરના ઘાટની પણ ખબર નથી હોતી। કોઇને સંપન્તિ સાચવવાની પણ ખબર નથી હોતી। કોઇને ભાતખાઉ ભેળા થયેલા 'ભાઇ ભાઇ' કહે છે। કોઇ બધાથી અળગોજ રહે છે। કોઇ તો અક્કલનો દુશ્મન પોતાના બાપદાદાઓનેજ મૂર્ખ ગણે છે। કોઇ ઉંચો સાબુ લઇ ચોળી, ચોળીને અંગનો મેલ કાઢવાં ચાર કલાક સુધી ન્હાયાજ કરે છે। કોઇને સોનાનાં બડિયલ વિના ચાલતુંજ નથી। કોઇ સાચા કે ખોટા હીરાની વીંટીઓ તેમજ બદનમાં બટનો નાંખી ફરે છે। કોઇ ગરિબ મુરબ્બીઓનું કે અભણ સંબંધીનું નામ લેતાં લાજે છે। કોઇ સ્રીને પારસણુ સરખો પોશાક પહેરાવી, તેણીના બાલ આગળથી કપાવી તેણીનું વાંદરી સરખું સ્વરૂપ બનાવી નાટકો જોવા જાય છે। કોઇ કોઇ છબીઓ પડાવે છે। કોઇ અંગે રૂષ્ટપુષ્ટ છતાં પાણી પીવાને પણ ઉઠી શકતા નથી, તો કોઇને ખાટીપરથી લુગડાં ઉંચકી પહેરાવવાને પણ નોકરની જરૂર પડે છે, બુટ મોજાં પહેરાવવા બાટી જોઇએ છે। કેટલાક મૂર્ખના સરદારો કોઇ પદાર્થ કે વસ્તુની યોગ્યતા નથી જાણતા તે છતાં પણ પોતાના સરખો જાણે દુનિયામાં કોઇજ નથી એમ બતાવવા અવળી અવળી યોજનાઓ પોતાનાં મગજનાં ભંડારમાંથી કાઢી પોતાની મૂર્ખાઇ જણાવે છે। કોઇ અહંકારથી માબાપની ભક્તિનો પણ ત્યાગ કરી દે છે। કોઇ પોતાના વડિલ મુરબ્બીઓમાં દોષ આરોપણ કરે છે! કોઇ સર્જન કરતાં પોતાનું માન વધુ રાખવાને મરડાય છે। કોઇ દુનિયામાં અનહદ ઉદારતા દેખાડે છે, ને કોઇ ઘરમાં પેટમાં પુરૂ ખાવા તરફ પણ તેવીજ અનહદ કંજુસાઇ વાપરે છે, ત્યારે કેટલાક ઘરમાં પોતે સ્વાર્થીની માફક સ્વાદિષ્ટ ભોજન ખાઇ પેટ ભરે છે, પણ બીજા નિરાધારને ચપટી ચણા પણ આપતા નથી। કોઇ તો પોતાનાં અંગ ઉપરનું વસ્ત્ર ક્યાં મેલ્યું તે પણ ક્ષણ માત્ર પછી વિસરી જાય એવા બેદરકાર અને ગાભાવેલા હોય છે। કોઇ સર્વ કુટુંબથી અળગા રહી, પોતાના અક્કલ વગરના મિત્રો સાથે એકલા રહેવામાંજ પ્રીતિવાન હોય છે, અને સંબંધીઓ ઉપર સદા અવિશ્વાસ રાખે છે! કોઇ સવારના દસ વાગ્યા સુધી શય્યાનું સેવન કરતા પડયાજ રહે છે। કોઇ નાટક તમાસા અને વેશ્યાઓનાં નાચરંગ વિગેરે અનેક કુછંદોમાં કાળ ગુમાવી બેહદ દ્રવ્ય ઉડાવ્યાજ કરે છે। કેટલાક વળી કૂતરા, હરણ, મેના, પોપટ વિગેરે પશુ પક્ષિઓ પાળવામાં અને તેમને અનેક તરેહની રમતો શીખવવામાંજ પોતાના જીવનનું સાર્થક સમજે છે। કોઇ પારકું ધન દબાવી પાડવામાંજ પ્રયાસ કરતો હોય છે। કોઇ જ્ઞાતિની પટેલાઇ ધારણ કરી સર્વને ડુબાવ્યાજ કરે છે। કેટલાક ખુમારીમાં ને ખુમારીમાં જાણે પોતે સ્વર્ગમાંથી ઉતરી આવેલ હોય તેમ અન્ય સ્નેહી સંબંધી કે બાંધવાદિકને તુચ્છ માત્ર ગણી 'સર્વ હુંજ સમજું છું, મેંજ જગતનો સાર જાણ્યો છે, અને હુંજ ન્હાના મ્હોટા, વિગેરે સર્વેનો તેમજ કુટુંબનો માલિક જાળવું

છું,' એમ માની કોઇ સમયે જન્મથાઇમાં અને કોઇ વખતે હોરતાંમાં દિવસો ગાળતો બેસી રહું છું, ત્યારે આમાંથી કોને મ્હોટા કહેવો અને આમાં આમાંથી કોને મ્હોટાઇનું નામ આપવું? તાજનાં ઝરણી આદિ ઉંચા તેમજ આંગે વધેલાં [illegible] હોય તે શું મ્હોટાઇવાળા કહેવાતા હશે? [illegible] લાની માફક શરીરે રૂષ્ટપુષ્ટ થઇ એકલાં ખાઇ પી પડ્યાંજ રહેતાં હોય તે શું મ્હોટાઇવાળા હશે? [illegible] મંદિરોમાં વાસ કરતા [illegible] શું મ્હોટાઇવાળા ગણાતા હશે? [illegible] તેજ શું મ્હોટાઇવાળા હશે? [illegible] બીઓને કે [illegible] ભવિષ્યવેત્તા હશે તેઓ શું મ્હોટાઇવાળા કહેવાય? શાસ્ત્ર પુરાણો કે [illegible] બોલી જતા હોય તેમને શું મ્હોટાઇવાળા ગણવા? મ્હોટી મ્હોટી ડીગ્રીઓ અને [illegible] જનમંડળને આશ્ચર્યતામાં ગરકાવ કરી નાંખતા હોય તેમને શું મ્હોટા ગણવા? મ્હોટામાં કુળમાં કે ધનવાનનાં કુળમાં જન્મ લીધો હોય તે શું મ્હોટાઇવાળા કહેવાય? કોણ મ્હોટું કહેવાય? એનો વિચાર કરતાં મન મુંઝાઇ જાય છે, ત્યાં સત્યાસત્ય કેવી રીતે જણાય? દુનિયાંની એવી રીતી છે કે જેની પાસે પૈસા હોય કે સત્તા હોય, તેનેજ મ્હોટાઇવાળો કહે છે। પછી તે બહુ બોલકો હોય તો વક્તૃત્વ શક્તિવાળો છે એમ કહેવાય। કદી તેને બોલતાંજ આવડતું ન હોય તો, 'શેઠ પોતાનો મોભો જાળવે છે' એમ કહે। જો તેને બોલવાનું ભાનજ ન હોય અને કંઇ ભૂલી જઇ વધારે ઓછું બોલી જતો હોય તો 'ભાઇ ભોળા છે' એમ કહે। તે જો થોડું ખાતો હોય તો, 'પૂર્વ જન્મમાં ખાધેલું છે માટે એ તેર વાસનાના માત્રમાંજ ભુખ્યા છે' એમ કહે, પણ જો તે ઘણું ખાતો હોય તો એમ કહેશે કે "એ નહીં ખાય તો કોણ ભીખારી ખાય શું?" કદી તે અપવિત્ર કામો કરતો હોય તોપણ 'શેઠ કાંઇ કરતા હશે તે વિચારીનેજ હશે' એમ માની લોકો તેમાં કાંઇક ગંભીરતા માને। તે જો સુંદર વસ્ત્રાભુષણો પહેરતો હોય તો કહેશે કે એની સ્થિતિ પ્રમાણે એને પહેરવુંજ જોઇએ, અને પહેરતાં ઓઢતાં ન આવડતું હોય તો 'ભાઇ બહુ સાદા છે, પૈસાનો જરાએ ગર્વ નથી' એમ કહેશે। ત્યારે શું આનું નામજ મ્હોટાઇ? સંસારનાં મનુષ્યોનાં ભીન્ન ભીન્ન મતમાં, જેમ જેને ગમે, તેમ મ્હોટા ન્હાનાનું ઉપનામ આપે છે। એક બીજાથી તદન ઉલટા સ્વભાવના બે માણસો સાથેજ મ્હોટાઇવાળા ગણાય છે, એનું કારણ શું હશે? શું આવી મ્હોટાઇથીજ આપણા પુણ્યશ્લોક પૂર્વજોનાં નામ અમર રહ્યા હશે? શું આવી મ્હોટાઇથીજ પ્રજા સુખી થતી હશે? શું મ્હોટાઇમાં પણ સંસારની વિચિત્રતા હશે? શું હશે?"

આમ વિચાર કરતાં મધ્યાન્હ કાળનો સમય થઇ ગયો, પણ પેલા યુવાનને કંઇ ભાન રહ્યું નહીં। સૂર્યનો તાપ હવે અસહ્ય થવા લાગ્યો. પક્ષિઓ પોતપોતાના માળામાં ભરાઇ ગયેલા હોવાથી તેમનો કોલાહલ શાંત પડી ગયો હતો. યુવાનને ક્ષુધા લાગવાથી તે વિચારમાંથી જાગૃત થયો, અને કોઇ છાયાવાળા શીતળ સ્થાળની શોધ કરવા આગળ ચાલ્યો. ચાલતાં ચાલતાં તે એક નિર્મળ કાચ સરખા પાણીના ઝરાપર આવેલા મહાદેવનાં મંદિર આગળ આવી પહોંચ્યો. આ શિવાલય ખંડેર સરખું હતું. આંગળ માટીનો જરસાળ સરખો ચોતરો હતો, જે ઉપરથી મંદિરમાં દાખલ થવાતું હતું, મંદિરને પણ દરવાજો નહોતો. અંદર શિવલિંગ હતી, જેનાપર એક જળાધારામાંથી

ટીપું ટીપું પાણી પડતું હતું. આથી તે સ્થળે કોઇ માનવી હોય એમ અનુમાન થતું હતું. મંદિરની પાછળથી ઝરો વહેતો હતો. અને આસપાસ બીલીનાં ઝાડનું જંગલ હતું. આ સ્થાન આરામ લેવા યોગ્ય ધારી પેલો યુવાન ચોતરાપર ચ્હડયો, અને એક વૃક્ષની છાયા તળે જરા વિશ્રાંતિ લેવા બેઠો. હવે તેને ક્ષુધા વધુ લાગવા માંડી, અને આસપાસનાં વૃક્ષમાંથી કંઇ ફળફુલ લઇ ખાવાનો વિચાર કરી તે ઉઠયો. પહેલાં ઝરા આગળ જઇ કપડાં ઉતારી તેણે સ્નાન કર્યું, અને સ્વસ્થ ચિત્તે શિવજીનું પુજન કરી તે ફળની શોધ કરવા લાગ્યો, એટલામાં ઝાડીમાંથી એક વેરાગી હાથમાં થોડાં ફળ સહિત તેની સમક્ષ આવી ઉભો. તેનું સ્વરૂપ વિચિત્ર અને બીહામણું હતું. ભસ્મથી ભરેલી મસ્તકપર મ્હોટી જટા, ગળામાં રાખથી ભરેલી રૂદ્રાક્ષની ચાર પાંચ માળાઓનો જુમખો, તથા અર્ધ ઉઘાડું અને અર્ધ વૃક્ષની છાલોથી ઢંકાયલું કાળું પ્રૈઢ બળવાન શરિર જાણે સાક્ષાત શિવજીનુંજ સ્વરૂપ હોય તેવું દેખાતું હતું. પોતાની સમક્ષ આ વેરાગીને જોતાં પેલો યુવાન સ્તબ્ધ થઇ ગયો, અને જ્યાં ઉભો હતો ત્યાંથી એક પગલું પણ ખસી શકયો નહી. તેની આવી સ્થિતિ જોઇ પેલો વેરાગી જાણે તેને આશીર્વાદ આપતો હોય તેમ હાથ ઉંચા કરી મમતાળુ સાદે બોલ્યો, "પુત્ર ! મને જોઇને ડરીશ નહી ! તું આ નિર્જન સ્થળમાં કયાંથી આવી પહોંચ્યો ?"

"મહારાજ !" પેલો યુવાન સ્વસ્થ થઇ હાથ જોડી નમ્ર સાદે બોલ્યો, "આપ જેવા પ્રતાપી મહાત્માનાં દર્શનાર્થે ઇશ્વરેજ મને અહીં આણ્યો છે ! ઘેરથી વનલીલા નીહાળવા નીકળતા ફરતાં ફરતાં મનમાં કંઇ વિચાર આવ્યો, અને તે વિચારે મને અહિ ધસડી આણ્યો છે !"

"એવો તે શું વિચાર છે ?" વેરાગીએ પૂછ્યું.

"મહારાજ !" યુવાને પ્રાર્થના કરી. "મ્હોટાઇ કોને કહેવાય એ વિષેના વિચારમાં હું પડયો છું ! ઘર ઘર બારણે મ્હોટાઇનું અભિમાન ધરાવનારા આબાલ વૃદ્ધ આ સંસારમાં અસંખ્ય પડયાં છે, પણ તેમાં ખરી મ્હોટાઈ કોને કહેવી એનો મને મ્હોટો સંદેહ રહે છે. અને એ સંદેહની નિવૃત્તિ કરવાજ તમો મહાત્મા પુરૂષનાં દર્શન પ્રભુએ મને દીધાં તે માટે હું મને મ્હોટો ભાગ્યશાળી સમજું છું !"

આ પ્રશ્ન પૂછનાર ખરો અધિકારી છે એમ તેની મુખમુદ્રાપરથી જોઇ સન્યાસીએ કહ્યું, "વત્સ ! તારો પ્રશ્ન, ખરેખર, એક સિદ્ધ પુરૂષના સરખો છે ! એનો પ્રત્યુત્તર આપવાને મ્હોટા મ્હોટા વિદ્વાનો પણ સમર્થ નથી ! હું પણ જો કે દુનિયાની માયાથી કેવળ અજ્ઞાન છું છતાં તારાં મનનું કંઇક સમાધાન કરીશ ! ચાલ, શંકરને ભોગ લગાવી પછી હું તારા પ્રશ્નનો ઉત્તર આપીશ, એટલામાં તું પણ થોડાંક ફળ ખાઇ સ્વસ્થ થજે, કેમકે તને ક્ષુધા લાગી હોય એમ જણાય છે ! ચાલ મ્હારી સાથે !" આટલું કહી વેરાગી આગળ ચાલ્યો. તેની પાછળ યુવાન પણ થોડાંક ફળ પોતાને ખાવા માટે ભેગાં કરી શીવાલયમાં દાખલ થયો. શીવજીને ભોગ લગાવી વેરાગી બ્હાર પરસાળમાં આવ્યો, ને ફળાહાર કરવા બેઠો. યુવાન પણ તેની સામે ખાવા બેઠો.

"બેટા!" ખાતાં ખાતાં વૈરાગીએ કહ્યું, "જો સાંભળ! જગત તો ધનવાનને અને રાજ્ય સત્તાવાળાને મ્હોટાઇવાળા ગણે છે, પણ એ મ્હોટાઇ તે ખરી મ્હોટાઇ નથી પણ કંગાળપણું છે! સત્ય મ્હોટાઇને ધનનો કે સત્તાનો લેશ પણ સંબંધ નથી! અરે! જે સ્થળે એ બેમાંથી એક પણ હોય છે ત્યાં મ્હોટાઇ ભાગ્યેજ રહે છે! પરંતુ મ્હોટાઇને લીધેજ પ્રાપ્ત થયેલા ધન અને સત્તા હોય તો મ્હોટાઇથી તેનો સદુપયોગ થાય છે!"

યુવાન ખાતો બંધ થઇ એક ચિત્તે સાંભળવા લાગ્યો, એટલે વૈરાગીએ કહ્યું, "પુત્ર! તું એ માટે આટલી આતુરતા શા માટે ધરાવે છે. ફળ તો ખાઇ લે!"

યુવાને ખાવા માંડ્યું, અને ખાતાં ખાતાં વૈરાગીને સન્માનથી કહ્યું, "મહારાજ, તમે હવે બોલો! હું ખાતાં ખાતાં તમારાં વચનો સાંભળીશ!"

"ઠીક ત્યારે સાંભળ!" વૈરાગીએ જણાવ્યું, "વત્સ! સંસારનું માનવું જોઇએ તેવું છે, પણ મારા વિચાર પ્રમાણે તો જેનામાં ખરી મ્હોટાઇ આવે છે, તે સ્વભાવે સદા શાંતજ રહે છે, મ્હોટાઇ છતાં સર્વત્ર લઘુતા રાખે છે! પરધનાદિકપર કોઇ કાળે પણ તેની દ્રષ્ટી જતીજ નથી! અન્ય પુરૂષનો રાગ અથવા દ્વેષ તેને કદી પણ દુઃખ દેતા નથી! સર્વ ઉપર તેની નિરંતર સમાનતાજ રહે છે! કદી કોઇ તેનો અપરાધ કરે અથવા તેનું બૂરૂં કરે તો તે પણ સહન કરી ઉલટો તેનાપર સદા ઉપકાર કરે છે! પોતાનાં ઘરમાં ન હોય તોપણ તે અન્યને આપે છે! તેનું અંતઃકરણ હંમેશ દયાથી ભીંજાએલુંજ રહે છે! પોતાથી થઇ શકે તેટલું કદી પણ બીજા પાસે કરવતા નથી! અન્યને સુખમાં જોઇને સુખી થાય છે, અને દુઃખી થયેલ જોઇ પોતે પણ દુઃખ પામે છે! તેનાં અંગુષ્ટ માત્ર હૃદયમાં આખું બ્રહ્માંડ જાણે સમાઇ જાય એવું તે વિશાળ હોય છે! કલેશ, કંકાસ, કુસંપ અને દંભ વિગેરે આ કલિયુગનાં અંગથી તે સદા દૂરજ રહે છે! પ્રાણી માત્રનું હીત કરવામાંજ નિરંતર તેની પ્રવૃત્તિ હોય છે! તે સદા ધર્મ કર્મ પ્રમાણે આચરણ કરી ઇશ્વરના પદને ઓળખે છે! પુત્ર! મ્હોટાઇના ખરાં લક્ષણ તો આ છે, પણ તે હમણાં જાણે છે કોણ? આ કલિયુગના સમયમાં તો સર્વ પોતપોતાને મન મ્હોટાઇવાળાજ છે! અમારા સરખો કોઇ કંઇ બે વચન કહેવા જાય તો કહેશે કે આ વૈરાગી તો બધાને પોતાની માફક રાખ ચોળાવવાજ ઇચ્છે છે; અને કદી કોઇ મૂર્ખ સાથે પ્રસંગ પડયો તો તે અપમાન પણ કરી નાંખે છે; પણ અમે તેની કાંઇ દરકાર કરતા નથી! કેમ, બેટા! તને મ્હારૂં કહેવું સત્ય લાગે છે કે નહીં? પણ નહી, નહી! તમો સંસારીને સાધુનાં વચનો આનંદ નહી આપે, કેમ ખરૂં કે નહી?" વૈરાગીએ મંદ હાસ્યથી યુવાનને પૂછયું, અને તેથી તેના ઉપર શું અસર થાય છે તે તપાસવા તેની સામે બારીકીથી જોયું.

"મહારાજ! તમારા વચનો સત્ય છે!" યુવાન હાથ જોડી મ્હોં મલકાવી બોલ્યો, "ખરેખર! જગતનું માનવું પણ તેવુંજ છે! સર્વ માયાના અંધકારમાં અંધ થઇ પોતાની સ્થિતિનું ભાનજ ભૂલી ગયા છે, એટલે સત્ય શું છે તે કોઇના સમજવામાં આવતું નથી! પણ તમારા અમૃત સરખા વચનોએ મ્હારાં અંતઃકરણમાં આનંદના ઉભરા ઉછળે છે! ખરી મ્હોટાઇનાં લક્ષણો મ્હારી દ્રષ્ટી આગળ તરે છે! આમ જો તમો સરખા મહાત્માઓનાં મુખમાંથી દુનિયામાં વસતાં સર્વ મનુષ્યો

બોધ લે તો સંસાર કેવો સુખરૂપ થઇ પડે !"

આ વચનો સાંભળી સન્યસીને ઘણોજ આનંદ થયો ને તે બોલી ઉઠયો. " ધન્ય છે બેટા ! તારી યુવાન વયના પ્રમાણમાં તારા વિચારો ઘણાંજ ઉત્તમ છે ! પણ યાદ રાખજે કે ઉપર ઉપરના દેખાવથીજ માત્ર મ્હોટાઇ માનવામાં સંસારનાં માણસો જેમ ભૂલ કરે છે તેમ તું પણ ભૂલતો નહી !" યુવાને તેનું કહેવું જાણે પોતાને માન્ય છે તેમ બતાવવા હાથ જોડી સવિનય મસ્તક નિચું નમાવ્યું. વેરાગીનું બોલવું ચાલુજ હતું. " બેટા ! જો ઉંચાઇથીજ માત્ર મ્હોટાઇ ગણવામાં આવતી હોત તો તાડ, નાળિએર વિગેરેનાં વૃક્ષો ક્યાં થોડાં ઉંચાં છે ? જો સ્થૂલપણાથી મ્હોટાઇ મનાતી હોત તો ઘણાં પશુઓ પણ સ્થુલ હોય છે ! જો માત્ર રૂપરંગ જોઇનેજ મ્હોટાઇ ગણાતી હોત તો અસંખ્ય ચિત્રોમાં ચિત્તાકર્ષક રૂપરંગ શું નથી હોતા ? જો ઘણા પશુપક્ષિ વિગેરે પ્રાણિઓને આશ્રય આપવાથીજ મ્હોટાઇ માનવામાં આવતી હોય તો પર્વતોમાં અસંખ્ય પ્રાણિઓ આશ્રય લે છે ! જો બીવરાવવાથી મ્હોટાઇ મનાય તો ચઉતરાના ચાડીઆઓ પણ રાત્રિના શું ઓછા બીહામણા લાગે છે? જો જગતમાં કેઇ પણ પ્રકારની પ્રસિદ્ધિ મેળવવી એજ મ્હોટાઇ હોય તો દુરાચારીઓ ઘણાય પ્રસિદ્ધ છે ! મ્હોટે અવાજે બૂમ મારવામાંજ મ્હોટાઇ સમાયલી હોય તો કુતરાઓ ઘણાય પ્રભાતમાં ભસ્યાં કરે છે ! જો ઉપર ઉપરનાં સ્નાનમાત્રથીજ મ્હોટાઇ મનાતી હોય તો મત્સ્યાદિક જળચરો નિરંતર ન્હાયાજ કરે છે ! જો ટાઢ તડકા સેવવાથી માત્ર મ્હોટાઇ ગણાતી હોય તો વૃક્ષ, પહાડ, ડુંગરો વિગેરે સદૈવ ટાઢ તડકા સેવ્યાજ કરે છે ! જો સારા નરતાનું ભાન રાખ્યા વિના ખુશી ખુશાલીમાં રેહેવામાંજ મ્હોટાઇ હોત તો તે પ્રમાણે પશુઓ શું નથી વર્તતાં ? જો ધનિકપણામાંજ મ્હોટાઇનું આરોપણ કરાતું હોત તો, તે નીચમાં નીચ પાસે પણ નથી શું ? જો રાજ્યોમાં સન્માનપાત્ર થવામાંજ મ્હોટાઇ હોત તો વાંદરાં, કુતરાં, વિગેરે પશુઓ તો રાજાના પલંગમાં આળોટે છે ! વાણીની ચતુરાઇમાંજ મ્હોટાઇ સમાયલી હોત તો તેતર અને હાજરજવાબી જેવાં ઘણાં પક્ષીઓ હજારો પ્રકારની બોલી ક્યાં નથી બોલી જાણતાં ? જો લોકોમાં પૂજાવાથી મ્હોટાઇ માનવામાં આવતી હોય તો પથરાઓ ક્યાં ઓછા પૂજાય છે ? જો દેશાટનો કરવામાંજ મ્હોટાઇ હોય તો હજારો ખલાસીઓ જીવિત પર્યંત મુસાફરીઓજ કર્યા કરે છે ! શાલદુશાલા ઓઢવામાંજ માત્ર મ્હોટાઇ ગણાતી હોત તો રાજદ્વારનાં વાહનોપર શું શાલદુશાલા નંખાતા નથી ? જો સુવર્ણ તેમજ હીરા મોતીનાં આભુષણો પહેરવાથીજ મ્હોટાઇ માનવામાં આવતી હોત તો સોની અને ઝવેરીનો ડાબડો નિત્ય નવા નવા અમૂલ્ય આભુષણનો ભાર ઉપાડે છે !" આટલું બોલી વેરાગી એ પોતાની પાસેના કમંડલમાંથી પાણી પીધું. યુવાન પણ ફળ ખાઇ રહ્યો હતો, એટલે સ્વસ્થ થઇ વેરાગીનાં વચનો સાંભળવા લાગ્યો. તેણે બોલવું શરૂ કર્યું. " બેટા !" સન્યાસી યુવાન પાસે બેસતાં બોલ્યો, " મેં આ સર્વ જે કાંઇ કહ્યું તે ઉપરથી એમ નિશ્ચય થાય છે કે મ્હોટાઇ એ કોઇ અંતઃકરણનો દૈવી અદ્ભુત અને સ્વાભાવિક ગુણ છે તેને બ્હારનાં આડંબર સાથે કોઈ પણ જાતનો લેશ પણ સંબંધ હોજ નહી ! કસ્તુરીને પીછાનવા માટે કાંઇ સમ ખાવા પડતા નથી ! સૂર્ય ઉદય થયો છે કે નહી તે વિષેની તપાસ કરવા માટે મશાલ સળગાવીને જોવાની લેશ પણ જરૂર પડતી નથી ! ચંદ્રમાની શીતલતા

માટે કંઇ પરીક્ષા કરવી પડતી નથી ! એ સર્વ પોતાની મેળે યથાર્થ રીતે પ્રસિદ્ધ દેખાઇ આવે છે, તેમ ખરી મ્હોટાઇ પણ આપ મેળે જણાઇ આવે છે ! દેવતા અંધારે પડ્યો પણ એની મેળેજ ઝળકે છે ! હીરો પણ પોતાની મેળેજ અંધારામાં ઝળકાટ મારે છે ! તેમ મ્હોટાઇ પણ ઢાંકી રહેતી નથી ! તેનો પ્રકાશ પડ્યા વિના કદી પણ રહેતો નથી ! એક જીવના શરીરમાં ચૈતન્ય છે કે નહિ તે જેમ આપો આપ જણાઇ આવે છે તેમ મ્હોટાઇ વાળા મનુષ્યની મ્હોટાઇ પણ આપો આપ ઝળકી નીકળે છે ! આ અસાર સંસારમાં જે જે મહાત્માઓ મ્હોટાઇથી અમર નામ રાખી ગયા છે તેને માટે કોણે શું પ્રયત્ન કર્યું હતું ? વત્સ, એ મ્હોટાઇમાંજ સ્વાભાવિક એવો ગુણ છે, કે તેમને ચીરકાળ સુધી યશસ્વિ બનાવે છે ! બાળક જેવા કે ઉન્મત્ત સરખા લોકો તે મ્હોટાઇનું સત્ય સ્વરૂપ ન ઓળખે તેથી કાંઇ મ્હોટાઇને હાનિ છેજ નહિ ! મ્હોટાઇનો ટુંકો શબ્દ ઉદારતા છે ! ઉદારતાવાળાનું અંતઃકરણ સંકોચિત હોતુંજ નથી !"

"મહારાજ !" યુવાને જણાવ્યું, "ત્યારે મ્હોટાઇનો આનંદ મેળવવા દુનિયાના મોહનો ત્યાગ કરી દેવો જોઇએ કે નહીં ?"

"નહીં, નહીં, પુત્ર !" સન્યાસીએ સહાસ્ય જણાવ્યું, "આમ ઉતાવળે વિચાર કરી ચોક્કસ મત બાંધવું એ ભૂલ ભરેલું છે ! સંસાર ત્યાગ કર્યો હોય તોજ મ્હોટાઇ મળે એમ કાંઇ નથી ! ગમે તો ઇંદ્રિયોને દમન કરતો હોય, ગમે તો ઉંધે મસ્તકે લટકતો હોય, ગમે તો પંચાગ્નિમાં શરીર તાપતો હોય, કદી નિરંતર માત્ર ફલાહાર કરીનેજ રહેતો હોય, ગમે તો મૂર્તિમાં પૂજનમાં અને ભજનમાં ભક્તિવાળો હોય કે કદી પરમહંસ કહેવાતો હોય તોપણ તે જો ઉદારતાથી રહિત હોય તો તેને લોકો મ્હોટો માનતા હોય તો પણ શું થયું ? સત્ય દ્રષ્ટિએ નીરખતાં તે ન્હાનોજ છે ! ઉપર ઉપરનાં આચરણથી માણસ મ્હોટાઇ પામતું નથી ! અંતઃકરણમાં એ ગુણ હોય તોજ મ્હોટાઇ મળે છે ! તેમજ વળી સંપત્તિ અને સત્તાઆદિ પામ્યાથી મ્હોટો થયેલ માનવી પણ વિનયાદિકથી ન્હાનો બને છે તોજ તે મ્હોટો કહેવાય છે ! હજારો લોકોમાં માન પામતો હોય, મ્હોટા શત્રુઓને જીતેલો હોય, જેનાં પૂતળાંઓ સંગ્રહ સ્થાનોમાં મેલાયાં હોય, અને મૃત્યુ પાછળ કરોડો લોકોએ જેની પાછળ સ્વાર્થથી અશ્રુ ખાળ્યાં હોય તેવો માણસ પણ જો સદ્ગુણની સંપત્તિ નહિ મળવાથી સંકોચિત અંતઃકરણનો હોય તો તેને મ્હોટો નહિ પણ ન્હાનોજ જાણવો ! જેના જન્મની પણ કોઇને ખબર ન હોય, જેને કોઇ ઓળખતું ન હોય જે જંગલ અને અરણ્યમાં રખડતો રઝળતો હોય, જે ફળફુલ ખાઇનેજ જીવિત ગુજારતો હોય અને મરણ પછી પણ જેને પરિચય વગરના લોકો સંભારે તેમ ન હોય તોપણ જો તેને સદ્ગુણની સંપત્તિ પ્રાપ્ત થયેલી હોય અને ઉદાર વૃત્તિવાળો હોય તો તે ઇશ્વરને ઓળખવાને અને તે મહાન પિતાના પદને પામવાને અત્યંત અધિકારી મ્હોટો છે ! અને તેમાંજ મ્હોટાઇ છે ! આમ ખાતરી પૂર્વક માનવું કે ખરી મ્હોટાઇવાળો કદી વનમાં રખડતો રઝળતો હોય તોપણ તે જગતમાં પૂજાય તેવો થાય છે ! તેજ જગતનું ભલું કરે છે અને જગતમાં પોતાની ઉદારતાનો બાકી રહી ગયેલો ભાગ પરમેશ્વર પાસેથી મેળવે છે ! સંસારમાં રહીને પણ સુખ, કીર્તિ અને મ્હોટાઇ મેળવવાની ઇચ્છાવાળાએ એવી રીતે સારશોધક થઇને અંતઃકરણમાં ઉદારતાનો

સંગ્રહ કરતાં સદ્દગુણનો અભ્યાસ કરવો એજ મનુષ્યજન્મનું સાફલ્ય છે! પુત્ર! એ શિવાય ની મ્હોટાઇ તાડનાં ઝાડ સરખી કે ચબુતરાના ચાડિયા જેવી છે! કદી આ વાત તારા માનવામાં આવે તો ભલે નહિ તો દુનિયામાં આગળ પ્રસાર કરતાં તને પ્રત્યક્ષ પરિણામ જણાઇ આવશે! વત્સ! હવે તારાં અંતઃકરણની શંકાનું સમાધાન થયું ?"

"હા મહારાજ!" યુવાને વિનય સહિત જવાબ આપ્યો. "તમો સરખા મહાત્માનો સમાગમ થયો એટલે મ્હારી શંકા દૂર થાય એમાં શું આશ્ચર્ય! ખરેખર! તમે આજ મને કૃતાર્થ કર્યો છે! મ્હારી આંખો આડો આવી રહેલ માયાનો અંતરપટ ખસેડી મને અંધકારમાંથી બ્હાર આણ્યો છે! આજે મ્હારાં આનંદનો શો પાર!"

"બેટા!" વેરાગીએ જણાવ્યું, "તને સંતોષ થયેલ જોઇ હું અત્યાનંદ પામું છું! મ્હારી ખાત્રી છે કે સંસારમાં આગળ વધતાં તું મ્હોટાઇનાં સ્વરૂપમાં મળીશ!"

કેટલોક સમય વેરાગી સંગે વાતચીતમાં ગાળી અને તેની કેટલીક શીખામણ સાંભળી, તેની આજ્ઞા લઇ યુવાન ઘેર જવાને નીકળ્યો. તૃષાતુર થયેલ હોવાથી શીવાલય પાસે વહેતી સરિતામાંથી તેણે પાણી પીધું, અને વળતાં ફરીને મંદિર તરફ દ્રષ્ટિ કરી તો શું જોયું? શીવાલય ત્યાંથી અદ્રશ્ય થઇ ગયું હતું! પેલો વેરાગી પણ ત્યાં જણાતો નહોતો! જે સરિતામાંથી તેણે જળ પીધું હતું, તે પણ ત્યાં જણાતી નહોતી! તેણે પોતાને કુદરતી રચનાનાં અલૌકિક દેખાવવાળા, જોનાર મનુષ્યને ઇશ્વરની ગહન ગતીનું ભાન કરાવી સાનંદાશ્ચર્યમાં ગરક કરે એવાં અદ્દભુત અને રમણ્ય સ્થાનમાં ઉભેલો જોયો! આ સર્વ શું ફેરફાર થયો એ વિચાર તેને ક્ષણ માત્ર આવ્યો. તરતજ તેનાં મનની સ્થિતિ ફેરવાઇ ગઇ! વેરાગી વિગેરેનું સ્મરણ તેનાં ચિત્તમાંથી જતું રહ્યું! તે સ્થાનની સુંદરતાએ તેનું અંતઃકરણ હરી લીધું! લીલોતરીથી છવાયલાં, કુદરતી લાવણ્યતાનું ભાન કરાવતા, નિર્મળ વહેળાં, ઝરાઓથી ભરપુર ગીરિરાજથી ત્યાંનો દેખાવ અનહદ ચિત્તાકર્ષક હતો. ન્હાનાં ન્હાનાં વહેળાં, ઝરાઓ ખલ્ ખલ્ વહેતા નીચે ખીણમાં પડી સાથે મળી એક મ્હોટી નદીના રૂપમાં ફેરવાઇ ગયાં હતાં, જે ઘુઘવાટ કરતી પુર વેગથી વહેતી હતી. એકાએક આ સર્વ ફેરફાર થતાં પેલો યુવાન આશ્ચર્ય પામી ત્યાં સ્તબ્ધ થઇ ઉભો હતો, એટલામાં અંતરિક્ષ કોઇના મધુર ગાયનનો અવાજ તેને કાને પડયો! આસપાસ નજર કરતાં કોઇને પણ ન જોવાથી આશ્ચર્ય પામી તે એક ચિત્તે સાંભળવા લાગ્યો.

"જમાના જોર જાલમ છે,
ન માલમ શું થવાનું છે?
નજુમી કોણ એવો છે,
બતાવે શું થવાનું છે?
ન તાલિમબાજ તું જેવો,
નહીં ઉસ્તાદ એ જેવો;
પછી શું પુછવું અંજામનું,
કે શું થવાનું છે?
અદેખી આંખડી અફસોસ,
કે મેળાપ નાં સાખે?
રડાવે જે ઘડી કેડે,
હસાવ્યે શું થવાનું છે?
હજારો હાય નાંખે છે,
હજારો મોજમાં મસગુલ!
હજારો સોચમાં છે કે,
અમારૂં શું થવાનું છે!
જણારી સાદ કે ઇનસાફમાં

આશ્રમ મુંઝાણી છે;
ભલે વીતે જમાના લાખ,
તોયે શું થવાનું છે?
ફરે નિત્ય નહીં સ્થિરતા,
ભરોસો શો અરે એનો ?
ન જાણ્યું જાનકી નાથે,
પ્રભાતે શું થવાનું છે ?"

એક ભયંકર ગર્જના થતાં આ દૈવી અવાજ સંભળાતો બંધ થઇ ગયો, ને એક બીજો યુવાન આપણા યુવાન મુસાફરની સમક્ષ આવી ઉભો! તેને જોતાંજ તેણે પૂછ્યું, "અહો! હરમુખ, તમે પણ આ વનલીલા નીહાળવા આવ્યા છો શું ?"

"હા! ભાઇ!" હરમુખે આનંદથી ભેટતાં જવાબ આપ્યો, "કમળ, ખરેખર! આ સ્થળની સુંદરતા જોતાં આપણને કીરતારની અદ્ભુત શક્તિની ગહન ગતીનું ભાન થાય છે! કુદરતની રચના કેવી અલૌકિક છે?! અરે! પણ ભાઈ, આ સામે શું જણાય છે?" આમ કહેતાં તેણે તેમનાથી થોડેક દૂર પડેલ કાંઇ વસ્તુ તરફ આંગળી કરી તે તરફ કમળનું ધ્યાન ખેંચ્યું. પાસે જઇ જોતાં તે વસ્તુ કંઇ વિચિત્ર આકૃતિનું વાહન જણુયું. તેનો આકાર કંઇક મનુષ્યાકૃતિ ને કંઇક અશ્વના સ્વરૂપને મળતું હતું. તેનાં મુખ તરફનો આકાર માણસનાં મ્હોડાંને મળતો હતો! જો કે તે નિરજીવ હતું તોપણ તેની આંખોનો આકાર તથા રંગ એવો બનાવ્યો હતો કે તે હમણાં ચાલશે એમ જોનારને લાગ્યા વિના રહેજ નહિ.

"ભાઇ!" કમળે અજાયબ થઇ કહ્યું, "આ અહિં કોણ લાવ્યું હશે? વાહ! કોઇ હોંશીયાર કારીગરને હાથે ઘડાયલું હોય એમ લાગે છે!"

"નહી ભાઇ!" હરમુખે જણાવ્યું, "મનુષ્યને હાથે ઘડાયલી આ આકૃતિ નથી! રચનાએ રચેલ અદ્ભુત વસ્તુઓનો આ એક નમુનો છે! એજ મહાન પિતાની અગાધ શક્તિનું પરિણામ છે!" આમ કહેતાં તે તેનાપર સ્વાર થયો. કમળ પણ તેની પાછળ સ્વાર થયો. ક્ષણમાં તે વાહન આ બે યુવાનોને લઇને ઉડી આકાશ માર્ગે પ્રયાણ કરવા લાગ્યું! તેઓ આનંદથી વાતચીત કરવા લાગ્યા, એટલામાં વિજળીનો ચમકારો થયો, ને તમામ મંડળ ક્ષણવાર તેજોમય થઇ રહ્યું! આપણા બે યુવાનોમાંથી એકનું ધ્યાન તે તરફ ખેંચાયું! અનાયાસે નીચે દ્રષ્ટિ કરતાં તેનું ધ્યાન ધુઘવાટ કરતી મ્હોટી નદી તરફ ખેંચાયું. ઉપર આકાશ તથા નીચે પાણી શિવાય કંઇ પણ તેની નજરે પડયું નહી. વિજળીનો ફરી ચમકારો થતાં એક મોહિની સ્વરૂપ તરફ તેનું લક્ષ ખેંચાયું! વિજળીનો ચળકાટ વધુ થવા લાગ્યો! વખત જતાં તેની નજર તે તરફ વધારે ખેંચવા લાગી! વાહનનાં પ્રયાણથી તે વસ્તુ તેની નિચે આવતાં હવે ક્ષણમાં દેખાતી બંધ થઇ જશે એમ પેલા યુવાનને લાગતાં તે નીચો વળી તે તરફ જોવા જતાં વાહનપરથી સરી પડી નીચે વહેતી-પુર જોસમાં વહેતી સરિતામાં પડયો! ઉછળતાં તરંગોમાં ગોથાં ખાતાં, પ્રવાહ વેગમાં તણાતાં તે જલની બ્હાર નીકળવા પ્રયત્ન કરવા લાગ્યો, પણ તે અત્યારે નિષ્ફળ જણાવા લાગ્યા!

"નાથ! ઉઠોને, બાર વાગી ગયાં! ભોજન માટે સાસુજી રાહ જોય છે!" આમ અવાજ સુતેલ કમળને કાને પડયો. તે ઝબકી ઉઠયો, તો પલંગની પાસે નીચે જમીનપર પોતાને પડેલ તેણે જોયો.

"નાથ! ચાલો સ્નાન કરી લ્યો!" ફરી અવાજ તેને સંભળાયો. તરતજ કમળ

આંખ ચોળી બેઠો થયો, તો પોતાની સામે પોતાની પત્નિને ઉભેલ જોયાં.

"કેમ કેટલા વાગ્યા?" તેણે આશ્ચર્યતાથી પૂછ્યું.

"બાર વાગી ગયાંછ! હમણાં એક વાગશે!" તેની પત્નિએ સસ્નેહ મૃદુવાણીથી કહ્યું, "આજ સવારમાંજ કેમ સુઇ ગયા હતા? કંઇ શરિરે અસ્વસ્થ છો શું?"

"ના કાંઈ નથી!" કમળે જણાવ્યું, "જાઓ, ન્હાવાને પાણી તઇયાર કરો! હું આવું છું!"

તેની પત્નિ ત્યાંથી ચાલ્યાં ગયાં. એકલો પડતાં કમળને સ્વપ્ન યાદ આવ્યું. તે પોતાના રૂમમાં આસપાસ જોવા લાગ્યો, પણ કંઇ દીઠું નહી! વિચારવમળમાં તે તણાયો! "અરે આ શું? હું ક્યાં? હુરમુખ ક્યાં? આ સર્વ મેં શું જોયું? આ તે સ્વપ્ન કે શું?"

સ્વપ્નનો અર્થ તે કાંઇ સમજી શક્યો નહી! વિચાર કરતાં તેની મતી મુંઝાઇ ગઇ! એટલામાં તેની માતુશ્રીનો આવાજ સાંભળી તે ઓરડાની બ્હાર નીકળ્યો!

## પ્રકરણ ૧૧ મું.

"પુરા પુષ્પના પુંજમાં હીંગ પેસે,
"નહીં હીંગને પુષ્પનો પાસ બેસે;
"ભલે માથું કુટી મરે કોઈ માળી,
"પડી ટેવ તે તો ટળે કેમ ટાળી."

**કોયલો સદાય કાળોજ!**
**યૌવનનું રાજ્ય-રિપુનું પ્રાબલ્ય!**
**મદાંધ કેશર તરફ કમળનો ફીટકાર!**

રાત્રીના સાડાઆઠ વાગ્યાનો સમય હતો. વૃદ્ધ **દયાળદાસ** જમીને પાન ચાવતા હીંચકાપર એક તકીયાને અઢેલીને બેઠા બેઠા તેની સામે જમીનપર બેઠેલ સ્વપત્નિ **કેશર** સંગે હાસ્યવિનોદ કરી તેણીને લાડ લડાવતા હતા. અંદરની ઓરડીમાં ભટ ચુલાને અબોટ કરેવામાં રોકાયલો હતો. ધુટી એઠવાડ કહાડી વાસણ માંજવા લઇ જવાની તઇયારીમાં હતો. ઓરડીમાં **દયાળદાસ** બેઠા હતા તેનું બારણું અર્ધું બંધ કરેલ હતું, કારણ કે દ્વારની બ્હારથી કટેરામાંથી માણસો આવજા કરતા હતા. આ વખતે ઓરડીનું દ્વાર ઉઘડ્યું, અને **કમળ** અંદર દાખલ થયો. **કમળને દયાળદાસનાં** ઘર સાથે શો સંબંધ હતો તે કાંઇ વાચનારથી અજાણ્યું નથી. અને દીન પ્રતી દીન વધતો જતો પરિચય, **દયાળદાસનો** તેનાપર અનહદ વિશ્વાસ, અને તેના તરફથી મળતું બેહદ માન **કમળને** એ ઘર તરફ ખેંચી લાવે એમાં કાંઇ આશ્ચર્ય સરેખું નથી. જો કે **કેશરનાં** નીચ કર્તવ્યો તેણે નજરો નજર જોયાં હતાં, અને તેણીની તરફ તેને અત્યંત તીરસ્કાર છુટ્યો હતો. તોપણ **દયાળદાસે** તેનાપર નાંખેલી ફરજ અદા કરવાની ઇચ્છાએ તેણે કાંઇ પણ બીના **દયાળદાસ** અથવા તો કોઇ બીજાને પણ જાણ ન કરતાં, સર્વ પોતાનાં અંતઃકરણમાંજ રાખી હતી. અને **કેશરને** પણ ખુલ્લી રીતે તિરસ્કાર ન કરતાં, કયું આચરણ ખોટું છે અને કયું આરણ સ્ત્રિઓને શોભા રૂપ છે, તે તેણીનાં અંધ હૃદયમાં ઠસાવવા, તેમજ **દયાળદાસ** ગમે તેવો વૃદ્ધ છે, અને તેણીનાં માતપિતાએ જોઈએ તેવી પૈસાની લાલચે તેણીને આવા ઘરડા પતિના હાથમાં સોંપી તેણીનો ભવ બગાડ્યો છે, તે 'ભાવી મિથ્યા થતું નથી' એમ મન વાળી-સંતોષ ધારણ કરી, એ લોકોએ કરેલી ભૂલપર હવે વધુ બળાપો કરવો છોડી દઇ, સ્ત્રીધર્મના નિયમાનુસાર આ અસત્ય જગતમાં

આચરણ કરી, પોતાનું કર્તવ્ય શું છે તે જાણી જન્મ સફળ કરવા પ્રયત્ન કરવા નિરંતર મચ્યાં રહેવું. એવાં અનેક શીખામણનાં વચનો વારંવાર તેણે તેણીને સમજાવીને કહ્યાં હતાં. અને ખરેખર. આ શબ્દોની અસર કેશરપર થોડી ઘણી થઇ હતી. તેણીએ પોતાનાં કેટલાંક નીચ આચરણો તજી દીધાં હતાં, તોપણ ગાઢતા યૌવનમદના જુસ્સાના વેગથી જે પવિત્ર વિચારો કમળ વારંવાર તેણીનાં હૃદયમાં ઠસાવતો તે દબાઇ જતા હતા. નીચ વાસનાથી છવાયલાં અંતઃકરણનાં અનિયમીતપણાથી તેની અસર દુર થતાં તથા મદનશરના કારી જખમ લાગતાં, મન ચલિત થતાં વીલંબ લાગતો નહીં, તોપણ તેણી કમળથી કાંઇક બ્હીતી તથા તેનાં વચનો તેણી ખરા અંતઃકરણથી સાંભળતી હોય, એમ જણાતું હતું. કમળનાં મુખમાંથી નીકળતી વાણી તેણીને પ્રિય લાગતી હતી. વારંવાર તેઓ એકાંતમાં ઘણો વખત સુધી વાતો કરતા બેસતાં હતાં. કેશરે ગુજરાતી ત્રણ ચોપડીનો અભ્યાસ કીધો હતો, પણ અણસમજુ માતપિતાનાં અત્યંત લાડમાં ઉછરવાથી, તેમજ નિચ વૃત્તિની અભણ સ્ત્રીઓના સહવાસમાં આવવાથી અધુરી કેળવણીની ખરાબ અસર થવાથી તેણીએ પોતાના ભણતરનો ખરાબ ઉપયોગ કરી સ્ત્રીકેળવણીને કલંક લગાડવા સરખું કર્યું હતું. કમળ તેણીની વૃત્તિ સુમાર્ગે દોરવવા વારંવાર વિદ્વાન ગ્રંથકારોના હાથથી લખેલાં ઉત્તમ સ્ત્રિશિક્ષણનાં પુસ્તકો તેણીને વાંચવા લાવી આપતો હતો, અને સ્ત્રીઓની પવિત્ર ફરજ શું છે તે તેણીનાં ખાલી અંતઃકરણમાં ઉંડી બેસાડવાને કોશેષ કરતો હતો, પણ અફસોસ! તેની અસર કેશરપર થવાને નિષ્ફળ સરખી હતી—અશક્ત હતી. પણ કમળ આ વાતથી તદન અજાણ્યોજ હતો. પોતાના કહેવાથી કેશર સુધરતી જાય છે, એમ તે ધારતો હતો, અને આ પ્રમાણે ભુલાવાનાં ભ્રમણમાં પડતાં પોતાની કોશેષમાં પોતાને દિવસે દિવસે વધુ ને વધુ ફત્તેહ પામતો જતો જાણી તેણી પાસે વારંવાર જતો અને ઘણો કાળ તેણી સંગે ગુજારતો હતો. વળી વૃદ્ધ દયાળદાસની નબળી કાયા અને તે ઉપર રહેલી મ્હોટી દોલત જો પોતાને સંતાન ન થાય તો પારકાના હાથમાં જાય તો પોતે નિરાધાર બને એ વિચાર ઉશ્કેરાઇ આવતાં કમળની સર્વ મહેનતપર પાણી ફરી જતું હતું. કમળ આટલું બધું પોતાને માટે શું કામ કરતો હશે, તથા પોતાને શા વાસ્તે કહેતો હશે તેનો કેશરે પોતાનાં નીચ હૃદયમાં ઉંધોજ અર્થ કર્યો, અને તેણી દીવસે દીવસે કમળને કાંઇ જુદાજ રૂપમાં જોવા લાગી. કમળ તરફ તેણીની સંસારિક વૃત્તિ ખેંચાવા લાગી. આથી વારંવાર કંઇ કંઇ માંદગીનાં જુઠાં બહાનાં કહાડી તેણી કમળને દરરોજ પોતાની પાસે બોલાવતી હતી. કમળ તેણીની આ વૃત્તિથી તદન અજાણ્યોજ હતો. આજે પણ તેણીએ પોતાનાં પેટમાં દુખવાનું બહાનું કહાડી અત્યારે કમળને તેડાવ્યો હતો. ઘરમાં કમળને આવતો જોઇ દયાળદાસે હીંડોળાપર સ્હેજ ખસતાં કમળને આદરમાન આપી પાસે બેસવાની જગ્યા આપી.

"કેમ શેઠ, કાંઇ અત્યારે મને તેડાવવાની જરૂર પડી?" હીંડોળે બેસતાં કમળે પૂછ્યું.

"આ જરૂર તો ઇ પડીછ કે આ તમારી સેઠાણી સારૂજ તો!" દયાળદાસે જણાવ્યું, "આ જોવ! એને મેં સો વખતના કઇ, કે હમણા માંદી છે ને એસડ ખા

ય છે તો દગીઆરસ કરવાનું મુકી દીયે, પણ માનતી નથી ! આ કાલ પણ રાખીતી તે ફરાળ કીધા, ઇ તે કાંઇ એને પચે ? ! આજ વાયુનું જોર થઇ આવ્યું ! પછી તમને વીના ફોકટની તસદી આપ્યા કરેછ ! રાજની માંદીજ રેવાની છે, ને ઓસડના બાટલા પીધા કરવાની છ ! ”

“ અરે ! મુને તો કાંઇએ નથી થાતું ! ” કેશરે મ્હોડા ઉપર મંદ હાસ્ય આણી પોતે જાણે શરીરની વ્યાધિની કાંઇ પણ દરકાર કરતી નહી હાય એવું બતાવ્યું. “ મુને વાઘ પણ ખાતો નથી ! ”

“ ‘ મારેજ ’ ઓય માડીરે ! ઓય ઓય રે ! ’ એમ રોજ બુમો પાડયા કરે છ ! ” દયાળદાસ જાણે કેશરપર જીત મેળવવા ઇચ્છતો હોય એમ વચમાં બોલી ઉઠયો, “ તે દીવસની વાત તો હજી ભૂલી ગઇ કાં ? ને હમણા વરી મીજાસ કરેછ તે ! ”

કેશર સ્હેજ શરમાઇ ગઇ; તેણીએ કાંઇ પણ મત્યુત્તર આપ્યો નહી. દયાળદાસ તેણીની તરફ જોઇ હસવા લાગ્યો.

“ કેમ ? આજે કેશરબાઇને શું જણાય છે ? ” ઉપલો પ્રારસ સમાપ્ત થતાં કમળે પૂછયું, ને કેશર તરફ ફરી તે બોલ્યો, “ બોલો કેશરબાઇ, શું કહેવું છે ? મારાથી અત્યારે બહારે વાર બેસી શકાય તેમ નથી ! મારી તબીયત સારી નથી ! ચાલો શું કહેવું છે ? ”

“ કેમ, વરી તમને શું થયું છે ? ” કેશરે આતુરતાથી પૂછયું, “ તમને ડાકતરને તે વરી સુ રોગ થાય ! ”

“ હા ! હા ! ” દયાળદાસ ખડખડ હસી પડયો, “ જોવ કમળ ! આની વાત સાંભળો ! ડાકતર હોય ઇ સુ કોઇ દીવસ માંદા ન પડે કે ? માંદા પડવું કાંઇ એમના હાથમાં છે શું ? જોવને એ પણ વાત કેવી કરેછ તે ! ”

કમળ સ્હેજ હસ્યો.

“ ચાલો હવે શું કહેવું છ તે કહો કે દવા મોકલું ! ” કમળે સ્હેજ કંટાળો બતાવતાં કેશરને કહ્યું, “ હવે હું ઘેર જઇશ ! મારાથી વધારે રોકાઇ શકાશે નહી ! ”

“ અહોહો ! કમળ, તમે તો આજકાલ બઉ મોંઘા થઇ ગ્યાછ કાંઇ ! ” કેશર હાથનો છણકો કરી ગંભીરતા ધારણ કરી બોલી ઉઠી, “ તમને હમણા જરા માન વધારે આવ્યુ હોય એમ લાગેછ ! એક તો કોય દીવસ આવતા નથી; ને આવોછ તો જરા ધીરજ રાખીને બે ઘડી મન રેવાની બેસતા પણ નથી ! આવોછ કે પાછા ‘ જાઉં જાઉં ’ કરી મૂકોછ ! અમે તમને વળગતા આવીએછ તેમ તેમ તમે તો અમારાથી આઘાજ ભાગ્યા કરોછ ! તમારા કાકાને પણ હું તેડાવતી નથી ! મને તો તમારોજ વીસવાસ બેસી ગયો છ ! ને તમારે હાથેજ મને તો સારો થઇ જાય છે ! બસ, એક દીં તમે ઓસડ આપ્યો કે બીજી વાર પાછો ખાવાની જરૂર પડતી નથી ! જાણે રામબાણ જેવો લાગી જાય છે ! ”

“ હા ઇ વાત તો સાચી ! ” દયાળદાસે તેણીનાં કહેવાને ટેકો આપ્યો.

કમળે કેશરની તબીયત તપાસી તેણીને માટે કાંઇ દવા લખી આપી, ને પછી તેઓ ગામ ગપાટા મારવા લાગ્યા, એટલામાં કમળનો જીવ એકાએક ગભરાવા લાગ્યો. તેતેની છાતીમાં દુખાવો થવા લાગ્યો. તરતજ ખાળ પાસે જઇ તેણે એક સખત ઉલટી કરી, અને ત્મ્માર આવવાથી ત્યાંજ બેસી ગયો.

દયાળદાસ અને કેશર આથી અત્યંત ગભરાયાં! કેશર કમળ પાસે આવી તેના વાંસા પર હાથ ફેરવવા મંડી ગઇ, ને દયાળદાસ હાંફ્લો ફાંફ્લો થઇ ઓરડીમાં આમથી તેમ દોડતો નોકરોને પાણી લાવવા માટે બૂમ મારવા લાગ્યો. રસોઇયો એક કળસીયામાં પાણી લઇ આવ્યો. કમળે કોગળા કર્યા, પણ હજી તમ્મર આવવા બંધ પડેલ ન હોવાથી તે હીંડોળાપર સુઇ ગયો. દયાળદાસે ધાટીને તેને પંખો નાખવા ઉભો રાખ્યો, અને બેય પતિપત્નિ તેનાં શરિરપર હાથ ફેરવવા લાગ્યાં. દયાળદાસનો ગભરાટ ઓછો થયો નહી ને તેણે કમળના પિતાને તેડી આવવા પોતાના ભટને હુકમ કર્યો, પણ તેને જતો કમળે એકદમ અટકાવ્યો. "શેઠ! મારા બાપુને તેડી લાવવાની કંઇ પણ જરૂર નથી!" તેણે કહ્યું, "એવું તો મને વારંવાર થઇ આવે છે! મને સ્હેજમાં શાંતી થશે!"

"પણ કાંઇ ઓસડ બોસડ ખાસો કે કેમ?" દયાળદાસે કહ્યું, "કે એમને એમ જ સારૂં થઇ જાસે! બોલાવવા દીયો તમારા બાપુને!"

"અરે નહી, નહી! "કમળે જણાવ્યું, "મ્હારી દવા હું પોતેજ જાણું છું! બીજા કોઇને એની ખબર નથી! વિના કારણે એમને અહીંયા બોલાવી એમને ગભરાવશો નહી! કાંઇ જરૂર જેવું નથી! તમારા ઘરમાં કોલાનવાટર હોય તો લાવો! જરા માથે લગાડીશ તો હમણાં સારૂં થઇ જશે!"

"અરે કુલાંવાટરની સીસી છે! લ્યો આપું!" દયાળદાસ આતુરતાથી બોલી ઉઠ્યો, ને કોલાનવૉટરની શીશી શોધવા લાગ્યો. આમ તેમ શોધતાં ન મળવાથી તરતજ કેશરે પોતાનું કબાટ ઉઘાડી શીશી કહાડી આપી, જે લઇ દયાળદાસ કમળ પાસે આવી બોલ્યો, "લ્યો આ કુલાંવાટર! પણ જો જો બઉ ઉંચો છે તે થોડો વાપરજો! નંઇ તો મગજમાં ચઢી જસે!"

"લાવોને ચાર પાંચ ટીપાં મારા હાથમાં નાંખો, એટલે હું માથે લગાડીશ!" કમળે જણાવ્યું ને હાથ આગળ ધર્યો.

આ સાંભળતાં કેશર આગળ આવી ને દયાળદાસને કમળના હાથમાં કોલાનવૉટર આપતો અટકાવતાં બોલી, "ઉભા રીયો! તમારે હાથે બરોબર નઇ લાગે! મને લેવા દીયો! તમારૂં માથું બરોબર ઘસીસ! જરા ભેગો ધુપેલ તેલ લેવા દીયો! જોવ તો ખરા! તમને હમણાં ઠંડક થઇ જાસે! લાવો મને ચોળવા દીયો! તમેં જરા સરખા થઇને સુઇ જાઓ!"

"હા, હા! ઇ ઠીક!" દયાળદાસે ટાપસી પુરી, "કમળ! તમે નીરાંતે સુઇ જાવ! એનેજ માથો ઘસવા દીયો! એનો હાથ લાગસે તો હમણા તમારો બધોય રોગ ભાગી જાસે, ને એક મીનીટમાં હુસીઆર થઇ જાસો! વરી અમારા ઘરનો ધુપેલ પણ એવો સરસ છે કે બસ! કેટલી જાતના વસાણા નાખીને ઘેર ભઠી કરીને બનાવ્યો છ!" એટલામાં કેશર એક વાટકામાં તેલ અને કોલનવૉટર એકઠું કરીને લઇ આવી, અને બોલી, "લ્યો જોઇએ હવે આ તકીયા ઉપર માથો મુકીને સરખા નીરાંતે સુવો જોઉં! વેલા થાવ જોઇએ! કુલાંવાટરની વાસ ઉડી જાસે!"

કમળ સ્વસ્થ થઇને સરખો સુતો. હજી તેને તમ્મર નરમ પડયાં ન હતાં. છાતીમાં

દુખાવો હજી ચાલુજ હતો. કેશર તેનાં મસ્તક પાસે હીંડોળાપર બેસી તેનાં કપાળપર મીશ્ર કરેલ કોલાનવૉટર અને ધુપેલ ઘસવા લાગી, એટલે કમળે બીજું થોડું કોલાનવૉટર પોતાની છાતીપર ચોળવાને માગ્યું, એટલે દયાળદાસે તે પોતાને હાથેજ કરવા માંડયું. એ પ્રમાણે આ દંપતિ કમળને આરામ કરવાને મહેનત કરવા લાગ્યાં.

"કેમ કમળ!" કપાળપર ઘસતાં કેશરે પૂછ્યું, "તમને ઠંડક લાગે છ ના?"

"હા! જરા ઠીક લાગે છે!" કમળે પ્રત્યુત્તર આપ્યો.

"અરે જોવ તો ખરા!" કેશરે ફુલાઇ જઇ કહ્યું, "એવું ઘસીસ કે જરાવારમાં તેમને નીંદર આવી જાસે નીંદર, સમજ્યા! અમારા બાઇડીયુંના હાથમાં એવો ગુણ છે!"

"કેમ છાતીનો દુખાવો કાંઇ નરમ પડયો કે નઇં?" છાતી ચોળતાં દયાળદાસે આતુરતાથી પૂછ્યું.

"મુરબ્બી! સ્હેજ નરમ છે!" કમળે જણાવ્યું, "પણ હવે તમે તસ્દિ શા માટે લ્યો છો! લાવો હું મ્હારે હાથેજ ચોળીશ! તમે બેસો! તમે આખા દીવસનાં કામથી થાકીને કંટાળેલા હશો, માટે નીરાંતે બેસો! મને એવું રોજનું ચાલ્યું આવે છે! બેસો બેસો હવે! આ તો તમે ઉલટો મને શરમાવો છો!" આમ કહેતાં તેણે દયાળદાસનો હાથ ખસેડવા માંડયો.

"અરે, એમાં તે વરી સરમાવું સું કામ જોઇએ?!" ચોળવું જારીજ રાખતાં દયાળદાસે કહ્યું. "તમે પણ કેવા માણુસ છોવ! અમે તે વરી કંટાળેલા કેવા વરી! ઇ માઇફીટની મજુરી તો અમારે રોજનીજ છે! અમે એનાજ કીડા થઇ રયલા, તેને તે વરી કંટાળો કેવો ને થાક પણ કેવો લાગે! અમને ઇ વાતનો કાંઇ હીસાબજ નથી! આ તો રોજ આઠ ડસ કલાક દુકાનનું કામ કરવું પડેછ, પણ જો દીવસેના ચોવીસે કલાક સુરજ ઉગતોજ રે'તો હોય તો રાતે બે ઘડી ઘેરં આવીએછ તે પણ આવીએ નંઇ, સમજ્યા મારા મે'રબાન! ઇ વાતનું તો અમને કાપડીયાને કાંઇ પુછવુંજ નંઇ! જોઇએ તેવા પણ અમે મજુર જેવા મજુર! અરે! વખત આવે તો ખભે તાકાના બંડલો મુકીને ઘરાકને ત્યાં ડોઢ ગાઉ છેટે નાખી પણ આવીએ! આ તમારી છાતી ચોળવા બેઠા, એટલી જરા વારમાં તે શું હું થાકી ગીયો?! જાવ મારા ભાઇ!"

"પણ મ્હારે માટે તમને આટલી બધી મહેનત લેવી પડે એ મને સારૂં નથી લાગતું! તમે મ્હારા વડિલ છો! તમારી સેવા મારે ઉઠાવવી જોઇએ, તેને બદલે શું તમારી પાસે મ્હારી સેવા કરાવું? નહી! મુરબ્બી હવે રહેવા દ્યો! બહુ થયું! આમ કરોછ તેથી મ્હારાં મનમાં બહુ માઠું લાગેછ!" કમળે સવિનય જણાવ્યું.

"હવે ખોટું લાગે તો સવારે સેર એક ખારો લઇને ધોઇ નાંખજો!" દયાળદાસે કહ્યું, ને ચોળવું ચાલુજ રાખ્યું, "ત્યારે તમે તમારી ને અમારી વચમાં આટલી જુદાઇ રાખોછ કાં? હું કોણ ને તમે કોણ? તમો કોઈ બા'રના માણુસ હસો એમ તમારા મનમાં લાગતું હસે નઇ? જાવ, જાવ! આમ બોલોછ તે સું સારા લાગોછ!"

"હા, કમળ!" કેશરે ટાપસી પુરી. "તમે ઘરના માણુસ થઇને આમ બોલો ઇ

તમને છાજતું નથી ! કેમ જાણે તમારે માટે કાંઇ કરશું તો અમારો સરિર ઘસાઈ જાસે ! આવી વાત કરતાં તમને સરમ નથી આવતી ? કાંઇ સરીરમાંથી કટકો ઉતરી તો નઇં જાય ! તમે પણ કોણ જાણે કેવા માણસ છો ! ઘડીકમાં ઘરના માણસ પરમાણે ચાલો છો ને ઘડીક પછી કેમ જાણે બારનું માણસ હોય તેવી રીતે અમારી સાથે વરતો છો ! ઇ તે સું સારૂ કેવાય ! ઇ તો ઉલટો અમારા જીવને સંતાપ થાય એવું કરો છો ! સાચું પુછાવો તો હું સીજી ખાવાના સોગન ખાઇને કઉં છું કે તમારૂં આવું બોલવું મને જરીકે ગમતું નથી !"

"નઇં તો સું વરી !" દયાળદાસ વચમાં બોલી ઉઠયો.

"તોપણ શેઠ ! તમે વૃદ્ધ છો ! તમને તસ્દિ લેવા દઈ શકાયજ નહી !" કમળે વધારે આગ્રહ કીધો, "પણ જરા આ બારી ઉઘાડી નાંખો, એટલે હવા આવે !"

દયાળદાસે બારી ઉઘાડી, થોડીવાર થતાં કમળે પોતાને ઘેર જવાની ઇચ્છા જણાવી જે સાંભળતાં કેશર બોલી ઉઠી, "હમણા જવાય નઇં ! જરા તમારા જીવને નીરાંત થાવા દીયો, પછી જાજો ! ઘડીક વાર તો આંઇજ આરામ લીયો ! ક્યાંક રસ્તામાં જાતાં ચકર આવી જાસે તો નવતું સાડીતેર થઈ જાસે ! જો ઉંઘ આવતી હોય તો કલાક આંઇજ સુઇ રીયો ! આ ઘર ક્યાં પારકો છે?! પા કલાક સુસો તો હમણા જીવને ઠીક થઇ જાસે !"

"પણ અહીં સુઇ જતાં વખતે ઘેર જતાં મોડું થઇ જાય તો ઘેર વાટ જોશે !" કમળે જણાવ્યું.

"હવે મોડું કાંઇ નઇ થાય !" દયાળદાસે કહ્યું, "હું છું ના ! કલાક પછી તમને ઉઠાડીશ ! જરા સુઓ સુઓ !"

દયાળદાસ તથા કેશરનો અત્યંત આગ્રહ થતાં કમળ ત્યાં સુતો.

કમળ નિંદ્રાવશ થતાં કેશર દયાળદાસના દેખતાં વારંવાર તેનાં શરિરનાં જુદાં જુદાં અવયવોપર હાથ ફેરવવા ઉઠતી હતી. ઘડિકમાં તેણી તેનું માથું દાબતી તો ઘડિકમાં છાતી તપાસતી હતી, તો વળી ઘડિકમાં તેના હાથ અને પેટ ઉપર હાથ ફેરવી તાવ આવે છે કે કેમ તે જોતી હતી. દયાળદાસ પણ વારંવાર તેણીને તેને વાશે પૂછતો તો તેણી તેનો યોગ્ય ઉત્તર આપી તેનાં અંતઃકરણનું સમાધાન કરતી. વાંચનાર ! કેશરનું હૃદય કમળ માટે આટલું બધું ખેંચાય તેનું કારણ શું હશે ? દયાળદાસ તેને માટે લાગણી ધરાવે તે તો કમળના પિતાનો તેનાં ઘર સાથે ઘાડો સંબંધ હતો તેને લીધે અંતઃકરણ ઉશ્કેરાય એ માનવું યોગ્ય છે ! ત્યારે કેશરની લાગણી ઉશ્કેરાવનું પણ એજ કારણ શા માટે ન હોય ? કદાચ હોય ! એમ બનવું કાંઇ અસંભવિત નથી ! તોપણ બારિકીથી તપાસી જોતાં, કેશરનાં હૃદયને છેક ઉંડાણમાંથી તપાસી જોતાં કાંઇ જુદુંજ કારણ જણાઇ આવશે ! તેણી એમ ધારતી હતી કે કમળનું મન તેણી તરફ ખેંચાયલું છે. પોતાનો વિરહ સહન ન થવાથી તે કામજ્વરથી રીબાય છે—ઝુરાય છે, અને પોતેજ એની બીમારીનું કારણ છે ! ખરૂં જોતાં તેણીની મનોવૃત્તિ તેનામાં પોરવાઇ હતી. યુવાવસ્થાનાં મદનું પ્રાબલ્ય વધતાં, વિષયવાસના તૃપ્ત કરવાને તેણી બેધડક જારકર્મમાં પોરવાઇ હતી તે કાંઇ વાંચનારથી અજાણ્યું નથી. વળી કમળો થયેલની આંખે સર્વ વસ્તુ પી-

બીજાં જણાય, તેમ વ્યભિચારથી અંધ બને-
લ અંતઃકરણને કમળનું હૃદય પણ પોતાના
સરખુંજ જાણ્યું. વળી જે શીખામણનાં વચનો
કમળ તેણીને સુધારવાની ધારણાથી કહેતો તે-
ની પણ આથી તેણીના ઉપર જુદીજ અસર
થતી હતી. તેણી એમ માનતી હતી કે કમળ
જે કહે છે તે માત્ર તેણી અન્ય પુરૂષ સાથે-
નો સ્નેહ છોડી દઈ તેની એકલાની સાથેજ
સ્નેહ જોડે એવી ધારણાને લીધેજ હતું. આ-
થી તેણી કમળ ઉપર અનહદ સ્નેહ રાખવવા
લાગી. વારંવાર તેણી સ્ત્રીચરિત્રની કળા વા-
પરી કમળને સમસ્યામાં પોતાની વૃત્તિ જ-
ણાવતી હતી, પણ એકમાર્ગી અને એકજ
ધારણાથી તેણીની સંગે પરીચય રાખનાર
નિર્દોષ કમળ સમજી શકતો નહોતો. તે શું
ધારતો હતો તથા કેશર માટે તેનો વિચાર
કેવો હતો તે અમે આગળ જણાવી ગયેલ
હોવાથી અત્રે ફરી કહી બતાવી વાંચનારને
કંટાળો ન આપતાં અમે એટલુંજ કહીશું કે
કેશર તથા કમળના વિચારો એક બીજાથી
તદન વિરૂદ્ધ હતા, અને બેય જણું પોતાની
ઉમેદમાં પોતાને દીનપ્રતિદીન વધુ ફાવેલ ધા-
રતા હતાં. નિષ્કપટી કમળ આ તેણીની
નીચ વાસનાથી કેવળ અજાણ્યો હતો, નહીંતો
તે આ દુષ્ટાનાં ગૃહને પોતાનાં પવિત્ર ગૃહ
સમાન ગણી એક ક્ષણ માત્ર પણ ત્યાં બેસ-
ત નહીં! અરે, કોઈ કાળે પણ તેનાં દ્વાર
તરફ દ્રષ્ટિ સરખી પણ કરત નહીં! પણ
ભાવી બળવાન છે! બનવાનું હોય છે તે કો-
ઇથી કદી પણ મીથ્યા થતું નથી! હર રોજ
સંસારમાં અવનવા બનાવો બનતા જાય છે,
જે કર્તાની ગહનગતી અને સંસારની વિ-
ચિત્રતા માયાના મોહમાં લપટાયલા માન-
વીની દ્રષ્ટિ આગળ ધરે છે!

પોણા નવ વગ્યાનો સમય થવા આ-
વ્યો પણ કમળ હજી ઉઠયો નહોતો. તે ભર
નિદ્રામાં પડ્યો હતો. એટલામાં એક નિકટના
સંબંધીનાં મૃત્યુનાં ખબર મળતાં દયાળદાસ
ને સ્મશાનમાં જવાની ફરજ પડી. લોક રી-
વાજ પ્રમાણે કેશરને પણ સ્ત્રીઓ સંગે સું-
આળેવીએ સ્નાન કરવાને જવાનું કહી તે ઉ-
તાવળો ઉતાવળો ત્યાંથી જતો રહ્યા, પણ તે-
ણીએ રાત્રીનો સમય હોવાથી પ્રભાતેજ આ-
વીશ એમ કહી તે સમયે જવાનું માંડી વા-
ળ્યું, જે ઉતાવળમાં દયાળદાસે સાંભળ્યું
નહીં. ઘાટી તથા રસોઇઓ પણ પોતપોતાનાં
કામમાંથી પરવારી પોતાને ઘેર વિદાય થયા.
હવે ઘરમાં માત્ર નિંદ્રાવશ થયેલ કમળ તથા
કેશર બેય જણ શિવાય બીજું કોઇ રહ્યું
નહીં. બેય એકલી પડતાં નીચ કેશરની વૃત્તિ
બદલાઈ ગઇ! તેણીનાં મનમાં અનેક દુષ્ટ
વિચારો આવવા લાગ્યા. ફરી તેણીએ કમળનું
શરિર તપાસ્યું, અને તે સાથે તે ભરનિંદ્રામાં
હતો એમ પોતાની ખાત્રી કરી લીધી. એમ
કરતાં પાએક કલાક નીકળી ગયો. ઘડિયાળમાં
નવ વાગ્યાનાં ટકોરા થયા. ટકોરા સાંભળતાં
કેશર ત્યાં પાથરેલાં પોતાનાં બીછાનાપર પડી.
પણ ક્ષણવારમાં ઉઠી તેણીએ ઓરડીનું દ્વાર
ધીમેથી સ્હેજ પણ અવાજ કે ખખડાટ વગર
બંધ કર્યું, ને હીંચકા પાસે આવી નિંદ્રાવશ
થયેલ કમળ તરફ વિકારમય દ્રષ્ટિએ સ્થિર
તાથી જોયાં કીધું. થોડીવાર ઉભી, વળી નીચી
વળી કમળની આંખ સામું જોવા લાગી;
તેનાં માથા તથા કપાળપર ધીમેથી હાથ ફે-
રવ્યો. કમળ આથી ઉઠયોજ નહીં. વળી કંઇ
વિચાર આવતાં આસપાસ નજર ફેરવી, ઓ-
રડીની બારીઓ બંધ કરી. ઝળકાટ મારતો
દીવો પણ આસ્તે રહીને ઝાંખો કરીદીધો, એટલે
ઓરડીમાં સ્હેજ અજવાળું રહ્યું. સરતજ ઉ-
તાવળે પણ હળવે પગલે અંગુઠાપર ચાલતી
તેણી હીંચકા પાસે આવી એકદમ અટકી પડી,

ને ત્યાંથી પાછી ફરી ત્વરાથી બારણાં આગળ આવી ! આસ્તે રહીને દ્વાર ઉઘાડી બ્હાર કેટેરામાં આજુબાજુ દ્રષ્ટિ કરી તત્કાળ પાછું બંધ કરી દીધું. ને ફરી કમળ પાસે આવી ! તે છેક તેની સમીપ જવા આગળ પગલું ભરતી હતી, એટલામાં કમળે પાસું ફેરવ્યું. આથી તેણી ત્યાંજ અટકી રહી ! થોડીવાર જરા પણ હાલ્યા ચાલ્યા વિના એક ટસે કમળ તરફ જોતી સ્થિર ઉભી રહી ! ક્ષણ વિતતાં તેણીએ ફરી કમળના વાંસા ઉપર હાથ ફેરવ્યો, પણ તે જાગૃત ન થતાં ઘોરવાજ લાગ્યો ! ઓરડામાં છવાયલી શાંતીમાં તેના નસ્કોરાનો અવાજ સંભળાવા લાગ્યો. તે ભરનિંદ્રામાં હજી હતો એમ તેણીની પક્કી ખાતરી થઇ ! ત્યાંથી ખસી વળી કમળનાં મુખ સામે આવી જમીનપર ઘુંટણીએ બેસી હીંચકાપર કોણી મૂકી કોમળ હાથે તેણી કમળનું કપાળ ચાંપવા લાગી ! ઘડીકમાં તેણી તેની મુખમુદ્રાપર હાથ ફેરવવા લાગી ! વળી ઉઠી ! ગરમી થવાથી પહેરેલ ચોળી ઉતારી નાંખી ! વળી હીંચકા પાસે આવી ! કમળનાં મસ્તક પાસે બેસવા જતી હતી, પણ કંઇક ખમચી સામે ઉભી રહી !

વાંચનાર ! આ પ્રમાણે યૌવન રાજ્યમાં રિપૂનાં પ્રાબલ્યને આધીન થયેલ કેશર અત્યારે આ સ્થિતિમાં હતી ! અત્યારે તેણી જે કાંઇ કરવા માગે તે કરવાને સમર્થ હતી ! પણ તેણીની હીંમત ચાલતી નહોતી ! તે પોતાની ઇચ્છાને પાર પાડવા વારંવાર આગળ પગલું ભરતાં અટકતી હતી ! તેણીની છાતી ધડકવા લાગી ! ખરેખર ! સ્ત્રીચરિત્રની ચાતુર્યતા ધરાવતી પ્રવીણ કેશર આટલી બધી ધડકે એ કેવી આશ્ચર્ય સરખી વાત ? ! તેણીનાં મનમાં કાંઇ ચોકસ નીશ્ચય કરવાને તેણી કેવળ અસમર્થ નીવડી ! પોતાની કામવાસના કેમ પાર પાડવી તે તેણીને કાંઇ સુઝ્યું નહી ! પોતાના મોહમાં સપડાયેલ સુતેલ કમળને જાગૃત કરી તેને રીઝવી પોતાનો અંતરાશય પાર પાડવા અનેક તર્ક વિતર્કો તેણીનાં મનમાં આવવા લાગ્યા ! વખત જતાં કામાગ્નિ વધુ ને વધુ પ્રદિપ્ત થઇ તેણીને અંતરમાં અધિક બાળવા લાગી ! 'કમળ જાગૃત થતાં પોતાના મોહમાં લીન થઇ પોતાની વિષયવાસના શાંત કેવી રીતે કરશે ?' એ વિચાર આવતાં કંઇક આનંદાવેશમાં આવતાં તેણી વળી હીંચકા સમીપ આવી, પણ વળી કાંઇક હદ બ્હાર જતાં પહેલાં અટકી ! ક્ષણ વાર ધડકતી છાતીએ ઉભી ! ધારિત મટાડવા છાતીએ હાથ મુક્યો, ને હીંમત ધરી આખરે તે નજીક આવી આનંદથી કમળનાં મ્હોડા તરફ જોવા લાગી ! વધુ દ્રઢ નિશ્ચયપર આવતાં તેણી હીંચકા ઉપર બેઠી ! તેનાં બેસવાથી હીંચકો હાલ્યો, એટલે પાછી ઉઠી, વળી ઉભી રહી, વળી બેઠી, આતુરતાથી નીચી વળી પોતાનું અપવિત્ર મુખ કમળનાં મુખ તરફ લંબાવ્યું ! આમ કામાવેશમાં આનંદ તેમજ ધાસ્તિ સહ તેના કપોલપર તેણીના ઓષ્ઠ પથરાયા ! આમ થતાં તેણીની ઉપસેલી છાતીનો કમળનાં અંગ સાથે સ્પર્શ થતાં વિષયવાસનાં તેણીનાં અંગમાં રૂંવે રૂંવામાં ફેલાઇ, પણ એટલામાં કમળે વળી પડખું ફેરવ્યું, કે તરતજ તેણી હીંચકા ઉપરથી સફાળી ઉઠી સામે ઉભી ! પણ કમળ હજી ભર ઉંઘમાંજ હતો ! તે આ સર્વ ક્યાંથી જાણે ? ! નિંદ્રાવસ્થામાં તેને કંઇ ભાન નહોતું ! વળી કેશર તેની સામે આવી, તેને સુતેલો જોઇ તેણીને હીંમત આવી ! રીપુની વેદના વધુ વખત સહન ન કરી શકવાથી તેણીએ હવે વધુ છુટ લેવાનો નિશ્ચય કીધો ! ફરી હીંચકાપર બેસી તેણીએ પોતાનું અંગ સુતેલ કમળની બાજુમાં લંબાવ્યું ! કમળ હજી સુતોજ રહ્યો ! વખત જતાં તેણીએ વધુ નીચતા વાપરવી શરૂ કરી !

આસ્તે રહીને કમળના પગ પાસે પોતાનો પગ લંબાવ્યો, પણ વળી તેણે નિદ્રામાં પાસું ફેરવ્યું. હાથમાં આવેલ તક થોડીક દૂર જતાં તેણી ફરી ઉઠી, પાછી ફરી કમળની સામે આવી! હવે કામાંધ થતાં તેણીની સર્વ ધાસ્તિ દૂર થઇ ગઇ! હીંચકાપર બેસી તેણીએ બેધડક કમળનાં અંગનો સ્પર્શ કર્યો! તેના બે હાથ લઇ તેમાં પોતાનું અંગ દબાવી તેણીએ તેને આલીંગન દીધું! પણ બસ! આટલેથીજ તેણીની આશા નિષ્ફળ થઇ ગઇ. સ્પર્શ થતાં એકાએક ભર નિંદ્રામાં પડેલ કમળ જાગી ઉઠ્યો, ને આંખ ચોળતો તેણે સામું જોયું, તો કેશરને અંગપર વસ્ત્રના કંઇ પણ ભાન વગર મર્યાદા રહીત હાલતમાં હસ્તે મુખારવિંદે પોતાની સામે ઉભેલ જોતાં તરતજ છે સફાળો ઉઠ્યો! તેણીની નીચ ધારણા તે જાણી ગયો! આસપાસ નજર કરતાં બારી બારણાં બંધ દીઠાં! દીવો પણ તદન ઝાંખો બળતો જોયો! કેશર તરફ ફરી જોતાં તેણીના કામાતુર ચ્હેરા ઉપરથી તેણીનાં વિષયી મોહનું તેને ભાન થયું! આવી સ્થિતિ આ પ્રથમ વારજ અનુભવતાં તે ગભરાઇ ચોતરફ દ્રષ્ટિ ફેરવવા લાગ્યો! આ વખતે કયો માર્ગ લેવો તે તેને સુઝ્યું નહી! તેની મતી મુંઝાઇ ગઇ! તે દીઙ્મૂઢ સરખો થઇ ગયો! તેની આવી સ્થિતિ જોતાં કેશર પણ કાંઇક ગભરાઇ, પણ વળી હીંમત ધરી હસ્તે મુખારવિંદે અર્દ્ધ નગ્ન અવસ્થામાંજ કમળ પાસે આવી તેનો હાથ પકડી દબાયલે અવાજે બોલી, "કમળ! આમ ગભરાઇ શું ગયા! ઈ તો હું છઉં! મારૂં મન તમારીપરજ ચોટ્યું છે!" આમ કહેતાં તેણી કમળને આલીંગન કરવા ગઇ!

"કેશરબાઇ, આ શું કરો છો?" તેણીના હાથ એકદમ છોડવતાં કમળ અત્યંત ક્રમકમીને બોલ્યો, "તમારી જાતનો, પદવીનો અને તમારા પતિનાં નામનો કાંઇક વિચાર કરો!"

"હવે એ બધો વિચાર તો મેં કેદાડાનો કરીજ રાખ્યો છ!" મદાંધ કેશરે તેનો હાથ પકડતાં સસ્મિત જણાવ્યું. "કમળ આમ આટલામાં ગભરાઇ શું ગયા?! હજી તો તમારી સાથે મારે ઘણુંય કામ છે! બસ મારૂં મન તમારાપર જ ચોટ્યું છે! તમારા સેઠ સાથે પાનો પાડીને શું મારો જીવતર ધુળધાણી કરી નાંખું? પ્રતો આપણ બેયના મન મળ્યાં, હવે પછી સરમાવા જેવું સું બાકી છે! આમ આવો, ને મારા જીવને નીરાંત કરો!" આમ કહેતાં તે દુષ્ટા તેને ગાઢ આલિંગન દઇ પોતાના અપવિત્ર ઓષ્ઠ તેનાં કપોલપર મૂકવા ગઇ. કમળ તેણીનો હાથ છટકાવી દૂર જઇ ઉભો રહ્યો. કેશરે પોતાની ધારણામાં નિષ્ફળ થતાં વધુ પ્રયાસ કરવો જારીજ રાખ્યો. "કમળ! તમે આમ શું કરોછ!" તેણીએ જણાવ્યું. "આટલા દીવસ હાથ તાળી આપીને આજ પાસો આવેલ લાગ મળ્યો છ તયેં આમ અધર શું ભાગી જાવ છો! આમ કરી મને હવે વધારે વાર ચીડવો નઇં! જોવ, આજ ઘરમાં કોઇ નથી! ઇ પણ બા'ર ગીયા છ તે છેક સવારના આવસે! આપણ બેય એકલા છઇએ! આજ ઘણે દા'ડે આવો લાગ હાથ આવ્યો છ તે ગુમાવો છ શું કામ? આવો આમ આવો! હીંચકાપર આરી પાસે બેસો! સરમાવ નઇ! સરખે સરખા મળ્યા પછી એમાં તે વળી સરમાવું કેવું?! ચાલો જોઉં!" આમ કહેતાં ફરી તેણી કમળનો હાથ પકડી તેને હીંડોળા પાસે ખેંચવા લાગી! તેણીનાં વચનો સાંભળી કમળ સ્તબ્ધજ થઇ ગયો! શું ઉત્તર આપવો તે તેને સુઝ્યું નહી! ક્ષણ

બાર તે મુંગોજ રહ્યો, પણ આખરે તેણીનો હાથ વધુ જોરથી છોડવતાં તે ગુસ્સામાં બોલી ઉઠ્યો, "કેશરબાઇ આ આજ તમને શું થયું છે! તમે બોલોછ તેનું તમને કાંઇ ભાન છે કે નહી! તમારી બુદ્ધિ ઠેકાણેછે કે નહી! તમે આજ કાંઇ કેફી વસ્તુના ઘેનમાં તો બોલતાં નથી ને! હું કોણ ને તમે કોણ તેનો કાંઇ તમને ખ્યાલ છે કે નહી? હદ મૂકીને આમ છેક બેશરમ થાઓ નહી!"

"હવે સરમ ને બેસરમ બધુંએ રે'વા દીયો!" તેને હીંચકા પાસે લાવતાં તેણીએ કહ્યું; "મારૂં મન તમારાપર લાગ્યું ને તમારૂં મન મારાપર લાગ્યું એટલે હવે શું છે?! મન મળ્યાં પછી શરમ કેવી ને વાત કેવી! આવો! આંજ આપણે રાજા છઇએ! આજે કોઇની ધારતી નથી, ને કોઇ આપણને પૂછનાર કે ગાછનાર' છેજ નહી!"

"મારાથી દૂર રહો!" કમળ વિકાળ સ્વરૂપ ધારણ કરી દ્રઢતાથી બોલ્યો, "હવે એક પણ ડગલું હદ બ્હાર ભરતાં જરાક વિચાર કરજો, નહીં તો એનું પરિણામ બહુજ ખરાબ આવશે! 'મારૂં મન તમારાપર ચોટયું છ' એ તમે શું બોલો છો? તમારે માટે આટલી આટલી મહેનત લઉંછ તેનુંજ આ પરિણામ કે?! તમારાં ભલાં માટે વખતો વખત મારાં બીજાં અગત્યનાં કામો પડતાં મૂકી દઇ, અગવડો ખમી, કલાકના કલાક તમારી પાસે બેસી મારો અમુલ્ય વખત ગુમાવુંછ તેનુંજ આ ફળ કે! આવી જો મને પ્રથમથીજ ખબર હોત તો તમારાં ઘર તરફ હું દ્રષ્ટિ સરખી પણ કરત નહી! તમને મેં આટલા દિવસ જે કાંઇ કહ્યું તે બધું કયાં જતું રહ્યું? તમારો સ્ત્રિધર્મ તમે કેમ ભૂલી જાઓ છો! અત્રે કોઇનો ડર નથી પણ સર્વ શકિતમાન પ્રભુનો તો જરા ડર રાખો! તમને હાલ કોઇ જોતું નથી, પણ સર્વવ્યાપકથી કાંઇ તમારાં દુષ્ટ કર્ત્તવ્ય છાનાં રહેવાનાં છે?! અંતકાળે શું જવાબ આપશો! તેનો કાંઇ વિચાર છે!"

"કમળ! કમળ! હવે બહુ થયું! હું તમારા ઢંગ જાણી ગઇ છું!" કામ વેશમાં આવતાં નિર્લજ કેશરે કમળને ફરી આલિંગન કરતાં બોલી, "હવે તમારી સલાહ જવા દીયો! તમારી ઠગાઇ કોઇ બીજી પાસે ચલાવજો! હું ઠગાઉ તેવી નથી! તમારૂં મન મારાપર લાગ્યું છ એ તમારી આંખ ને મોંપરથી બરોબર દેખાઇ આવેછ! હવે વિના ફોકટની મને શું કામ હેરાણ કરો છો! આમ મારો જીવ બાળવો હોય તો ભલે! જેવી તમારી મરજી! જેમ તમે રાજી થાવ તેમ! પણ હવે બહુ થયું! હવે ઝઝો માન ન ખાવ! હવે બહુ વાર થઇ! અગીઆર તો વાગવા આવ્યા છ! પછી વરી તમને ઘેર જવાની ઉતાવર આવશે!" આમ કહેતાં તેણી હીંચકા ઉપર બેસી કમળ તરફ આતુરતાથી જોવા લાગી! કમળે કાંઇ પ્રત્યુત્તર આપ્યો નહી! તે આસપાસ નજર ફેરવવા લાગ્યો. તેને મુંગો ઉભેલ જોઇ કેશરે ફરી બોલવું શરૂ કર્યું—પોતાની મોહજાળ પાથરવા માંડી. "કમળ! આમ આજુબાજુ શું જુઓ છો! અરે! હવે આંઇ કોઇ આવનાર નથી! ખાલી ફોકટના ગભરાવ છોસું કામ? જુઓ! તમારા કે'વાથી હું હવે દરસણ કરવાએ જાતી નથી! આખો દીવસ ઘરમાં ને ઘરમાંજ બેસી રહું છું! વરી ઓલા બીજાઓ સાથે વાત કરવાની તમે ના પાડી તો હવે હ લોકોની સામુંએ જોતી નથી! આટલું આટલું મેં તમારૂં કહ્યું માન્યું તે શું કામ? તમને રાજી રાખવા સારૂજનાં?!"

તમે કીધું કે બેસ તો બેસું ને ઉઠ તો ઉઠું, એટલી બધી તમારી ગુલામ જેવી થઇ રહી તે તમારૂં મન રાખવા સારૂજ ના ? હજી એ કાંઇ મારી ભૂલ થઇ ગઇ હોય તો માફ કરો પણ મારો જીવ હવે વધારે વાર બાળો નઇં ! હું તમને છેડો પાથરીને પગે લાગું છું !" આમ બોલતાં તેણી કમળના ચર્ણ પાસે પોતાનો ખોળો પાથરી તેને પગે લાગવા ગઇ પણ તેણે દૂર ખસી પોતાની દ્રષ્ટિ તેણી તરફથી ફેરવી નાંખી ! કેશર નિરાશ થઇ, પણ હજી તેણીએ પોતાનો પ્રયાસ જારીજ રાખ્યો. "કમળ ! કમળ !" તેણી ગદ્દગદીત કંઠે બોલી, "આમ છેક હઠીલા થઇ મને નીરાસ શું કરો છો !"

"કેશરબાઇ !" કમળ તેણી તરફ તિરસ્કારયુકત દ્રષ્ટિ કરી ધ્રુજતે સાદે બોલ્યો, "બસ ! હવે બહુ થયું ! તમને કુમાર્ગેથી સુધારવા મેં જે પ્રયત્ન કીધાં તે સર્વ નિષ્ફળ થયેલ હું આજે જોઉં છું ! ખરેખર ! તમે નીચતાનો ભોગ થઇ પડયાં છો ! દુનિયામાં તમારા સરખી નીચ સ્ત્રી મેં જોઇ હોય તો તે આજે પહેલીજ વાર ને તે તમે પોતેજ છો ! અરે ! તમારો તમારા સૌભાગ્યરક્ષક પતિ તરફજ દ્રઢ પ્રેમ રહ્યો નહીં તો અન્ય પુરૂષપર તે કયાંથી અવિચળ રહેશે ! પ્રેમની ખરી ખુબીથી તમે કેવળ અંધ છો અને સદાય તેવાજ રહેશો—"

"કમળ ! હું બધુંય સમજું છું !" તેણી હાથનો છણકો કરી નિર્લજ થઇ હીંમતથી વચમાં બોલી ઉઠી, "હવે તમારૂં ભાસણ બંધ કરો ! તમારો પ્રેમ બ્રેમ એ બધું હું જાણું છું ! એ બધું સીખવનાર પણ તમેજ છોના ! અને તેથીજ કહું છું કે મારો પ્રેમ એ બુઢાપર લાગતો નથી ! મારો પ્રેમ તો તમારા ઉપરજ ચોટયો છે ! બોલો હવે સું કેવું છે ? માટે હવે બધા ઢોંગ એક બાજુએ મેલી દીયો—"

"બસ ! બસ !" તેણીને વધુ બોલતી અટકાવતા કમળ જુસ્સાથી બોલી ઉઠયો, "હવે મુખમાંથી વધુ અપવિત્ર વાણી કહાડી વધારે પાપી ન બનો ! મને પણ સાથે દોષિત કરવાનો વિચાર છે શું ? 'પ્રેમ' શબ્દ પણ હવે તમારી જીભપર શોભતો નથી ! માત્ર 'પ્રેમ' 'પ્રેમ', બોલી જાણનારા પણ, ખરો પ્રેમરત્ન શું છે તે નહીં જાણનારા તમારા સરખા નીચ સ્ત્રી પુરૂષો એ પવિત્ર ઇશ્વરી પ્રેમને દોષિત ઠરાવે છે ! દુષ્ટ વાસનાથી અંધ થયેલ અરે, જારીણી સ્ત્રી, ફરીથી 'પ્રેમ' શબ્દને કલંકિત કરીશ નહીં !"

"કમળ ! આ તમે શું બોલો છો ! કાંઇ વિચાર કરો છો કે બસજ કાપ્યા જાઓ છો ! આટલું આટલું તમને વીનવી વીનવીને કહું છું તોએ તમારો હઠ હજી મુકતા નથી ! હારી બાઇ, હું તો તમારાથી હારી ! તમારા વારૂને તે કાંઇ ન શીંચે ! હું તમને આટલી આટલી ચાહું છું તોય પણ તમે આમ મારી ઉપર ગુસ્સે થઇ જાવ છો ! કાંઇ કાંઇક વિચાર તો કરો ! એવો તે કોણ મુરખો હોય કે પોતાનું ભલું કરનાર તેમજ પોતાને માટે જીવ આપનાર માણસની સાથે આવી રીતે ચાલે ! નહીં કમળ ! આમ કરો માં ! તમે મારી મશ્કરી કરો છો ! તમારૂં મન મારાપર લાગ્યું છે !" આમ કહેતાં તેણી કામાવેશમાં કમળને ફરી આલિંગન દેવા ધસી.

"બસ, બસ ! આઘી રહે કુલટા !" તેણીનાથી દૂર ખસતાં કમળ ક્રોધાવેશમાં બોલી ઉઠયો, "હવે એક પણ શબ્દ બોલીશ નહીં ! તું ચંડાળણીનાં દર્શન વધુ વાર કરવા હું ઇચ્છતો નથી ! દૂર થા મારી નજર આગળથી !"

કામાંધ કેશર કમળનો આ ગુસ્સો જા-ણી શકી નહીં. "તોબાં, પરમેસર! હવે તો હદ થઇ!" તેણીએ કામાતુર વદને કહ્યું, "કમળ! તમારી લુચ્ચાઇ હું જાણી ગઇ છું! તમે મારી પરિક્ષા લીઓ છો કાં?! હવે હું સમજી! તમે મને ધીક્કારતા નથી, પણ ઉલટા મારી ઉપર મોહીત થીઆ છો! પણ હવે એ પરિક્ષા બંધ કરો ને મારા હૈ-યાના હાર, તમારે માટે રાત દીવસ હું બરી બરીને રાખ થઇ જાઉં છું! દીવસ ને રાત તમારીજ સુરત મારી આંખો આગળ તર્યા કરે છે! તમે દીધેલ સીખામણ મને હમણાં યાદ આવે છે! ખરેખર! એ બધીએ સી-ખામણ સાચી છે, ને એજ પરમાણે હું હ-વે ચાલીસ! માટે હવે વધારે વાર મ લગાડો, ને આવે:! ઘણા દીવસની આપણી ઇચ્છા આજ પાર પાડવાનો વખત આવ્યો છ તે ગુમાવીએ સું કામ?!" આટલું બોલતાં ક-મળનો ધ્રુજતો હસ્ત પકડી, તેનાં મુખ સામે કામાતુર દ્રષ્ટિ કરી! "બોલો મારી આસ, તમે પુરી નહીં કરો શું? મને સાવ નીરાસ જ કરસો!" એમ કહેતા તેણી કમળનાં અંગને સ્પર્શ કરવા ગઇ!

"કદી નહીં! ઓ દુષ્ટા, કદી નહીં! પોતાનો હાથ તેણીના પંજામાંથી છોડાવવાને પછાડા મારતો કમળ બોલ્યો, "આ તારી દુષ્ટ માંગણી હું કદી પણ પુરી પાડી શકીશ નહીં! તારી આબરૂની દરકાર કરતી હો તો મને આ પળેજ છોડી દે!" કમળે તેણી-નાથી છુટો થવાને બહુ ફાંફાં માર્યાં, પણ મ-દાંધ કેશરના મજબુત હાથમાંથી તે છુટો થઇ શક્યો નહીં! વખત જતાં, અને કમળ-નાં મુખમાંથી નિરાશ થવા યોગ્ય વચનો સાં-ભળતાં તેણીના અંગમાં કામાગ્નિ વધારે જો-રથી બળવા લાગી!

કમળ!" તેનો હાથ પોતાની છાતી સાથે દાબતાં તેણી ગદ્‌ગદ્ અવાજે બોલી, "મને એવી ખબર નો'તી કે તમને જગાડ તાં તમે મને આમ હેરાણ કરશો! મને આમ રીબાવી બરતીને વધારે શું કામ બારો છો! હવે હદ થઇ! બહુ તાણયા જાસો તો તુટી જાસે! હું તમને કેટલો માન આપું છું તેનો જરા વીચાર કરો! અરે! મારા રૂપપર કેટલા માણસો મરી ફીટે છે, ને રાત ને દીવસ મા-રા નામની માળાજ જપ્યા કરે છે તે બધા-યની સામે ન જોતાં હું તમારા આટલા કાલા વાલા કરૂં છું તોય પણ એક કુતરીની માફક તમે મને આમ હુતકારી કાઢો છો એ સું ઠીક કરો છો! આવો, આવો! હવે મારો જીવ તમારા વગર રે'તો નથી!" આટલું બોલતાં તેણીએ પોતાતા શરિર સાથે કમળ નાં અંગનો સ્પર્શ કરાવો.

"અરે દુષ્ટા! તને આટલું આટલું કહ્યું, તોપણ હજી શરમ નથી આવતી!" તેણીનાં હાથમાંથી મુકત થતાં કમળ ધ્રુજતાં ધ્રુજતાં બોલી ઉઠયો, "તારી તરફથી મળતાં માનની મને લેશ માત્ર પણ દરકાર નથી! તેને હું અપમાનવત્ ગણું છું! તારી રાક્ષ-સી સમ ખુબસુરતીપર હું થુંકું છું! તારી ચાલપર મને મ્હોટો ધીટકાર છુટે છે! અને ખરેખર! એક કુતરી કરતાં પણ તને વધારે હલકી ગણું છું! તારા સરખી નીચ વૃત્તિની સ્ત્રી તારી આખી જ્ઞાતીમાં કોઇ નહીંજ હોય! અરે! તારા માતપિતાનાં પવિત્ર નામને, તારા પતિની બ્હોળી કીર્તિને અને તારી આખી જ્ઞાતિની પવિત્રતાને તું લાંછન લગાડે છે! વિષય વાસનાથી અંધ થતાં તું ખરો માર્ગ ભૂલી ગઇ છે, પણ યાદ રાખજે કે અંત:કાળે ઇશ્વરને ત્યાં જતાં તારા સરખી દુષ્ટ જારિણી

ની માટે રવરવ નર્કમાં પણ વાસ કરવા યોગ્ય સ્થાન નથી!"

તેના આ શબ્દોપર કેશરે કાંઇ પણ લક્ષ આપ્યું નહીં! જોરથી કમળનો હાથ પકડી તેનાં ગળામાં બીજો હાથ નાંખી તેને મજબુત પકડી તેને પોતાની છાતી સાથે ચાંપ્યો! આ નિર્લજ દેખાવ વાંચનારની દ્રષ્ટિ આગળ વધુ વખત ન રાખતાં અમે આટલેથીજ બંધ કરીશું!

રાત્રીના સવા અગીઆરેક વાગ્યાનો સમય હતો. જનમંડળ નિંદ્રાદેવીની શાંત શય્યામાં પડયાં હતાં.. આ વખતે કેશર બેહબાકળી સરખી પોતાની ઓરડી આગળનાં કઠેરા ઉપર અર્ધ અંગ ટેકવી માથું બ્હાર કાઢી નીચે માર્ગપર કાંઇ જોતી હતી. એટલામાં તેની વાડીનાં દ્વારમાંથી કમળ ત્વરાથી દોડતો દોડતો પસાર થઇ ગયો. થોડો સમય તેણીએ આતુરતાથી તેની પાછળ જોયા કીધું, પણ દ્રષ્ટિમર્યાદાથી દૂર થતાં તેણી નિરાશ થઇ પોતાની ઓરડીમાં પાછી ફરી! ક્ષણ વારમાં ત્યાં સર્વ શુન્યકાર થઇ ગયું!

**પ્રથમ ખંડ સમાપ્ત.**

# દ્વતીય ખંડ.

## પ્રકરણ ૧ લું.

### આનંદ અને શોકનો સમાગમ.

પવિત્ર સુદામાપુરીની પાસે આવેલા બરડાના ડુંગરોની તળેટીમાં બોઢ નામનું એક ન્હાનું સરખું ગામડું આવેલું હતું. ત્યાં ખેતીવાડી ઉપર ગુજરાન કરતા કણબી, ભાટ, ચારણ વિગેરે ગરિબ લોકોની વસ્તી હતી. કોઇ શહેરી મનુષ્ય ત્યાં જોવામાં આવતો નહીં, અને કદાચ કોઇવાર એકાદ માણસ ત્યાં કાંઇ કામ પ્રસંગે આવતો તો તેને તેઓ જોઇ વિસ્મય પામતા, અને તેનાથી અત્યંત ડરી, તે જાણે એક દેવજ હોય એમ માની તેને અનહદ માન આપતા. ભોળા અને શુદ્ધ હૃદયના એ બીચારાઓ પ્રાતઃકાળમાં રોટલો અને છાસ ખાઇ ખેતરે કામે જતા, અને સંધ્યાકાળે આનંદમાં ગાતા ગાતા ઘેર પાછા ફરતા હતા. વાંચનાર, તેઓ કેવા સુખી હોય છે તેનો કોઇ વાતે ખ્યાલ આવે છે? આપણા શહેરીઓની માફક તેઓ અનેક તરેહની ઉપાધી અને ચિંતાવાળા હોતા નથી. દ્રવ્ય મેળવવાને કંઇક છળ કપટ કરવા, કંઇક પ્રપંચ લડાવવા વિગેરે શહેરીઓનાં મુખ્ય કાર્યથી તેઓ તદન અજ્ઞાનજ હોય છે. પોતાના પુત્રપરીવારનાં ગુજરાન જેટલું મેળવી તેઓ સંતોષ પામે છે, અને આનંદમાં જીવન ગાળે છે. ખરેખર! તેઓજ સુખી છે! આપણા શહેરી અને પૈસાદાર કહેવાતા મનુષ્યો કરતાં અમે એમનેજ ખરા સુખી માનીએ છીએ! ખરૂં સુખ શું છે તે જેઓ સમજતા હશે તેઓ અમારૂં આ કહેવું માન્ય કરશે, પણ જેઓ માત્ર 'પૈસો એજ સર્વ સુખ છે, એવા અવિચારે દ્રવ્ય પાછળ અંધ થઇ ગયા હશે તેમને માત્ર હાસ્ય સરખું લાગશે!

આપણી ભવ્ય મુંબઇનગરીમાં વસેલ એક યુવાન તે ગામડામાં આવી પહોંચ્યો. ગામડીઆ લોકોનો નિર્દોષ આનંદ તથા કુદરતનાં શાંત સુંદર દેખાવ જોવાને તે નિંરતર આતુર રહેતો હતો. આજે પણ તે પાસે આવેલ ડુંગરોપર ફરવા ગયેલ હતો. દિનમણી અસ્ત થતો જણાતાં ડુંગર ઉપરથી ઉતરતો તે ઘર તરફ પાછો ફરતો જણાયો.

બોઢ ગામડું આસરે ચાલીશ, પચાશ ઘરની વસ્તીવાળું હતું. ત્યાંથી થોડેક દૂર એક નિર્મળ ન્હાની નદી વહેતી હતી. એથી ત્યાંનો દેખાવ અત્યંત રમણિક હતો. પેલો યુવાન ડુંગર ઉપરથી ઉતરી તે નદી આગળ આવી પહોંચ્યો. નદીની સામે પાર સ્મશાન હોય એમ જણાતું હતું, કેમકે ત્યાં તરતનીજ સળગાવેલી એક લાસ બળતી દેખાતી હતી. અંદરથી નીકળતા રાતા પીળા, લીલાં રંગના ભડકાનો ધુમાડો પવનના વેગથી નદી ઉપર ઘસાડાઇ આવતો

હતો. મઢી ઉપર સ્હેજ પવનની શીતળ લ-હેરમાં ચાક લેતા ઉભેલા પેલા યુવાનની નજર એકાએક તે બળતી ચેહ ઉપર પડી સાધારણ શંકા થતાં તેને ત્યાં જવાની ઇ-ચ્છા થઇ. નદીમાં પાણી સુકાઇ ગયેલ હતું, માત્ર થોડે થોડે છેટે પાણીનાં ખાબો-ચીયાં ભરેલાં હતાં, એટલે સામે પાર જવા-ની તેને અડચણ પડી નહી. ધીમે ધીમે તે નદીનો પટ ઓળંગી સામે પાર પહોંચ્યો. ચેહથી થોડેક દૂર આવતાં એક તરફ એક પથ્થર ઉપર બારેક વર્ષના એક બાળકને રડતો રડતો બેઠેલ જોયો. આ વખતે તેને છાનો રાખવાને કોઇ પણ તેની પાસે ન-હોતો. સ્મશાનમાં આવેલા માણસો થો-ડેક દૂર એક ટોળામાં મળી મ્હોટેથી ગપાટા મારતા બેઠા હતા. તેમની વાતચીત સાંભળતાં તે ચેહમાં પેલા બાળકના પિતાનું શબ બળતું હતું, એમ આપણા યુવાનને જણાયું. છોકરો અતિશય રડતો હતો અને ડચકાં ખાતો હતો, પણ કોઇ તેના મનનું સમાધાન કરી તેને ચુપ રાખવાને આ-વતું નથી એ જોઇ પેલા કઠણ હૃદયના પુરૂષો માટે યુવાનનાં અંતઃકરણમાં અત્યંત ધીઃક્કાર છુટયો. એક અલમસ્ત પુરૂષ બળ-તી દેહના ચેહમાંથી વારંવાર પડી જતાં ભાગો એક વાંસવતી અંદર નાંખતો ચેહ આગળ ફરતો હતો. યુવાન બળતી દેહ, તે નિરાધાર લાગતા બાળકના પિતાની બળ-તી ચેહ જોતો, તે બાળકની સ્થિતિનો વિ-ચાર કરતો ત્યાં ઉભો રહ્યો. સ્વાર્થ, સુખ, દુઃખ, પુન્ય, પાપ, પ્રેમ, વિગેરે ઇશ્વરની માયાના અંશો આ સમયે એક પછી એક તેનાં હૃદયમાંથી સરી ગયાં. શાંત સમાધિ યોગ, એની પુરતી છાયા આ વખતે તેનાં અંતઃકરણમાં બીરાજમાન થઇ. અરધો એક ક્ષણ સુધી તે સ્થળે તે વિચારશુન્ય થઇ ઉ-ભો રહ્યો. આ સમયે રચનાની સાથે તે એટલી બધી લીનતા ભોગવતો હતો કે દૂરથી આવ-તો કોઇ મનુષ્ય તેને જોતાંજ જાણે સ્મશાન-માં શુદ્ધ હૃદયની મૂર્તી ઉભી હોય એમ સ્હે-જમાં ખ્યાલ આણે. સળગતી ચેહમાં એકા-એક એક મ્હોટો અવાજ થયો! ખડકેલાં છાણા કેટલાંક નીચે સરી પડયાં, અને તે અ-ર્ધ બળેલ દેહ તેના ભયંકર દેખાવમાં ચેહમાં બેઠી થઇ! વાંચનાર! આવા દેખાવો વારંવાર સ્મશાન ભૂમિમાં તમારા જોવામાં આવ્યા હશે! અજ્ઞાન મનુષ્યો તેને ભૂત યા પ્રેત માની અત્યંત ડરી તેનાથી દૂર નાશી જાય છે તે પણ તમે વારંવાર જોયું હશે, અને સાંભળ્યું પણ હશે! પેલા શબને આ પ્રમાણે બેઠું થયેલ જોતાંજ સર્વ ગભડીયાંઓ બ્હીકથી ત્યાંથી ન્હાસવા લાગ્યા. પેલા એક બાજુએ રડતા બાળકની પણ કોઇએ સુધ લીધી નહી. જાણે પોતાને તે શબ હમણા ખાઇ જશે એમ ધારી તેઓ ખુબ જોરથી દો-ડતાં, પાછળ જરા પણ જોયા વગર ત્યાંથી ન્હાસી ગયા. પેલો યુવાન પણ એકાએક ઓ-ચીંતો અવાજ થતાં એક ક્ષણવાર તો બેએક ડગલાં પાછળ હઠયો, પણ પાછો સ્થિર થઇ ઉભો ઉભો પેલા નિરાધાર બાળક તરફ જોવા લાગ્યો. સર્વ ન્હાસી ગયા છતાં પેલો બાળક યુવાનની અજાયબી વચ્ચે, પોતાને સ્થાનેથી ઉઠી ચેહ સમીપ દોડી ગયો, અને બળતી દેહ તરફ નીહાળતો હાથ ઉંચા કરી રડતો રડતો મ્હોટેથી બોલ્યો "ઓ મારા બાપારે ઓ! હું એકલો છું! તમે કેમ નથી બોલતા! હવે હું કોને બાપા કહીશ!"

તે બળતી દેહ જાણે તે છોકરાને આ-શીર્વાદ આપતી હોય તેમ તેનાં બંને હાથ તા-

ચુના વેગથી ઉંચા થયાં. પેલો છોકરો નીચું માથું કરી રડવા લાગ્યો, અને તરતજ તે દેહ પણ ચીતામાં પાછી સુઇ ગઇ. હવે ચેહ વધુ જોરથી સળગવા લાગી, અને અરધી કલાકમાં તો સર્વ ભસ્મ થતાં રાખનો એક મ્હોટો ઢગલો તે સ્થળે પડેલો જણાયો. યુવાનને તે સ્થળેથી પાછા વળતાં તે નિરાધાર છોકરાનું નામ પૂછવાની ઇચ્છા થઇ. તેણે તેની સમીપ જઇ પૂછતાં તે છોકરાએ રડતાં રડતાં જણાવ્યું "બધા મને '**નમાલો**' કહી બોલાવે છે. હવે મારો બાપો મરી ગયો, એટલે આજથી વળી "**નબાપો**" પણ કેવા લાગ્યા છ!"

યુવાનની શંકાનું પુરતું સમાધાન થયું નહી, પણ આ વખતે વધુ પૂછગાછ કરવાનું યોગ્ય ન ધારી તે છોકરાના હાથમાં કાંઇ મૂકી ઘર તરફનો માર્ગ લીધો. છોકરો પોતાના હાથમાંની વસ્તુ જોઇ કંઇક રાજી થયેલ જણાયો, એટલામાં ભૂતની બ્હીકથી ત્યાંથી ન્હાસી ગયેલ પુરૂષો ત્યાં પાછા આવ્યા, ને **નમાલાના** હાથમાંથી યુવાને આપેલ ચીજ ઝુંટવી લીધી. વળી **નમાલો** રડવા લાગ્યો. યુવાન ઘણે દૂર નીકળી ગયેલ હોવાથી તે સાંભળી શક્યો નહી.

યુવાને કોઇ દિવસ આવો દેખાવ જોયે, નહોતો! અનેક વિચિત્ર વિચાર કરતો તે પોતાના ઘર તરફ ઉતાવળે ચાલ્યો. માર્ગમાં નદીમાં તેણે હાથ મ્હોડું ધોયા, અને પાણી પી તૃષા મટાડી. રાત્રીનો કંઇક ભાગ વીતી ગયેલ હોવાથી ઉતાવળે તે દોડતો દોડતો ગામડાની સીમમાં દાખલ થયો. ગામડામાં દાખલ થતાંજ દૂરથી નગારા, સરણાઇ, ઢોલ વિગેરેનો અવાજ સંભળાયો, અને મસાલોના પ્રકાશ સાથે મનુષ્યોનું એક ટોળું તેની સામે આવતું જણાયું. થોડી વારમાં યુવાન તેની છેક સમીપ જઇ પહોંચ્યો, એટલે માર્ગની એક બાજુએ ઉભો રહી જોવા લાગ્યો. આગળ બે મસાલ લઇ બે માણસો ચાલતા હતા. તેમની પાછળ નગારાં વિગેરે વાજીંત્રો વગાડનારા હતા. તેમની પાછળ કેટલાક પુરૂષો રંગબેરંગી વસ્ત્ર પહેરી આનંદમાં વાતચીત કરતાં ધીમે પગલે ચાલતા હતા. પાછળ એક સણુગારેલા ઘોડા ઉપર એક વૃદ્ધ લાલ જામો તથા સોનેરી પાઘડી પહેરી હાથમાં લાલ કપડાથી વીંટાળેલ એક તલવાર લઇ એક રાજા સરખા દમામથી છાતી બ્હાર કહાડી બેઠો હતો. તેની પાછળ સ્ત્રીઓ સુંદર વસ્ત્રાલંકાર સજી મંગળ ગીત ગાતી ચાલતી હતી. એક સ્ત્રી હાથમાં કપાસીયાંનો દીવો લઇ સ્રીમંડળની અગ્રમાં ઉત્સાહથી ચાલતી હતી. આ આનંદી દેખાવ ત્યાંથી પસાર થતો હતો, એટલામાં બીજી તરફથી પેલા **નમાલાના** બાપના શબને અગ્નિદાહ કરી પાછા વળતા પુરૂષો મ્હોટેથી રડતા રડતા ત્યાંથી પસાર થયા. એક ક્ષણવાર સ્ત્રીઓનાં લગ્ન ગીતનો તથા ડાઘુઓનાં રડવાનો અવાજ મિશ્રણ થઇ એકી વખતે સાથેજ સંભળાયો, ને તરતજ આનંદ અને શોકનાં માર્ગ જુદા પડયા. બે માર્ગ ફુટતાં બે ટોળાં જુદાં પડયાં. આ દેખાવ જોતાં પેલા યુવાનનાં હૃદયમાં કાંઇક જુદીજ અસર થઇ. વિચારવમળમાં ગોથાં ખાતો તે સ્તબ્ધ થઇ ત્યાં ઉભો રહી ગયો. આનંદ અને શોકમય દેખાવો એક સાથેજ તેની નજરે પડતાં તેનાં અંતઃકરણની સ્થિતિ કેવી થઇ હશે તે જેને અનુભવ થયો હશે તેજ જાણી શકશે! આવી સ્થિતિમાં યુવાન વધુવાર રહ્યો નહી. તરતજ પાછળથી આવી કોઇ મનુષ્યે તેના ખભા ઉપર હાથ મુકી તેને જાગૃત કર્યો.

"હરમુખ! આટલી મોડી રાત્રી સુધી ક્યાં હતો?" પેલા પુરૂષે કહ્યું.

વિચારમાં જડ સરખો થઇ ગયેલ હરમુખ કાંઈ પ્રત્યુત્તર આપી શકયો નહી. મુંગો મુંગો તે માણસ સાથે તે પોતાને ઘેર ગયો. બીજે દીવસે પ્રાતઃકાળે ઉઠતાંજ તેણે નીચે પ્રમાણે કમળને એક પત્ર લખ્યો.

મોદ—માઘ શુકલ પક્ષ.

સ્નેહી ભાઈ કમળ,

સુદામાધામ પહોંચ્યા પછી બીજેજ દિવસે પિતાજી કંઇ કામ પ્રસંગે આ ગામડામાં આવેલ હોવાથી, ગામડીઆઓનાં ભોળાં હૃદયથી કંઇ કંઈ આનંદ મળશે અને કુદરતની કંઇ કંઇ વિચિત્રતા સંબંધી જાણવાનું મળશે, એમ ધારી હું પણ એમની સંગેજ આજ પંદર દિવસ થયા આવેલ છું. પત્ર લખવાને કંઇ સારૂં સાધન ન મળવાથી આટલા દિવસો સુધી તમને પત્ર લખી શકયો નથી તે માટે મનમાં લેશ પણ માઠું લગાડશો નહી, પણ આજે કેટલીક મુશ્કેલીએ તે અનુભવવા ભાગ્યશાળી થયો છું. આ ગામડામાં પોસ્ટ આફીસ જેવું કાંઇ ન હોવાથી પત્ર કેટલા દિવસે તમો તરફ રવાના થશે તે માટે શકમાં છઉં.

ભાઇ! ગામડીઆઓનો સહવાસ મને આનંદકારી નીવડ્યો છે. પણ ગઇ રાત્રીએ જોવામાં આવેલ પરસ્પર ઉલટીજ વૃત્તિના બે દેખાવોએ મ્હારાં અંતઃકરણમાં કંઇ વિચિત્ર ફેરફાર કર્યો છે! અત્યારે તેનુ વર્ણન કરવાને હું સમર્થ નથી. આપણે મળતાં તમને જણાવીશ. પત્રનો પ્રત્યુત્તર સુદામાપુરીમાંજ લખજો. તમારા વિયોગથી મ્હારાં હૃદયની કેવી અવસ્થા હશે તેનો તમેજ વિચાર કરી લેજો. તમારા આવવા માટે વધુ શું લખું? હાલ એજ—

લા. સ્નેહાધિન

હરમુખ.

## પ્રકરણ ૬ ઠું.

### સુશીલાના હૃદયમાં કમળનું રમણ!

સન્ધ્યાકાળનો સમય હતો. સૂર્યનારાયણ વાલકેશ્વરની ટેકરી પાછળ સમુદ્રની સપાટી ઉપર અર્ધગોળ આકૃતિમાં જણાતા હતા. આ સમયે સુંદરી સુશીલા વાલકેશ્વરની શીતલ ટેકરી ઉપર આવેલ પોતાના પિતાના અંગલાને લગતા બાગમાં એક વૃક્ષઘટાથી છવાયલા મંડપમાં પવનના શીતલ લહરીઓનું સુખ ભોગવતી મંડપમાં પાથરેલ રેતી ઉપર લાંબા પગ કરી આડે પડખે બેઠી હતી. એક હાથ ઉપર મસ્તક ટેકવી બીજે હાથે રેતી સારતી તેણી કાંઇ વિચારમાં નિમગ્ન હતી. હાથના વેગની સાથે મનનો વેગ પણ ચાલતો હતો. સુશીલા યુવાવસ્થાનું પુષ્પ સુંઘતી સુંદરી હતી. સુંદરી, સુંદરી—ખરેખર, તે સુંદરીજ હતી! સુંદરી કહ્યા પછી તેણીનાં શરીરનાં દરેક અવયવનું વર્ણન કરી વાંચનારને તેણીનો તાદ્રશ્ય ચિતાર આપવા અમારી પાસે તેણીનું ચિત્ર નથી, પણ જો વાંચનારનાં અંતઃકરણમાં રમણિક શુદ્ધ પ્રેમ રમતા હશે તો તેણીના દર્શન દુર્લભ છતાં સુલભ કરી શકે એ તેમનાં શુદ્ધ હૃદયની સરલતા છે! સરલતા, સાચી, શુદ્ધ અને મેળવવી સ્હેલ છે! તેના પવિત્ર માર્ગ દરેક માણસનાં અંતઃકરણમાં છે, પણ તેને ખરે માર્ગે દોરવી એ માણસનું કાર્ય છે! જો તે તેના નિયમમાં દોરાય તો દરેક મુશ્કેલી દૂર કરવી સ્હેલ છે! એજ એનો પ્રબળ વેગ છે! દૂર રમતી ચીજને નજર આગળ રમાડવી એ એની અદ્ભુત શક્તિને પ્રભાવ છે! વાંચનાર! એ સરલતા જો તમારાં હૃદયમાં હોય તો તેની શક્તિ કામે

લગાડો એટલે **સુશીલાનું** આબેહુબ ચિત્ર તમારી દ્રષ્ટિ આગળ આવી ઉભું રહેશે! જોનારની દ્રષ્ટિ પવિત્ર છે, એ દર્શન આપનારને જણાતું જોઇએ, નહિં તો એ દર્શન કલંકિત છે! વાંચનાર, સમજ્યા હો તો તેનો સાર લઇ આગળ ચાલો, એટલે આપણે બંધ દ્વારને કુંચી લગાડીએ! પણ તાળું અને કુંચી કલંકિત થાય તો પવિત્ર દ્વાર ઉઘડવું મુશ્કેલ છે! અમને ખાત્રી છે કે દ્રષ્ટિ દોષમાં લીન છે! જો તેમજ બને તો પવિત્ર દેહ ઉભું કરી, પ્રાણ મૂકતાં તેમાં છીનાછીના થાય, માટે અમે ઉપલક વર્ણન કરીશું. પ્રેમની પ્યાલી પૂર્ણ ભરાયલી નહોતી. અંતસ્થ પાણીમાં લાલગુલાબી રંગની ઝાંખાશ–બસ, એજ તેણીનાં સૌંદર્યનો માર્ગ હતો! વાંચનાર! એ માર્ગે ચાલ્યા જાઓ! અમારી કલમ તમારી સાથે આવતી નથી! અમે અમારી વાર્તા આગળ ચલાવશું, પણ તે પહેલાં **સુશીલા**ની સ્થિતિ જાણવા તેણીનાં કુટુંબની વધુ ઓળખ કરાવવાની આવશ્યકતા છે!

**સુશીલા** અને જયકર મુંબઇના એક પ્રસિદ્ધ બારીસ્ટરનાં ફરજંદ હતાં, એ વાંચનાર વીસરી ગયા નહીંજ હોય! તેમના પિતાનું નામ **વસંતરાવ** આપલે હતું. આપલે બારીસ્ટરે મુંબઇમાં પોતાના વખતમાં બહુ નામ મેળવ્યું હતું, પણ ચાર પાંચ વર્ષ થયાં એમનાં પત્નિ રાધાબાઇનું મૃત્યુ થતાં તે અતિશય શોકમાં પડયા, અને ત્યારથી પોતાના ધંધામાંથી મુક્ત થયા. આથી સમય જતાં કોર્ટમાં તેમનું દરરોજ ગાજતું નામ ધીમે ધીમે સંભળાતું બંધ થયું હતું. દીવસે દીવસે **વસંતરાવ** એકાંત જીંદગી ગુજારવા લાગ્યા, અને વ્યવહાર તથા ઝાઝી જંજાળથી દૂર રહેવા લાગ્યા. તેમણે પોતાના ધંધામાં સારી પુંજી એકઠી કરી હતી; તેમાંથી કેટલુંક વ્યાજે મૂકતાં બાકીના પૈસામાંથી પથ્થરના બે શોભાયમાન ઘર બંધાવ્યાં હતાં. તેમનું એક ઘર મુંબઇની જાણીતી સરકારી એલફીનસ્ટન હાઇસ્કુલની પાસે આવેલું છે તથા બીજી એક મ્હોટી વાડી ગીરગામના લત્તામાં ચોપાટી તરફ જવાના માર્ગમાં છે, જેમાં ભાડાની ઉપજ માટે એક મોટી ચાલી બંધાવી હતી, અને બરોબર મધ્યમાં પોતાને રહેવા માટે એક નાજુક બંગલો પણ બંધાવ્યો હતો, વળી પોતાને માટે તેમણે વાલકેશ્વરની ટેકરી ઉપર દરિયાના કિનારા પાસે એક બાગવાળો બંગલો વેચાતો લીધો હતો. જેનું નામ "**બારીસ્ટર વિલા**" આપ્યું હતું. પોતાના શોખ પ્રમાણે તેમાં તરેહ તરેહના ફળફુલ વિગેરેનાં વૃક્ષ તથા છોડવા ઉગાડી તેમણે બાગને અત્યંત શોભાયમાન અને આનંદનું સ્થાન બનાવી દીધું હતું. બાગમાં કોઇ સ્થળે ઘટાદાર વૃક્ષોની શીતલતા પામવા ઝાડી, કોઇ સ્થળે લતામંડપ, એવા અનેક વિશ્રામ સ્થાનો બનાવ્યાં હતાં. વાડીના મધ્ય ભાગમાં એક ઘટાવાળો મંડપ હતો, જેમાં ઉપર ફુવારાની ઝારીઓ મૂકી હતી, જેની ચાવીઓ ઉઘાડતાં વર્ષાની માફક તેમાં ઝીણાં ઝીણાં પાણીનાં બિંદુ વરસતાં હતાં. આ મંડપ "શ્રાવણ ભાદરવા". ને નામે ઓળખાતો હતો, અને તે ઉન્હાળાના દીવસમાં સખત ગરમી પડતી તેવા સમયમાં ઠંડક મેળવવા માટે અત્યંત ઉપયોગી થઇ પડતો હતો. અને ત્યાં શીતલતા સેવા બેઠેલા માણસને અત્યંત આનંદદાયક હતો. આજ મંડપમાં સુંદરી **સુશીલા** વિચાર કરતી બેઠી હતી. આ વખતે શીતલતા હોવાથી ફુવારાની ઝારીઓ છોડેલી નહોતી. તેણી શું વિચાર કરતી હતી? વિચાર તે વળી શું હોય? પ્રવૃત્તિ માર્ગમાંથી એકલાં પડતાં યૌવનનું

ખીલતું ફુલ સુંઘતા યુવકોને એકાંતમાં પડતાં બીજો શો વિચાર હોય ? વાંચનારે પણ તે વિચાર અનુભવ્યા હોય તો તેમને કહેવાની જરૂર નથી કે **સુશીલા**નાં મનમાં પણ તેવાજ વિચાર પસાર થતા હતા. પણ અફસોસ ! તેણીનાં યૌવનમાર્ગનો બાલ્યાવસ્થામાંથીજ નાશ થયો હતો ! બાળકી હતી ત્યાં સુધી અજ્ઞાનતાને લીધે જાણતી નહોતી, પણ યૌવનમાં આવતાં, ફુલની ખુબી જાણતાં તેણીને તે વિચાર આવવા માંડયા, અને તે મુંઝવણમાં રાત્રી દિવસ વિચિત્ર વિચાર તરંગમાં ઉછળ્યા કરતી હતી ! ફુલ ખીલ્યું તે કોઇના ઉપયોગમાં આવ્યા વિના, કોઇના અંતઃકરણને શીતલ કરી આનંદ આપ્યા વિના એમજ કરમાવાને નથી ! સુખ જોયું ! જોયાથી શું ? દ્રષ્ટિ આગળ તો સર્વે તરે છે ! ત્યારે અનુભવ મિથ્યા છે ! પણ અનુભવ વિનાનું રાજ્ય શુન્ય છે, અનુભવ વિનાનો માર્ગ શુન્ય છે, અનુભવ વિનાનો અભ્યાસ નિરર્થક છે, પણ અનુભવ વિનાના પ્રેમના વિચારમાંજ આનંદ છે ! પણ એ સર્વથી ઉલટું શા માટે ? પ્રેમ સંસારથી અળગો છે ! પ્રેમ માટે સંસારમાં સ્થાન નથી ! તેનો આ જગતમાં ન્યાય નથી, એટલે જગતનાં મનુષ્યોથી તે દૂર જ રહે છે; પણ તેનો દૂરનો આનંદ પણ કેવો સુખદાયક છે ! પ્રેમનાં આનંદનું કોણ વર્ણન કરી શકે ? ! કવિની કલમ, લખનારની લગામ, અને વિચારનારાઓના વિચાર વિગેરે સર્વે ત્યાં તણાતા કયા માર્ગમાં છે, તે દિશાનું તેમને ભાન નથી ! પ્રેમને દિશા નથી ! પ્રેમને માર્ગ નથી ! પ્રેમ એજ ભક્તિ છે, તેજ આનંદ છે, અને તે સર્વમય છે ! પણ તે કયાં છે ? પ્રાણી જન્મતાંજ તે સર્વ નાશ થઇ જાય છે, પ્રેમનું રૂપ બદલાઇ જાય છે ! તેની જગ્યા તેનો રિપું લેછે ! અફસોસ ! સ્વાર્થ પ્રેમ અને તેના સાથીઓએ આ સંસારમાં તેનો નાશ કરી નાંખ્યો છે ! પણ તેને શોધનારા અને તેનાં સ્થાનકે પહોંચનારા માણસોને ધન્યવાદ છે ! **સુશીલા** વિધવા હતી ! સાંસારિક પ્રેમનો તેણીને માટે નાશ થયો હતો ! પણ પ્રેમ, ખરો પ્રેમ તે અળગો હતો, એટલે વિચારમાં પણ તેણીનું સુખ મેળવે ? !

વાંચનાર ! '__સુશીલા [illegible] હતી,__' એ વાંચતાં તમે કદાચ આશ્ચર્ય પામશો, પણ જરા આગળ વાંચો તો તમારી શંકા દૂર થશે ! **વસંતરાવ** બારીસ્ટરનાં માતુશ્રી **રૂખમાબાઇ** મરણ પથારીએ પડતાં, તેણીને પોતાના પુત્રના જમાઇને જોવાની અતિશય ઇચ્છા થઇ. આ વખતે **સુશીલા**એ [illegible] વખત થયાંજ પારણું છોડયું હતું. [illegible] માતાની આત્મશાંતી વખતની છેવટની ઇચ્છા પાર પાડી તેણીને સંતુષ્ટ કરવા **વસંતરાવે** એક ચપળ બુદ્ધિના દશ વર્ષ [illegible] છોકરા સાથે પોતાની પુત્રીનાં લગ્ન કર્યાં. ભાવી બળવાન છે ! **રૂખમાબાઇ** તો પોતાની ઇચ્છા ફળીભુત થતાં સ્વર્ગવાસ થયાં, અને થોડા દિવસ પછી **વસંતરાવ**નો જમાઇ પણ બે દિવસનાં સખત તાવમાં દૈવયોગે એકાએક મરણ પામ્યો. પોતાની પુત્રીને આમ વૈધવ્ય પ્રાપ્ત થયેલ જોઇ **વસંતરાવ**ને અત્યંત શોક થયો, પણ તે સુધરેલા વિચારનો હોવાથી એ બાળકીને તેવીજ સ્થિતિમાં રાખી મુકવા ઇચ્છતો નહોતો. ઉમ્મરે પુગતાં ફરી કોઇ તેણીને યોગ્ય પતિ મળતાં તેણીનાં લગ્ન કરી દેવાનો તેણે નિશ્ચય કરી રાખ્યો હતો, અને તે વિચાર વારંવાર છુટસે મ્હોડે ઘણાકો આગળ તેણે પ્રકાશ પણ કર્યો હતો. પોતાની આ ધારણામાં

તે વારંવાર જયકરને પણ સામેલ કરતો હતો. જયકર પિતા કરતાં વધુ સુધરેલા વિચારનો હતો. જ્ઞાતિભેદ જેવું કાંઇ તે ગણતો નહી. તેને પોતાની બ્હેન માટે વધુ ચિંતા લાગતી હતી, અને તેણીની દુઃખદ સ્થિતિ માટે વિચાર કરતો તે રાત્રી દિવસ અંતઃકરણમાં બળ્યા કરતો હતો. શાળામાં પોતાની સાથે અભ્યાસ કરતા અન્ય જ્ઞાતિના પોતાનો સ્નેહિ તરિકે સંબંધમાં આવતા એક યુવાન તરફ તે વારંવાર દ્રષ્ટિ દોડાવતો હતો, અને એ બાબતમાં સુશીલાનો પણ તે મત લેતો, પણ પોતાનો પિતા એ વાતમાં સંમતિ નહીંજ આપે એમ તેની ખાતરી હોવાંથી તે મુંગોજ રહ્યા હતો. સુશીલા પણ પોતાના ભાઇના વિચારને મળતી હતી, પણ પોતાન પિતા આગળ પોતાનાં વિચાર સ્વતંત્રતાથી દર્શાવી શકતી નહોતી. તેણીની વૃત્તિ પણ તે યુવાન તરફ ખેંચાતી હતી, જે તેણે પોતાના ભાઇને જણાવી હતી, અને ભાઇ પણ તે રસ્તે જવાને તેણીને વારંવાર ઉત્તેજન આપતો હતો. વાંચનાર! આ સર્વ એક વખતેજ કબુલ કરી શકાય એવું નથી, પણ એટલું તો માનવુંજ જોઇએ કે હાલના સમયમાં દુનિયામાં હજારો મનુષ્યો સુધારાના સાથીઓ છે, અને તેમના હાથ નિચે ઉછરતા પાશ્ચિમાત્ય કેલવણી લીધેલ ઉછળતા યુવાનોના સ્વતંત્ર વિચાર ઉપર તમે વિચાર કરશો તો અમારૂં કહેવું કબુલ કરવામાં તમે લેશ માત્ર પણ આનાકાની કરશો નહીં. પણ તે યુવાન કોણ હતો? વાંચનાર! સુશીલાને આપણે નાટયગૃહમાં જોઇ ગયા છઇએ. તે વખતની સુશીલા અને કમળની હીલચાલ તમારા લક્ષમાંથી જતી રહી નહીંજ હોય! આજ એ વાતને પંદર દિવસ થઇ ગયાં હતાં. કમળને જોતાંજ તેણીનાં અંતઃકરણમાં વિચિત્ર ફેરફાર થયો હતો, તે કાંઇ અજાયબ્યું નથી. વખત જતાં જયકરની કમળ સંબંધી વાતો તથા તેની સંગે થતી મુલાકાતથી સુશીલાનાં હૃદયમાં અત્યંત મુંઝવણ ઉત્પન્ન થઇ હતી. પોતાને શું થાય છે તે તેણી સમજી શકતી નહોતી. પણ કમળ પોતાના ભાઇ પાસે આવતો ત્યારે તેણી અતિશય આનંદ પામતી, તથા વારંવાર ચપળ ચક્ષુ મેળવતી, ને તેના જવાથી ઓચિંતો તેણીનાં હૃદયમાં દીલગિરીનો ભાસ થતો હતો. સ્વપ્નમાં પણ તેણી તેનુંજ રટણ કરતી, અને તેને પોતાની સંગે આનંદથી વાત કરતો વારંવાર નિંદ્રામાં જોતી. કમળ તરફ પ્રેમહભરો ઉછળતો, પણ બિચારી બાળા શરમાઇ જઇ સર્વ દબાવી દેતી હતી. કમળ સાથે વાતચીતનો પરિચય શરમાતાં ઓછો પડી જતો, તોપણ કમળ રાત્રિ દિવસ તેણીનાં અંતઃકરણમાં રમ્યા કરતો હતો. એક દિવસ વિચાર કીધો કે આજે કમળને એકાંતમાં રોકી પાડી આનંદથી વાતો કરી, હૃદય ખુલ્લું કરીશ. પણ કમળ આવતાં શરમ પડદો આડો આવી ઉભો રહેતાં મુરાદ પાર ન પડી. આજ એ વિચારનો બીજો દિવસ હતો. આજ બે દિવસ થયાં જયકરને શરીરે શીતળા નીકળ્યાં હતાં. પથારીમાં એકલાં મુંગા પડી રહેતાં ચેન ન પડવાથી તેણે કમળને પોતાની પાસે આવવા ચીઠ્ઠી લખી હતી, તેના જવાબમાં તેણે આવવાનું કબુલ કર્યું હતું, અને તેને આવવાનો સમય થયો હતો. સુશીલા તેની ચીઠ્ઠી વાંચતાં દ્રષ્ટિનો આનંદ મેળવવાની અને પોતાની ઇચ્છા પાર પાડવાની આશાએ આજે મંડપમાં જઇ તેના આવવાની રાહ જોતી બેઠી હતી. કમળની કાંતિ તેની આંખો આગળ તરતી હતી. ઘડીકમાં આનંદમાં આવી મ્હોં મલકાવતી, ઘડીકમાં હૃદયના થતા ધબકારા ગણુ-

તી, ઘડીકમાં પોતાનાં શરીરના કેટલાક ભાગ પર અભિમાનનો ભાવ દર્શાવતી નજર કરતી, કંઇ પાંદડાના ખરવાનો, અથવા પવનથી હાલતી વૃક્ષની ડાળીઓનાં થતા અવાજથી ઉંચું માથું કરી બાગનાં દ્વાર તરફ જોતી સુંદરી સુશીલા કમળનાં આવ્યાની રાહ જોતી બેઠી હતી. તેણીનાં મનમાંથી અનેક વિચિત્ર વિચારો પસાર થઇ જતા હતા. વાંચનારને આ સ્થળે જણાવવું જરૂરનું છે કે સુશીલા આગલા પ્રકરણોમાં વર્ણવેલ કેશર, નીચ વ્યભિચારિણી કેશર જેવી વૃત્તિની નહોતી. તેણી કમળ સંગે પવીત્ર પ્રેમ ગાંઠથી જોડાવા ઇચ્છતી હતી. તેણીનું અંતઃકરણ પવિત્ર હતું.

સૂર્ય ક્યારનો અસ્ત થઇ ગયો હતો. સર્વત્ર અંધકાર છવાઇ ગયો હતો. બાગનાં દ્વાર ઉપરનાં આકાંમાં પ્રકાશિત દીવો બળી રહ્યો હતો, તેથી આખી વાડીમાં થોડો થોડો પ્રકાશ પડતો હતો, પણ મંડપમાં વૃક્ષઘટાથી અંધકારજ હતો. દીપકનાં કીરણો પાંદડાંઓની વચમાંથી કોઇ કોઇ સ્થળે ત્યાં પડતાં હતાં. જે ક્ષણ જાય છે તેમાં કમળ આવી પહોંચશે, એમ ધારી સુશીલા બેઠી થઇ આતુરતાથી દ્વાર તરફ જોવા લાગી. થોડી વારમાં એક ભાડુતી વીકટોરીયા દ્વાર આગળ આવી ઉભી, અને તરતજ તેમાંથી કમળ ઉતરી વાડીમાં દાખલ થયો. તેને ઉતાવળે પગલે મંડપ તરફ આવતો જોઇ સુશીલા ઉભી થઇ, ને બંગલા તરફ વળી પણ વળી પાછી અટકી ઉભી રહી ગઇ—વળી ચાલી—વળી થોભી—આખરે મંડપમાં એક બાજુએ વૃક્ષના થડને અઢેલી ઉભી. હવે તેણીનું અંતઃકરણ વધુ ઉછાળા મારવા લાગ્યું, પણ જેમ તેમ મહા મહેનતે મનનો વેગ દબાવી ધડકતા હૃદયે તેણી ઉભી રહી. પળ વારમાં કમળ મંડપ આગળ આવતો જણાયો. તેણીની અધીરાઇ વધી પડી. કમળને આડી ઉતરી તેની દ્રષ્ટિ આગળ જવાને મન ઉશ્કેરાયું, પણ એક પગલું આગળ ભરી પાછી અટકી ગઇ! આ વખતે તેણી અનિયમિત સ્થિતિમાં હતી. તેનાં મનમાં કંઇ કંઇ થવા લાગ્યું, એટલામાં કમળ મંડપમાંથી તેણીની સમીપથી પસાર થયો. એકાએક સુશીલાનાં મુખમાંથી કંઇ ઝીણો અવાજ નીકળી ગયો! કમળે તે સાંભળ્યો, ને પાછળ ફરી જોયું, પણ અંધકારમાં કાંઇ ન જણાતાં ફરી આગળ ચાલવા માંડ્યું! સુશીલાનું અંતઃકરણ હવે હાથ રહ્યું નહી! તેણીએ તેની પાછળ દોડી તેના ખભા ઉપર હાથ નાંખ્યો! કમળે ચમકીને પાછળ ફરી જોતાં તેણીને ઓળખીને ઉભા રહી પૂછ્યું, "કેમ! અત્યારે અહિં કેમ ઉભાં છો?"

સુશીલા તરફથી કાંઇ પણ જવાબ મળ્યો નહીં! તેણી ચુપ થઇ નિચું મસ્તક કરી મૂઢ સરખી ઉભી રહી! તેણીનું આખું શરિર ધીરે ધીરે ધ્રુજવા લાગ્યું! કમળ અજાયબ થયો. ફરી તેણે પૂછ્યું, "તમારા ભાઇને કેમ છે?" પ્રત્યુત્તર કાંઇ મળ્યો નહીં! "આમ કેમ? બોલતા નથી? ભાઇ આનંદમાં તો છેની!" અધીરાઇમાં તેણીનો હાથ પકડતાં કમળે ફરી પૂછ્યું.

"હા! સારૂં છે! ઉપર એમના ઓરડામાં તમારી વાટ જુવે છે!" જરા પણ ઉંચુ મસ્તક કર્યા વિના સુશીલાએ ધીમેથી અચકાતાં અચકાતાં જવાબ આપ્યો.

કમળને આજે તેણીનામાં હંમેશના કરતાં કંઇ જુદોજ ફેરફાર થયેલ લાગ્યો. "હંમેશ મારી સાથે છુટથી વાતચીત કરતા સુશીલા આજ નિચુ મ્હોં કરી આમ કેમ વાત કરતી હશે?" એમ તેના મનમાં વિચાર

આવ્યો! વિશેષ વિચાર ન કરતાં સુશીલાનો હાથ મુક્ત કરી તેણે ત્યાંથી જવાનો વિચાર કર્યો, પણ સુશીલાએ તેનો હાથ પકડીજ રાખ્યો.

"કેમ શું કહો છો?" કમળે આશ્ચર્ય પામતાં પૂછ્યું. સુશીલાએ કાંઇ પણ જવાબ આપ્યો નહીં! "કેમ આમ કેમ ઉભા છો? ચાલો, ચાલો! ઉપર ભાઇ એકલા છે! તમારે કાંઇ કહેવું છે? આમ નિચું મસ્તક કરી કેમ ઉભાં છો? શરમાઓ છો શું કામ?" કમળે પૂછ્યું.

સુશીલા આંગુઠા વતી ભોંય ખોતરતી ઉંચુ જોયા વિના ઉભીજ રહી! "કમળ—" બસ, આટલું તેણીના મુખમાંથી નીકળ્યું! એ કાએક કમળનો હાથ પોતાના હાથમાંથી છુટી ગયો!

"ચાલો ભાઇ પાસે ચાલો!" આમ કહેતાં કમળ ત્યાંથી ચાલ્યો ગયો.

સુશીલા ત્યાંજ ઉભી રહી ગઇ. તેણીએ આજે કંઇ નવુંજ અનુભવ્યું! કોઇ દિવસ ન અનુભવેલ સુખ આજે તેણીનાં શરીરે અનુભવ્યું હતું. ઘેલી કરી કમળની પાછળ દ્રષ્ટિ કરતી તે ઘણીવાર ત્યાંજ ઉભી રહ્યા પછી રસોડામાં જતી રહી. પણ ત્યાં તેણીનું અંતઃકરણ શાંત રહ્યું નહીં! પોતાના ભાઇના ઓરડામાં જવાની ઇચ્છા થઇ. કમળ હોય તે છતાં બેધડક વારંવાર પોતાના ભાઇ પાસે જતી, અને તેની સાથે વાતચીત કરતી સુશીલા આજે ત્યાં જતાં સહેજ આંચકો ખાવા લાગી! જેમ તેમ હીંમત ધરી દાદરો ચઢી! છેલ્લે પગથીએ પહોંચતાં વળી અટકી—વળી કંઇક દ્રઢ થઇ આગળ ચાલી—કટેરામાં થઇ જયકરના ઓરડાનાં દ્વાર આગળ આવી ઉભી રહી. જ્યાં બારણાં બંધ હોવાથી તે ઉઘાડવાને તેણી હીંમત કરી શકી નહી—અંદર શું વાતચીત થાય છે તે સાંભળવા બંધ દ્વાર ઉપર કાન ધરી ઉભી રહી! પણ કાંઇ ન સંભળાતાં નિચી વળી બારણાંની વચમાંની ફાટમાંથી અંદર જોવા લાગી!

## પ્રકરણ ૩ જું.

### "એ એની મેળે જણાશે!"

રાત્રીનો સમય હતો. જયકરના ઓરડામાં નોકર તરતનોજ બત્તી સળગાવી બ્હાર નીકળતો હતો, ત્યારે કમળ અંદર દાખલ થયો. જયકર પલંગ ઉપર પડ્યો પડ્યો મહાન કવિ વર્ડઝવર્થની કવિતાનું રૂપ નિહાળતો હતો. કમળને આવતો જોઇ તે પુસ્તક બંધ કરી બેઠો થયો, ને કમળને પોતાની પાસેજ પલંગ ઉપર બેસાડયો.

"કેમ શું વાંચતા હતા?" કમળે બેસતાં પૂછ્યું.

"આ જુઓ, વાંચી જુઓ!" કમળના હાથમાં પુસ્તક આપતાં જયકરે જવાબ આપ્યો.

"ઠીક!" પુસ્તક જોતાં કમળે મંદ હાસ્ય સહ જણાવ્યું, ને પુસ્તક એક બાજુએ મૂકતાં પૂછ્યું, "પણ વારૂ, તબીયત કેમ છે?"

"સારી છે!" જયકરે જણાવ્યું, "અને આ પુસ્તક વાંચતા વધુ સારી થઇ!"

"એ વળી કેવી રીતે?" કમળે પૂછ્યું.

"વાંચતા વાંચતાં કંઇ કંઇ વિચારો આવતાં

મન પ્રફુલ્લિત થઇ ગયું!" જયકરે જવાબ આપ્યો, ને તેણે પોતાના વિચાર બ્હાર પાડવા માંડયા. "કમળ!" તે બોલ્યો, "બાલ્યાવસ્થામાં નિશાળમાં અને તે દિવસોની રમત ગમતોમાં ભોગવેલ નિર્દોષ આનંદ અને તેવું સુખ બીજી કોઇ પણ અવસ્થામાં હોય એમ મને તો લાગતું નથી! કેમ ખરૂં કે નહી? વારૂ હાલ અનુભવાતી અવસ્થા તમને કેવી લાગે છે?"

"લ્યો! હજી તો આવીને બેઠા એટલામાં આ શું વાત કાઢી?" કમળ બોલી ઉઠયો, "કંટાળી કંટાળીને તમારી આગળ બે ઘડિ આનંદની વાતોમાં વખત ગાળવા આવ્યો ત્યાં તો વળી તમે પણ કંઇક ગાંડું લઇ બેઠા છો! અત્યારે એ લહેરી કયાંથી આવી?"

"હમણાં સુધી તમારી વાટ જોતો હતો. સુર્ય અસ્ત થયો ત્યાંસુધી તમે ન આવ્યા એટલે એકલો હોવાથી કંટાળો આવવા લાગ્યો, તેથી હમણાંજ આ પુસ્તક હાથમાં લઈ વાંચવું શરૂ કર્યું, એટલામાં તો તમે પણ આવી પહોંચ્યાં!"

"બહુ સારૂં! પણ મ્હારા વિચાર પ્રમાણે આવાં પુસ્તક તો તમારે હાલ વાંચવા ન જોઇએ!" કમળે જણાવ્યું. "અત્યારથી આવી આવી કવિતાઓ વાંચતાં અને એમના ઉપર વિચાર કરતાં શીખશો તો અભ્યાસ આગળ વધારી શકશો નહી, એ ખાત્રીથી માનજો!"

"સમજ્યા હવે!" જયકરે હસતાં હસતાં જણાવ્યું. "પણ હમણાં અભ્યાસ કયાં કરીએ છીએ? ફુરસદના સમયમાં આમ બીજાનામાં પડી રહેતાં કંટાળો આવ્યો ત્યારે જરા હાથમાં લીધું, તેમાં શું ખોટું કર્યું? એ પણ અભ્યાસજ છે - આનંદ છે!"

"પણ એવા પુસ્તકોનો અભ્યાસ માણસને રાત્રિ દિવસ એવાજ રાખે છે!" કમળે કહ્યું. "તત્વજ્ઞાન અને કુદરતનું કાવ્યપણું ઉગતી વયમાં ડોળનારાઓ અને એ વિષયો ઉપર વિચાર કરનારાઓમાંથી ઘણા ખરા પોતાનો અભ્યાસ આગળ વધારી જગતમાં નામ કહાડવાને કેવળ અસમર્થ થયા છે! અપૂર્ણ અભ્યાસ કરી છોડી દેતાં 'ધોબીનો કુતરો નહી ઘરનો કે નહી ઘાટનો' એવી તેમની સ્થિતિ થઇ જાય છે!"

"ત્યારે જગતમાં નામ કહાડવું એમાંજ સર્વ જ્ઞાન અને મ્હોટાઇ સમાયલી છે, એમ તમે માનો છો શું?" જયકરે પૂછ્યું.

"ત્યારે આપણા માજી પ્રધાન મી० ગ્લાડસ્ટન અને દેશહિતચિંતક મનાયેલા દાદાભાઇ નવરોજી, એમણે દુનિયામાં નામ કહાડયું છે તેમને મ્હોટા નહી માનવા એમ તમે કહેવા માગો છો?" કમળે સામો પ્રશ્ન કર્યો.

"ભાઇ! મ્હોટાઇ મેળવવી અથવા નામના કરવાની ઇચ્છા કરવી એ હલકાઇની નીશાની છે!" જયકરે જણાવ્યું, "એ મહાન પુરૂષોને કોઇ પણ કાળે એમ નહી થયું હોય કે આપણે જગતમાં મ્હોટા કહેવાઇએ! એમના ગુણો તથા કર્તવ્યોએ એમને મ્હોટા કહેવરાવ્યા છે!"

"તમને પણ મ્હારા જેવોજ થોડો પવન લાગ્યો છે ખરો!" કમળે હસતાં હસતાં જણાવ્યું, "પણ ભાઇ! જો તમને પણ મ્હારા જેવું થશે તો તમારા પિતા મને આ ઘરમાં પગ મૂકવા પણ આપશે નહી! વાહ, ભાઇ

વાહ! આ તો આપણે સરખે સરખા મળ્યા ને ભવના ફેરા ટળ્યા!"

"ઠીક, ઠીક! હવે જાણ્યું જાણ્યું!" જયકર બોલી ઉઠયો, "પણ વારૂ મેં પૂછ્યું તેનો તો જવાબ આપો! કહો તો ખરા હાલ અનુભવો છો તે અવસ્થા તમને કેવી લાગે છે?"

"જો ખરૂં પૂછતા હો તો અનુભવાતી એક પણ અવસ્થામાં સુખ હોય એમ આપણને લાગતું નથી!" કમળ જરેજ ગંભીર થઈ બોલ્યો, "આજ તમને બાલ્યાવસ્થાનું સુખ યાદ આવે છે, પણ તે દિવસે તમને સુખ લાગતું નહોતું! તે દહાડે પણ તમને એક જાતનો અસંતોષ હતો! એની ખાત્રી કરવા તમારૂં અંતઃકરણજ મને મદદગાર થશે!"

"ત્યારે એક પણ અવસ્થામાં સુખ નથી શું?" જયકરે પૂછ્યું, "ત્યારે તો શું આપણે સુખ અનુભવતાજ નથી શું?! આપણે સુખી છીએ એમ આપણને લાગેજ નહી શું?"

"નહીજ!" કમળે ગંભીર થઈને દ્રઢતાથી જણાવ્યું, "કોઈ પણ કાળે સુખ તો અનુભવાયજ નહી, કારણ કે જગતનાં અનુભવ અને સુખને પરસ્પર વેરભાવ છે! માણસ પોતાની વર્તમાન અવસ્થામાં સુખ નીહાળી શકતોજ નથી! ગમે તેવું સુખી દેખાતું માણસ દુઃખ દેખાડયા વગર કદી પણ રહેશેજ નહી! ભાઈ! દુનિયામાં દરેક મનુષ્યની સ્થિતિ અપૂર્ણ છે, તેથી કોઈનાં અંતઃકરણમાં સંતોષની છાયા પડતી નથી! અને સંતોષ વિના સુખની આશા રાખવી એ કેવળ અસંભવિત છે! જુઓ, જ્યારે મ્હોટી વયે અનુભવ મળે છે, ત્યારે યુવાવસ્થાનો આનંદ જતો રહે છે, એમ ઘણાખરા પ્રૌઢો કહે છે!"

"બસ, હવે એ બધું રહેવા દો!" જયકરે સહાસ્ય જણાવ્યું, "જગત વાસ્તે તમે મ્હારાં હૃદયમાં દુઃખી વિચાર ઉત્પન્ન કરો છો! તમારા આવા વિચારો સાથે હું ઘણોજ થોડો મળતો થાઉં છું!"

"ત્યારે વાતજ માંડી વાળો!" કમળે મંદ હાસ્યથી જણાવ્યું. "એવો વિષયજ શા માટે કહાડો છો? મ્હારા જેવા કાતરીયાના ખવાયલા માણસને તેમાં બહુ બહુ બોલવાનું મન થાય છે! કાંઈ બીજી વાત કાઢો!"

આમ તેઓ વાતચીત કરવા લાગ્યા, એટલામાં ઓરડામાં ટાંગેલ ઘડિઆલમાં આઠ વાગવાના ટકોરા થયા. કમળ ઘેર જવાને તૈયાર થયો, પણ જયકરે તેને બેસવા આગ્રહ કર્યો. થોડી વારમાં ઓરડાનું બારણું ઉઘડયું અને સુશીલા દુધથી ભરેલું એક કાચનું પ્યાલું લઈ અંદર દાખલ થઈ. પલંગની એક બાજુએ પડેલ ન્હાના ટેબલ ઉપર તે મૂકતાં તેણીએ પોતાના ભાઈને 'ભોજન તઈયાર થઈ રહ્યું છે,' એમ જણાવ્યું. જયકર બ્હેનનાં મુખ સામે જોઈ હસ્યો. તેણી પોતાના ભાઈનાં હાસ્યનો મર્મ સમજી હોય તેમ સ્હેજ મ્હોં મલકાવી શરમાતી ઓરડાની બ્હાર ચાલી ગઈ. તેણીને પોતાની સમીપ એક ક્ષણ માત્ર પણ ન ઉભી રહેતાં એકદમ ઓરડામાંથી ચાલી જતી જોઈ જયકરને બેહદ હાસ્ય આવ્યું. આ સર્વ કમળ સમજી શકયો નહી. તે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો.

"ગાંડી, ગાંડી!" હસતાં હસતાં જયકર બોલી ઉઠયો, "શરમાય છે, શરમાય છે! કોણ જાણે એને શું થઈ ગયું છે! કંઈ સ્થિતિમાંજ ફેર પડી ગયો છે! ખરે-

ખર, ગાંડીજ ગાંડી ! મ્હારા જેવા વિચારની એ નથી ! ભોળી ! એટલામાં શરમાવા લાગી! જ્યાં અંતઃકરણ મળ્યાં અને પરસ્પર ખેંચાણ થયું ત્યાં વળી શરમનો પડદો રાખવો એ તે વળી કેવી રીત !"

જયકર આ સર્વ શું બબડી ગયો તે કમળના સમજવામાં આવ્યું નહીં તેથી તેના આશ્ચર્યમાં વધારો થયો. "પણ છે શું ? આટલાં બધા હસો છો શા વાસ્તે ?" તેણે આશ્ચર્યતાથી પૂછ્યું. "શું સુશીલા શરમાય છે? કોનાથી ? શા માટે શરમાય છે વળી ?"

જયકર પોતાનું હાસ્ય દબાવી શક્યો નહીં ! તે વધારે ને વધારે હસવા લાગ્યો ! અનહદ હાસ્યસહ તે ફરી બબડ્યો, "ગાંડી રે ગાંડી ! ખરેખર ! અત્યંત શરમાય છે !"

"મને તો એમને માટે બહુ સારો વિચાર છે !" કમળ આશ્ચર્યતામાં વધુ ગરકાવ થતાં વચમાં બોલી ઉઠ્યો, "ગયે બુધવારે બાબુ કેશવચંદ્રસેન તથા ઉષાબાઇનું જીવન ચરિત્ર વાંચતાં જે વિચારો એમણે પ્રગટ કર્યા હતા, તે ખરેખર, અત્યુત્તમ હતા, તેમ જ મ્હારે મન નવાજ હતા !" કમળ જેમ જેમ બોલતો ગયો તેમ તેમ જયકર વધારે ને વધારે હસવા લાગ્યો ! કમળ આથી ખસીઆણો પડી બોલ્યો, "શું મ્હારાથી એમને શરમાવાનું કાંઇ કારણ મળ્યું છે ?"

"અલબત, અલબત, અલબત !" હાસ્ય ન રોકતાં જયકર બોલ્યો, "આજે એમણે પિતાજી સાથે કાંઇક વાતચીત કરી છે, અને પિતાજીએ એમનું કહેવું માન્ય રાખ્યું છે, અને હા પણ પાડી છે, તેથી આજે એ અહિંયાં આવતાં આંચકો ખાય છે ! પણ ખરેખર, ગાંડીજ ગાંડી ! સમજતી નથી કે, મ્હારી સંમતિ શિવાય એ કાર્ય થયું નહીં જ હોય !"

"તમે શું કહેવા માંગો છો તે હું સમજી શકતો નથી !" કમળે કહ્યું, "શું તમારા મુરબ્બીએ સુશીલા વાસ્તે કાંઇ નક્કી કર્યું ? શું એમનાં મનગમતું કર્યું ? જો એમજ હોય તો અત્યંત આનંદની વાત છે ! ખરેખર ! તમારી સંમતિ લેવાઈ હશે, ત્યારે તો કાંઇ પ્રયાશ નહીંજ રહી હોય ! પણ ભાઇ ! જરા મને તો દેખાડતા હતા કે હું પણ તમારા આનંદમાં ભાગ લેવા ભાગ્યશાળી થાઉં ! ઉમ્મર પણ લાયકજ શોધી હશે !"

"બધું મળતે મળતું છે !" જયકરે હાસ્ય દબાવી હર્ષથી જણાવ્યું, "પીતાજીએ પણ હા પાડી છે, અને મ્હારી તો પ્રથમથીજ સંમતિ છે !" કંઇક મંદ ભાવે કહ્યું, "પણ એમને કાંઇ જણાવ્યું નથી એટલી વાર છે ! અમારી જ્ઞાતિમાં લગ્ન બહુ જાહેર નથી, અને જો એ યુવાન કબુલ કરે તો પવિત્ર કબુલાત શિવાય બીજા ઢોંગ સોંગ અમારે કરવા નથી ! અને એ અમે પસંદજ કરતા નથી !"

"એવો તે કોણ મૂર્ખ હશે કે આવી બાળાનું પાણીગ્રહણ કરતાં ના પાડશે ? !" કમળે નિર્દોષ અંતઃકરણે જણાવ્યું.

"આપણા હિંદુઓમાં જ્ઞાતિભેદ અતિશય છે !" જયકરે ગંભીર થઇ જણાવ્યું. "કદાચિત તે સુધરેલા વિચારનાં યુવાનનાં હૃદયમાં પણ એ વિચારે ઘર કરી રાખ્યું હોય તો અલબત અમારે નિરાશ થવુંજ પડે !"

"આવો વિચાર તથા આશા રાખવામાં તમે મ્હોટી ભૂલ કરો છો !" કમળે ગંભીર થઇ જણાવ્યું, "પુરતો વિચાર કર્યા વગર

એકદમ, જ્ઞાતિભેદની દરકાર ન કરવી, એના સરખું મૂર્ખાઇ ભરેલું પગલું બીજું એક પણ નથી! હું ધારૂં છું કે તમારા પિતાજી એવી બાબતમાં કોઇ કાળે પણ સંમતિ આપેજ નહી! અને મને તો એની પૂર્ણ ખાત્રીજ છે!"

"પણ પિતાજી સુશીલા બ્હેનને દીલગિર કરવાને ઇચ્છતા નથી!" જયકર વચમાં બોલી ઉઠયો, "તેણીનાં નીતિને માર્ગે ચાલતાં મનને બીજે રસ્તે વાળવા માંગતા નથી!"

"શું સુશીલાને એટલી બધી છુટ છે? એમનાં આટલા બધાં સ્વતંત્ર વિચાર છે?" કમળે આશ્ચર્યતાથી પૂછયું.

"તમે સમજુ થઇને કેમ ભૂલી જાઓ છો? પ્રેમને કહી બે માર્ગ તો છેજ નહી!" જયકરે જણાવ્યું.

'પ્રેમ' શબ્દ બોલોજ નહીં! જગતના પ્રેમ માટે મને તિરસ્કાર છે!" કમળ સ્હેજ દીલગિર થતાં બોલ્યો, "નીતિ શું કહે છે તે તમે જાણો છો?"

"નીતિ પવિત્ર પ્રેમની વિરૂદ્ધ નથી!" જયકરે જવાબ આપ્યો.

"ખરેખર! એ આજ કાલનો સુધારો છે! એ સુધારાને ખરા અંતઃકરણથી ધીઃક્કારૂં છું! હદ બ્હારના સ્વતંત્ર વિચારને સુધારાનું નામ આપવામાં આવતું હોય તો તે મૂર્ખાઇ ભરેલું છે! હું તો એને કુધારાનું ઉપનામ આપું છું!" કમળે કંઇક જુસ્સામાં આવી જણાવ્યું.

"સુધારો કે કુધારો અમે સમજતા નથી!" જયકરે સ્હેજ ફેરફાર જણાવ્યું.

"અમે તો માત્ર નીતિનેજ માનીએ છીએ! તે પાળીએ છીએ! બાકી જોર જુલમથી અમે અમારાં મનને દુઃખી કરવા ઇચ્છતા નથી!"

"તમારા એ વિચાર તમને મુબારક!" કમળે વાત ટુંકેથી પતાવી, ને પૂછયું, "પણ કોણ એવા સુશીલાના સાથી થવાના છે, તે તો કહો!"

"ઉભા રહો તેડી આવું, પણ એમને હમણાં કહેશો નહીં કે સુશીલા તમને ચાહે છે! એ એની મેળે જાણશે!" આમ કહી જયકર ઓરડાની બ્હાર નીકળી ગયો.

કમળ પલંગ ઉપરથી નીચે ઉતરી એક ખુરશી ઉપર બેઠો, ને કોણ યુવાન આવે છે તે જોવા બારણાં તરફ આતુરતાથી જોઇજ રહ્યો. પણ આવી સ્થિતિમાં તેને વધારે વખત બેસી રહેવું પડયું નહીં. થોડીજ પળમાં તેની સમક્ષ સુશીલા આવી ઉભી. તેણી કાંઇ બોલવા ઇચ્છતી હોય, એમ તેણીની મુખમુદ્રા ઉપરે સ્પષ્ટ જણાતું હતું. પણ તેણી એક પણ બોલ બોલ્યા વિના નિચું મસ્તક કરી ઉભીજ રહી. તેણીની આવી વર્તણુક જોઇ કમળ આશ્ચર્ય પામ્યો. તેનાં મનમાં કાંઇક વિચારો વારાફરતી પસાર થવા લાગ્યા. "સુશીલાના સાથી બદલે તેણી પોતેજ શા માટે આવી હશે? તેઓ બેઉ ઓરડામાં એકલાં કેમ? તેણીનો સાથી થનાર યુવાન કયાં? તેણી બોલતી કેમ નથી? આ શું? આનો કાંઇ ભેદ જણાતો નથી!" તે અત્યંત મુંઝવણમાં પડયો! શું કરવું તે તેને સુઝયું નહીં! સુશીલા સંગે તે કાંઇ પણ વાત કરી શકયો નહીં! ત્યાં બેસવું તેને ગમ્યું નહીં! ખુરસીપરથી ઉઠી બારણું ઉઘાડવા જતાં સુશીલાએ તેનો હાથ પકડી અટ

કાઢ્યો. કમળે હાથ છોડવવા પ્રયત્ન કર્યો પણ તેણીએ છોડયો નહીં!

"સુશીલા આ શું? મ્હારો હાથ છોડો!" કમળે આશ્ચર્યતા તેમજ સ્હેજ ગભરાટ સહીત જણાવ્યું. "નથી સમજી શકાતું કે આજે મારી તરફ આવી વિચિત્રતા કેમ વાપરવામાં આવે છે! છોડો મ્હારો હાથ! આવ્યો ત્યારે મંડપમાં પણ તમે આવી રીતે ઉભો રાખ્યો હતો, વળી અત્રે શામાટે આવ્યાં છો? મ્હારો હાથ તો છોડો, ને કહેવું હોય તે કહો!" આમ કહેતાં તેણે તેણીનાં હાથમાંથી પોતાનો હાથ છોડવવા માંડયો, પણ સુશીલાએ હાથનો બંધ એવો બાંધ્યો હતો કે કમળ તે છોડવી શકયો નહીં! "છોડો, છોડો! આમ શું કરો છો?" તેણે ફરી કહ્યું. "હવે મને ઘેર જવાનો સમય થઇ ગયો છે! તમારા ભાઇ કયાં ગયા! પાછા કેમ ફર્યા નહીં! તમને આજે શું સુઝયું છે, તે કાંઇ સમજાતું નથી! આજે મારી મતી તમે ગુમ કરી નાંખી છે! ખબર નથી પડતી કે તમે આમ કેમ ઉભા છો? સુશીલા! કંઇ બોલો, બોલો! મારાં મનની શંકા દૂર કરો! મને આમ મુંઝાવો છો શામાટે? કંઇ કહો તો ખરા! આમ મુંગા મુંગા કેમ ઉભાં છો?"

"જે થાય છે તે સારૂંજ થાય છે! હાથ પકડું છું તે પણ સારાં માટેજ!" સુશીલા નીચી દ્રષ્ટિ રાખી મ્હોં મલકાવી બોલી.

"નથી સમજ પડતી કે આ તમે શું કહો છો? સુશીલા! ફરી કહું છું, વાનવીને કહું છું, કે મ્હારો હાથ છોડો! તમારા કોઇ મુરબ્બી અહિંયા આવી પહોંચશે તો શું ધારશે?" બીજા હાથ વતી પોતાના પકડેલો હાથ છોડાવતાં કમળે કહ્યું.

"મુરબ્બીને કાંઇ ધારવાનું નથી! તેઓ ધારે છે તે સારૂંજ ધારે છે!" સુશીલા કમળના બેય હાથ પકડતાં બોલી.

"અરે! આ તે તમને શું સુઝે છે? આ શું? મ્હારી મશ્કરી કરો છો કે રમત? તમારાં મનને તો કદાચિત રમત લાગતી હશે, પણ તમારા મુરબ્બીઓમાંથી કોઈ અત્રે આવશે તો મ્હારે વાસ્તે શું ધારશે, તેનો કાંઇ તમને વિચાર આવે છે?" કમળે તેણીના કાલાવાલા કરતો હોય તેમ નમ્ર અવાજે કહ્યું.

"બધા વિચાર આગળથી કરી રાખ્યા છે!" સુશીલાએ ઉંચે જોયા વિના દ્રઢતાથી જણાવ્યું. "મુરબ્બીઓ વળી શું ધારશે? તેઓ તમારે વાસ્તે સારોજ વિચાર ધરાવે છે! અને તેનુંજ આ પરિણામ છે!" આમ કહેતાં તેણીએ તેના બેય હાથ પોતાની તરફ ખેંચ્યા!

"શું પરિણામ? આ?" કમળ હાથ મૂક્ત કરવાને ખેંચતાણ કરતો બોલ્યો, "આમ શું કરો છો? શું? કહો તો ખરાં! મને સાફ સાફ કહો! સત્વર બોલો! આ તમને છાજતું નથી! આમ કરવાનું કાંઇ કારણ?"

"સ્વસ્થ થઇ ખુરશી ઉપર બેસી નીરાંતે સાંભળો તો કહું! ઉતાવળા થશો તો કંઇ નહી કહીશ!" સુશીલા તેની તરફ સ્નેહ ભરી મીઠી નજર કરી ધીમે સાદે બોલી.

"હાં, બેસું છું! પણ મને કંઇક થાય છે! મ્હારૂં અંતઃકરણ કંઇ ખોટું થતું હોય એમ મને સુચવે છે! તમારા મુરબ્બીની ધાસ્તીથી મ્હારૂં હૃદય ધડકે છે!" કમળે ખુરસીએ બેસતાં કહ્યું, પણ તરતજ પાછો ઉઠયો!

"વળી કેમ ગભરાઈને ઉઠયા? મુરબ્બીની આનંદી નજર આગળથીજ હું અહિંયા આવી છું! તેઓ હમણાં જાણે છે કે હું કયાં છું! સરખા ખુરસી ઉપર બેસો તો બધું કહું!" સુશીલા તેને ધીરજ આપવા બોલી.

કમળ ખુરસી ઉપર બેઠો. તેની આશ્ચર્યતાનો પાર રહ્યો નહી. ત્યાં થોડી વાર બેઠા પછી સુશીલાએ તેને પાસે પડેલ સુખાસને બેસાડયો, અને તેણી પોતે પણ તેની સમીપજ બેઠી. તેઓ વચ્ચે શું વાતચીત થઇ તે કંઇ સંભળાઇ નહી, પણ કમળ ત્યાં એક કલાક સુધી તેણીની સંગે વાતચીત કરતો બેઠો, અને છેક મોડી રાત્રીએ પોતાના ઘર તરફ વિદાય થયો. આ સમયે તે મ્હોટી વીમાસણમાં હોય એમ તેની મુખમુદ્રા ઉપરથી સ્પષ્ટ જણાતું હતું!

## પ્રકરણ ૪ થું.

### નિરાધાર નમાલો.

વાંચનાર! નમાલાને તમે વિસરી ગયા નહીંજ હશો! તે બીચારો પિતા વિનાનો થઇ હંમેશનો નિરાધારજ રહ્યો હતો. સગુંસંબંધી વિગેરે કોઇ તેને માટે લેશ માત્ર પણ ચિંતા કરનાર અને તેને રડતો છાનો રાખનાર પણ હતું નહીં. અને કદાચ હોય તોપણ તેની કોણ દરકાર કરે તેમ હતું? જગતમાં સગાંસંબધી સર્વ સ્વાર્થનાંજ સાથી છે! નમાલા પાસેથી કોઇનો પણ સ્વાર્થ સરી શકે તેવું શું હતું, કે તેની આસપાસ મનુષ્યો વિંટળાઇ વળે? મનુષ્ય માત્રને એક બીજા તરફ સ્નેહ ઉત્પન્ન કરનાર જગતમાં પ્રત્યક્ષ પરમેશ્વર સમાન પુ. જનો પૈસો નમાલા પાસે હોત તો હજારો તેનાં સગાં થવાનેજ નીકળી આવત, અને 'ભાઇ ભાઇ' કહી દાંભિકતા ધારણ કરી અનેક પ્રકારે દીલાસો આપવાને તૈયાર થઇ જાત, પણ તે કાંઇ બીચારા પાસે નહોતો, એટલે દુનિયામાં તેને માટે કોનું અંતઃકરણ દુઃખી થાય? તેની તરફ નજર સરખી પણ કરવાને એક ક્ષણ માત્ર પણ કોણ ઉભો રહે? કોઇજ નહીં! તે રડી રડીને થાકતો ત્યારે પોતાની મેળેજ છાનો રહી જતો. તેને બે ઘડી વિશ્રામ લેવાનું પણ કયાંય સ્થાન નહોતું. તેના પિતાનું મૃત્યુ થતાં, જેની ઝુંપડીમાં તે રહેતો હતો, તેણે પોતાના ભાડાના પેટામાં તેના ઘરનો સર્વ સામાન લઇ લીધો, અને આ નિરાધાર બાળકને લેશ પણ દયા વિના ત્યાંથી હાંકી કાઢયો. હવે તે બીચારો કોને આશ્રયે જાય? પણ જેનું કોઇ નથી તેનો બેલી ઇશ્વર છે! તે આખો દિવસ ભટકયા કરતો હતો. કટકો રોટલો કોઇ આપતું તો તે ખાઇ જંગલમાં રખડતો, પોતાના બાપને બાળવાની જગ્યાએ જતો. ત્યાં પડેલ રાખના ઢગલા તરફ નજર માંડી, ઉભો રહેતો, તેમાં આળોટતો, ચારે દિશામાં ખાલી નજર ફેરવતો, અને વળી બાપ હતો નહોતો થઇ ગયો તેનો અંતઃકરણમાં કંઇક ભાસ થતો ત્યારે રડવા માંડતો, ને "બાપા, બાપા" એમ મ્હોટેથી બૂમ પાડતો, પણ તેનો કાંઇ જવાબ મળતો નહી! પુકારનો અવાજ ખુલ્લી હવામાં ઉડી જતો. ઘડીકમાં આસપાસ વીખરાયલા પડેલ હાડકાં તરફ ધારી ધારીને જોયા કરતો. અરે! હાડકાં ઉપર કંઇક ભાવ ઉત્પન્ન થતાં પોતાની પાસે રાખવા તે ઉપાડી લઇ ગજવામાં મકવા જતો પણ તે ફાટેલું હોવાથી વળી હાથમાં રાખતો,

પણ ક્ષણમાં કંઈક બીજા વિચાર આવતાં વળી હાડકાં સમજી ફેંકી દેતો. તેના પિતાનાં મૃત્યુને એક માસ થઇ ગયો હતો, અને નમાલો ત્યારથી પોતાનો કાળ આ પ્રમાણે નિર્ગમન કરતો હતો. આ અરસામાં તેનું કોઇ પણ સગું તેને પેટ પુરતું અન્ન આપવાને પણ બ્હાર પડયું નહીં, અને તે બીચારો રસ્તે પડેલો ખોરાક ઉંચકી લઇ, અથવા ચપટી ચપટી ભીખ માગી ભેગો કરેલ લોટ ફાકી પેટમાં ભુખને લીધે થતા દાહને શાંત કરતો, અને આમ એક માસ વિતિ ગયો.

સંધ્યાકાળનો સમય હતો આજ બે દિવસ થયા નમાલાને કંઇ પણ ખાવાનું મળ્યું નહોતું. બોદ ગામડું છોડી તે જંગલમાં ચાલ્યો જતો હતો. તે ચીથરે હાલ સ્થિતિમાં હતો. શરિર પણ પુરૂં ઢાંકેલું નહોતું. એક જુનો ફાટેલો લેંગો તથા માથે એક કપડાનો ચીરો ફેંટા તરીકે વીંટાળેલ હતો. તેનો એક છેડો વારંવાર હાથ સાથે અફાળતો. અને બીજો ચીરો મોંમાં નાંખી ચાંવતો ચાવતો તે ચાલ્યો જતો હતો. અમાવાસ્યાનો દિવસ હોવાથી રાત્રી પડતાં ચંદ્રનો પ્રકાશ પડતો નહોતો સર્વત્ર અંધકાર છવાઇ રહ્યો હતો. ઉજ્જડ જંગલમાં કોઇ પણ માણસ દેખાતું નહોતું. છેટે છેટે વારંવાર વાઘ, વરૂ, શિયાળ વિગેરે હિંસક પ્રાણીઓના હૃદયભેદક અવાજ તથા પાસેના ડુંગરમાંથી પડતાં પાણીના ધોધના ઘોંઘાટ સિવાય બીજું કંઇ સંભળાતું નહોતું. ચાલતાં ચાલતાં આગળ માર્ગ હવે સુઝતો નહોતો, અને બે દિવસનો ભુખ્યો, પણ ભુખ શું એના ભાન વિના નમાલો નિર્બળતાથી ધીમે ધીમે ચાલ્યો જતો હતો, માર્ગ નહોતો જડતો તોપણ ચાલ્યો જતો, તે માર્ગ શોધવાને પ્રયત્ન પણ કરતો નહીં. આડે માર્ગે જતાં પથ્થરમાં અફળાતો, પડતો, ઠોકાતો, અને શરિરમાં વાગતું ત્યારે વળી જરા વાર બેસી જઇ રડતો. શરિરની વ્યાધી સાથે પેટમાં પણ વ્યાધી થતી. વ્યાધી થતી હતી, પણ તે શાથી થતી હતી તેની તેને ખબર પડતી નહોતી. આવી રીતે અંધારી રાત્રીએ અનહદ કષ્ટ વેઠતો નમાલો સર્વ શકિતમાન પરમેશ્વરની સંભાળ નિચે મધ્યરાત્રીએ સુદામાગામની નજીકમાં રાણાવાવ આગળ આવી પહોંચ્યો. કોઇ ગામ આવ્યું એવું કંઇક તેને લાગ્યું, પણ ગામમાં જવું કે કયાં અથવા તે પોતે કયાં ચાલ્યો જાય છે તેનું તેને કંઇ પણ ભાન નહોતું. તે તો માત્ર ચાલ્યો જતો હતો. ઇશ્વર ઇચ્છાએ જે માર્ગે તે ચાલ્યો જતો હતો, તે ગામમાં જવાનોજ હતો, એટલે તે થોડી વારે ગામમાં દાખલ થયો. પણ 'અક્કર મીનો પડીઓ કાણો' તેમ ભાગ્યહીન નમાલાની અત્રે પણ અવદશાજ થઇ. મધ્યરાત્રીએ ગામમાં સર્વત્ર શુન્યકારવત્ હતું. કોઇ માણસ માર્ગમાં ચાલતો નજરે પડતો નહોતો. જ્યાં આઠ વાગ્યામાંજ સર્વ ઘરનાં બારી બારણાં બંધ કરી અંદર ભરાઇ જાય, અને કોઇ પણ બ્હાર નીકળે નહીં, ત્યાં મધ્યરાત્રીએ તે કોણ મળે? તેના ચાલવાનો અવાજ થતાં ગામના કુતરાઓ ભસવા લાગ્યા, અને આસપાસથી પાંચ પચ્ચાસ ભેગા થઇ તેની પાછળ ભસતાં ભસતાં કરડવા દોડયા. પણ નમાલો તો ગાંડા સરખો ચાલ્યોજ જતો હતો. રામ રાખે તેને કોઇ નવ ચાખે. કુતરા ભસતાં ભસતાં તેની પાછળ પાછળ ચાલ્યા, પણ એકે તેને કરડયું નહીં. ગામમાં મધ્યરાત્રીએ આટલો બધો કુતરાંનાં ભસવાનો અવાજ થતાં લોકો જાગી ઉઠયાં; કેમકે જ્યારે કુતરાઓ ભસે ત્યારે ગામડાં ગામના લોકો ચોર ખાતર પાડવા આવ્યા હશે એમ

ધારે છે. અત્યારે પણ સૌનાં મનમાં એવોજ વિચાર આવ્યો. એટલામાં **નમાલો** થાકી જવાથી એક ઘરના આગળના દરવાજા પાસે બેસી ગયો. એટલે કૂતરા પણ તેની સામે ઉભા રહી ભસવા લાગ્યા. હવે ભોગજોગે એવું બન્યું કે તે ઘરમાં બીચારો એક વાણીઓ રહેતો હતો. ઘરમાં એકલોજ હોવાથી તે અનહદ બ્હીવા લાગ્યો કે 'રખેને ચોર પોતાનાં ઘરમાં ઘુસી આવી પોતાનું સર્વસ્વ ચોરી લઇ જાય' આવી ધાસ્તીની તે ચોરને નહસાડવાની યુક્તિ ચલાવવા લાગ્યો. જાણે પોતાનાં ઘરમા પાંચ સાત માણસો હોય અ-અને સર્વ જાગતાંજ હોય તેમ બતાવવાની ધારણાએ તે વારા ફરતી અવાજ બદલી જાણે પોતે પોતામા વાત કરતાં હોય તેમ મ્હોટેથી બોલવા લાગ્યો. સામેના ઘરમાં એક ડેસી રહેતી હતી, તે પણ પોતાનું કંજુસાઇથી ભેગું કરેલું ધન ચોર લઇ જશે તેથી વાણીઆની માફક ઘરની અંદર બોલવા લાગી ! તે પણ જાણે પોતાનાં છોકરાં સાથે વાત કરતી હોય તેમ વારંવાર અવાજ બદલી સવાલ જવાબ પોતાની મેળેજ કરતી હતી. પણ કોઇએ પણ બીછાનામાંથી ઉઠી, ઘરની બ્હાર આવી શું છે, તે જોવાની હીમત કરી નહી. તે શેરીમાં સઘળાં ઘરનાં રહેવાશીઓ જાગૃત થઇ ગયાં હતાં, પણ સર્વ પોતાનાં ઘરની અંદરથીજ બૂમો પાડ્યા કરતાં હતાં. કૂતરાંનું ભસવું હજી શાંત પડયું નહોતું. થોડીવારે **નમાલાએ** ફરી ચાલવું શરૂ કર્યું. ચબુતરા આગળ આવતાં પહેરો ભરતા સીપાઇએ "કોણ છે?" એમ બૂમ મારી પ્રશ્ન કર્યો, પણ ભાન વિનાના **નમાલાએ** તેનો જવાબ ન આપતાં ચાલ્યાજ કીધું. બે ત્રણ વખત ફરી પૂછ્યું, પણ તે તો પોતાની ધુનમાંજ ચાલ્યો ગયો. આમ જવાબ ન મળવાથી સીપાઇએ તેની પાછળ દોડી તેને મજબુતીથી પકડયો અને પોતાના હાથમાંના ફાનસથી તેનાં મુખ ઉપર પ્રકાશ પાડી તેની તરફ બારીકીથી જોયું. જંગલી જેવો જાણી તેને બે ત્રણ ધપ્પા માથા ઉપર લગાવ્યા એટલે **નમાલો** રડવા લાગ્યો, પણ એક શબ્દે બોલ્યો નહી. સીપાઇ તેને ચાવડી ઉપર લઇ ગયો ને સવાર પડતાં સુધી તેને ત્યાં બંધીવાન રાખ્યો. **નમાલો** તો ત્યાં પણ ગાંડાની માફક ચાળા કરતો બેસી રહ્યો. સવારે ફોજદાર અને વહીવટદાર આવતાં તેની તપાસ શરૂ થઇ. **નમાલો** ભુખને લીધે કાંઇ પણ બોલી શકતો નહોતો, પણ ભલો વહીવટદાર તેની સ્થિતિ જાણી ગયો, ને તેના ઉપર દયા આવવાથી તેને પોતાને ઘેર તેડી ગયો, ને પોતાને ત્યાં ભોજન કરાવી તેને તૃપ્ત કર્યો. **નમાલો** ખરેખર નમાલોજ હતો. કંઇ પણ કામ કરવાનું તેને જરા પણ ભાન નહોતું. તે બધી બાબતમાં ગાંડાં જેવોજ હતો. વહીવટદારે તેને ગરીબ જાણી પોતાને ત્યાંજ રાખ્યો. તેના ઘરની પાસે સાધુનો એક મઠ હતો ત્યાં **નમાલો** આખો દિવસ બેસી રહેતો, અને સમય જતાં તેમનાં પરીચયથી તે તેમનાં ભજન શીખી ગયો. પછી તે હરતાં ફરતાં ભજન ગાયાજ કરતો હતો. તેના કંઠમાં ગાકાશ સારી હોવાથી વહીવટદાર પણ ફુરસદને વખતે તેને મુખેથી વારંવાર ભજનો સાંભળતો. આ પ્રમાણે **નમાલો** વહીવટદારને ત્યાંજ ખાઇ પી ગાંડાંની માફક દિવસો ગાળવા લાગ્યો.

એક સવારે વહેલો ઉઠી ભજન ગાતો ગાતો ભજનની ધુનમાં ને ધુનમાં તે કયાં ચાલ્યો ગયો તે ફરી વહીવટદારનાં ઘરમાં જણાયો નહીં. તે કયાં ગયો તેની કોઇને ખબર પડીજ નહી વહીવટદારે પણ તેની બહુ

બહુ તપાસ કરાવી, પણ ક્યાંય તેનો પત્તો મળ્યો નહી.

---

## પ્રકરણ ૫ મું.

### જયકરનું અચાનક મૃત્યુ !

'બારીસ્ટર વીલા' માં આજે અતિશય ઉદાસી પથરાયલી હતી. સર્વત્ર શુન્યકારવત્ લાગતું હતું. વાડીમાં સાફસુફ કરનારા માળી વિગેરે પણ એક ખુણામાં બેસી કંઇ નિરાશા તથા દીલગિરી દેખાડતા પોત પોતામાં ધીરે ધીરે વાત કરતા હતા. બંગલા નીચે પગથીઓ આગળ ચાર પાંચ ગાડીઓ ઉભી હતી. દાદર ઉપર વસંતરાવની ઓફીસના સીપાઇઓ હુકમ ઉપાડવાને તૈયારજ ઉભા હતા. તેમની મુખમુદ્રા મંદ તેમજ આતુરતાથી છવાયલી હતી. ગેલરીમાં ડોકટરના માણુસો હાથમાં પાકીટ લઇ ઉભા હતા. અંદર ઓરડામાં ડોકટરો અતિશય કામમાં ગુંથાયલા હતા. ત્રણ ચાર નોકરો હાથમાં પાણીના ગ્લાસ ભરી ઓરડામાંથી આમ તેમ દોડધામ કરી રહ્યા હતા. સોમવારે મધ્યાન્હકાળનો સમય હતો. સૂર્યદેવતા પોનાં બાહુઓ પ્રસારી પૃથ્વિપર પોતાનો અસહ્ય તાપ પ્રકાશ કરતા હતા. વાલકેશ્વરનો આ સમયે માર્ગ ઉજ્જડ જણાતો હતો. માર્ગમાંથી પસાર થતાં એકાદ માણસ 'બારીસ્ટર વીલા' તરફ દ્રષ્ટિ કરતો હતો. કોઇ વાડીના દરવાજા આગળ પહેરો ભરતા સિપાઇ સંગે વાત કરતો ઉભો હતો. વાડીના બે માળી એક ઝાડ નીચે કંઇક નિરાશ થઇ બેઠા બેઠા ચઢતા વેલાના ઉપયોગ માટે દોરડાં ગુંથતા હતા. એટલામાં પાસેના દેવલમાં બપોરના બાર વાગવાનો પહેલો ઘંટ થવા લાગ્યો. તે અવાજની સાથે 'બારીસ્ટર વીલા' ના એક ઓરડામાંથી એક લાંબી ચીસ સંભળાઇ ! વાડીમાં બેઠેલ સર્વ નોકર ચાકર રામોસી વિગેરે સર્વ પોત પોતાનું કામ પડતું મૂકી હાંફલા ફાંફલા થઇ ત્યાં દોડી ગયા. કોલાહલ વધી પડ્યો. ડોકટરો અતિશય દીલગિરીથી છવાયલે ચ્હેરે ઓરડાની બ્હાર નીકળી, પોતપોતાની ગાડીમાં બેસી ત્યાંથી રવાને થઇ ગયા. 'બારીસ્ટર વીલા' માં રડારોળ થઇ રહી. સુશીલા માથું કુટતી પોકેપોક રડવા લાગી. વસંતરાવ અનહદ ઉદાસ ચ્હેરે દિંગ્મૂઢ સરખા નીચે ઓટલા ઉપર આવી માથે હાથ મૂકી વિલાપ કરતા બેઠા. ઘાટણ રડતી સુશીલાની સંભાળ રાખવા તેણીની પાસે રહી. રડવાનો વ્યવહાર ચાલુ થયો, અને આ પ્રમાણે થોડી વારમાં આખો બંગલો અતિશય શોકમય અવાજથી ગાજી રહ્યો ! વાંચનાર ! આ સર્વનું કારણ તમે જાણી ગયા હશોજ ! યુવાન જયકર આ અસાર સંસાર આટલી ખીલતી વયેજ છોડી ચાલ્યો ગયો હતો ! અર્ધ કલાક જતાં સંબંધી વર્ગની મ્હોટી ઠઠ વાડીમાં ભેગી થઇ ગઇ. આ સર્વમાં મ્હોટો ભાગ મુંબઇની પ્રસિદ્ધ નાયકણીઓનો હતો. વાંચનાર ! તમને આશ્ચર્ય લાગશે કે, આવા પ્રસિદ્ધ બારીસ્ટરને ત્યાં નાયકણીઓ કેમ આવી હશે ? પણ અમારે જણાવવું જોઇએ કે વસંતરાવ નીચ કુળમાં જન્મ્યા હતા. તેમના પિતાનું નામ જણાયું નહોતું, કેમકે તેમની માતા આગલા વખતમાં મુંબઇની એક પ્રસિદ્ધ નાયકણી હતી. પ્રાચીન કાળથી નાયકણીઓ વ્યવહાર અને સંબંધ પાળે છે. અને ઘણીકવાર મનગમતો પુરૂષ મળતાં તેની સંગે ગ્રહસ્થાશ્રમથી સંસારમાં રહે છે, તેમને [illegible]

આવતો નથી. પોતાનાંજ વર્ણમાં ઉત્પન્ન થયેલા પુરૂષ સાથે પ્રેમ બંધાતા તેની સાથે જાહેરમાં લગ્ન કરે છે, પણ જો અન્ય જ્ઞાતિના પુરૂષ સંગે પ્રેમ બંધાય તો દ્રઢ પ્રેમ રાખી કદી પણ એ પ્રેમનો ભંગ કરતી નથી.' અને ત્યાર પછી માત્ર ગાવાનો તથા નૃત્ય કરવાનો ધંધો કરે છે. વ્યભિચાર કર્મથી પોતાનું ઉદર પોષણ કરતી વેશ્યાઓથી તેઓ તદન અળગીજ રહે છે.

અમે ઉપર કહી ગયા તેમ બારીસ્ટરને ત્યાં સંબંધીવર્ગમાં નાયકણીઓજ આવી હતી. ચાળીશ પચાશ નાયકણી મંડળ ત્યાં ભેગું થઇ ગયું હતું. અને **વસંતરાવ**ના શોકમાં ભાગ લેતું હતું. પુરૂષો માત્ર આઠ દશેક હતા, તેમાં એક તો મુંબઇના પ્રસિદ્ધ ડૉકટર હતા. બે વાગતા સુધીમાં **જયકર**નાં શબને અગ્નિદાહ કરવા માટે સ્મશાન ભૂમીમાં લઇ જવાની સર્વ તૈયારી થઇ રહી. ચાર કઠણ અંતઃકરણના પુરૂષો તૈયાર કરેલ વાંસની ઠાઠડી ઓરડીમાં લઇ ગયા. **વસંતરાવ** અને **સુશીલા** પોકેપોક મૂકી રૂદન કરવા લાગ્યાં. ઠાઠડી ઉપર **જયકર**નાં શબને સુવરાવી તેના ઉપર એક વસ્ત્ર ઢાંકી, કાથાની દોરડી વડે મજબુતીથી બાંધી; જનમંડળને ક્ષણભંગુર સંસારનુ ભાન કરાવતાં શબને સ્મશાન ભૂમિ તરફ લઇ ગયા. **વસંતરાવ** ચિત્તભ્રમ થઇ ગયા હતા. બે પુરૂષો તેનો હાથ ધરી **જયકર**નાં શબ પાછળ લઇ ગયા. તેમની આંખમાંથી આંસુ સુકાઇ ગયાં હતાં હવે એક ટીપુ પણ ખરતું નહોતું. એક ટીપું પણ ખરતું નહી એ શું? એકનો એક પુત્ર જેના ઉપર જીંદગીનો સર્વ આધાર, સંસાર સુખની આશા, સર્વ ઉપાધીની વિશ્રાંતિનું સ્થાન, તથા અંતકાળ સમયે શાંતીનું સાધન ચાલ્યા જતાં બારીસ્ટરની આંખોમાંથી અશ્રુબિંદુ ખરે નહી! પણ આંખમાંથી પડતું અશ્રુ કાંઇ દીલગિરીની નીશાની નથી! અશ્રુપાત કરવાથી કાંઇ દુઃખ પ્રગટ થતું નથી! અશ્રુ પડતું કાંઇ આફતનો આકાર નથી! અશ્રુ દુઃખનો વિસામો છે! અશ્રુ સુખનો માર્ગ છે! પણ તે અશ્રુબિંદુ **વસંતરાવ**ની આંખમાં નહોતું! અશ્રુ પડત તો તેને સુખ પામવાનો માર્ગ હતો. પણ હવે તેનું સુખ સર્વસ્વ હંમેશાને માટે નાશ પામ્યું હતું! અણધાર્યા ઓચિંતા દુઃખથી તે બહાવરો બની ગયો હતો! તે દુઃખી હતો—હંમેશાનો દુઃખી હતો! ચાર દિવસ પહેલાં આનંદથી વાત કરતો હરતો ફરતો તેનો પુત્ર એકાએક મૃત્યુ પામ્યો હતો, તેનો કારી ઘા તેનાં અંતઃકરણમાં કાંઇ ઓછો લાગ્યો નહોતો! **જયકર**ને શીતળા નીકળ્યા હતા, તે અમે આગલાં પ્રકરણમાં જણાવી ગયા છીએ. બે દિવસમાં તેની તબીયત સુધરી ગઇ હતી, અને **કમળ** સાથે તેણે આનંદથી વાતચીત કરી હતી! તે સાજો થઇ ઘરમાં ફરતો હતો! પણ દેહનો ભરોસો નથી! ઘડિક પછી શરિરનું શું થપાનું છે તે કોઇ જાણી શકતું નથી! ત્રીજે દીવસે એ ભાગ્યહીન છોકરાએ દસ્ત સાફ ન આવવાની ફર્યાદ કીધી એટલે ડૉકટરે કોણ જાણે શું દવા આપી કે દવા લીધા પછી અરધા કલાક પછી તેને ઝાડા અને ઉલટી થવા માંડયા! સર્વનાં મનમાં એમ આવ્યું, કે ડૉકટરે જુલાબની દવા આપી હશે, તે મટી જશે, પણ આમ ને આમ પાંચ કલાક ચાલતાં **જયકર** તદન શક્તિહીન થઇ ગયો! બીછાનામાંથી ઉઠવાની તેનામાં શક્તિ રહી નહી! બેય ભાગમાંથી વીકારો બીછાનામાંજ વહેવા માંડયા, અને તે બેભાન થઇ ગયો! તેનાં આખાં શરીરમાં શીતળતા પ્રસરી ગઇ! બીચારા ભોળા **વસંતરાવ** આથી ગભરાયા અને વિદ્વાન ડૉકટરોને એકદમ બોલાવ્યા! સ્હાડા અગીઆર વાગે ડૉકટરોનું મંડળ ભેગું થઇ

ગયું, અને જયકરની હાલત તપાસતાં તેમણે નિરાશા બતાવી, તથા પ્રથમ ડૉકટરે બેદરકારીથી આપેલ દવા માટે તેઓ તેની મૂર્ખાઇ ઉપર બબડવા લાગ્યા ! તેમણે ઘણાં ઉપચારો અજમાવ્યા, પણ જ્યાં તુટીની બુટ્ટીજ નહી ત્યાં તેમનું શું ચાલે? બાર વાગ્યાને સુમારે જયકરે લોહીની ઉલટી કરી, અને તરતજ તેનો પ્રાણ દેહથી જુદો પડી વાયુમાં મળી ગયો ! દૈવની ગતી કેવી અકળ છે ! જો કે જયકરનો આ દુનિયા સાથેનો સંબંધ પૂરો થઇ રહ્યો હતો, તેથી તેનું મૃત્યુ થયું, પણ દૈવ દોષ લેતું નથી ! તેનાં મૃત્યુનું નિમિત્ત બેદરકાર ડૉકટર થયો, અને તેને માટે અમે જેટલું કહીએ તેટલું થોડું છે, પણ બોલવાથી ફાયદો શું ? કંઇજ નહી ! પોતાનો ગુમાવેલ પુત્ર કાંઇ બારીસ્ટર પાછો મેળવનાર હતો ? નહીજ ! ખરેખર ! જેનો આ દુનિયામાં ખપ છે, તેનો ઇશ્વરને ત્યાં પણ ખપ છે ! વિધિની ક્રુરતા અનહદ છે ! સંસારમાં પ્રવેશ કરતા ઉછળતા યુવાનોને તેમના સ્નેહીઓના હાથમાંથી ખેંચી લેતાં તેનાં હૃદયમાં લેશ પણ કંપારી છુટતી નથી ! હજારો માબાપો પોતાના યુવાન કુલદિપક પુત્રના વિયોગમાં રડી રડીને પોતાના પ્રાણ ત્યાગ કરે છે ! હજારો યુવતીઓ પોતાના શીરછત્રના વીરહતાપમાં બળી બળી એકાંત જીંદગી ગુજારી કાળ નિર્ગમન કરી આયુષ્ય પુરૂં કરે છે ! એ દૈવનીજ ક્રુરતાનું પરિણામ છે ! બીજું શું ? !

## પ્રકરણ ૬ ઠું.

### પ્રકૃતિમાં દેખીતો ફેરફાર !

અફસોસ ! જે 'બારીસ્ટર વીલા' જયકરની હયાતીમાં ગાજી રહ્યો હતો, તે આજ સ્મશાનવત્ શુન્યકાર દેખાતો હતો ! ત્યાં વસતાં સર્વે મનુષ્યોનાં મુખારવિંદ તેજહીન થઇ ગયાં હતાં ! સુશીલા પોતાના ઓરડામાં ભાઇને યાદ કરતી વલોપાત કર્યા કરતી હતી ! જે વૃદ્ધ ઘાટણે તેણીને બાળપણથી ઉછેરી મ્હોટી કરી હતી તે તેણીને વારંવાર ધીરજ આપતી હતી, અને તેણીને રડતી છાની રાખવા પ્રયત્ન કરતી, પણ તે સર્વ મીથ્યાં હતાં ! સુશીલા પોતાના ભાઇને અંતઃકરણમાંથી દૂર કરી શકતી નહોતી ! કમળથી તેણી કાંઇક આનંદમાં રહેતી, તેથી ઘાટણના કહેવાથી કમળને બોલાવવા વાસ્તે વસંતરાવે તેને ઘેર પોતાની ગાડી મોકલી હતી. તે પણ જડ જેવા થઇ ગયા હતા. દીઙ્મૂઢ અવસ્થા અનુભવનારને અમે તેમની કંઇક સ્થિતિ અનુભવાવશું ! તે એક આરામખુરસી ઉપર પડયા હતા ! તેમનું શરિર થોડા દિવસમાંજ કાંઇ બીજા રૂપમાં બદલાઇ ગયું હતું ! જડ સરખા લાંબો વખત સુધી એકજ ખુરસીપર પડયા રહેતા— ગાંડાની માફક ઘણી વાર સુધી એક નજરે હવામાં જોયા કરતા, અને મનમાં કંઇ કંઇ વિચિત્ર તરંગો આવતાં, હાથ અને મ્હોંના અનેક ચાળા કરતા કંઇ બબડતા—ઘડીકમાં આંખો બંધ કરી દેતા! આંખ મીચાતાં એક બે ટીપાં અશ્રુ સરી પડતાં, પણ તે ત્યાંજ ઠરી જતાં !

બપોરના બાર વાગી ગયા હતા. ભોજનનું કયારનું તૈયાર થઇ રહ્યું હતું, પણ હજી કોઇ જમ્યું નહોતું. વસંતરાવને કહેવાની કોઇની હીંમત ચાલતી નહોતી, પણ ઘાટણે સુશીલાને બહુ આગ્રહ કર્યો, પણ તેણી હજી ઉઠી નહોતી—રડયાજ કરતી હતી ! વસંતરાવના શોકમાં પુત્રીનો અશ્રુપાત વધારો કરતું હતું. તેણીને છાની રાખવા જતાં પોતાની સ્થિતિ વધુ ખરાબ થઇ જતી હતી ! એટલે

મુંઝવણમાં તે મુંગાજ રહેતા હતા. અરેરે ! એકનો પુત્ર આજ ક્યાં હતો ? એકનું એક રત્ન, મ્હોટી સંભાળથી અનહદ લાડમાં ઉછેરેલ જીવનનો આધાર, જેને માટે હજારો રૂપીઆ કાંકરાની માફક ખરચ્યાં, જેને મ્હોં માગ્યું સુખ આપવામાં મણા ન રાખી, જેનો હુકમ ઉપાડવાને, અરે ! મ્હોંમાંથી પડતો બોલ ઉંચકી લેવાને નોકર ચાકરો તૈયારજ રહેતા, જે પલંગમાં ફુલના બીછાનામાં આળોટેલ તે પુત્રને સ્મશાનમાં કાષ્ટનાં બીછાનામાં સુવરાવતાં તે અભાગી પિતાની કેવી સ્થિતિ થઇ હશે ?! અરેરે ! અગ્નિથી, લોહને પણ પીગળાવી નાંખે તેવા ભડભડતા અગ્નિથી તેનાં કોમળ શરિરને દાહ આપતાં એ અભાગી પિતાને શું થયું હશે ? વાંચનારૂ ! વસંતરાવની દુઃખદ સ્થિતિનું વર્ણન કરવાને અમારી કલમ અશક્ત છે ! તમેજ દ્રષ્ટિએ તારજો ! જે દીકરાને કોઇ દિવસ ઓછું આવવા દીધેલ નહી તેજ પુત્ર પિતાને ઓછું કરી ગયો ! હમેશનો દુઃખી કરી ગયો ! ઓછું તે ઓછુંજ હતું ! તેની ખોટ હવે વસંતરાવને કોઇ કાળે પણ પુરી શકાય તેવી નહોતી ! હવે આશા મિથ્યા હતી ! વસંતરાવનું હૃદય નિરંતર દ્રવતુંજ રહેશે ! સડસડાટ કરતી એક ગાડી વાડીમાં દાખલ થઇ અને બંગલાનાં પગથીઆં આગળ આવી ઉભી. કમળ ગાડીમાંથી ઉતરી બંગલામાં દાખલ થયો. રડતી સુશીલાએ કોણ આવે છે, તે ઉંચું મ્હોં કરી જોયું. કમળને જોતાંજ મ્હોં ઉપર કંઇક ફેરફાર થયો, પણ પોતે જે ઓરડામાં બેઠી હતી ત્યાંજ બેસી રહી. માર્ગમાં વૃદ્ધ ધાટણ કમળને મળી, તેણીએ તેના કાનમાં કાંઇ કહ્યું.

“ શું હજી કોઇ જમ્યાં નથી ? ” એમ કહેતો કમળ આગળ આવ્યો, અને વસંતરાવના ઓરડામાં ગયો. વસંતરાવ આરામખુરસીપર પડયા પડયા કાંઇ હાથના ચાળા કર્યા કરતા હતા. કમળે તેમને વિચારમાંથી જાગૃત કીધા, અને જમવાને માટે ઉઠાડયા. ઉઠતાં ઉઠતાં તે બોલ્યા, “ હું તો આવું છું, પણ ક્યાં સુશીલા—” વધારે બોલાઇ શકાયું નહી ! આંખમાં અશ્રુ ભરાઇ આવ્યાં. કમળની આંખમાં પણ અશ્રુબિંદુ ઝળક્યાં. “ હું સુશીલાને તેડી આવું છું ! ” એમ હાથની નિશાની વતી કમળે જણાવ્યું, એટલે તે ભોજનગૃહમાં ગયા ! કમળ સુશીલાના ઓરડા તરફ ગયો. સુશીલા કોચ ઉપર ઉંધી પડી હતી. બે દિવસ થયા ધોયલ ચોટલો છુટો વાંસા ઉપર પથરાઇ રહ્યો હતો. કમળ ઓરડામાં આવી તેણીને આમ પડેલ જોઇ તેણીની પાસે કોચ ઉપર બેઠો—તેણીનાં શરિરની અડોઅડ બેઠો તેણે તેણીનો હાથ ઉપાડી પોતાના ખોળામાં લીધો તોપણ તેણી કોણ છે, તે જોવા પાસું ફરી નહી. તેણીની કમ્મર નાચેથી હાથ સેરવી પોતાના ખોળામાં લઇ કમળે તેણીને આલીંગન કર્યું. તેણીની શોકથી છવાયલી મુખમુદ્રામાં કંઇ આનંદની છાયા પડી ! અને તેણીએ શરમાઇને ધીરેથી કહ્યું, “ એમ શું કરતા હશો ! ”

“ જેમ તમને ગમે તેમ ! અત્રે હવે તો અમને છુટ છે ! મ્હારા ઉપર કાંઇ તમે થોડી વીતાડી છે ?! ” પ્રેમથી તેણીના કોમળ કપોલ ઉપર ચુંબન લેતાં કમળે કહ્યું, “ ચાલો, ચાલો ! જમવા ઉઠો ! તમારા દુઃખી મુરબ્બીને દીલગિર શા માટે કરોછ ! તમારા કરતાં એમને કાંઇ ઓછું દુઃખ નહી થતું હોય ! પણ શું કરવું ?! જગતનો મોહજ દુઃખી કરે છે, અને રડાવે છે ! તમે તો સમજુ છો ! ચાલો, ઉઠો, ઉઠો ! જમ્યા પછી મ્હારી સાથે એક માણસ તેડી આવ્યો છું તે જગતનો ભાવ જણાવતાં

તમારાં હૃદયને આનંદ આપશે! ચાલો ઝટ જમી લ્યો! તમારા પિતાજી ક્યારના ભોજન ગૃહમાં ગયા છે! તમારી રાહ જોતા હશે!" આમ કહેતાં તેણે તેણીને કમ્મરમાંથી પકડી ઉભી કરી, એટલામાં ધાટણ ફરી તેણીને બોલાવવા આવી. તેણી ગઇ.

વાંચનાર! કમળ પોતાની સ્થિતિનું, પોતાના પણાનું પોતાની જ્ઞાતિનું, અને પોતાના વિચારનું ભાન ભૂલી જઇ, દિવસે દિવસે વૃત્તિમાં બદલાતો જાય છે એ આપણે સાધારણ નજરે જોઇ શકીએ છીએ. કેશરને, તિરસ્કાર કરી છૂટયો, ત્યાં સુશીલાના પ્રેમ પાસમાં સપડાયો! ખરેખર! સંસારમાં માણસ કેવી રીતે બદલાઇ જાય છે! જુદા જુદા સંગમાં પડતાં પોતાની કેવી અવ્યવસ્થિત સ્થિતિ થઇ જાય છે, એ તે સમયે તે જાણતો નથી, પણ પાછો પોતાની મૂળ વૃત્તિમાં આવતાંજ જાણે છે! કમળ આ સમયે જોઇ શકતો નથી કે જયકરના સંબંધથી તેની યુવાન બ્હેનના સંબંધમાં આવતાં તેની વૃત્તિ તથા પ્રકૃતિ કયે માર્ગે દોડયા જાય છે! સારી અને નઠારી સંગતીનું ગુપ્ત અનુકરણ માણસમાં કેવી રીતે થાય છે તે માણસ પોતે જાણી શકતો નથી! કેશર સાથે લાંબો વખત સુધી પરિચયમાં આવતાં આપણે એને શુદ્ધ હૃદયનો જોયો છે, પણ એના પરિચયમાં આવવાથી કેટલીક નીચ વાસના તેનાં હૃદયમાં યાંત્રિક શક્તિ પેરે પેસી ગઇ તે આપણે તે સમયે જોઇ શક્યા નહીં. કમળે વિષયી પ્રેમ તથા યુવતિઓનો વિષયવેગ કેશરમાં નિહાળ્યો હતો! ત્યાર પછી એનાં મનનાં વિચારમાં કેટલા ફેરફાર થયા હશે, અને આગળની પોતાની ઉચ્ચ વૃત્તિમાં તે કેટલાં પગથીઆં નિચે ઉતર્યો હશે, એ વાંચનારે વિચારી લેવાનું છે! કમળ જેમ જેમ હલકી વૃત્તિઓમાં પ્રવેશ કરતો ગયો, તેમ તેમ પોતાનાં મન સાથે તે પોતાને મ્હોટો માનવા લાગ્યો. પોતાનામાં અન્યને આકર્ષણ કરે એવું કાંઇ છે, અને તેથી પોતાને માન મળે છે, અને પોતાનામાં મોહક શક્તિ છે, એમ તેનાં મનમાં આવતાં, ખોટાં હુંપણા તથા નીચતાએ તેના અંતઃકરણમાં ઘર કરી લીધું. ઉચ્ચ વૃત્તિનાં વિચારો અને નિતિનું જોર આથી દિનપ્રતિદિન ઓછું થવા લાગ્યું, અને સમય જતાં તેની પ્રકૃતિમાં મ્હોટો ફેરફાર થઇ ગયો, તે આપણે જોયું, પણ કમળ પોતે કાંઇ સમજી શક્યો નહી! અભ્યાસપર પાણી ફરી ગયું! ગાન તાન વિગેરે રંગરાગની મસ્તકમાં ધુન ચ્હડી! દિવસે દિવસે જે ખોટું કામ કરતો તે તેને ખોટું લાગવું બંધ થઇ ગયું! આ પ્રમાણે કમળ બદલાયો, અને આગળ જતાં હજી વધુ બદલાશે, અને છેવટે પરીણામ શું આવશે તે સર્વ આગળ જતાં આપણે જોઇશું!

પાએક કલાકમાં વસંતરાવ અને સુશીલા ભોજન કરી પાછા વળ્યાં. વસંતરાવ પોતાને આસને જઇ બેઠા. સુશીલા પણ પિતાની સામે એક ખુરશી ઉપર આવી બેઠી, એટલે કમળ નીચે જઇ એક બાર તેર વર્ષની વયના છોકરાને તેડી આવ્યો, અને બારીસ્ટર પ્રત્યે બોલ્યો, "આ છોકરો અમારા સ્વદેશ તરફથી આવેલ છે! આજ અત્રે આવતાં માર્ગમાં મને મળ્યો, અને કેટલાંક ભજન સારાં ગાતો હોવાથી તમને કંઇક સંતોષ અને આનંદ પમાડશે એમ ધારી સાથે લેતો આવ્યો છું!"

"છોકરાનું નામ શું છે? અને એ શું ધંધો કરતો હતો? એના દેખાવ ઉપરથી જોતાં

એ મલીન ગરીબ સ્થિતિમાં હોય એમ લાગે છે.!" બારીસ્ટરે પૂછ્યું.

"હું જાણતો નથી ! એને પૂછવાથી ખબર પડશે !" કમળે જણાવ્યું, અને છોકરા પ્રત્યે કહ્યું, "છોકરા ! આ મુરબ્બી તારૂં નામ તથા તું શું ધંધો કરતો હતો તે પૂછે છે !"

"બાબાપ, મારૂં કોઇ નથી !" છોકરાએ હાથ જોડી કહેવા માંડયું, "તમેજ મારા માબાપ છો ! માબાપ, મેં તો મારી માને દીઠી પણ નથી; અને માબાપ, મારો બાપો થોડા દીં થયા મરી ગયો, એમ બધાય કીયે છે ! માબાપ ઇ મરી ગયો તારે એની ભેગો ગયો, પણ ઇ તો જીવતા જેવો સુતો' તો પણ માબાપ, મેં ઇને ઘણોય બોલાવ્યો, પણ ઇણે કાંઇ જવાબ આપ્યો નહી, ઇને બથું ભરીને હું રોયો, પણ ઇ બાપલાને દયા ન આવી ને કાંઇ બોલ્યો નહી ! પછી તો માબાપ, મેં પણ ઇને બોલાવ્યોજ નહી ! પછી તો ઇને બે ચાર ભાયડાઓ આવી વાસમાં બાંધી ઉપાડી લઇ ગયા ! હુંએ માંબાપ એમની પછવાડે ગયો ! પછી તો નદીનાં કાંઠાઉપર જઇ મારા બાપાને બધાય ભેગા થઇ છાણા ખડકી બાળી મૂકયો ! માબાપ, તયેં હું ખુબ રોયો !" શરૂઆતમાં છોકરાની બોલવાની રીતથી બારીસ્ટરને તેની નિર્દોષતા જોઇ કંઈક આનંદ થયો, પણ પાછળથી તેનું હૈયું ભરાઇ આવ્યું. અને જેમ જેમ છોકરો બોલતો ગયો તેમ તેમ તેની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. કમળે તરતજ છોકરાને બોલતો અટકાવી તેને કોઇ ભજન ગાવા કહ્યું, એટલે છોકરાએ રાગડો તાણી લલકાર્યું:—

"કઠણ ચોટ છે કાળનીરે,
મરણ મોટેરો માર;
એમાંથી કોઇ ન ઉગરે,
જુવાન ઘરડાને બાળ.
હેતે હરિનો રસ પીજીએ,
ઉર આણી આનંદ;
ત્રિવિધના તાપને ટાળીએ,
ગુણ ગાઇએ ગોવિંદ.
એવો મણીગર બંદલો,
સરવ સંતો રામ રામ છે,
ધીરાના રામ રામ છે.
કોના છોરૂ ને કોના વાછરૂરે,
કોના મા ને બાપ,
અંતકાળે જાવું જીવને એકલું,
સાથે પુન ને પાપ. હેતે હરિના૦
જાયા તે તો જનાર છે,
નથી જણનારી રે'નાર
મૂવા તેને તમે શું રૂવો,
નથી રોનારા રે'નાર. હેતે હરિના."

બારીસ્ટર ઉપર ભજનની અસર થવા માંડી. અંતઃકરણમાં કંઈ વિચિત્ર ફેરફાર થવા લાગ્યો—ધીમે ધીમે વૈરાગ્યનો ભાવ ઉત્પન્ન થવા લાગ્યો ! વૈરાગ્ય તરફ તે ખેંચાવા લાગ્યા ! ઓચિંતા તે બબડયા. "મૂવા તેને તમે શું રૂવો, નથી રોનારા રે'નાર ! અહા હા ! નથી રોનારા રે'નાર ! શું કરવા રડું છું ? ! આંખમાંથી અશ્રુ શું કરવા પડે ? બસ, નહીં ! મોહ શું ? મિથ્યા ! એને મ્હારાપર મોહ નહી ત્યારે મ્હારે શું ? ! મ્હારે એનાપર મોહ રાખવો ? ! કયાં ગયો હશે ? કયાં દોરાઇ ગયો હશે ? ! કાગડાનો મેળો, પિંપળામાં ઘર ! સવારના વેરાઇ જશે ! હું પણ વેરાઈ જઈશ ! એ પણ વેરાઇ ગયો ! મ્હારે ને એને શું ? જગતના સર્વ દાણા વેરાઇ જશે !" છોકરાનું ભજન ચાલુજ હતું:—

"આ દેહ દેવને દુર્લભ છેરે,
જાતાં લાગે ન વાર;

"પ્રેમના ધુંવાડાના બાચકા,
હાથ આવે ન લગાર—"

"અરે વાહ છોકરા, વાહ!" બારીસ્ટર કેશવ આનંદમાં આવી, વચમાં બોલી ઉઠયા, "મને કોઇ દિવસ ન મળેલો આનંદ આજ આપ્યો! રંગ છે તને! બોલ, બોલ, આગળ બોલ!"

છોકરાએ ગાવા માંડયું:—
આકડાનો થુલ જેમ ઉડશે,
સપના જેવો આ સંસાર. હેતે હરિના૦

બારીસ્ટરનું મ્હોં આનંદથી ઝળકી ઉઠયું સુશીલાની મુખમુદ્રા શોકથી છવાઇ ગઇ! કોઇ દિવસ ન થયેલ દીલગિરી તેણીએ આજે અનુભવી! ભજન ચાલુજ હતું:—

"આલણુ વીણે છે પુલડાંરે,
કળીયું કરે રે પુકાર;
આજનો દિવસ રળીઆમણો
કાલ આપણે શીર ભાર. હેતે હરિના૦"

"અરે છોકરા! તું તો બહુ સમજુ દેખાય છે ને શું!" બારીસ્ટર આનંદાવેશમાં બોલી ઉઠયા. "આજથી તું મારી પાસે રહેજે! ચાલ, આગળ બોલ!"

સુશીલા ભજન વધારે સાંભળી શકી નહી! તેણીનું હૃદય ભરાઇ આવ્યું, અને તેણી ત્યાંથી ઉઠીને પોતાના ઓરડામાં ચાલી ગઇ! તે ગઇ તેનું બારીસ્ટરને ભાન રહ્યું નહી. તે ભજનરસમાં લીન થઇ ગયા હતા! છોકરાએ આગળ ગાયું:—

"ધીરા બેસે રંગમેં લમાંરે,
એક દિવસ ને રાત;
મેં તો મારૂં રે મિથ્યા કર્યું,
લીધો સાધુડાનો સાથ. હેતે હરિના૦"

ભજન પુરૂં થયું. બારીસ્ટર તેના ઉપર બહુ પ્રસન્ન થયા, અને તેને સારી રીતે જમાડવા એક નોકરને બોલાવી આજ્ઞા આપી. એટલામાં સુશીલાના રડવાનો ત્યાં અવાજ સંભળાયો. કમળ તથા નોકરો ત્યાં ગયા! બારીસ્ટર ત્યાંજ બેસી રહ્યા. સંસારબંધનનું મિથ્યાપણું આજે તેમના જાણવામાં આવ્યું! પુત્રશોક વિસરી જાય તે કંઇક આજે આનંદમાં જણાતા હતા!

## પ્રકરણ ૯ મું.

### સંકટની સાધના—છેવટની મુલાકાત. એકાંતનો અમલ—વિષપ્રેમનો ભોગ!

વાંચનાર! આશ્ચર્ય લાગશે પણ નમાલાને મુખે સાંભળેલ ભજને બારીસ્ટરનાં અંતઃકરણમાં એટલી બધી ઉંડી અસર કરી કે તેમની વૃત્તિમાં વિચિત્ર ફેરફાર થઇ ગયા. અંધારૂં હતું ત્યાં અજવાળાનો પ્રકાશ પડયો! ન દેખાતું હતું તે હવે દેખાવા લાગ્યું! 'પ્રશ્ન કરે તે ખરૂં' એવો ભાવ ઉત્પન્ન થઇ ગયો! સંસાર તરફ તિરસ્કાર આવવા લાગ્યો! પરમ વૈરાગ્યની છાયા હૃદયમાં પડવા લાગી! સ્વાર્થ પ્રેમજ રડાવે છે, એમ જણાવા માંડયું 'મરનારનાં સુખ દુઃખ માટે ન રડતાં, આપણા સ્વાર્થ વાસ્તેજ રડીએ છીએ, અને એની આત્મ શાંતિનો વિચાર ન કરતાં આપણાપર દુઃખ આવી પડે છે તેથીજ વધારે રડાય છે' એમ નિશ્ચય થતાં હૃદયમાં કંઇ જુદીજ જાતનો સંતોષ થયો! દીલગિરી, દુઃખ વિગેરે ન્હાસી ગયાં! અને તેમણે હવે સંસારની દરેક ઉપાધીથી દૂર જઇ એકાંત જીંદગી

ગાળવાનો ઠરાવ કર્યો અને એક બે દિવસમાં તે અમલમાં મૂકાયો.

'બારીસ્ટર વીલા' નો સર્વ સામાન બંધાવા લાગ્યો હતો. ફરનીચર પણ ખરું કે ખાનું નહોતું. ટેબલ, કબાટ, કોચ, ખુરસી, તીજોરી વિગેરે અનેક સામાન આગળથીજ ગુડસ ટ્રેનમાં મૂળ વતન જબલપોર તરફ મોકલાવી દેવામાં આવ્યો હતો. દર પળે 'બારીસ્ટર વીલા' માંથી સામાન વધુ ખાલી થતો હતો. એક બે દિવસમાં બારીસ્ટર પોતે પણ સુશીલા સાથે ઉપડી જવાના હતા. નમાલાને પોતાના આનંદ માટે સાથે લેવાનું નક્કી કીધેલુંજ હતું. માત્ર કમળ અને સુશીલા સંબંધી કાંઇ ગોઠવણ કરવાની હતી. સુશીલા કમળને અત્યંત ચાહતી હતી, તે હવે બારીસ્ટર પૂર્ણ રીતે જાણતા હતા, અને કમળ પણ તેણી તરફ કંઇક પ્રેમની નજરે જોતો હતો, એમ પણ તેની વર્તણુંક ઉપરથી તેમની ખાત્રી થઇ હતી. જયકર પણ વારંવાર સુશીલાને કમળ સાથે જોડવાને સુચના કરતો હતો! એટલે હવે ગત થયેલ પુત્રની ઇચ્છા અમલમાં આણવાનો તેમણે નિશ્ચય કર્યો પણ પોતાની એ ઇચ્છા તેને ખુલ્લી રીતે ન જણાવતાં પોતાની સંગે પોતાને મૂળ વતન થોડા દિવસ માટે આવવાને સુચવ્યું. કમળ એકદમ સુશીલા તરફ કંઇક હૃદયમાં ખેંચાણ થતાં ના પાડી શકયો નહી, પણ તે છતાં જવાને કબુલ પણ થયો નહી, અને થોડા વખત પછી વિચાર કરી જવાબ આપવાનું કહ્યું.

આવતી કાલની પ્રભાતની સાડાસાત વાગ્યાની ટ્રેનમાં બોરીબંદર સ્ટેશનેથી ઉપડી જવાનો ઠરાવ થઇ ચુકયો હતો. સામાન સર્વનાં ગાસડાં પોટલાં બંધાઇ ચુકયાં હતાં. કમળ તેમની સંગે જઇ શકે તેમ નહોતું. સુશીલા આથી દીલગિર હતી. પોતાની તરફ સ્નેહભાવ દર્શાવતી સુશીલાની છેવટની મુલાકાત લેવા તે આવ્યો. સત્રીનો સમય હતો બારીસ્ટર પોતાના દીવાનખાનામાં બેઠા બેઠા પોતાનાં જવા પછી પોતાના ઘરની સંરક્ષા વ્યવસ્થા રાખવાને પોતાના એક વિશ્વાસુ નોકરને સુચના કરતા હતા. આ સમયે કમળ અને સુશીલા એકાંતમાં પ્રેમ પાશમાં વીંટળાઇ શરમ મૂકી છુટથી વાતો કરતા હતા.

"સુશીલા! ખરેખર, તું જાય છે!" તેણીનો હાથ પોતાનાં હૃદય સાથે ચાંપતાં કમળ અનહદ સ્નેહભાવથી બોલ્યો, "શું કરૂં! મ્હારાથી આવી શકાતું નથી! નહીં તો તને મ્હારી નજર આગળથી દૂર મૂકવાને મ્હારૂં હૃદય કબુલ કરતું નથી! તારી સ્થિતિ હું જાણું છું! વહાલી! તારી મ્હેં બહુ પરિક્ષા કરી છે! અને ખરેખર, મ્હારી તરફ તારાં હૃદયનું ખેંચાણ મ્હારાથી કદી પણ ભૂલાય તેમ નથી! પણ શું કરૂં?! મર્યાદા, જ્ઞાતીબંધન વિગેરે અનેક સંસારનાં વ્યવહારીક બંધન મ્હારાથી તોડાતાં નથી! તું એમ નહીં માનતી કે સંસાર વ્યવહારને હું ચાહું છું! વહાલી, એમ ન જાણતી કે સંસારના વિષયી પ્રેમને હું માન આપું છું! તું એમ ન માનતી કે હું જગતનો ડાહ્યો છું! હું જગતનો મુર્ખ અને પ્રેમને માન આપનારો છું! જયાં પ્રેમ હોય ત્યાં હું રમું છું—તેનો રમાડયો રમું છું—તેનો ગુલામ છું—તેની ભક્તિ કરૂં છું—અને એ પ્રેમનેજ ઇશ્વરતુલ્ય માનું છું! સુશીલા હું ભૂલતો ન હોઉં તો તે તારાં હૃદયમાં જોઇ શકું છું! ફરીને કહું છું કે, સંસાર વ્યવહારને હું માન આપતો નથી, પણ મ્હારા વડીલ—જ્યાં સુધી હું એમને નામે ઓળખાઉં છું. ત્યાં સુધી મ્હારાથી વ્યવહાર, જગતબંધન મૂકી

શકાય તેમ નથી !" સુશીલા કાંઇ પણ બોલી નહી ! પોતાનાં અંતઃકરણની સ્થિતિ તેણીએ નેત્ર દ્વારા પ્રગટ કરવા માંડી ! આંખમાંથી ચોધાર આંસુ વહેવાં લાગ્યાં ! "સુશીલા, વહાલી સુશીલા ! રડ નહીં !" કમળ ગળગળો થઇ રૂમાલવતી અશ્રુ લુછતો બોલ્યો, "રડીને મ્હારાં હૃદયમાં ક્લેશ ઉત્પન્ન કર મા—મ્હને પ્રેમ ન જાણનારો ઠરાવ મા ! કૃતઘ્ની અને હૃદય વિનાનો ગણીશ નહી ! હું જાણું છું, સુશીલા તારા ભાઇ હોત તો મ્હારા વિયોગ દુઃખે તારી આંખોમાંથી આટલાં અશ્રુ પડત નહીં ! ભાઇ જતાં તને આનંદ આપનાર, તારી દીલગિરીમાં ભાગ લઇ તારૂં હૃદય શાંત કરનાર અને ટુંકમાં તને સર્વ વાતે સુખી કરનાર મ્હારા શિવાય બીજો કોઇ છે, એમ હું માનતી નથી, એ હું સારી રીતે જાણું છું ! પણ શું કરૂં ! લાચાર—"

"કમળ ! ભાઇ હોત કે ન હોત તેથી શું થયું ? પણ તમે મને અત્યારે તો બહુ દુઃખી કરો છો !" સુશીલા રડતાં ડચકાં ભરતી કમળના ખોળામાં માથું મૂકતાં વચમાં બોલી ઉઠી.

"સુશીલા ! આં શું બોલે છે ? એક ભાઇ માતાના જણ્યા એકના એક ભાઇ વાસ્તે તું આમ બોલે છે ? આટલી ક્રૂર કેમ થાય છે ? હું ધારૂં છું કે મનુષ્યને પોતાના સ્વાર્થમાં સારાં નરતાનું ભાન રહેતું નથી !" કમળે ઠપકાની નજરે જોતાં કહ્યું.

"તમે મને ઠપકો ન આપો ! મને હમણાં એમજ સુઝે છે ! મ્હારા ભાઇ જો ખરા ભાઇજ હોત તો મને આવી સ્થિતિમાં રખડતી મૂકીને ચાલ્યા જાત નહીં ! હવે જાણ્યું કે, જગતમાં કોઇ કોઇનું નથી !" તેણીએ ભારૂ કઇ કહ્યું.

"કોઇ કોઇનું નથી, ત્યારે બંધન શા વાસ્તે બાંધો છો ? જાણ્યા છતાં મૂર્ખાઇ કરવાનું કંઇ પ્રયોજન ?" કમળે પૂછયું.

"ખોટો અર્થ કરો નહીં ! તમે તો મ્હારાજ છો ! તમે ભલે ન માનો કે, હું તમારી નથી, તોપણ તમે તો મ્હારા મ્હારાજ છો, એ ખાત્રીપૂર્વક જાણજો !" તેણી આમ કહેતા કમળને ગળે વળગી પડી.

"સર્વ તરફ પ્રેમની નજરે જુઓ ! સર્વ તમારાજ છે, તમે સૌનાં છો, સૌ એક છે ! સર્વ એકમાંજ છે, એમજ માનો તો એના જેવો આનંદ બીજે ક્યાંય પણ મળશે નહીં !' કમળે જણાવ્યું.

"ગમે તે કહો, પ્રેમ કહો, જેઇએ તે કહો, પણ તમે તો મ્હારાજ છો !" સુશીલાએ જણાવ્યું.

"એટલું બધું બોલો નહી ! બોલત પહેલાં જરા વિચાર કરો !" કમળે કહ્યું.

"હવે વિચાર શો ? જે કંઇ પણ કરવાના છે તે સર્વ તમારામાંજ છે ! ખાત્રીથી જાણજો કે હું તમારા શિવાય કોઇની નથી ! તમારેજ આધારે પડી છું !" આમ કહેતાં તેણી તેને વધુ સ્નેહથી ભેટી પડી.

"ગાંડી, ગાંડી ! તારા જેવી મૂર્ખ તે કોણ હશે !" આમ કહેતાં કમળે તેણીનાં ગાલ ઉપર પ્રેમથી તમાચો માર્યો. રાત્રીના અગીઆર વાગ્યાનો સમય થયો હતો. કાલે પ્રભાતના સુશીલા વિગેરે મુંબઇ છોડી જનાર હોવાથી કમળ આજની રાત્રી તેમને ત્યાંજ ગાળનાર હતો. "ગાંડી ! અગીઆર વાગ્યા !" ઘડીઆલમાં થતાં ટકોરા સાંભળી કમળ બોલ્યો, "તારા પિતાજી સુઇ ગયા હશે ! સવારના વહેલું ઉઠવું છે, માટે સુઇ

જા ! હું પણ બ્હાર મ્હારે માટે બીછાનું પાથર્યું છે ત્યાં જાઉં છું !" આમ કહેતાં તેણે ત્યાંથી ઉઠવા માંડયું.

"હવે બેસો, થોડી વાર તો બેસો ! !. સુશીલાએ તેને રોકતાં આગ્રહસહ જણાવ્યું. "ત્યારે તમે શું ખરેખર નહીંજ આવો ? અમે રડીએ, દુઃખી થઇએ, કે માથું કુટીને મરીએ, પણ તેમાં તમને શું ? !"

"સુશીલા ! તારા ભાઇ હોત અને તું ગમે તેટલી દુઃખી હોત તો તે જાણવાની હું દરકાર કરત નહીં ! પણ અફસોસ ! તારા ભાઇના ગયા પછી હુંજ તારા સંબંધમાં વધારે આવ્યો ! શું કરૂં—"

"ખોટી લાગણી બતાવો નહી !" સુશીલા વચમાં બોલી ઉઠી. "જો કે તમારાં ઘર સંબંધી મને પૂરતી માહીતી નથી, તોપણ મ્હારાં સખી, હું ખાત્રી પૂર્વક ધારૂં છું કે હાલ અત્રે નથી ! બસ ! ઉપરનો પ્રેમ બતાવી તમે મને ઠગો છો ! બીજું કંઇજ નથી !"

"સુશીલા વધારે હઠીલી નહી થા ! આપણી વચ્ચે પવિત્ર પ્રેમ હશે તો એ પ્રેમ કોઇ પણ કાળે સંધાયા વગર રહેશે નહી ! ધીરજનાં ફળ સદા મીઠાંજ છે !" કમળે દીલાસો આપવા માંડયો.

"ધીરજ ? ! મ્હારી ધીરજ ક્યાં છે ? અને ધીરજનું ફળ શું મળ્યું ? મારી ધીરજે મ્હારો ભાઇ ગુમાવ્યો !" તેણીની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. "તમારાં હૃદયમાં ક્યાં કોઇ વાસ્તે લાગણી છે ? કોઇનું મન ખેંચી પ્રાછળથી મુંઝવનાર તમારા જેવા માણસો કોઇ જોયા નથી !"

"વહાલી, વધારે ઠપકો ન આપ ! મને એવો હૃદય વિનાનો ન જાણ ! હું તને ચાહું છું ! તારી અંતઃકરણની ઇચ્છા કેટલી બધી મુશ્કેલીઓ છતાં પાર પાડવાને હું કબુલ થયો છું, તે છતાં તું મને આવો કહે ! મારી ગાંડી !" કમળ તેણીને સ્નેહથી ચુંબન કરતો બોલ્યો, "તારા પ્રેમને હું ના પાડી શકતો નથી ! બાકી તારે બદલે અત્યારે બીજી કોઇ હોત તો હું એને કદી પણ હૃદય અર્પણ કરત નહી !"

"હજી સુધી હું જાણી નથી શકતી કે તમે કયા માર્ગપર ચાલોછો ? તમારી શું ધારણા છે, અને તમે શું નિશ્ચય કર્યો છે, તે કલ્પી શકાતું નથી !" સુશીલાએ જણાવ્યું.

"મ્હારા નિશ્ચય ઉપર તારે હાથ નાંખવો નહી ! તું મને જાણતી હો તો જાણી લે ! બાકી મ્હારો નિશ્ચય શું છે, તે મને પૂછતીજ નહી !" કમળે જવાબ આપ્યો.

"હજી મ્હારાથી અંતઃકરણ જુદું રાખોછ ? ! શું કાંઇ મ્હારામાં ભીન્નતા જુઓ છો ? !" તેણીએ ગળગળા થઇ પૂછયું.

"સુશીલા ! તું ખરેખર ગાંડીજ છે ! સમજે છે છતાં તું હજી બાળક બુદ્ધિની છે ! અંતઃકરણ કહ્યું કહેવાતું નથી ! અંતઃકરણનું પારખું કોનું પારખી શકાય છે ? ! મ્હારૂં અંતઃકરણ જાણતી હો તો મ્હારા ઉપર વિશ્વાસ રાખજે, નહીં તો સર્વ મિથ્યા છે !" કમળે જણાવ્યું.

"વહાલા ! હું બાળક છું ! માફ માગું છું ! કંઇ આડું અવળું અથવા વધારે ઓછું બોલાયું હોય તો ક્ષમા કરજો ! પણ શું અહિંયાંથીજ આપણે જુદાં પડીશું ? પિતાજીને અહિં પાછા ફરવાનો વિચાર નથી ! ત્યારે શું આપણે ફરી મળશુંજ નહીં ? હાય ! મ્હારે

હૃદય ચીરાઇ જાય છે! હું ત્યાં મ્હારા દિવસ કેમ કાઢી શકીશ! એક પળ પણ તમારા વિના મ્હારી કેવી જશે? કંઇક તો વિચાર કરો!" તેણીએ કમળનો હાથ પોતાની કમરે વીંટાળતાં ગદ્‌ગદ્ કંઠે કહ્યું.

"તને અને તારા પિતાજીને ભજન ગાનાર છોકરો બહુ આનંદકારી થઇ પડશે! તેમાં તારા પિતાજીને તો વિશેષજ! જે દહાડેથી એ આવ્યો છે, તે દિવસથી તેમની દીલગિરી ન્હાસી ગઇ છે—"

"પણ મને જરા પણ આનંદ નહીંજ થાય!" સુશીલા વચમાં બોલી ઉઠી. "એનું ભજન સાંભળી હું તો ઉલટી વધુ ઉદાસ થાઉં છું! તે દિવસે મ્હારી કેવી સ્થિતિ થઇ હતી તે તમારાથી ક્યાં અજાણી છે!!"

"પણ એની રીતભાત, બોલવા ચાલવાની લઢણ અતિશય આનંદદાયક છે! વળી તારે માટે હું એને ભલામણ કરીશ, એટલે હંમેશાં એ તારી હાજરીમાંજ રહેશે! તે હાસ્યથી ભરેલી કેટલીક વાર્તાઓ પણ કહે છે, અને મ્હારી ખાતરી છે કે, તે તને બહુજ આનંદ આપશે!" કમળ તેણીનું પોતાના તરફથી મન ખસેડવા પ્રયત્ન કરવા લાગ્યો આમ વાતો કરતાં કેટલો વખત વીતી ગયો તે તેમનેજ જણાયું નહી. બે વાગવા આવ્યા, તોપણ સુશીલા વાત કરતાં ધરાઇ નહી. કમળને ઉંઘ આવવા લાગી, એટલે તેણે ત્યાં કોચ ઉપરજ પોતાનું શરીર લંબાવ્યું. સુશીલા તેના પગ આગળ બેસી વાતો કરવા લાગી.

કમળ! મ્હારી સહીને જોવાની મ્હારી બહુજ ઇચ્છા હતી, પણ તે તમે પાર પાડી નહીં! હું પણ તમારી ને એ પણ તમારાંજ! કેમ ત્યારે હવે એમનો મિલાપ ક્યારે કરાવશો?" સુશીલાએ હસતાં હસતાં ઝોકાં ખાતા કમળને ગલી પચી કરતાં કહ્યું.

"હવે એ વાત જવા દે ને! અરે, અરે, હેરાન શું કરે છે! હવે તો નિંદ્રા બહુ આવે છે! એક કલાક જરા નિરાંતે ઉંઘ તો લેવા દે! અરે! હવે હાંસીમશ્કરી બહુ થઇ!" કોચના ખુણામાં ભરાતાં કમળે કહ્યું.

"સુવાશે કેમ? મને એકલી મૂકીને સુઇ જશો? વાહરે મ્હારા છબીલા!" આમ કહેતાં તેણી ફરી ગલી પચી કરવા લાગી. તેણી પણ તેની બાજુમાં કોચ ઉપર સુઇ જઇ તેને નિદ્રામાં હરકત કરવા લાગી—કામાવેશમાં મસ્ત થતાં શરીરનું ભાન ભૂલી ગઇ! વાંચનાર! બસ, હવે તેમને માટે વધુ લખવાને અમારી કલમ શરમાય છે! ટુંકમાં એટલુંજ કે, આટલા દિવસ સુધી પવિત્ર રહેલ કમળ આજે વિષય વાસનામાં અંધ બની ગયો! કેશરને તીરસ્કારી કાઢનાર કમળ આજે પોતાની સ્થિતિનું ભાન ભૂલી ગયો! અફસોસ! આજે તે ભ્રષ્ટ થયો! તેણે એકપતિવ્રત ભંગ કર્યું!

## પ્રકરણ ૮ મું.

### હૃદય દુઃખ—કમળની બેચેની!

પ્રાતઃકાળનાં નવ વાગ્યાનો સમય હતો. કમળ પોતાના ઓરડામાં એક આરામ ખુરસીપર વ્યગ્ર ચીત્ત પડ્યો હતો. તે વારંવાર ઉંડા નિઃશ્વાસ નાંખતો હતો. તેની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી. તેનું અંતઃકરણ અસ્વસ્થ હતું. તે ઘણીજ મુંઝવણમાં પડ્યો હતો. ઓરડાનાં બારણાં બંધ કરી અંદરથી સાંકળ દીધેલી હોવાથી તેની સ્થિતિની કોઇને

ખબર પડી નહોતી. ઘડીકમાં ઉભો થઇ ઓરડામાં આટાં મારતો, ઘડીકમાં માથું કુટતો, વળી માથા ઉપર હાથ પછાડતો તે બબડતો હતો। "હું મુઓ કાં નહી?! મ્હારે આ શા વાસ્તે કરવું પડયું? અરે! હું કેવો પાપી! અગ્નિ દેવતાની સાક્ષી સમક્ષ હું—હાય!—ગઇ રાત્રીએ કેવું અનિષ્ટ કર્યું! પાપી કમળ! વ્યભિચારી કમળ! બે વચની કમળ! કુળકલંકિત કમળ! આ શું કર્યું?! સુશીલાના મોહમાં ફસાઇ તેં તારી ધર્મપત્નિને હજારો મનુષ્યોની વચમાં આપેલ વચનનો ભંગ કર્યો! અરે! જેનો હાથ પકડી સંસારમાં તારાં સુખ દુઃખની અર્ધ ભાગી થવા સંબંધ જોડયો, તેનેજ દગો દીધો! અરે! આ નીચ કાર્ય કરતાં પહેલાં હું મરીજ કાં ન ગયો? હજી પણ કાં મરતો નથી! શા માટે આ અપવિત્ર દેહ ધારણ કરી રહ્યો છું! 'પ્રેમ, પ્રેમ' કહી, પ્રેમને ન જાણનારો વિષય માર્ગને ઉત્તેજન આપનારો થયો! તું મૂર્ખ છે! ખરેખર, તું કેવળ મૂર્ખજ છો! નીતિને બાળી નાંખી! પવિત્ર પ્રેમ ઉપર પાણી ફેરવ્યું! બીચારી પતિવ્રતા સ્ત્રી, એક તારે આધારેજ પડેલી સ્ત્રી, તનેજ જોતી સ્ત્રીને, ઇશ્વરૂપ માની તારૂં પુજન કરતી સ્ત્રીને—હાય! પાપી, તેં આજે દગો દીધો! દગાખોર થયો—વિશ્વાસઘાતી થયો! મહા અઘોર પાપી થયો! નીચ કુતરા જેવો થયો!" તે પોતાને ધીઃક્કારતો એકલો ગાંડાની માફક બકવા લાગ્યો! તેનાં હૃદયમાં અસહ્ય વેદના થવા લાગી! તે મ્હોટેથી રડવા લાગ્યો—બાળકની પેઠે રોવા લાગ્યો! પાપનો ઝેરી કીડો તેનું હૃદય ડંખી ડંખીને કોતરવા લાગ્યો! તેનાં હૃદયના ઉભરા મૂખમાંથી બ્હાર નીકળવા ચાલુજ રહ્યા. "અરે! નીચ કેશરના હાથમાંથી છુટી કાળા નાગણનું ઝેર પીધું!" વળી વિચારપ્રવાહ બીજી તરફ વળ્યો! "અરે, અરે! કાળી નાગણ કેમ કહું છું! એ મને ચાહે છે! એના હાથમાં હુંજ રમું છું! મનેજ દેખે છે! મ્હારામાંજ સર્વસ્વ દેખે છે! હાય! તેને હું આમ શા માટે કહું છું? અરે શું—એમાં મ્હેં શું ખોટું કામ કીધું? એ મ્હારાપર સ્નેહ દાખવતી હતી ને તેના બદલામાં મેં સ્નેહ બતાવી એના આનંદમાં વધારો કર્યો—મેં તેણીને સંતોષ આપ્યો! બીજું શું કીધું? શું ખોટું કીધું?!" વળી વિચાર ફર્યો! "મૂર્ખ મન! હજી કાળા વિચારમાંજ પરોવાય છે! અરેરે! હજી એને એના અઘોર પાપનું ભાન થતું નથી! હજી એની મૂર્ખાઇ એને સુઝતી નથી! કેમ નહીં સુઝે? લે સમજ પાપી!" તેણે પોતાને હાથેજ પોતાના બેય ગાલ ઉપર જોરથી તમાચા માર્યા. તેની આંખોમાં અશ્રુ આવી ગયાં! "કેમ સમજ્યો? હવે કંઇ અક્કલ આવી? હવે કંઇ સ્થિતિનું ભાન થયું? તું કોણ છે, તું કોના કૂળમાં ઉત્પન્ન થયો છે, તારા વડીલો કેવાં પવિત્ર છે, તેનો કંઇ વિચાર આવ્યો? કૂળ, વિદ્યા, ગુણ, રૂપ, કાંઇ પ્રેમ જોતો! પ્રેમ ગમે ત્યાં જાય છે! એને અમુક સ્થાન નથી! એ આંખે અંધ છે, પણ પવિત્ર સ્થાનમાં રમે છે! કેમ જાણ્યું કે સુશીલા પવિત્ર વૃત્તિની છે?" વળી તેનાં મનમાં શંકા ઉપજી! "કેમ જાણ્યું કે તેણીપરનો પ્રેમ એ ઇશ્વરી પ્રેમ છે? કાંઇ ખાત્રી કરી હતી? તારા મન સાથે, તન સાથે કે હૃદય સાથે વિશેષ સંબંધ છે? હૃદય સંગે સંબંધ હોય તો હૃદયનોજ રાખવો હતો! ત્યારે મૂર્ખ, તનનો સંબંધ શા વાસ્તે જોડયો!" તે મુંઝાયો! શું નિશ્ચય ઉપર આવવું તે તેને સુઝયું નહી! જડવત્ તે ખુરસીપર પડયો! પોતાની ભૂલ પોતેજ જોઇ! શું કરૂં? કયો માર્ગ

લઉં ? થયેલી ભૂલનું પ્રાયશ્ચિત શું ? પણ ભૂલ—ભૂલ શું ? ભૂલ છે ? કેમ ભૂલ છે ? શું ભૂલ લાગે છે ? બીચારી એ મને ચાહે છે ! મ્હારા ઉપરજ આધાર રાખે છે ! હાય !" તે રડવા લાગ્યો, ને પોતાને ધીક્કારવા લાગ્યો ! "ખરેખર ! તુંજ મૂર્ખ છે ! તારામાં ખરૂં ખોટું પારખવાની શક્તિ નથી ! નથી હા—નથીજ ! કેમ નથી ? અનુભવ નથી ! જોઈએ તેવો પણ હજી બાળક છે ! વચના પ્રમાણમાં હદ ઉપરાંત મન દોડાવે છે તેથી ખરૂં શું છે તે જાણી શકતો નથી ! ત્યારે વચનો માર્ગ શું છે ? હાલનો વખત શું છે ? બતાવો, કોઇ બતાવો ! પણ કેમ, બતાવેથી શું વળે ? બતાવ્યું કંઇ કામ લાગવાનું નથી ! હાથનું શોધેલુંજ કામ આવશે ! ત્યારે શું ? હાલનો માર્ગ શું ? શું હાલનું કર્તવ્ય અભ્યાસ—હા—અભ્યાસ ! અરે ! અભ્યાસ, અભ્યાસ !" વળી માથું કુટવા લાગ્યો ! "શું જોઉં છું ? હાય ! હવે સર્વ નીહાળી શકું છું ! ખરી દશાનું હવે ભાન થાય છે ! હાસ્ય મિથ્યા જાય છે ! જાય છે શું, ગયો હા—ગયો, ખરેખર ગયો ! હાથેજ મૂર્ખાઇ કરી ! હાથેજ કર્યું ! હાથેજ વાગ્યું ! પણ સુશીલા ! હાય ! એ મને ચાહે છે !" આડા જતાં મનનો વેગ આટલેથીજ દબાયો ! "ચાહે છે તો શું થયું ? મ્હારાથી એના ઉપર પ્રેમ રાખી શકાય તેમ નથી ! મ્હેં મ્હારૂં હૃદય અર્પણ કરી દીધું છે ! મ્હારાં અંતઃકરણમાં એને માટે સ્થાન નથી ! એક મ્યાનમાં બે તલવાર સાથે રહી શકે નહીં—નહીં; નહીંજ ! તું તારે ભલે ચાહી લેજે ! પણ ખરે ! એણે વચન આપ્યું છે કે બીજા કોઇપર એ સ્નેહ રાખી શકશેજ નહી ! એનું હૃદય મ્હારામાંજ પરોવાયું છે ! પણ તેમાં હું શું કરૂં ? મ્હારા ઉપરનો એનો પ્રેમ મિથ્યા છે ! મ્હારાથી કાંઇ બની શકે તેમ નથી ! હું પરતંત્ર છું—સ્વતંત્ર નથી ! મ્હારા ઉપર દોષ નથી ! પણ હાય ! આજે ભ્રષ્ટ થયો—વિષયમાં તલ્લિન થઇ આડે માર્ગે ચાલ્યો ગયો—હમેશનો દોષિત થયો—પાપી થયો ! હાય ! હવે શું કરૂં ? શું કરૂં ?"

આમ કમળ બેહબાકળો થઇ હૃદય ડંખની વેદનાથી પીડાતો માથું કુટી રડવા લાગ્યો ! તે કંઇ નિશ્ચય કરી શકયો નહીં ! માત્ર તેણે રડયાજ કીધું ! એમ રડતાં રડતાં બે કલાક નીકળી ગયા પણ તેની તેને ખબર પડી નહીં ! અગીઆર વાગ્યા, એટલામાં એક કાએક કોઇએ બ્હારથી બારણું ઠોક્યું ! કમળ ચમક્યો, શુધ્ધિમાં આવ્યો, પોતાની સ્થિતિનું તેને ભાન આવ્યું, ને ઉઠીને, મ્હોં સાફ કરી બારણું ઉઘાડયું ! તરતજ એક નોકરે અંદર આવી તેના હાથમાં એક તાર આપ્યો. રસીદપર સહી કરી આપી તે માણસને રવાને કરી તેણે તાર ફોડયો. તાર હરસુખે પોરબંદરથી મોકલ્યો હતો. ત્યાંથી નીકળતાં કમળને પોતાની પાસે ચીતળ આવવાને તેણે લખ્યું હતું, ને એકદમ ગાડીમાં ચીતળ તરફ રવાને થવાને આગ્રહ કીધો હતો. તાર વાંચતાં તેનું હૃદય હરસુખમાં દોરાયું, ને તેની પાસે જવાને ઉછાળા મારવા લાગ્યું ! તરતજ તે પોતાના મુરબ્બી પાસે જવાની આજ્ઞા લેવા નીચે ગયો !

## પ્રકરણ ૯ મું.

### કમળ અને હરસુખનો મેળાપ—આનંદ !

કમળના પિતાએ તેને હરસુખની સંગે તેના લગ્નમાં જતો અટકાવ્યો હતો,

અને તેથી હરસુખે પાછળથી આવવાનો આગ્રહ કર્યો હતો. લગ્નનો દિવસ સમીપ આવતાં પણ કમળનાં આવવા સંબંધી કાંઇ સમાચાર ન મળવાથી તેણે આજે તાર કર્યો હતો, આ તાર આવ્યા પછી કમળના પિતા પણ તેને જવાની ના પાડી શકયા નહીં. અને તેજ દિવસે રાત્રીના મેલમાં તે શીતળ જવાને ઉપડી ગયો. હરસુખની જાન આવ્યા પહેલાં તે ત્યાં પહોંચ્યો. હરસુખનું મુખ જોવાની તથા તેને મળવાની આતુરતાથી સુશીલા સાથે કરેલ અનિષ્ટ કર્મની હૃદયના ડંખની વેદનામાં ઘટાડો થયો. હરસુખનાં લગ્નના દિવસો કેવા આનંદમાં ગાળવા તેના વિચાર તેનાં મસ્તકમાં ઘુમવા લાગ્યા. "હરસુખને મ્હારા આવવાના ખબર મળતાં એક સ્નેહી તરિકે હું તેને કેટલો સંતોષ આપીશ!" વિગેરે અનેક વિચારમાં કેટલાક કલાક વહી ગયા તેની તેને ખબર પડી નહીં. હરસુખની જાન આજ સાંજના શીતળ આવી પહોંચવાની હતી. ભુખ્યા બાળકો વિગેરેને તરતજ ખોરાક મળે તે માટે સર્વ તૈયારી કરી રાખવાને અગાઉથી આવેલ સંબંધીઓ કમળ સાથે મળી ભોજનની તૈયારી કરવા લાગ્યા. કમળ પણ ઉત્સાહથી નાહી રસોઇ કરવા લાગ્યો, અને દાળ, ભાત વિગેરે રાંધવા મંડી ગયો. કોઇ દિવસ રસોઇ કરવાનો તેને પ્રસંગ આવ્યો નહોતો, અને આજ પહેલીજવાર કરતો હોવાથી તેને રસોઇમાં કાંઇ પણ મહેનત જણાઇ નહીં, અને તે ઉત્સાહથી કામે વળગ્યો. બપોરના બે વાગતાં તો રસોઇ તૈયાર થઇ ગઇ, એટલે તેઓ બેસી આનંદથી વાતો કરવામાં ગુંથાયા. અને ચાર વાગતાં ગાડી આવવાનો સમય થયો, એટલે કમળને રસોઇની સંભાળ કરવા રાખી બીજા સંબંધીઓ જાનને ઉતારવા સ્ટેશન ઉપર ગયા. કમળને પણ ત્યાં જવાની બહુ ઇચ્છા થઇ, પણ પેલા સંબંધીઓના કહેવાનું તે અપમાન કરી શકે તેમ ન હોવાથી લાચારીથી પોતાની લાગણી દબાવી તે બેસી રહ્યો.

આહા! હા!! થોડા વખતમાં પોતાના મિત્ર, એક હૃદયી સ્નેહી હરસુખને મળવાને કમળનું અંતઃકરણ કેટલું ઉછાળા મારતું હશે તેનો ખ્યાલ વાંચનાર પોતેજ કરી લેશે! કમળ બીચારો ઘડીમાં "એ આવ્યા, હરસુખ આવ્યો, એ ગાડીનો અવાજ સંભળાયો હમણાં ઘરમાં આવશે!" એમ સ્હેજ અવાજ થતાં અંતઃકરણમાં ભણકારા થવાથી વારંવાર બારણા આગળ દોડી જતો, અને એમ કરતાં રસોઇમાં નાહેલ છતાં પણ આમ તેમ તે અડકી ગયો, એટલે ફરીથી નાહ્યો. એક પળ પણ તેને હવે વર્ષ સરખી લાગતી હતી. આખરે એક ગાડી જોરથી દોડતી ડેલામાં દાખલ થતી જણાઇ, અને તેમાંથી બે યુવાન ઉતરી રસોઇવાળા ઓરડા તરફ દોડતા આવ્યા. આ પણ એક હૃદયી મિત્ર મળતાં તેમનાં આનંદનો પાર રહ્યો નહીં. બેય પરસ્પર સ્નેહથી ભેટી પડયા. બેયની આંખોમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યા! ધીરે ધીરે જાન સાથેના આશરે પચાસ પુરૂષોની ઓરડામાં ઠઠ ભરાઇ ગઇ. કેટલાકો તો સ્નાન કરવા કુવે દોડી ગયા. બાળકો 'ભુખ ભુખ' કરવા લાગ્યા, અને નાહેલા માણસોએ પતરાળાં માંડી સૌને જમવા બેસાડવાની તજવીજ કરવા માંડી. એક તરફ ભોજન પીરસાવા લાગ્યું. બીજી તરફ કમળ અને હરસુખ ડેલાની બ્હાર જઇ પાસે વહેતી નદીના કિનારા ઉપર બેસી ઘણા દિવસના વિયોગથી પોતાનાં અંતઃકરણમાં સંઘરી રાખેલ ઉભરાઓ કાઢવામાં ગુંથાયા.

"કમળ!" હરસુખે કહ્યું. "જો તમે આ આનંદમાં ન આવ્યા હોત તો મ્હારો આનંદ ખરેખર,—"

"બસ ! હમણાં રહેવા દ્યો !" તેને વધુ બોલતો અટકાવતાં કમળ બોલી ઉઠયો, "આવા આનંદી પ્રસંગે કોઇ પણ પ્રકારે ના આવ્યો હોત તો ના ? પણ હવે તો તમારી આગળ હાજર છું, એટલે પછી શું ?"

"કમળ ! ભાઇ એ સર્વ તો ખરૂં, પણ મારી શંકા હજી સુધી મટી નથી ! એ શંકા મને બહુ રડાવે છે ! સુદામાબા-અમાં કેવી ખરાબ સ્થિતિમાં દિવસો કાઢય છે, તે તમે ક્યાંથી જાણો ?"

"ઇશ્વર તમારી શંકા ખોટી પાડશે ! ઉડતી વાતો ઉપર લક્ષ આપવું અને તે ખરી માની તે માટે વિચાર કરવા, એ તમારા જેવા સમજુને યોગ્ય નથી ! ઇશ્વરે પણ તમારે માટે વિચાર કર્યો હશેજ !" કમળે તેને ધીરજ આપવા માંડી.

"અરે ! પણ આપણામાં કેટલા બધા ખરાબ રીવાજો છે ! જો તેમનું વર્ણન કરવા બેસીયે તો એક મ્હોટું પુસ્તક લખાય. ! તેમાં વળી લગનની પવિત્ર ગાંઠ—અને જેની સંગે સંસારમાં જોડાવું હોય, જેનાં ઉપર સુખ દુઃખ સર્વનો આધાર રહે તે વસ્તુ પોતાની મરજી પ્રમાણે ન શોધી શકાય તો પછી સંસારમાં સુખી થવાની આશાજ શું રાખવી ? કજોડાના ભવાડા તથા તેવાં જોડાંઓની દુઃખદ સ્થિતિ અને છેવટે પરિણામ શું આવે છે, તે તમારાથી ક્યાં અજાણ્યું છે ? !" હરસુખે સ્હેજ દીલગિર થતાં જણાવ્યું.

"હશે, પણ વખત આવતાં સૌ પોતાની મેળે ફેરવાઇ જશે ! એમાં આપણે કાંઇ કરવું નહી પડે ! બાકી થયેલી બાબત માટે હવે મિથ્યા શોક કરવો એના જેવી મૂર્ખાઇ બીજી કઇ ? ! માટે હવે જે થયું તે સુધારવાને પ્રયત્ન કરવો એમાંજ માણસાઇ છે !" કમળ તેને સમજાવવા લાગ્યો.

"માણસાઇ ! આ ક્ષણભંગુર સંસારમાં માણસાઇથી શું વળે ? જ્યાં ઇશ્વરનું ધાર્યું થતું હોય, અને નસીબનું જોર ચાલતું હોય ત્યાં માણસાઇ શું કામની ?"

"ભાઇ ! જો બધા એમજ ધારતા હોય તો જગતનું એક પણ કામ થાય નહીં ! એ તો બેઉ સાથેજ ! ઇશ્વર ઇચ્છા અને પુરૂષ પ્રયત્ન !"

આ સાંભળી હરસુખને કંઇ જુદીજ અસર થઇ. તેને કંઇક યાદ આવ્યું હોય તેમ એક ઉંડો નિઃશ્વાસ નાંખી નિરાશાથી તે બોલી ઉઠયો, "શું ઇશ્વર ઇચ્છા ! એક જગ્યાએ આનંદ તો એક જગ્યાએ શોક ! એક જગ્યાએ ચઢતી તો બીજે સ્થળે પડતી ! એક સ્થળે સૂરજનો ઉદય તો બીજી તરફ તેનો અસ્ત ! એક જગ્યાએ સ્મશાનમાં બળતી ચેહનો ભડકો તો બીજે સ્થળે લગનની મસાલેનો પ્રકાશ ! શું ઇશ્વરી રચના ! કમળ ! મને કંઇક યાદ આવે છે ! ભોજ ગામડેથી મ્હેં તમને એક કાગળ લખ્યો હતો તે તમને યાદ છે કે !"

"હા ! કોઇક જોયેલ બનાવ વિષે કંઇ લખ્યું હતું ખરૂં ! વારૂ તે શું હતું ?" કમળે આતુરતાથી પૂછ્યું.

"એક દિવસ સાંજના ચારેક વાગે હું બરડા ડુંગર ઉપર ફરવા ચઢયો હતો, અને ત્યાં કેટલીક વનસ્પતિ જોઇ સૂરજ અસ્ત થતાં હું નીચે ઉતરતો હતો, એટલામાં મ્હોં દૂર એક ચેહ બળતી જોઇ. મનમાં એક એક કંઇ જીજ્ઞાસા ઉત્પન્ન થતાં હું ત્યાં ગયો તો એક નિરાધાર છોકરાના બાપની દેહ બળતી જોઇ ! મને એથી વૈરાગ આવ્યો. સંસાર,

માયા વિગેરે મિથ્યા લાગ્યાં. એક એવું થયું કે, તે વખતે ઘર તરફ ન જતાં સંસાર માર્ગનો ત્યાગ કરી ચાલ્યો જાઉં; પણ વળી વિચાર ફર્યો, ને ઘર તરફ પાછો વળ્યો. જતાં જતાં તે છોકરાની નિરાધાર સ્થિતિ માટે હૃદય ખેંચતાં તેને એક રૂપીઓ આપ્યો. ગામના દરવાજામાં પેસતાં સામેથી એક વરઘોડો આવતો હતો, અને વરરાજા ઘોડા ઉપર બેઠેલ જોયા. આ જોતાં સ્મશાન વૈરાગ નાશ પામ્યો, અને "હું પણ વરરાજા છું" એમ મનમાં થયું. ભાઇ! પળે પળે સ્થિતિ કેવી રીતે બદલાઇ જાય છે તેનો તો કાંઇ વિચાર કરો! શું વાત કહું! તે દિવસે મને એટલા બધા વિચારો આવ્યા છે, અને ઇશ્વરપર એટલી બધી આસ્થા બેઠી છે કે, હવે તે કોઇ કાળે પણ નીકળશે નહી! પણ પેલા બાપ વિનાના નિરાધાર છોકરાના શા હાલ થયા હશે તે માટે ખ્યાલ કરતાં મને અફસોસ થાય છે!"

કમળને નમાલો યાદ આવ્યો, પણ તે કાંઇ બોલ્યો નહીં! બીજી અનેક વાતચીત થઇ. રાત્રીના જમીને બેય મિત્ર પાસેજ સુતા. સવારના સર્વ ઉઠતાં જાન કુંડીઆપુર હરમુખનું સાસરૂં હતું ત્યાં રવાના થઇ. લગ્ન અતિઆનંદ અને ઉત્સાહથી પસાર થયાં. લગનમાં સાથે જમ્યા, સાથે ફર્યા, સાથે સુતા અને ટુંકમાં છેવટ સુધી આપણા બેય સ્નેહી એક બીજાથી વીખુટા પડયા નહી. લગ્ન થઇ રહ્યાં પછી કમળના પિતા તરફથી પત્ર આવતાં તે એકલો મુંબઇ આવ્યો. થોડા દિવસ પછી હરમુખ પણ પોતાની પત્નિ સહ કુટુંબ સાથે આનંદમાં મુંબઇ આવ્યો. આનંદમાં દિવસ પસાર થવા લાગ્યા, ને બેય સ્નેહી સુખ અને શાંતિમાં રહ્યા!

દ્વિતીય ખંડ સમાપ્ત.

# તૃતીય ખંડ.

## પ્રકરણ ૧ લું.

### "આત્માજ માણસનો શત્રુ અને મિત્ર છે!"

વાંચનાર! બહુ લાંબુ કરી મૂળ વાતથી લાંબો વખત સુધી તમને વીખુટા પાડી અમારી વાર્તાનું પુરતું રહસ્ય સમજાવવા કેટલાક બીજા બનાવો તમારી નજર આગળ રજુ કર્યા. હવે એ સર્ગનો અંત આવ્યો છે. અને આપણે જોઇશું કે માણસ પોતાનોજ મિત્ર અને પોતાનોજ શત્રુ છે! પોતાનુંજ કર્યું બધું થાય છે! પોતે જેવાં જેવાં કર્તવ્ય કરે છે, તેવાંજ ફળ ચાખે છે! ખરેખર, હાથનાં કીધાં હૈયેજ વાગે!

"માર્ગ ભૂલ્યા પછી મનતણો દોષ શું ?"
આપ જેવું કરો તેવું થાશે!"

હવે આપણે આપણા પાછલા સંબંધને યાદ કરીએ. પ્રથમ ખંડના ત્રીજા પ્રકરણ સાથે આપણો સંબંધ છે! વાંચનાર! તે પ્રકરણમાં વર્ણવેલ બીના તમારી સ્મરણશક્તિમાં પાછી તાજી કરો! આગગાડીમાં થયેલ અપણા બેય સ્નેહીની વાતચીત તરફ લક્ષ દોડાવો! બીજે દિવસે પણ બેય મિત્રો ગૃહમાં કાંઇ કામ ન હોવાથી જીવને આનંદ પમાડવા ઘરમાંથી બ્હાર નીકળી પડયા, અને આગલા દિવસની માફક વિકટોરીઆ ગાર્ડન તરફ ગયા. ત્યાં તેઓ બપોરના બે વાગ્યાને સુમારે પહોંચ્યા, અને આગલા દિવસનાજ મંડપમાં જઇ બેઠા.

"અહા હા! કમળ! અહીં મને તો અતિશય આનંદ થાય છે!" મંડપમાં બેસતાં હરમુખે કહ્યું. "જેમ જેમ કુદરતનાં ઉંડાણમાં હું ઉતરતો જાઉં છું, તેમ તેમ મ્હારૂં મન ઇશ્વર ઉપર વધારે ચોંટતું જાય છે! કાલ કરતાં આજ વળી આ મંડપ મને વિશેષ આનંદ આપે છે!"

"સંસારના કાળા અંતરપટના કોઇ દીવસ જેણે દર્શન કર્યાં વિના તેના ધોળા માર્ગપર ચાલ્યા કર્યું હોય તેને આ દેખાવ આનંદકારી થઇ પડે તેમાં શું નવાઇ?! સંસારની કાળાશનું જેને દર્શન થયું છે તે માણસ કેટલો મુંઝાતો હશે, તેની તમને શું ખબર પડે?" કમળે સ્હેજ મંદભાવે જણાવ્યું.

"સંસારના માર્ગ ઉપર ફરતાં ફરતાં અનુભવ મેળવતા હો, અને તેથી જુદા જુદા રંગના અનેક માણસો સંગે સહવાસમાં આવવાથી તેમના રંગનો પાસ તમને લાગવાની બ્હીક તમને રહેતી હોય તો એક વાર આત્મા—અનંત શાંતિના મંદીરમાં બીરાજતા ઇશ્વરનો આશ્રય લ્યો, એની પ્રાર્થના કરી, ભક્તિભાવે એને શરણે જાશો તો હું ખાત્રીપૂર્વક કહું છું કે તમને એ અન્ય રંગનો પાસ લાગવા દેશેજ નહીં! તમારી દરેક જાતની ફ઼રિ

મજ્વાળાને એજ મહાન પિતા શાંત કરશે!" હરમુખે સુચવ્યું.

"અરે! એ દિવસ ક્યાંથી! એવાં ભાગ્ય ક્યાંથી! સંસારના રિપુ પોતાના પંજામાં સપડાએલ માણસને રંગ્યા વિના કેમ જવા દે? અરે! એમના હાથમાં આવ્યા પછી છુટવુંજ મુશ્કેલ છે! હરમુખ! તમે એ માર્ગથી અંધ છો એ વધારે સારૂં છે! ઇશ્વર તમને સદા એવાજ રાખે!" કમળે કહ્યું.

"જુઓ! જળચર મઘર માણસ, જાનવર વિગેરેનો ભક્ષ કરવાને જમીનપર આવે છે, પણ જ્યારે પોતે હારે છે ત્યારે જળ શિવાય અન્યનો આશ્રય લેતું નથી. તેવીજ રીતે મનુષ્ય સંસારની લાલચમાં ફસ્યા પછી પોતાનાપર અસહ્ય સંકટ આવતાં ઇશ્વરનોજ આશ્રય લે છે! મનુષ્ય જાતીનો આશ્રય માત્ર બે ઘડીનો છે! એથી હું તો જ્યારે સ્હેજ પણ મુંઝાઉં છું ત્યારે ઇશ્વરની પ્રાર્થના કરૂં છું, કે તરતજ મ્હારી સર્વ મુંઝવણ શાંતિ રૂપી જળના પડવાથી પોતાની મેળે દૂર થઇ જાય છે! તમે કોઇ દીવસ એમ કરી જોયું છે?" હરમુખે નિર્દોષ અંતઃકરણે જણાવ્યું.

"મ્હેં કોઇ દિવસ એવું કરી જોયું? ભાઇ! એ પ્રશ્ન મને પૂછોજ નહીં! અરે, આખું સળગ્યું ત્યાં ઓલ્હવવાને પાણી ક્યાંથી લાવું? કાળા રંગ ઉપર ધોળો રંગ કોઇ દીવસ ચઢે? કાળું તે સદા કાળુંજ રહે! અફસોસ! મને આજે મ્હારાં કર્તવ્ય યાદ આવી મ્હારૂં હૃદય ચીરી નાંખે છે! અરે! હું માર્ગ ભૂલ્યો છું! મ્હારા માર્ગમાં કાંટા વાગ્યા છે! હરમુખ, શું કહું! તમારી મિત્રતાને હું લાયક નથી! મને ક્ષમા કરો—" તેનાથી વધુ બોલી શકાયું નહી! તેનું ગળું રૂંધાઇ ગયું! તે રડી પડ્યો! "એકાએક તમને આશું થઇ આવ્યું? આમ રડો છો શા માટે?" તેની સ્થિતિમાં એકાએક ફેરફાર થતાં આશ્ચર્ય પામી હરમુખે પૂછ્યું, "આજ કેટલા દિવસ થયાં હું તમને આનંદમાં જોતો નથી! શું તમારાં હૃદયમાં કાંઇ મુંઝવણ થાય છે! જો હોય તો મ્હારી આગળ ખુલ્લે ખુલ્લું કહો તો તેનો કાંઇ ઉપાય કરીએ! કહો, કહો! મુંઝાઓ નહી!"

"હું શું કહું? તમારી આગળ શું મ્હોં લઇ કહું? ભાઇ, એ વાત સાંભળતાં તમને મ્હારૂં મ્હોં જોવું નહી ગમે! અરે—" કમળનાં હૃદયમાં ઝેરી ડંખની વેદનાથી ઉત્પાત થવા લાગ્યો તેનાથી વધુ બોલાયું નહી.

"તમારૂં મ્હોં જોવું નહીં ગમે? કમળ, આજ કાંઈ તમને ગાંડાઇ આવી છે? એવું કોઇ દિવસ બનેજ નહી! અરે! જે મુખાકૃતિ જોઇ હું હમેશ આનંદ પામું છું, જે જોતાં મ્હારૂં સર્વ દુઃખ નાશ પામે છે, જે મુખ જોયાથી જગતને સંતોષનું સ્થાન માનું છું! અરે! જે મ્હોં જોઇ 'મિત્રતા શું કહેવાય' તે જાણું છુ, પ્રેમ શું કહેવાય તે સમજી શકું છું, તેજ જોવું નહીં ગમે?!" હરમુખે આશ્ચર્ય થઇ જણાવ્યું.

"ખરેખર! નહીંજ ગમે! તમારા પવિત્ર અંતઃકરણમાં એ વાત સાંભળતાં કમકમાટ છુટશે! મ્હારા સ્નેહ ઉપર તમને તિરસ્કાર આવશે!" કમળે આંખમાંથી સરતાં અશ્રુ લુછતાં કહ્યું.

"નથી સમજી શકાતું કે તમે આટલા બધા દીલગિર શા માટે થાઓ છો? તમે શું કહેવા માગોછો, તે અટકળી શકાતું નથી! કમળ! રડો મા, શાંત થાઓ! ધીરા થઇ

મને એકવાર કહો શું છે? હૃદયનો ભાર ઓછો કરો!" આમ કહેતાં તેણે તેનું મસ્તક પોતાના ખોળામાં લીધું.

"શું કહું! આજ દિવસ સુધી તમારાથી છુપી રાખેલી વાત–હાય! તે યાદ કરતાં હૃદય ચીરાઇ જાય છે! મને માફ કરો! એ વાત સાંભળતાં તમને મ્હારા સ્નેહમાં જુદા જુદા રંગ માલમ પડશે! હરમુખ, ક્ષમા–ક્ષમા! હું નીચ છું–કૃતઘ્ની છું–પાપી છું! હું નીચ વૃત્તિનો બન્યો છું!" કમળે પોતાને ધીક્કારતાં કહ્યું.

"નીચ વૃત્તિ?! નીચ વૃત્તિ શેમાં? પઇસામાં કે પ્રેમમાં?" છેલ્લાં શબ્દ અંતઃકરણમાં વજ્રઘાત સમ લાગતાં ચમકીને હરમુખે પૂછ્યું.

"પ્રેમમાં!" કમળે શરમથી નીચું જોતાં ધીમેથી કહ્યુ.

"કયા પ્રેમમાં? મિત્રના, કે પતિના?" હરમુખે અધીરાઇથી પૂછ્યું.

"મ્હેં એક પતિવ્રત ભંગ કર્યું છે! હાય! હાય!" બાળકની માફક મ્હોટેથી રડી પડતાં કમળે જણાવ્યું.

હરમુખ કાંઇ પણ બોલી શકયો નહીં. ઘણી વાર સુધી બેય જણ ચુપજ રહ્યા. રડતાં રડતાં કમળ થાકી જવાથી હરમુખના ખોળામાંજ ક્ષણમાં નીદ્રાવશ થઇ ગયો. હરમુખને તેનું કાંઇ ભાન રહ્યું નહી. હૃદયની યાંત્રિક શક્તિની અસર નીચે તે ભાન વિના બેઠો હતો. વિચારપ્રવાહ પુર વેગથી વહેવા લાગ્યો. "અરેરે! મ્હેં આ શું સાંભળ્યું! કમળ આવો હશે, એમ હું નહોતો જાણતો! અરે! આજેજ જાણ્યો! અરેરે! એને હમણાંજ બરોબર ઓળખ્યો! હાય! વિચાર કરતાં મ્હારૂં અંતઃકરણ ચીરાઇ જાય છે! કમળ કમળ! તને આવું સુઝયું! મ્હારી મિત્રતામાં રહી તને આવી મતિ કેમ સુઝી! અરેરે! જેને હું મ્હારા જેવોજ ધારતો હતો! અરેરે! બેયનું એકજ અંતઃકરણ, એકજ વિચાર, એકજ વૃત્તિ–પણ તેમાં આ શું થઇ ગયું! મ્હારી સર્વ ધારણા ખોટી પડી! 'હું તેવોજ કમળ' એ માનવું ખોટું પડયું! જગતમાં પવીત્ર પ્રેમ અને નીતિ ટકી શકે છે, એ અમો બેય હૃદયથી માનતો હતો તે આજે ખોટું ઠરે છે! અફસોસ! કાંઇ વિચાર સુઝતો નથી! ઉંચ વૃત્તિ જોતો હતો ત્યાં નીચતાનાં દર્શન થયાં! આજ શું જોઉં છું–કયો માર્ગ નીહાળું છું! કમળ, કમળ! અરેરે! વીષયી થયો–પવિત્ર પ્રેમમાં મહાલતો ખુલ્લી રીતે જણાતો વીષય વાસનાના ખાડામાં પડ્યો! હાય! એણે શું કીધું! કેવી રીતે ભ્રષ્ટ થયો! શું થયું હશે? નહીં! નહીં! હું માની શકતો નથી! કેમ માની શકું? પણ એ પોતાને મોંઢેજ કહે છે ત્યારે પછી શું? કોની સંગે એણે વીષયી પ્રેમ જોડયો હશે? મ્હારા જાણવામાં એ આજ સુધી કેમ ન આવ્યું? પણ શું એ ખરેખર એવો હશે? અરેરે! જો તું એવો હોય–અરે કમળ! તું એવો વીષયીજ હોય તો તને શું કહું? હું કહું એના કરતાં આજ એને પોતાનેજ વિશેષ થતું હશે! આજ એણે પહેલ વહેલી મ્હારા આગળજ વાત કરી હોય એમ લાગે છે! એને પણ પોતાની ભૂલ જણાઇ છે! એને અંતઃકરણમાં અનહદ વેદના થતી હશે–ખરેખર, મૃત્યુસમ લાગતું હશે! હાય!"

એમ વીચારતાં કમળ તરફ દ્રષ્ટી કરતાં તેને નીદ્રાવશ થયેલ જોઇ ફરી તે મનમાં વીચારવા લાગ્યો. "અરેરે! બીચારાને નીદ્રા આવી ગઇ છે! હૃદયવેદનાનો ભાર ઓછો થતાં એ સુઇ ગયો! અરે! પણ એ સુખી ક્યાંથી હશે? અંતઃકરણમાં ઝેરી કીડો એને કોલી ખાતો

હશે! નિદ્રા સુખની નહીં પણ થાકની છે! વેદનાનાં પરીશ્રમની છે! અરેરે! જાગૃત થતાં એ મને મ્હોં દેખાડતાં શરમાશે! બીજો હોત તો ન શરમાત; પણ એનું અંતઃકરણ એવું નથી! એનું હૃદય મ્હારા જેવું છે! એ કોઇ વીકટ સંકટમાં આવી ગયો હશે–કોઇના મજબુત પંજામાં સપડાઇ ગયો હશે, કેમકે એનું બંધારણજ એવું છે! એની સંગે સારી તેમજ ખરાબ વૃત્તિનાં મનુષ્યો સંબંધમાં આવે એવો એના મુરબ્બીનો ઉદ્યોગ છે! સારાએ સારો રંગ અને નઠારાથી નઠારૂં પરીણામ, એ બનવું સ્વભાવીક છે! નઠારી વસ્તુ સંબંધમાં આવતાં તેનું તુરત અનુકરણ માણસ અજાણમાં કરે છે, એટલે પછી વીશેષ શું? શું ઇશ્વરની અજબ લીલા છે! શું સંસારની વિચિત્રતા છે! પહેલાં દુર્ગંધવાળા સ્થાનમાં આવતાં માણસને કમકમાટ છુટે છે–ત્યાંથી દૂર જવાનું મન થાય છે, જે વખત જતાં જરા પણ લાગતી નથી! આવીજ રીતે માણસનાં પાપનું પણ છે! પહેલું પાપ કર્મ કરતાં કંપાવર છુટે છે, પણ તે સાથે વધુ સંબંધમાં આવતાં છેવટે પાપ કરવામાં કાંઇ ખોટું લાગતું નથી! અરે! પણ 'પાપ' શબ્દ બોલવો એ પણ મન ઉપર એટલી બધી ખરાબ અસર કરે છે, તે આપણે જોઇ શકતાં નથી! કર્મ પહેલાં વિચારમાં પ્રવેશ કરે છે! ત્યાર પછી વિચાર વાણીના રૂપમાં બ્હાર નીકળે છે! અને છેવટે પાપી કાર્ય કરવાની પણ ઇચ્છા થાય છે! માટે જો ખરાબ વિચાર પણ ઉત્પન્ન થતા હોય તો તેને જો કહાડી નાંખ્યા ન હોય તો તેનું પરિણામ ભયંકર આવ્યા વિના રહેતું નથી! અને તેનો પ્રત્યક્ષ દાખલો મ્હારો કમળ છે! અરે! મ્હારો-મ્હારો કેમ કહું છું? હા! મ્હારો પણ અત્યારે એ નીચ બન્યો છે! શું જગત છે! હું, એને, એવો નહોતો ધારતો! એને એવો જોતાં મને અતિશય દુઃખ થાય છે! મ્હારા સંબંધમાં આવેલ બીજો કોઇ પુરૂષ એવો હોત તો તેને માટે મને કંઇ થાત નહીં, પણ કમળ–મ્હારો કમળ–એને મ્હારો કહ્યા પછી મને કેમ દુઃખ ન થાય! પોતાનાનું કહ્યા પછી જગતમાં એવો કોણ માણસ છે કે પોતાનાનું દુઃખ જોઈ દુઃખી ન થાય?" આમ એક પછી એક તુટક તુટક વિચારો હરસુખને આવવા લાગ્યા. પળે પળ જતાં એને કમળ વાસ્તે અતિશય દીલગિરી થવા લાગી! પળમાં તિરસ્કાર ઉત્પન્ન થતાં, પળમાં પોતાના સ્નેહીને આવો જોઇ દુઃખી થતાં, અને ઘડીમાં સંસારજ એવો છે, એમ માની તે અતિશય દુઃખી થવા લાગ્યો. આંખમાં આંસુ આવવા લાગ્યાં. તે રડવા લાગ્યો! રડતાં રડતાં કંઇ કંઇ વિચારે, મૂઢ થઇ ગયો! પાંચ દસ મિનિટમાં વિચારો ગુમ થઇ ગયા! કંઇક વિચારે જાગૃત કીધો! "એવા માણસની સોબતજ ન કરવી જોઇએ! મ્હારે શું?" એમ કહી કમળને સુતો મૂકી ઉદાસ ચ્હેરે તેણે ત્યાંથી ચાલવા માંડયું. બાગના દરવાજા આગળ આવતાં તે અટકયો! "અરે! આ હું શું કરૂં છું? સ્વાર્થી કેમ થાઉં છું! એને મૂકી હું ચાલ્યો જાઉં છું? શું એજ મ્હારૂં કર્તવ્ય છે? હરસુખ, તને આ શોભા ભરેલુ છે? ના, ના!" આમ વિચાર આવતાં તેણે પાછો ફરી કમળને જાગૃત કીધો! બેય મિત્રો ઘર તરફ રવાના થયા. બેયનાં મનમાં કંઇ કંઇ જુદા જુદા ભાવ ઉત્પન્ન થવા લાગ્યા. બેયની મુખમુદ્રા ઉપર કંઇ કંઇ જુદી જુદી અસર દેખાવા લાગી! બેય એક બીજા સામું જોઇ શકતા નહોતા. તેમણે રસ્તામાં મુંગા મુંગા ચાલવા કીધું. ઘેર આવતાં બેય છુટા પડયા. છુટા પડતાં કમળ કંઇ બોલ્યો નહીં. માત્ર હરસુખ બો-

કહ્યો, "આત્માજ માણસનો શત્રુ અને મિત્ર છે!"

કમળે આ સાંભળ્યું!

## પ્રકરણ ૨ જું.

### હરમુખની દીલગિરી!—નિર્દોષ નંદા.

હરમુખ ઘેર ગયો, પણ કમળની વાત તેનાં અંતઃકરણમાંથી દૂર થઇ નહી. તેનાં હૃદયમાં જ્વાળા ઉઠી હતી. અને અનેક વિચારે એ જ્વાળા વધારે જોરમાં સળગવા લાગી હતી. આજ તેણે રાત્રીનું ભોજન પણ બરોબર કીધું નહીં, અને મગજમાં કમળ અને સંસાર સંબંધી ઘુમતા વિચારો સહીત તે પોતાના શયનગૃહમાં જઇ પલંગ ઉપર પડયો. મુંગુ મન બહુ મુંઝાવા લાગ્યું. ઘડિકમાં સંસારને સંબંધમાં લાવી કમળને દોષિત ગણતો નહી, તો ઘડીક પછી તેની તરફ અતિશય તિરસ્કાર છુટતો. આવી મુંઝવણમાં પળમાં તે રડતો તો પળમાં પોતાનાં ઓરડાની બારી આગળ ઉભો રહી હવામાં જોતો સંસારની વિચિત્રતા માટે અનેક વિચાર કરતો. તેણે વિદ્યાર્થી અવસ્થા ભોગવેલ હતી! તેણે સંસાર માર્ગનાં દર્શન નહોતાં કીધાં, અને આજ સુધી ઉચ્ચ વૃત્તિમાંજ રહી ઉચ્ચ વિચારમાંજ વખત ગુમાવ્યો હતો, ત્યાં પોતાના મિત્ર તરફથી એક નીચ વિચારનું દર્શન થયું, ત્યારે તેનું મન સંસાર તરફ બારીક નજર કરતાં કેવી મુંઝવણમાં આવી પડે?! કંઇક સંકટ તેની દ્રષ્ટિ સમક્ષ તરવા લાગ્યાં, અને અનેક વીચારવમળમાં ગોથાં ખાતો તે પલંગપર પડયો હતો. આ વખતે આસપાસનું તેને કાંઇ પણ ભાન નહોતું. રાત્રીના દસ વાગ્યાનો સમય થવા આવ્યો હતો. પરતું સર્વ કામ પુરૂં કરી તેની પત્ની નંદા ઓરડામાં દાખલ થઇ, અને પોતાના પતિ સમીપ આવી બેઠી. હંમેશ કરતાં પતિની મુખમુદ્રામાં આજે કંઇ વિચિત્ર ફેરફાર થયલો તેણીએ જોયો—તેજસ્વી મુખારવીંદ ઉપર ઝાંખાશની છાયા જોઇ! આથી પાસે આવતાં તેણી એકાએક ચમકી—કંઇક દીલગિર થઇ—થોડીવાર સુધી પતિનાં મુખ સામે એક ટસે જોતી બેસી રહી, પણ એક બોલ બોલી શકી નહીં! પા કલાક આમ મૌનવ્રતમાં પસાર થઇ ગયો: હરમુખ પણ કાંઇ બોલ્યો નહી: નંદાથી હવે ધીરજ ધરી શકાઇ નહી, અને આખરે તેણી સ્નેહયુકત સાદે ધીમેથી બોલી, "નાથ! નાથ! આજ આમ કેમ?"

"સ્હેજ!" હરમુખે મંદ ભાવે જવાબ આપ્યો.

"સ્હેજ! સ્હેજ લાગતું નથી! નાથ! કહો આજ આમ ઉદાસ કેમ છો? તમારાં અંતઃકરણની કેવી સ્થિતિ છે તે તમારી મુખમુદ્રા સાફ કહી આપે છે, માટે કહો શું છે?" તેણીએ આતુરતાથી પૂછ્યું.

"કહી આપે છે તો પછી પૂછવાની શી જરૂર છે?" હરમુખે ટુંકમાંજ પતાવવા માંડયું.

પતિ તરફથી આવો કોઇ દીવસ પણ ન મળેલ જવાબ સાંભળતાં નંદા વિચારમાં પડી—કંઇક ખસીઆણી પડી ગઇ. "પણ નાથ!" તેણીએ અચકાતાં અચકાતાં પૂછ્યું "તમે—"

"નહીં, કાંઇજ નહીં! મને કાંઇ પણ પૂછતીજ નહીં!" હરમુખે વચમાં બોલી ઉઠી તેણીને વધુ બોલતી અટકાવી.

"કંઇ મ્હારો અપરાધ?" તેણીએ બ્હીતાં બ્હીતાં ફરી પૂછયું.

"અપરાધ શું વળી? શા માટે? લેશ માત્ર પણ નહી!" હરમુખે જવાબ આપ્યો.

નંદા વિચારમાં પડી-વિશેષ નહીં પૂછતાં સ્વામિને શાંતિ પમાડવા તેના પગ ચાંપવા લાગી-પોતાનું નિત્ય કામ-પતિ સેવામાં ગુંથાઇ. હરમુખ મનમાં અતિશય મુંઝાવા લાગ્યો. વખત જતાં મુંઝવણ વધવાજ લાગી. વિચારવમળમાંથી તે બ્હાર નીકળી શકયો નહીં! શું સાચું, શું ખોટું સંસારનો માર્ગ શું, વગેરે અનેક પ્રશ્નોનો અંતઃકરણમાંથી કંઇ સંતોષકારક પ્રત્યુત્તર ન મળી શકવાથી તેની દીલગિરીમાં વધારો થવા લાગ્યો. ધીરે ધીરે આંખમાંથી આંસુની ધારાનો પ્રવાહ વહેવા લાગ્યો. નંદાએ આવું કોઇ દિવસ જોયલું નહોતું. "સ્વામિ આજ અતિશય સોચમાં છે! મ્હારાં તરફથી એમને કંઇ પણ શાંતિ નહીં આપી શકું?" તેણીનાં મનમાં આવો વિચાર આવ્યો, અને પોતાનાં પતિને ધીમે ધીમે રૂદન કરતો જોઇ, તેનાં અંતઃકરણની વેદના જાણવા તેણીએ બોલવાની ફરી હિંમત કરી! "નાથ! તમારાં હૃદયમાં જે કાંઇ થાય છે તે જોઇ મને શું કાંઇ પણ થતું નહીંજ હોય?! મ્હારાં અંતઃકરણની કેવી ખરાબ સ્થિતિ થાય, તે માટે જો તમને કાંઇ વિચાર આવતો હોય તો મને કહો તમને શું થયુ છે? તમે આટલા બધા દીલગિર કેમ જણાઓ છો?" આમ કહેતાં અત્યંત સ્નેહથી હરમુખનો હાથ પકડતાં તેણી આતુરતાથી એક ટસે તેની તરફ જોઇ રહી.

"શું કહું? તું સાંભળીને શું કરીશ? તને કહેવાથી ફાયદો શું? માત્ર વિશ્વાસઘાત શિવાય બીજું શું?" હરમુખે શોકમય અવાજે કહ્યું, "માટે એ વાત સાંભળવાને આગ્રહ કરીશ નહીં!"

"નાથ! વિશેષ કાંઇ નહીં! પણ આમ મનમાં ને મનમાં વિચાર કર્યા કરશો તો તમારી મુંઝવણમાં વધારો થશે ને અંતઃકરણનો ભાર વધી જશે! દીલગિરીનો ઉભરો બ્હાર નીકળતાં હૃદયને શાંતિ મળશે!" નંદાએ જરા હિંમતથી વાત કઢાવવા પ્રયત્ન કરવા માંડયો.

"બ્હાર કાઢી શકાય એવું એ નથી! એમ કરવાથી હું વિશ્વાસઘાતી થાઉં! ના, ના! એવો કૃતઘ્ની હું કદી પણ થઇશ નહીં! હું બધું સમજું છું! તને મ્હારી ખાનગી બાબત સંબંધી પૂછવાનો લેશ માત્ર પણ હક નથી!" હરમુખે સ્હેજ કંટાળો બતાવતાં કહ્યું.

"મને હક નથી?! નાથ! આજ આમ શું બોલતા હશો?! તમારા સુખ તેમજ દુઃખમાં એક સરખો ભાગ લેવાનો હક મ્હારોજ છે! તમે આમ દુઃખી થાઓ ને હું મુંગી મુંગી જોયા કરૂં, એ મ્હારાથી કેમ સહન કરી શકાય?! માટે નાથ, આમ મને છેક મૂર્ખ ન સમજી અંતરની વેદના કહો; કે જેથી તેમાં ભાગ લઈ તે દૂર કરવાને કાંઇ પ્રયત્ન કરીએ!" નંદાએ ગળગળી થઇ કાલાવાલા કરવા માંડયા.

"સર્વ વાત ખરી, પણ આ વાત કહી શકાય તેવી નથી!" આમ કહેતાં હરમુખે એક ઉંડો નિઃશ્વાસ નાંખ્યો.

"વાત! કંઇ વાતે શોચ થતો હોય, કંઇ સાંભળ્યાથી અથવા કંઇ જોયાથી, કે કાં

ઇ અનુભવ થવાથી શોચ થતો હોય તો આ દાસીને કહ્યાથી તમને કાંઇ નુકસાન થનાર નથી! મને કહ્યા વિના તો ચાલશેજ નહીં! માટે મ્હારાં સમ કહો! મને વધુ વાર શંકામાં રાખી મ્હારૂં અંતઃકરણ બાળો નહીં!" તેણીએ હિંમત પકડી વધુ કાલાવાલા કરવા માંડ્યા. તેણીની આંખમાંથી પણ આંસુ ટપકવા લાગ્યાં!

"વહાલી! સમ આપવાનું કાંઇ કારણ નથી! તેમજ અંતઃકરણ બાળવાનું કાંઈ પ્રયોજન નથી! કેમકે વાત કાંઇ નથી! મ્હારાં મનમાં શું થાય છે તેનો મને પોતાને પણ કાંઇ ખબર પડતી નથી, ત્યારે તને શું જણાવું?! માટે વધુ આગ્રહ કરવો છોડી દઇ શાંત થા!" હરસુખ ટુંકથી પતાવવા પ્રયત્ન કરવા લાગ્યો.

"કાંઇ પણ કારણ વિના આમ રડવું આવે નહિં! કારણ વગર કંઇપણ થાય નહિં, માટે કંઇ પણ કારણ તો હોવુંજ જોઇએ! નાથ! આમ મને ઉડાવો છો શા માંટે? શું તમને આમ ને આમ જ દીલગિરી પેદા થઇ છે? એમ કોઇ દિવસ બને વારૂ?" તેણીએ વધુ આગ્રહ ચાલુ રાખ્યો.

"પણ વહાલી! એમાં તું શું સમજે? જગતને નિરખવાથી અંતઃકરણ બળતું હોય તેમાં તને શું કહું? જગતને જોવાથી હૃદય બળે છે, એમ કહીએ તો ઘણાંક મનુષ્યો મૂર્ખાઇ જ માને, ત્યારે તું શું સમજી શકીશ?" હરસુખે જણાવ્યું.

"નાથ! એ વળી શું? 'જગતને જોવાથી અંતઃકરણ બળે!' એ વળી શું? હું અજ્ઞાન બાળા એ બધું સમજી શકી નહીં!" નંદાએ ગુંચવાઇને પૂછ્યું.

પોતાની પત્નિ જગતનાં પ્રપંચ વગેરેથી તદ્દન અજ્ઞાન છે, જગત દુઃખી છે કે સુખી છે, સુખ દુઃખ શું છે, વિગેરે વિષયનું લેશ માત્ર પણ જ્ઞાન તેણીનામાં નથી, એમ જાણવાથી, તથા તેણીનાં નિર્દોષ શબ્દોથી હરસુખનાં અંતઃકરણમાં કંઇક અસર થઇ—કંઇક આનંદ પથરાયો. નિર્દોષ પત્નિ ઉપર પ્રેમની ઉર્મિ છુટતાં તેણે પ્રેમની ચૌષ્ઠિકા લીધી. આથી નંદાને વધુ પૂછવાની વિશેષ હિંમત આવી, અને સ્હેજ મ્હોં મલકાવી તેણીએ પૂછ્યું, "નાથ! પણ મને કહો તો ખરા!"

"પણ તું હજી બાળક છે! એવું સમજવા જેટલી તારામાં શક્તિ નથી! વળી સંસારની વાત કહી તારી નિર્દોષતામાં ફેરફાર કરવા હું ઇચ્છતો નથી!" હરસુખે જણાવ્યું.

"તમારા પગમાં સુધી તો આવું છું તોપણ હજી બાળક? નાથ! તમે અમે ઉડાવો નહિં!" નિર્દોષ નંદાએ શરમાતાં કહ્યું.

"નિર્દોષતા એજ બાળકપણું છે!" હરસુખ મંદ હાસ્યથી બોલી ઉઠ્યો, "બાળક નથી સમજતું કે એની પોતાની અવસ્થા કેમ સુખ શાંતિ ભરેલી છે! એ અવસ્થામાં મ્હોટા થવાનો વિચાર થયાં કરે છે! ખરેખર! એ બાલ્યાવસ્થામાં કેટલું સુખ હતું! સર્વ હવે પાછળથી જાણવામાં આવે છે! અહા! શું દુનિયા છે!" આમ બોલતાં તેણે ફરીથી ઉંડો નિઃશ્વાસ નાંખ્યો, અને નંદાનો એક હાથ પોતાની છાતીએ દાબ્યો.

"નાથ!" પોતાનો હાથ ત્યાંજ રહેવા દઇ નંદાએ મંદ સાદે પૂછ્યું. "આમ શું કરો છો? કહો તો ખરા કે તમને શું થાય છે?"

"નંદા! નંદા! નિર્દોષ નંદા! સાંભળીને શું કરીશ? હું ખાત્રી પૂર્વક જાણું છું કે તને આમ હાસ્ય આવશે!"

'હાસ્ય આવશે તો મને આનંદ થશે ! નાથ ! ત્યારે મને એવો આનંદ નહીં પમાડો? કહો ત્યારે ! " નંદાએ અત્યંત આગ્રહ સહ જણાવ્યું, ને તેના મુખ તરફ આતુરતાથી જોવા લાગી.

"અરે વાહરે તારી ચાલાકી !" સ્નેહથી તેણીના ગાલ ઉપર ધીમેથી તમાચો મારતાં હરસુખે સહાસ્ય જણાવ્યું. "વહાલી ! તું જાણવાને એટલી બધી આતુર થઇ છે તો સાંભળ ! બસ, મને સંસાર ઉપર તિરસ્કાર આવે છે, અને તેજ મ્હારી દીલગિરીનું કારણ છે ! " કમળની વાત ન કહેતાં સત્ય સાથે રહી તેણે આમ ટુંકામાં પતાવ્યું.

"અહોહોહો !" નંદા હસી પડી, ને હાસ્ય દબાવતાં બોલી, "એમાં વળી આટલા બધા દીલગેર શા માટે થાઓ છો ! સંસારપર તિરસ્કાર આવ્યો તે શું સંસાર ત્યાગ કરવાનો વિચાર થાય છે ? જાઓ, જાઓ ! એવા એવા વિચાર મનમાંથી કાઢી નાંખજો ! કાંઇ બીજા વિષયપર વાત કરો તો એ વિચાર દૂર થઇ જશે !"

"ઠીક છે ! વહાલી ! તું કાંઇ તેની ચિંતા રાખીશ નહીં ! હમણાં એ વિચારો દૂર થઇ જશે !" હરસુખે જણાવ્યું.

"ત્યારે શું વળી ! આપણે તે વળી એવા વિચારો શાં માટે કરવા જોઇએ ? આપણે માથે ગુરૂજી બેઠાં છે, ને વળી આપણે તે સંસાર સંબંધી વિચાર શાના હોય ? નાથ ! જરૂર હવે એ વિચાર કાઢી નાંખજો ! જો જો મ્હારા સમ છે !" નંદાએ સ્નેહથી આગ્રહ કીધો.

"બહુ સારૂં ! ચાલ, હવે સુઇ જા ! રાત્રી બહુ વીતી ગઇ છે ! સવારે તારે વહેલું ઉઠવું છે વળી !" આમ કહેતાં હરસુખ પલંગપરથી નીચે ઉતર્યો.

"ત્યારે સુઇ જાઉં નાથ ? તમે—" નંદાએ શરમાતા કહ્યું.

"મ્હારે હજી પુસ્તક વાંચવું છે ! હું પછી સુઇશ !"

નિર્દોષ નંદા સુઇ ગઇ. હરસુખ હાથમાં પુસ્તક લઇ આરામ ખુરસી ઉપર પડયો. પુસ્તક લઇ વાંચવા માંડયું તેમ તેમ કમળ, સંસાર વિગેરે તરફ વિચાર દોડવા લાગ્યા. શુદ્ધ અંતઃકરણના, શુદ્ધ માર્ગે ચાલનારા હરસુખને સંસાર તરફ તિરસ્કાર છુટવા લાગ્યો સંસારમાંથી છુટવાના વિચાર આવવા લાગ્યા ! છેક મોડી રાત્રીએ તે સુતો, પણ તેની નિંદ્રામાં શાંતી નહોતી !

## પ્રકરણ ૩ જું.

### અસ્થિર ચિત્ત—શાંતી ભંગ !
### સંકટની શરૂઆત !

વાંચનાર ! 'વીકટોરીઆ ગાર્ડન' માંથી ઘેર ફરતાં આપણા બેઉ સ્નેહી જુદા પડયા પછી હરસુખની રાત્રી કેવી સ્થિતિમાં પસાર થઇ તે આપણે જોઇ ! હવે આપણે કમળને મળીએ—તેની સ્થિતિ તપાસીએ ! રાત્રીએ આપણે હરસુખ સાથે હતા, એટલે કમળે તે સમય કેવી રીતે પસાર કર્યો, તે આપણાથી જાણી શકાય તેમ નથી, પણ બીજે દીવસે તેની કેવી સ્થિતિ હતી તે જોઇએ ! બપોરના બાર વાગ્યાનો સમય હતો. કમળ પોતાના ઓરડામાં આરામ ખુરસીએ મૂઢ સરખો પડયો હતો. એનું અંતઃકરણ

જડ થઇ ગયું હતું-એટલું બધું બળતું નહોતું—બળી બળી ખાખ થઇ ગયું હતું! તેનાપર ખાખનું પડ બંધાઇ ગયું હતું! કમળને નિશ્ચય થયો હતો કે, તે પોતે અતીશય નીચ થયો હતો. પણ હવે શું? થયું ન થયું કંઇ થવાનું હતું?! મીથ્યા શોક શું? ફરીથી તેવું ન થાય એજ સંતોષ! પણ તેની ખાત્રી શી? આનો ઉત્તર કમળ પોતાને પુરતો આપી શકયો નહીં! "મનુષ્યના હાથમાં કાંઇ નથી! હું જાણતો હતો કે આમ થશે?! કેટલો શુદ્ધ હતો? કેટલો બધો નીતિના માર્ગ ઉપર હતો? કેટલો ઉચ્ચ પ્રેમ માટે વિચાર હતો? અરે! એ સઘળું થોડાજ સમયમાં જતું રહ્યું! ખરેખર! સોબત તેવીજ અસર! અસર છુપી રીતે દીવસે દીવસે વધારે થતી ગઇ! હરમુખે કહ્યું કે 'આત્મા એજ માણસનો શત્રુ અને મિત્ર છે' એ હું માનતો નથી! હું બદલાઇ ગયો તેનું મને ભાન રહ્યું? ત્યારે મ્હારા હાથમાં શું છે? હું મનુષ્ય પ્રાણી છું! ત્યારે હું કહું છું કે મનુષ્યોના હાથમાં શું છે? કાંઇજ નથી! વિધિના લેખ પત્થરમાં, પ્રયત્નો આપણાં જાણવાં! જે થવાનું હશે તે થશે, અને જ્યાં જવાનું હશે ત્યાં જઇશું! પણ—એમ વિચાર કરીએ તો જગતમાં માણસથી કાંઇ પણ કામ થઇ શકે નહી! કાર્ય કરવું, પણ 'થવાનું હશે તે થશે' એ મંત્ર યાદ રાખવો! વાહ! શું ઇશ્વરની રચના! પણ હું તો ગયો-ગયો! મ્હારે વાસ્તે મ્હારૂં અભિમાન જતું રહ્યું! પવિત્ર પ્રેમનો મદ સુશીલાએ તોડયો! હા! નીચ સુશીલા! તું મ્હારી પૂર્વજન્મની કોણ હતી? હરી, હરી! પણ હરીને-હરમુખને એ વાત સાંભળતાં મ્હારે માટે કેવા વિચાર આવ્યા હશે? અફસોસ! એ બિચારીને મન સર્વ અંધાર થઇ પડયું હશે! અરે! એને મ્હારે માટે કેટલું માન હતું—કેટલું અભિમાન હતું! એ સર્વ ઉપર, હાય! આજે પાણી ફરી ગયું! પાણી ફરી ગયું—હા! પાણી ફરીજ ગયું! મ્હારે માટે કોઇને માન હોય અથવા ન હોય તેની મને જરા પણ દરકાર નથી! પણ હું નીતિમાં છું કે નહીં એજ મ્હારે જોવનું છે! ત્યારે શું હું ખરેખર, ભ્રષ્ટ જ થયો છું! હા! અફસોસ! અફસોસ!" આમ અનેક તરેહના વિચારોમાં ઘણો સમય વીતી ગયો પણ કમળને કાંઇ ભાન રહ્યું જ નહી! તે ઘડિકમાં પોતાનોજ દોષ માનતો, તો વળી પછી વિધિના પ્રભાવથી સઘળું થયું, એમ માનતો. વિચારવમળમાં ગોથાં ખાતો હતો. એટલામાં પાસેની ક્રાફર્ડ મારકીટમાં બપોરના બે વાગવાના ટકોરાનો અવાજ કાને પડતાં તે વિચારમાંથી જાગૃત થયો. "બે વાગ્યા?! હંમેશ પ્રમાણે હરમુખને ત્યાં જવાનો વખત થઇ ગયો! પણ આજે જઇને શું કરૂં? મને જોતાં જ એ કેવો દુઃખી થશે?! અરેરે! મને જોતાંજ જેને આનંદ થતો હતો તેને આજ મને નીરખવાથી કેટલી દીલગિરી થશે?! જોવી ઘણી ઇચ્છા! શું કરૂં? જાઉં કે ન જાઉં!" વિચાર કરતાં છેવટે દ્રઢ થયો! "નહીંજ જાઉં! મને જોવાથી એને દુઃખ ઉપજશે! કેટલું દુઃખ ઉપજશે? હું શું જાણી શકું? તોપણ એનાં પવિત્ર ધર્મમાં મ્હારા અપવિત્ર પગ નહીંજ મૂકું! ના, નહીંજ જાઉં, નહીં જાઉં! જ્યાં સુધી ઉચ્ચ પવિત્રતા મ્હારાં અંતઃકરણમાં નહીં આવે ત્યાં સુધી એનાથી દૂરજ રહીશ! દૂર રહી શકીશ? શા માટે નહીં? શકીશ-શકીશ! કોણ જાણે? આ શરિર કદી એનો ત્યાગ કરશે, પણ આ અંતઃકરણમાં જડાયલો હરમુખ કેમ વીસરી શકાશે? હાય!" આમ વિચાર કરતાં તેવું એક

ઉંડો નિઃશ્વાસ નાંખ્યો. સ્નેહનું પ્રબળ વધતાં નબળું પડી ગયેલ અંતઃકરણ દીલગિરીનો વધુ ભાર ખમી શક્યું નહીં! તરતજ તેની આંખ મીંચાઇ ગઇ! તે મૂર્છામાં પડયો!

આસપાસ કોઇ નહોતું. કમળનો સર્વ સંબંધીવર્ગ નીચે હતો. પાએક કલાક સુધી તે તેવીજ સ્થિતિમાં રહ્યો, અને જો એથી વધારે વખત રહ્યો હોત, તો કદાચ તેની હાલત ભયંકર થઇ હોત, પણ એટલામાં બારણાં ઉઘડયાં, અને હરસુખ ઓરડામાં દાખલ થયો. તેની મુખમુદ્રા ઉપર આજે આનંદની લેશ પણ છાયા નહોતી. તે શુન્ય જણાતી હતી. આંખમાંના આંસુ તરતનાજ સુકાયલાં હોય એમ તેના કપોલ ઉપરથી સાફ જણાતું હતું. પોતાને ઘેર કમળનો આવવાનો વખત થઇ ગયો, પણ તે આવ્યો નહીં તેથી તે આશ્ચર્ય પામ્યો. 'પોતાના કરતાં કમળની સ્થિતિ વધારે ખરાબ હશે' એમ ધારી તે એકદમ તેને ત્યાંજ આવ્યો, અને તેના ઓરડામાં દાખલ થતાંજ ખરેખર, તેણે તેવુંજ કાંઇ જોયું! કમળને નિદ્રાવશ પડેલ જાણી તેણે તેને બોલાવી ઉઠાડવા માંડયો, પણ તે જાગૃત થયો નહી. તે મૂર્છા પામેલો હતો એમ હરસુખ હવે ચેતી ગયો. તેની મુખમુદ્રા તેની સ્થિતિનું બરોબર ભાન કરાવતી હતી. તરતજ તેણે તેનાં મ્હોં ઉપર પાણી છાંટયું, અને તેનું મોઢું ઉઘાડી તેમાં થોડોક દ્રાક્ષારસ રેડયો. આ ઔષધ પેટમાં જતાં તેની થોડીજ વારમાં અસર થઇ. બે ત્રણ મીનીટ જતાં કમળે આંખ ઉઘાડી, અને હરસુખ ભણી જોયું.

"કોણ, કોણ! હરસુખ!" બસ એટલાં જ શબ્દ મુખમાંથી બ્હાર નીકળ્યા, આંખમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં. વખત જતાં દ્રાક્ષારસની ગરમીની અસર થતાં કમળ સાવધ થઇ બેઠો થયો, અને હરસુખ પ્રત્યે બોલ્યો, "ભાઇ! હજી તમે એજ વિચારમાં હો એમ તમારાં મોઢાં ઉપરથી જણાય છે! મને જોતાં તમને દીલગિરી થાય છે! ધીક્કાર છે મને! હરસુખ! તમને હવે શાંતી થાય એમ છે? તમે આવો મિત્ર જોઇ અંતઃકરણમાં ગુપ્ત રીતે બળ્યા કરો તેના કરતાં હુંજ તમારાથી દૂર જાઉં એ વધારે સારૂં! તમારી દીલગિરી કેવી રીતે દૂર થાય તે બતાવો તો તેમ કરવાને હું તઇઆર છું! મ્હારા પાપનું ફળ મને ચાખવા દયો! તમે મ્હારે માટે દુઃખી ન થાઓ! હવે હું તમારી મિત્રતાને લાયક રહ્યો નથી!" હરસુખ કંઇ પણ બોલી શક્યો નહી! તે કાંઇ પોતાના ઉંડા વિચારમાંજ મશગુલ હતો. "નહીં બોલો?" કમળે ફરી કાલાવાલા કરતાં કહ્યું. "શું ખરેખર! નહીંજ "બોલો! બસ! છેવટ થયું?! ખરેખર! એમજ જોઇએ છે! બસ! તજો, તજો! જાઓ જાઓ! હરસુખ! મ્હારી સમીપ આવોજ નહીં! તમારી જીંદગી પવિત્ર રાખો! મ્હારી સોબતે તમે પણ અપવિત્ર થશો! જાઓ–જાઓ! હું નીચ છું! હરી, હરી! મ્હારે જાઓ કહેવાનો વખત આવ્યો!" તે ગળગળો થઇ ગયો! "અંતઃકરણમાં સ્નેહની સાંકળ મજબુત જોડાયેલ છતાં જીભ કેમ દુશ્મન થાય છે?! જાઓ કહેતાં જીભ કપાઇ કેમ નથી જતી! હરી! મ્હારા સ્નેહી! તમને જાઓ કહેવાનો સમય આવ્યો–" તેનાથી વધારે બોલી શકાયું નહીં! તે ચોધાર આંસુએ મ્હોટેથી રડી પડયો!

હરસુખની આંખમાંથી પણ આંસુની ધારા વહેવા લાગી. થોડી વાર સુધી તેનાથી બોલી શકાયું નહીં, પણ છેવટે ધૈર્ય ધરી તેણે કહ્યું, "કમળ! ગાંડા થયા છો શું? તમારી સાથે સ્નેહ જોડયો તે આટલાજ માટે

શું ? સ્નેહીના ખરાબ સમયમાં, તેને ભૂલથી ખરાબ ચાલે ચાલતો જોતાં આપણે એનાથી દૂર થઇ જવું ? શું એજ ખરા, દૃઢ સ્નેહીનો ધર્મ છે ? અરે ! ધીક્કાર પડજો એવાં સ્વાર્થિ દાંભિકોપર ! એ સ્નેહી—અરે-એ આપમતલબી સ્નેહના ડોળઘાલુઓ, સ્નેહના, નામને કલંક લગાડનારાઓ મનુષ્ય નહીં પણ રાક્ષસ છે ! " આટલું બોલતાં તેનું અંતઃકરણ ભરાઇ આવ્યું ! તે ગળગળો થઇ બોલ્યો, " કમળ ! તમને તજી જાઉં ! મુખમાંથી આવા વચનો કાઢોછ તે તમને શોભતા નથી ! અરે ! તમે મને અત્રેથી કાઢી મૂકો-લાત મારી હાંકી મૂકો ! તોપણ હું કદી જનાર નથી ! હવે તો કોઇ કાળે પણ તમારાથી દૂર નહીંજ થાઉં ! ચાલો ઉઠો ! અત્યાર સુધી આજ ઘેર કેમ ન આવ્યા ? "

" હું નીચ બની મ્હારી સોબતે મ્હારા સ્નેહીને નીચ બનાવું ! અરેરે ! નહીં, નહીં ! એવો પાપી હું નહીં બનું ! મ્હારાં કરેલ પાપના હૃદયખંડમાં આ દુઃખની વેદના સહેવાનું મ્હારામાં સામર્થ્ય નથી ! જાઓ, ભાઇ, જાઓ ! હું નહીં આવું, નહીં આવું ! હવે તમારાં પવિત્ર ઘરને મ્હારાં અપવિત્ર પગલાંથી અપવિત્ર નહીં કરૂં ! " કમળે દૃઢ થઇ કહ્યું.

" અપવિત્ર ? ! કમળ ! શું ખરેખર, ઘેલાજ થઇ ગયા છો ? ! સ્વપ્ને પણ એમ નહીં ધારતા કે, હું તમને ઘેર લઇ ગયા વગર કદી પણ રહું ! " હરસુખે દૃઢતાથી જવાબ આપ્યો.

" નહીં, નહીં ! " કમળ ગળગળો થઇ સ્નેહાર્દ્ર સાદે બોલ્યો, " હરસુખ, ભાઇ ! મને માફ કરો ! હાલ મને ત્યાં આવવું નથી ગમતું ! —"

" શા માટે નથી ગમતું ? " હરસુખે પૂછ્યું.

" કારણ સમજાતું નથી ! પણ બસ મન નથી ચાલતું ! ત્યાં આવવાને પગ નથી ઉપડતા ! હા ! ભાઇ ! આ દુઃકરણમાં જડાયા છો તોપણ તજી દઇશ ! એક દિવસ પણ ન જોતાં દુઃખ થતું હતું, પણ હવે હૃદયની વેદના સહન કરી-સ્નેહ લાગણી દાબી રાખીશ ! જો કે તેવું અસહ્ય સંકટ સહન કરીશ, પણ તજી તો દઇશ ! તમારા લાભ માટે તજી દઇશ ! ભાઇ ! માફ કરો ! મ્હારાથી દૂરજ રહો તો સારૂં ! મ્હારી સાથે ફરવું તમને યોગ્ય નથી !

" કમળ ! આજ તો નક્કી ગાંડપણની પરાકાષ્ઠા આવી છે ! શું, શું, ગાંડાં, ફરીથી બોલો જોઉં તો એક તમાચો મારૂં ! " એમ કહી ઉછળતા સ્નેહે તેણે કમળને બાથમાં લીધો. બેય હસી પડ્યા !

" ખરેખર ! ભાઇ ! " કમળે આંખમાં આંસુ સહિત હસતાં હસતાં કહ્યું. " આજે મને કંઇક થાય છે ! શું થાય છે તે કંઇ ખબર પડતી નથી ! પણ મને અતિશય દુઃખ થાય છે ! અંતઃકરણ અત્યંત મુંઝાય છે ! — "

" ચાલો ત્યારે તે દૂર કરવાનો આપણે ઉપાય કરીએ ! " હરસુખે આતુરતાથી વચમાં બોલી ઉઠયો, " ત્યારે તો ભાઇ, ખચ્ચીત ઘેર ચાલો ! બે ઘડી સતાર વગાડી તમને આનંદ પમાડી તમારી હૃદયવેદના દૂર કરવાને બનતી તજવીજ કરીશ ! ચાલો, ચાલો, ઉઠો જોઉં ! આમ બેઠા રહી એક ને એક વિચારો કર્યા કરવાથી અંતઃકરણ વધુ દુઃખી થશે ! "

" નહીં ! ભાઇ, મને ક્ષમા કરો ! હું તમારી પાસે એટલું માગી લઉં છું ! " કમળે કાલાવાલા કરવા માંડ્યા.

હરમુખે તેને પોતાને ઘેર લઇ જવાની હઠ લીધી. કમળની હઠ વધુ વાર ટકી શકયો નહી, અને પોતાને હાથેજ તેને કપડાં પહેરાવી હરમુખ તેને લઇ ગયો.

## પ્રકરણ ૪ થું.

### ચંચળ ચિત્તમાં દેવદાનવનું યુદ્ધ! વિનાશ કાળે વિપરીત બુદ્ધિ! વિષપાન!—સ્નેહમાં સંકટ!!

માણસ ચાહે છે શું અને ઇશ્વર કરે છે શું? માણસથી થતું કોઇ કાર્ય માણસના હાથમાં હોત તો મૃત્યુ સરખી પાપી માણસને રહેતી મરણની બ્હીક અટકાવી શકવાને તે શું શકિતમાન ન થાત? ખરેખર! પ્રાણી માત્ર ઇશ્વરની અદ્દભુત શકિતને પ્રભાવે ચાલતાં યંત્ર છે, અને તે ચલાવવાનું કાર્ય તે મહાન પિતાનાજ હાથમાં છે! રંગભૂમિ ઉપર વેશ ભજવતા પાત્રના હાવભાવ સુત્રધારના આપ્યા થાય છે! સંસાર રંગભૂમિજ છે, ને ઇશ્વર—સુત્રધારનાં હાથમાં નાચતાં પાત્ર મનુષ્ય છે! ઘડી પછી પોતાની સ્થિતિમાં શું ફેરફાર થશે તે મનુષ્યનાં જાણવામાં આવતું નથી! "કાલે હું આમ કરીશ તો આટલા પૈસા કમાઇશ, ને આમ કરીશ તો રાજવૈભવ ભોગવીશ" એમ અજ્ઞાન મનુષ્ય શેખચલ્લી સાદ્રુક વિચારો કર્યા કરે છે, અને કાલે તેનું શું થશે તેનો વિચાર કરવાનું ઘુંપદનાં અંજનમાં અંધ બની વીસરી જાય છે; પણ પોતાની આશા પાર ન પડતાં જ્યારે પોતાની ઇચ્છા વિરૂદ્ધ પરિણામ તે અનુભવે છે, ત્યારેજ તેની બુદ્ધિ ઠેકાણે આવે છે, અને ત્યારેજ તેને પરમેશ્વરની અનહદ શક્તિનું ભાન થાય છે! આ બીના સર્વ જાણે છે! અમે કાંઇ અમારૂં નવું ઉમેરતા નથી, પરંતુ ઘુંપદના મદમાં અંધ બનેલ મનુષ્યની આંખો આડો આવી રહેલ અંતરપટ ખસેડી નાંખી, સંસાર રંગભૂમિ ઉપર બનતા અવનવા વિચિત્ર બનાવોનું ભાન કરાવી, તેને **સંસારની વિચિત્રતા** સમજાવવા આ અમારો પ્રયાસ છે! તેની યોગ્ય અસર ધારેલ માણસો ઉપર થાઓ અથવા નહીં તે કાંઇ અમારા હાથમાં નથી! ઇશ્વરના હાથમાં છે! ઇશ્વરે જે ધાર્યું હશે તે થશે!

આજે તા૦ ૨૫ મી એપ્રીલ અને શનિવારનો દિવસ હતો. દિવસનો વિશેષ ભાગ, ખરેખર, કાળ ચોઘડીયાંથી ઘેરાયલો હરમુખ અને કમળે પસાર કર્યો હતો. આગલાં પ્રકરણમાં કમળની સ્થિતિ તથા હરસુખ સંગે થયલી વાતચીત ઉપરથી તેમની કેવી સ્થિતિ હતી તે વાંચનાર જાણી ગયાં હશે! ત્યાંથી તેઓ હરમુખને ઘેર દીલગિરી દૂર કરવા ગયા, પણ જ્યાં તેમનાં શિરપર કાળ ચોઘડીયું પસાર થતું હતું, ત્યાં હજારો પ્રયત્ન કરવા છતાં પણ તેમને શાંતિ કયાંથીજ વળે?! એ કાળચોઘડીયાંના પ્રભાવે આજ તેમના ઉપર એક કાળું આફતનું વાદળું ઘેરાવા માંડયું હતું. બેયની વાતચીતમાં આજ કંઇક જુદોજ રંગ દીસતો હતો! આજ તેઓ એક બીજા સામે સ્થિર દ્રષ્ટિ રાખી જોઇ શકતા નહોતા! આજ કોણ જાણે શું થયું હતું, પણ બેયનાં મન કાંઇક જુદાં પડી ગયાં હોય એમ જણાતાં હતાં! પૂર્વજન્મનાં કોઇ સંયોગને લીધે એક બીજાને છોડી શકાતું નહોતું. સ્નેહરૂપ હૃદય, અને એ હૃદયે જોડાયલા કમળ અને હરમુખને જુદા પાડવાને, આપણા આ દ્રઢ સ્નેહીઓની સ્નેહ સાંકળ તોડી નાખવાને દેવ દુશ્મન અસુર ક

હો, સ્વર્ગ રાજ્યતંત્રી ઇંદ્રનો દુશ્મન સેતાન કહો, અને પવિત્ર નીતિનું ભાન કરાવનાર બુદ્ધ દેવનો દુશ્મન મારા કહો, અથવા હાલ આ સંસારમાં રાજ્ય કરતો કળી કહો, તેણે આજ આપણા કમળ અને હરમુખ વચ્ચેના દૈવી સ્નેહને તોડવાને પોતાનું પ્રબળ ધનુષ ચઢાવ્યું હતું ! પણ અમે આગળ કહી ગયા છીએ, અને ફરીને પણ કહીએ છીએ કે, જ્યાં હૃદય અને શુદ્ધ સ્નેહ એ ઇશ્વરી અંશ અથવા સ્વરૂપજ છે, ત્યાં સુધી દુષ્ટ કળીની આસુરી સંપત્તિ લેશ માત્ર પણ ફતેહમંદ થશે નહીં !

વાંચનાર ! હરમુખ કમળને પોતાને ઘેર લઇ ગયો, પણ ત્યાં કમળ જેવો ને તેવોજ રહ્યો. તેની મુંઝવણ દૂર થઇ નહીં. તે જડ બુદ્ધિનો થઇ ગયો. તે ત્યાં કાંઇ પણ વાતચીત કરી શકયો નહીં. આથી હરમુખની મુંઝવણ વધી. હરમુખનાં મનમાં એમ હતું કે, કમળને પોતાને ત્યાં લઇ જઇ બીજી વાતોમાં ચિત્ત રોકી તેને આનંદ પમાડીશ, પણ એ મનના વિચાર મનમાંજ રહ્યા. બેય લગભગ એક કલાક સુધી મુંગાજ બેસી રહ્યા, એટલે તેમની મુંઝવણમાં વધારો થયો ! સમય જતાં હરમુખનું ચિત્ત વિશેષ અસ્થિર થવા લાગ્યું ! બેય ઘરની બ્હાર નીકળ્યાં. તેઓ કઇ તરફ ચાલ્યા તેનું તેમને ભાન નહોતું. પણ તેમનાં પગ કુદરતી રીતે તેમનાં નિત્યનાં આનંદ પામવાને સ્થળે તેમને લઇ ગયા. તેઓ આકાશના વાદળાં સંગે વાત કરતી, ચોપાટીના દરિયા કિનારાની સામે આવેલી ટેકરી ઉપરના મુંબઇનું સ્વર્ગ—"હેંગીંગ ગાર્ડન" સ્વર્ગ અને પૃથ્વિની વચ્ચે ઝોકા ખાતા હિંચકા ઉપર જઇ બેઠા ! વૈશાખ શુકલ પક્ષની અજવાળી રાત્રી આ દુનિયા ઉપર પોતાનો અમલ ચલાવવા, પોતાના સાથી ચંદ્ર સહિત શૃંગાર સજીને, શૃંગારીઓને શૃંગારમાં પ્રેરવતી, કુદરતના ચાહનારાઓને કુદરતી લીલાનું ભાન કરાવી આનંદ પમાડતી આવતી હતી. પાસેનાં શ્રી બાબુલનાથ મહાદેવનાં મંદીરમાં આરતી થતી હોવાથી, આરતી ગાવાનો અવાજ, ઘંટાનો કાનને બ્હેર પમાડે એવો નાદ, અને નોબતનો ગડગડાટ વિગેરે મિશ્ર થવાથી આકાશ ગાજી રહ્યું હતું. આ સમયે આ આપણા સ્વર્ગીય ઉદ્યાનમાં જે રળીયામણો દેખાવ હતો તેનું યોગ્ય વર્ણન કરવામાં અમે અમારી કલમ રોકવા માંગતા નથી, કેમકે તે સ્થળ વાંચનારથી અજાણ્યું નહીંજ હોય ! કમળ અને હરમુખ આ નંદનવન સરખા આનંદી સ્થાનમાં એક બાજુએ વૃક્ષ લતાઓના મીલનથી થયેલી, કુદરતી રચનાનું ભાન કરાવતી ઘટામાં એક હાથ ઉપર માથું ટેકવી, પગ લંબાવી છુટા છુટા લીલાં ઝીણાં ઘાસ ઉપર પડયા. ચંચળ ચિત્તમાં દેવ અને દાનવનું યુદ્ધ થવા લાગ્યું ! સંસારની જંજાળોમાંથી મૂકત થઇ, આખા દિવસનાં કામમાંથી પરવારી, થાક દૂર કરવા સંધ્યાકાળે સમુદ્ર કિનારે ઘણાં સ્ત્રી પુરૂષો ફરતાં જોવામાં આવે છે. સમુદ્રની ઉછળતી લ્હેરો, આકાશનાં વાદળાંઓની અદ્દભુત રચના અથવા એવીજ કુદરતી રચના નીહાળતાં મનુષ્યને જે ઇશ્વરી આનંદ થાય છે, તે જગતનાં બીજા આનંદ કરતાં અતિશય ઉત્તમ છે, અને ઇશ્વર તરફ શુદ્ધ ભાવ ઉત્પન્ન કરાવે છે. ગમે તેટલી જંજાળોથી કંટાળી ગયેલાં મગજને પ્રફુલ્લિત થતાં ત્યાં સમય લાગતો નથી, પણ હરમુખ અને કમળની સ્થિતિમાં ફેરફાર કરવાને આ કુદરતની રમણીક રચના કેવળ અશકતજ નીવડી ! હરમુખનો આત્મા દેવ અને દાનવ વચ્ચે ચાલતા યુદ્ધનું સ્થાન થઇ

પડયું હતું! ચંચળ ચિત્ત અસ્થિર થતાં તેમાં દાનવે પ્રવેશ કરવા માંડ્યો, અને તેના ઉપર પોતાનું વધારે જોર ચલાવવા લાગ્યો, પણ તેના પવિત્ર આત્માને તે સ્હેજમાં પોતાના સપાટામાં લઇ શકે તેમ ન્હોતું! ચિત્તમાં દાનવને પ્રવેશ થતો જોઇ હુરમુખનો આત્મા જાગૃત થયો, અને પોતાની પ્રબળ શક્તિના પ્રભાવે તે દુષ્ટને પોતાનો અમલ બેસાડતો અટકાવવા તેણે પ્રશ્ન પૂછવા માંડ્યા.

"સંસારમાં જન્મ લઇ કોણ પવિત્ર છે?" હુરમુખના આત્માએ દાનવને પ્રશ્ન પૂછયો.

"જે જગતમાં નીતિને માર્ગે ચાલે તે સર્વ પવિત્ર જ છે! એમાં વળી પવિત્રતા વિષે જાણવાનું શું હતું?"

"જગતની નીતિ તમે કોને કહો છો? સર્વમાં ઉચ્ચ હોય તેમાં? પોતાનાં અને પારકાનામાં તફાવત ગણવામાં આવે તેમાં?

"જુઓ, નીતિ એનું નામ—તમારા માતપિતા, તમને આ જગતમાં જન્મ આપનાર તેમના ઉપર તમારૂં પહેલું હેત—ત્યાર પછી સ્ત્રી પર—ત્યાર પછી તમારાં વધારે ઓછા સબંધમાં જે ન્હાનાં મ્હોટાં મનુષ્ય આવે તેમની તરફ વધારે ઓછું હેત રાખવું—તમારા નોકર ચાકરો સંગે તેમના દરજ્જા પ્રમાણે વર્ત્તવું, અને જે રિવાજ સુખી થવા માટે બાંધવામાં આવ્યા હોય તે પ્રમાણે ચાલ્યા જવું તેનું નામ નીતિ!"

"શું તમારી નીતિ જગતમાં ભેદ બતાવે છે? તમારાં માતપિતા અને બીજાં બાળકોનાં માતપિતા, એમની વચ્ચે શું કાંઇ તફાવત? એક માતપિતાનાં બાળક અને બીજાં માતપિતાનાં બાળકમાં તફાવત? શું તમે એમજ કહો છો?"

"અલબત, એમજ! તમારાં માતપિતા, એ તમારાજ લાભ માટે, બીજાના લાભ માટે નહીં! એ પ્રમાણે ચાલનારા, જુઓ, સુખ વૈભવ ભોગવે છે, ગાડી ઘોડામાં મુસાફરી કરે છે, મ્હોટાં મ્હોટાં ઉંચા સાત મજલાનાં ભવ્ય ઘરો બંધાવે છે, અને ટુંકમાં, રાજ્યવૈભવ સરખાં સુખમાં મહાલે છે!" આમ દાનવે પવિત્ર આત્મા ઉપર સાદું મોહબાણ ફેંક્યું, પણ તેણે તે તરતજ કાપી નાંખ્યું.

"શું તમારાં માતપિતા, એ તમારાજ લાભ માટે, બીજાના લાભ માટે નહીં જ? તમારાં બાળક, એ તમારાજ સુખ માટે બીજાનાં સુખ માટે નહીંજ? શું એ સ્વાર્થ નહીં? સ્વાર્થ સુખ ભોગવી—અલ્પ કાળનું જ સુખ ભોગવી, એથી છેવટે દુઃખના ખાડામાં પડવાનું નથી?"

"હું એમ કહું છું કે, તમારૂં બાળક, તમારાં માતપિતા પહેલાં માત્ર તમારાં સુખ તરફજ નજર કરે! અને તમારૂં સુખ પુરૂં પાડી પછી બીજાનાં સુખ માટે ચિંતા કરે તો—"

"તમે કહો છો કે, 'માતપિતા અને બાળક, તમારાં સુખ માટે ચિંતા રાખે,' એ હું સમજ્યો! પણ હું પૂછું છઉં કે, એક માણસ—કહો પિતા પોતાના બાળકને સુખ આપે તો તે શું પોતાનાં બાળક તરફથી પોતાને સુખ મળવાની ઇચ્છા નહીં રાખશે?"

"અલબત, રાખશેજ! એ તો સામાન્ય છે—સર્વ માન્ય છે! એમાં તમે વળી નવું શું પૂછયું?"

"હું પૂછું છઉં કે, એક તરેહનો તે પણ સ્વાર્થ નથી શું?"

"સ્વાર્થ, સ્વાર્થ, શું કરો છો! સર્વ તરફ જરા દ્રષ્ટિ કરો! જગતમાં મનુષ્યો કેવી રીતે ચાલે છે, તે જરા આંખ ઉઘાડીને જુઓ! સંસારમાં માત્ર તમેજ એક મ્હોટા ડહાપણ ડાહ્યા છો એમ માનો છો શું?"

"જગતનાં સર્વ મનુષ્યને–અરેરે–હું જાણું છઉં કે તેમને તેં આંધળા બનાવી દીધાં છે! તેમને તારી મોહજાળમાં ફસાવી તેમની આંખ આડો અંતરપટ નાંખી દીધો છે, એટલે તેઓ બીચારાં સત્ય શું છે તે સમજી શકતાં નથી! પણ તે તારી અસર તેમનાપરથી અલ્પ કાળમાં દૂર થઇ જશે! અને છેવટે તારો અહંકાર નાશ પામશે! અને હું તેમને મ્હારા આશ્રયમાં લઇ સત્ય માર્ગે ચલાવીશ!" આત્મા–દેવે દાનવ ઉપર એક સહજ તીર ફેંક્યું.

"તમે તો મૂર્ખ છો, મૂર્ખ! તમારી અક્કલ ગુમ થઇ છે! પણ પસ્તાશો! મ્હારી સાથેના, મ્હારા માણસો તમને ધિક્કારશે! તમે દુઃખી થશો, હેરાન થશો, ખુવાર થશો! હુંજ તમને ખુવાર કરી નાંખીશ!"

"કોઇ દિવસ સત્યને લેશ પણ આંચ આવનારજ નથી! જ્યાં સુધી સર્વના હૃદયમાં સત્યતાનો ઝીણો ઝીણો ચળકાટ દેખાય છે, ત્યાં સુધી તેઓ તારા પાસમાં સપડાયેલ નથી! જ્યાં સુધી દિવસમાં એક વખત પણ મનુષ્ય દેવને યાદ કરે છે, ત્યાં સુધી તેમના ઉપર તારૂં પુરતું જોર ચાલવાનું નથીજ!"

"મ્હારા સપાટામાં નથી તો શું થઇ ગયું? અરે, ત્યાં સુધી તમારૂં જોર શું ચાલવાનું છે? હું તેમને સત્ય હાથ લાગવા દેશજ નહીં!"

"પણ જેઓ સત્યની તૃષ્ણા રાખે છે, સત્ય શોધવા મથે છે, તેઓ તારાં રાજ્યમાંથી નીકળતાં જાય છે! અને ખાત્રીથી માનજે કે તારો અહંકાર તેઓજ તોડશે!"

"અરે, પણ તેમને હું કોઇ પણ દિવસ ફાવવા દઇશ ત્યારેજ તેઓ મ્હારી સામે થવા આવશે ને? મ્હારાં રાજ્યમાં એવો કોણ માણસ છે કે, જે તારા વિચારને મળતો થાય? સઘળે સ્થળે સ્વાર્થની જાળીઓ બિછાય છે! કોઇ પળમાં ચઢે છે તો ઘડી પછી પડે છે! સુખ અને દુઃખ ભોગવે છે! અસ્ત ઉદયના કાળચક્રમાં ફેરા માર્યા કરે છે! અને જ્યાં જોઇશ ત્યાં મ્હારીજ ફતેહ છે! વળી જગતમાં જ્યાં સુધી મ્હારો સેવક સ્વાર્થ મ્હારી આજ્ઞાનુસાર પોતાનું કામ કરે છે, ત્યાં સુધી તો હુંજ ફાવીશ! અરે, તું પણ મ્હારાજ રાજ્યમાં છે! તું ગમે તેટલા પુકાર કર, પણ છેવટે મ્હારોજ જય છે! મ્હારા દુશ્મનનો તેં પક્ષ લીધો છે, પણ જોઉં છઉં કે તેની સંગે તું કેટલી વાર સુધી ટકી શકે છે!"

આ સર્વે વિચારો હરમુખનાં ચંચળ ચિત્તમાં એક પછી એક પસાર થઇ ગયા. દશેક મિનિટમાં તે ચમકી ઉઠ્યો–વિચારમાંથી જાગૃત થયો! વિચારપ્રવાહે બીજી તરફ વલણ લીધું, "શું ત્યારે જગતમાં ચારે બાજુએ સ્વાર્થ અને મોહ?! અફસોસ! કોઇ પણ એવું માણસ નથી કે જે સ્વાર્થ મૂકીને મને ભેટે? સઘળે ઠેકાણે ભેદ છે! ક્યાં અભેદ? કોઇ એવું માણસ નથી! અફસોસ! અફસોસ!" હરમુખે પોતાનાં હૃદયપર હાથ મૂક્યો! "કમળ–કમળ છે! જગતમાં સ્વાર્થ વગરનો કોઇ પણ જોઉં તો તે એ છે! મ્હારાં અંતઃકરણ ઉપર હાથ મૂકી જોઉં તો "સ્વ" શબ્દને ખાડામાં દાટી નાંખનાર એક તો મારો કમળજ છે! એણે મ્હારી તરફ

શું સ્વાર્થ દ્રષ્ટિ બતાવી ! કોઇ પણ દિવસે, અરે, કોઇ પણ ક્ષણે, મને યાદ નથી કે એણે મ્હારી તરફ સ્હેજ પણ સ્વાર્થ રાખ્યો હોય ! ખરેખર ! કુદરતને હાથેજ આ સ્નેહની સાંકળ સંધાયલી છે ! કેવું સુખ ! પણ અફસોસ ! કમળ આજ અપવિત્ર છે ! ઝેરી સ્વાર્થ વાસનામાં નહીં, પણ 'પ્રેમ, પ્રેમ' કરતો વિષ પ્રેમનો એ ભોગ થઇ પડયો છે ! પણ એનો શું દોષ ? જગતમાં કોઇ પણ માણસ એવું છે કે, જેણે જન્મથી મરણ સુધી એક પણ દિવસ ખોટા વિચારમાં કાઢયો નહીંજ હોય ! એક પણ દિવસ એવો છે કે, કોઇ વિષય વાસનાનો ભોગ નહીંજ થયો હોય, અથવા તેનાં મનમાં વિચાર નહીંજ કર્યો હોય ! અફસોસ ! જ્યાં સ્વાર્થ, મોહ, અને અસત્યનું બાંધેલ તંત્ર નીરંતર ચાલતું હોય, ત્યાં એક દિવસની વાત શું કરવી ? પણ કમળ તો લેશ છે ! જગતમાં અસંખ્ય માણસો એવાં છે, જેઓ અંધારામાં હજારો કાળા કરતુકો કરતાં હશે ! પણ તેમને તે માટે લેશ પણ ઇશ્વરનો ડર નહીંજ લાગતો હોય ? ! જગતનાં મનુષ્ય તરફ જોતાં કમળ એટલો બધો દોષિત નથી ! એ ફરી પવિત્રતાના માર્ગપર આવશે ! પણ સંસાર ! શું સ્વાર્થ-મોહ-પ્રપંચ-ઠગબાજી, કાવત્રાં, એ સંસારમાંથી નહીંજ જાય ?" તેનું હૃદય ભરાઇ આવ્યું ! કાળની માફક ફુંફાટા મારતો સર્પ જેમ કરડવા દોડે તેમ આ જ દુનિયાની નીચતા અને સ્વાર્થ તેને કરડતા હોય, એમ તેને લાગ્યું ! સર્વ કોઇમાં—ગમે તેવા પવિત્ર માણસમાં પણ આજ તેને અપૂર્ણતા લાગવા માંડી ! તે પોતાના મનમાં બડબડવા લાગ્યો, " મોહના ફાંસામાં ફસી હજારો ખુવાર થયા ! કેટલાક મ્હોટા ઋષિઓ—મહાન પુરૂષો એ ફંદમાં ફસાઇ, એમાંથી ન છુટી શકતાં છેવટે ખુવાર થઇ ગયા છે ! તેઓની અંતે શું સ્થિતિ થઇ હશે ! વિચાર કરતાં મ્હારૂં મસ્તક ભમે છે ! મ્હારી મુંઝવણ વધે છે ! બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા, સર્વ કાળ એક સ્વપ્નની માફક વહી જશે ! બાળકપણમાં રમત ગમત, યુવાનીમાં વિષય અને મોહ, અને વૃદ્ધપણે ચિંતા અને ઉપાધી—અરેરે ! ત્યારે શું કોઇ પણ નહીં કહેશે કે, સંસારમાં એક પળ પણ ઉપાધી વગરની અને શાંતીવાળી છે ? !—અરેરે !—

ઉમર આખી ઉપાધીમાં,<br>
અરે ! શાંતી મળે ક્યાંથી ? "

તેણે એક ઉંડો નિઃશ્વાસ નાંખ્યો ! તેની મુખમુદ્રા ઉદાસીથી છવાઇ ગઇ ! તે બહુ દુઃખી થવા લાગ્યો ! અત્યારે તેનું અંતઃકરણ એટલું બધું દુઃખી થતું હતું કે, એવું તેણે કોઇ દિવસ પણ અનુભવ્યું નહોતું ! ખરેખર ! ઓચિંતિ દાનવના છુપાં પ્રહારની આફત જ્યારે માણસને ઘેરે છે, ત્યારે જગતનાં માણસ એમ સમજે છે કે, મનુષ્ય કારણ વગર દુઃખી થાય છે !" કારણ વિના દુઃખી થવું, એ મનુષ્યનાં સંબંધમાં સ્વાભાવિક રીતે ઘણી વાર બને છે. માણસ પોતે પોતાનાં દુઃખનું કારણ નીહાળી શકતો નથી. તોપણ કારણ વિના કંઇ પણ કામ થતું નથી, એ નિયમ સહુના ધ્યાનમાં હશે ! હરમુખના સંબંધમાં તેનાં હૃદયનાં દુઃખનું સબળ કારણ **સંસારની વિચિત્રતામાં** મહાલતા મનુષ્યો કદાચ જોઇ શકતા નહીં હોય—વાંચનાર પણ જાણી શકતા નહીં હોય કે, હરમુખને દુઃખી થવાનું કારણ શું હતું ? તેઓ માત્ર એમ ધારતા હશે કે, હરમુખનાં શુદ્ધ હૃદયની પવિત્રતાપર કંઇ નવીન દરશનની અસર થઇ હતી એમ કહી ગયા તેમ આ સ્વર્ગીય ટેકરીપર પણ આપણા આ મુંઝવણમાં પડેલા સ્નેહીઓને શાંતી અથવા

આનંદ મળ્યો નહીં. વિચિત્ર ઉંડા વિચારોથી તેમની મુંઝવણ વિશેષ વધી ગઇ, અને હરસુખ, વાંચનાર કહેતા હોય તો, કારણ વગરજ દુ:ખી થવા લાગ્યો. એક માણસપર જેમ મહા ભયંકર સંકટનું વાદળું તુટી પડયું હોય અને તેવે સમયે તેની મુખમુદ્રા મ્લાન થઇ ગઇ હોય, તેમ તેનું મુખ જણાવા લાગ્યું. વાંચનાર! કહી શકશો કે તેના ઉપર એવી મ્હોટી કઇ આફત આવી પડી હતી? અમે કહીશું કે જગતમાં માણસને નજીવું જેવું લાગતું કારણ આજે તેને અતિશય ગંભીર લાગતું હતું! રાત્રી ઘણી વીતિ ગઇ હતી. આઠ સવાઆઠ વાગ્યાનો સમય થયો હતો. ઘર તરફ પાછા ફરવાનો વખત વહી ગયો હતો. હરસુખ દુ:ખી હૃદયે ઉઠયો, અને સ્હેજ દૂર પડેલા સુતેલા કમળને બોલાવવા ગયો. મનની મુંઝવણમાં, અને વિચારમાં કમળ હતો ત્યાંથી બીજી તરફ તે આગળ ચાલ્યો ગયો, અને ત્યાં કમળને શોધવા લાગ્યો. પહેલીજ નજર ફેંકતા ત્યાં કમળને ન જોતાં તે આસપાસ ફરી જોવા લાગ્યો, પણ "કમળ જણાયો નહી. તે મુંઝાયો—અકળાયો—ગભરાયો —કમળના સંબંધમાં કંઇ ખરાબ શંકા આવવા લાગ્યો! તે બબડી ઉઠયો, "આજ આ શું થાય છે? આજે કોણ દુશ્મને મ્હારો પીછો લીધો છે?! અરેરે! મને વગર કારણે કોણ દુષ્ટ હેરાન કરે છે? આજ મને કલેશ કેમ થાય છે? ઓ: ઓ:! આજ જેટલી અકળામણ મ્હેં કોઇ દિવસ અનુભવી નહોતી! જગતમાં આવીજ મુંઝવણ હોય તો એવા જગતમાં રહીને શું ફાયદો! અરે! પણ જગતનાં સઘળા મનુષ્યને શું મ્હારા સરખીજ મુંઝવણ થતી હશે! ના! ના! તેમને તો કાંઇ નથી! અરે! તેમને શા માટે નથી થતી, ને માત્ર મને એકલાનેજ આમ થવાનું કાંઇ કારણ ? અરે! કમળ ક્યાં ગયો! અહિયાં એ કેમ દેખાતો નથી! મને દુ:ખી થતો મૂકી એ પણ ચાલ્યો ગયો શું? નીચ કમળ—દુષ્ટ કમળ! તું મ્હારો સ્નેહી થઇ મનેજ હેરાન કરે છે! અરે! મને બળતાને વધુ શા માટે બાળે છે! અરે! તું ક્યાં ગયો–ક્યાં અદ્રશ્ય થઇ ગયો?" તેણે "કમળ! કમળ!" એમ મ્હોટે સાદે બૂમ મારી. આંખમાં અશ્રુબિંદુ ઝળકવા લાગ્યાં!

તેની બૂમ સાંભળતાં દૂર પડેલ કમળ એકાએક ચમક્યો, વિચારમાંથી જાગ્રત થયો, અને ઉઠી અવાજ આવતો હતો તે તરફ દોડયો. ઉતાવળે દોડતાં પગમાં ધોતીયાંનો છેડો અટકવાથી તે જમીનપર પછડાયો, અને તેનાં ધુંટણમાં વાગ્યું, પણ તેની લેશ માત્ર પણ દરકાર કર્યા વિના તે ત્યાંથી ઉઠયો, અને ત્વરાથી તેની પાસે જઇ તેને ખભે હાથ મુકતાં અધીરાઇથી બોલ્યો, "કેમ શું કહો છો ભાઇ!"

"ક્યાં હતા આટલી વાર સુધી?" હરસુખે તેની તરફ ફરી અધીરાઇથી પૂછયું, પણ એટલામાં ફરી તેની આંખમાંથી અશ્રુધારા વહેવા માંડી.

"અહિંયાજ! જ્યાં આપણે બેઠા હતા ત્યાંજ! તમે ઉઠીને અહિં ક્યારે આવ્યા?" જડ સરખા થઇ ગયેલ કમળે જવાબ આપ્યો.

"કેટલા વાગ્યા છે તેની કાંઇ ખબર કે ભાન છે? સાડા આઠ પોણાનવનો સમય થઇ ગયો છે! ઘેર માતપિતા રાહ જોતાં બેઠાં હશે તેનો કાંઇ વિચાર થાય છે? બસ! અહિંયા બેઠા તે બેઠાજ! ઘરનાં માણસોનો કાંઇ ખ્યાલજ નહીં મળે!" હરસુખે વિચિત્ર આવજે કહ્યું.

"કેટલા વાગ્યા હશે તેની મને શું ખબર પડે? ચાલો ત્યારે!" કમળે ધીમે સાદે કહ્યું, અને ચાલવા માંડ્યું.

"તમને શેની ખબર છે? નથી કાંઇ ભાન! નથી કાંઇ ધ્યાન!" હરમુખે ગુસ્સામાં આવી કહ્યું.

"હા ખરેખર! એમજ છે ભાઇ! તમે જેમ કહો છો તેમજ છે!" કમળે નરમાશથી જવાબ આપ્યો.

તેઓ સ્વર્ગીય ટેકરી ઉપરથી નીચે ઉતર્યા, અને શહેરના વસ્તિવાળા ભાગમાંથી પસાર થવા લાગ્યા. માર્ગમાં ચાલતાં ચાલતાં દુષ્ટ દાનવે ફરી હરમુખમાં ચિત્તમાં પ્રવેશ કીધો, અને પોતાની પૂરતી અસર તેના ઉપર બેસાડતો, તેણે પોતાની શકિત ચલાવવા માંડી. હરમુખે કમળ ઉપર પોતાનો ગુસ્સો ખાલી કરવા માંડ્યો: "કમળ! ખરેખર! તમે મ્હોટા મૂર્ખ અને અક્કલ વગરના છો! આવા નીવડશો એમ તો હું કોઇ દિવસ સ્વપ્ને પણ ધારતો નહોતો! મ્હારા બીજા સ્નેહીઓ, નટવર વિગેરે મને વારંવાર કહેતા હતા કે, આપણ વચ્ચેના સ્નેહનું પરિણામ સારૂં નહીંજ આવે! ખરેખર! તે આજે નજરે જોવાનો સમય આવ્યો! તેણે મને તમારા સંબંધમાં વિશેષ ન આવવાની સુચના કરી હતી, તે છતાં પણ તમારા તરફ મ્હારાં અંતઃકરણનું ખેંચાણ થવાથી હું તમને વળગી રહ્યો! તેઓનું કહેવું મ્હેં તે સમયે ગણકાર્યું નહીં, અને તેઓ આપણ વચ્ચેના સ્નેહથી બળી ઇર્ષાને લીધે મને ભમાવી તમારાથી છુટો પાડવાનેજ એમ બોલતો હશે, એમ માની મ્હેં તેમનાં વચનો ઉપર વિશ્વાસ રાખ્યો નહીં! અફસોસ! ત્યારેજ છેવટે હું આ પરિણામ નીહાળું છું! કમળ! મ્હારા સંબંધમાં તમે આટલા દિવસ સુધી આવ્યા, તોપણ તમને તેની લેશ પણ અસર નહીંજ થઇ! અને તમે આમ ભ્રષ્ટ થયા?! અરેરે! તમને આમ કરવાની કોણે મતી સુઝાડી?! આવું પગલું ભરતાં તમારી હિંમતજ કેમ ચાલી?! અફસોસ! તમને આવાં રૂપમાં હું જોઇશ, એવો મને કદી સ્વપ્નમાં પણ ખ્યાલ નહોતો આવ્યો!" કમળ મુંગો મુંગો સાંભળતો હતો. હરમુખનો ગુસ્સો હજી શાંત પડયો નહોતો. માર્ગમાં ચાલતાં તેના અંતઃકરણમાંથી ઉભરો નીકળ્યાજ કરતો હતો! "ખરેખર, હદજ વાળી નાંખી! મ્હારા શાંત વિચારમાં અતિશય ભંગ પાડ્યો! મ્હારે મન સંસારમાં જુદા જુદા માર્ગ થઇ ગયા! 'કયો માર્ગ ખરો અને કયો ખોટો? અને આ સર્વ શું?' એ મને આજ સુજતું નથી! અરે, કમળ આજે મ્હારી મતી જાણે ગુમ થઇ ગઇ છે! સંસારની દરેક વસ્તુમાં આજે મને કંઇ કંઇ ખોટુંજ લાગે છે! સંસાર મ્હારી નજરે ઝેર સમાન જણાય છે! 'સંસારમાં જન્મ લંઇ માણસનું કર્તવ્ય શું?' તે આજેજ મ્હારાથી સમજી શકાય છે, અને જો તે કદાચ સત્ય હોય તો જગતનાં માણસો એ રસ્તે ક્યાં ચાલે છેજ! પણ—" તે બોલતાં બોલતાં એકાએક અટકી ગયો.

"(જે કહેવું હોય તે કહો! બોલતાં બોલતાં અટકી કેમ ગયા? બોલો, બોલો! તમારે મુખેથી સાંભળતાં—" કમળે કહ્યું, પણ તેનું વાક્ય પુરૂં થાય તે પહેલાં હરમુખ વચમાં બોલી ઉઠયો, કમળ ચુપ થઇ ગયો! "હા કહું છું! જે ખરૂં છે તે કહેવામાં મને લેશ પણ અડચણ નથી! તમને કદાચ મ્હારાં વચનો સાંભળી દુઃખ લાગશે પણ તેની મને જરા પણ ચિંતા નથી! મ્હા-

રાં મનમાં આવતો એ વિચાર આજે હું કાઢી નાંખીશ !”

“સુખેથી કહો ! તમારાં વચનોથી મને જરા પણ દુઃખ લાગશેજ નહીં ! પણ ઉલટાં તે મ્હારાં અંતઃકરણમાં અમૃત સરખા પ્રીય થઇ પડશે !” કમળે નમ્ર પણ દ્રઢ અવાજે કહ્યું.

“હું ફરીથી કહું છું કે, મ્હારા કહેવાથી તમને દુઃખ લાગે અથવા સારૂં લાગે તેની મને જરા પણ દરકાર નથી !” હરમુખે ગુસ્સામાં કહ્યું, “મને જે સત્ય લાગે છે, તે કહેવાની મ્હારી ફરજ છે ! અને તે મ્હારે બજાવવીજ જોઇએ ! કમળ ! ખરેખર ! તમે તો મને બહુજ દેખાડયું ! તમારા સબંધમાં પણ બહુજ થયું ! થયું તે થઇ ગયું ! તે હવે કોટી ઉપાયે પણ મટવાનું નથી ! જગતમાં શુદ્ધ પવિત્ર માર્ગમાં પણ આજે હું કાળું ધોળું સઘળે સ્થળે જોઉં છું ! પણ આજે કહું તો તમેજ મ્હારી મુંઝવણનું કારણ થઇ પડયા છો ! આપણા સ્નેહમાં તમે આજે કાળું કલંક લગાડયું છે ! અરે ! હવે તે શું જીવિત પર્યંત ભુંસાવાનું છે ? !”

“નશીબ મ્હારાં ! સ્નેહિથી ન છુપાવતાં ખુલ્લે ખુલ્લું સર્વ સત્ય કહી દીધું, તેનું જ આ પરિણામ કે, હું તમારી મુંઝવણનું કારણ થઇ પડયો ! જો મ્હેં હંમેશ સુધી આ છુપાવ્યું હોત તો પવિત્ર સ્નેહનાં ઉંડાણમાં નહીં જઈ શકત ?” કમળના મનમાંથી એ વિચાર પસાર થઇ ગયા. હરમુખનું બોલવું હજી બંધ થયું નહોતુ. “ખરેખર ! શું કહું ? કમળ ! તમે નીચ છો–હલકી વૃત્તિના છો–હલકા વિચારના છો–દુષ્ટ બુદ્ધિના છો–હલકી કેળવણી લીધેલ અંતઃકરણવાળા છો ! શું કહું ? અફસોસ ! તમે મ્હારાં સંબંધમાં કેમ–શા માટે આવ્યા ? ! તમે આ દુનિયામાં જન્મ શા માટે લીધો ? અરે ! પરમેશ્વરે પણ એટલી દયા ન કરી કે તમને મ્હારા સંબંધમાં આવવા ન દીધા ! અરેરે ! એ પણ ક્રૂર થયો ! પણ નહીં ! ઇશ્વરનો દોષ શા માટે કાઢું ! દોષ સઘળો મ્હારોજ છે ! મ્હેં પોતેજ મૂર્ખાઇ કરી છે ! મ્હેંજ અંધ બની વગર વિચાર્યું પગલુ ભર્યું છે ! બીજાએ એ મને યોગ્ય ચેતવણી આપ્યાં છતાં પણ હું અંધ બની, પોતાના હાથમાંજ દીવો લઇ કુવામાં પડયો છું ! હવે અન્યને દોષિત શા માટે ગણું છું ! અફસોસ ! નટવરલાલનો એક શબ્દ પણ કાને ન ધર્યો–સાચો ન માન્યો, નહીં તો મ્હારે આ સ્થિતિમાં આવવું નહીંજ પડત ! જગતમાં શું કહેવાશે ? જરા તેનો કાંઇ વિચાર કરો હતો ! ‘હરમુખના સબંધમાં આવેલ છતાં–તેની સંગે નિત્ય ફરવા છતાં કમળ નીચ–વીષયી !’ અફસોસ ! અફસોસ ! તમારી વાત યાદ કરતાં અંતઃકરણ ચીરાઇ જાય છે ! વિચાર કરતાં શરિરમાં કમકમાટ છુટે છે !”

આમ વાત કરતા ચાલ્યા જતા હોવાથી તેમને માર્ગ જણાયો નહીં. તેઓ છેક હરમુખનાં ઘર સુધી આવી પહોંચ્યા. કમળ પોતાને ઘેર ન જતાં હરમુખનાં મુખમાંથી ગુસ્સાના વચનો સહનશીલતા ધારણ કરી સાંભળતો, તેને શાંત કરવા તેને ઘેરજ ગયો. દાદર ચ્હડી તેઓ ઘરમાં આવ્યા. હરમુખ પોતાના ખાનગી ઓરડામાં ગયો. કમળ પણ તેની પાછળ ત્યાં ગયો. આ સમયે હરમુખની આંખમાં અશ્રુબિંદુ ઝળકતાં હતાં ! તેની મુખમુદ્રા ગુસ્સાથી છવાયલી હતી ! કમળની મુખમુદ્રા પણ નિરાશા અને દીલગિરીથી ઉતરી ગયલી હતી ! તે જડવત હરમુખના મ્હોં સામે જોતો ઉભો.

"મ્હારાં મ્હોં સામે શું જુઓ છો ? શરમાઓ—જરા શરમાઓ !" હરમુખ ક્રોધાવેશમાં બોલી ઉઠયો.

"કમળે મસ્તક નીચું નમાવ્યું !

"જ્ઞાતિ લજવો છો ! કુળના ઉચ્ચ નામને કલંકિત કરો છો ! સર્વ લજવો છો ! અને છેવટે મને પણ લજવો છો !" હરમુખના વાક્પ્રહાર ચાલુ થયા. "તમારી જ્ઞાતિ કઈ ? તમારૂં કુળ કેવું ? તમારા મુરબ્બીના આબરૂ કેટલી ? અને હું કોણ ? આપણ વચ્ચેનો સ્નેહ કેવો ? અફસોસ ! કમળ ! એ સર્વનો તમને કાંઇ વિચાર નહીંજ આવ્યો ! ખરેખર ! એ સઘળા ઉપર તમે હમણાં તો પાણી ફેરવી દીધું છે !" કમળની આંખમાંથી અશ્રુધારા વેહવા લાગી ! હરમુખનું બોલવું હજી સમાપ્ત થયું નહોતું:—"બોલ્યું તે બોલાયુંજ છે ! હંમેશને માટે બોલાઇજ ચૂકયું છે ! થયું તે ન થયું થવાનું નથી ! એ કાળું કલંક જીંદગી સુધી કપાળે ચોંટેલુંજ છે !" કમળના આંસુ વધારે વેગથી વહેવા લાગ્યા. તેનું અંતઃકરણ ભરાઇ આવ્યું. તે કાબુમાં રહી શકયું નહીં, ને તે મ્હોટેથી બાળકની માફક રડી પડયો ! "આજ તમારૂં મ્હોં જોવું નથી ગમતું ! આજ તમારૂં મુખ મ્હારૂં દુશ્મન થયું છે ! તમને જોતાં મ્હારૂં મગજ ભમે છે ! ખરેખર ! આજ તમે મ્હારા વૈરી જેવા લાગો છો ! તમારે બદલે આજ કોઇ બીજો હોય તો મને આવું દુઃખ થાય નહી ! તમારી સાથેનો મ્હારો અનહદ પરિચયજ આજ મને રડાવે છે—દુઃખી કરે છે ! તમે મ્હારા એક સ્નેહિ પણ આજ વૈરીનાં રૂપમાં ફેરવાઈ ગયા છો !"

જડ પયેલ કમળનાં ચિત્તને ચાવી દેવાઇ ! મનનું યંત્ર ગતિમાં આવ્યું, અને મુખમાંથી અવાજ નિકળ્યો ! "અફસોસ ! તમારા વૈરી ! તમારે મુખેથી એ સાંભળવાનો આજ મને સમય આવ્યો ! અરેરે ! એક સ્નેહિનું હૃદય કેવું હોય તે આજ સુધી મ્હેં દેખાડવાનો પ્રયત્ન કર્યો તેનું પરિણામ આ ?! હરમુખ ! એક પણ દિવસ કહો—અરે ! હું મ્હારે મુખેથીજ કહું એથી મ્હારી નીચતા જણાય, તોપણ પવિત્ર સ્નેહ—શું એ શિવાય આપણ વચ્ચે કશો સ્વાર્થ સંબંધ છે ? જગતમાં સ્વાર્થ માટે બંધાતી મિત્રતા અને દુશ્મનાઇ આપણ વચ્ચે પણ છે શું ? તમે આ શું વદો છો ? તમે જો એ સાબીત કરતા હો તો મૃત્યુ કરતાં પણ અધિક ફળ ચાખવાને હું તય્યાર છું !"

"હું કયાં એમ કહું છું ?" હરમુખ ગુસ્સામાં ભભુકી ઉઠયો ! "તમે મૂર્ખ છો ! મ્હારાં કહેવાનો અર્થ તો સમજો ! મને શા માટે આટલું બધું દુઃખ થાય છે ? આપણ વચ્ચે સ્વાર્થિ સ્નેહ હોત તો મને કદી પણ આટલી દીલગિરી થાત નહીં ! પણ—"

"હું સમજ્યો !" કમળે દ્રઢતાથી કહ્યું. "તમારી તરફ મ્હેં કયારે નીચતા બતાવી ? મ્હારાં પત્નિ સુબુદ્ધિ તરફ તો હું બેવફા થયો, પણ તેમાં તમારે આમ દુઃખી શા માટે થવું જોઇએ ? મ્હારા દોષ માટે તેણી તરફ મ્હારે જે કરવું જોઇશે તે હું કરીશ ! હવે—"

"પણ પાપ કર્યા પછી પ્રાયશ્ચિત કરવાથી શો ફાયદો ? એક વાર કાળો ડાઘ કપાળે લાગ્યો તે કોઇ કાળે હવે ભુસાવાનો છે ? તમને જોતાં નિત્ય મ્હારૂં હૃદય કેવું બળશે તેનો કાંઇ તમને વિચાર આવે છે ?"

"ભાઇ ! એમ હૃદય બાળો એ નિરર્થક છે !" કમળે નરમાશથી કહ્યું. "જગતમાં

અસંખ્ય માણસ એક પછી એક હું શોધી શોધીને બતાવું! અરે! આપણી જ્ઞાતિનાજ નંગને હું સારી રીતે ઓળખું છું, તેમાંથી એકે એકના નજરે જોયલાં અંધારામાં કરેલ કાળાં કરતુકોની નોંધ મ્હારી ડાયરીમાં લખેલ છે–"

"જગતના માણસો અને જ્ઞાતીના નંગો પાપના કુવામાં પડેલ છે, એટલે તમારે પણ પડવુંજ જોઇએ નહી?" હરમુખ ગુસ્સાથી વચમાં બોલી ઉઠયો. "હું તમારે માટે કહું છું! બીજાઓની મને લેશ પણ દરકાર નથી! અરે! હું તમારી પવિત્રતા માટે અભિમાન ધરાવતો હતો, તે આજે નાશ પામ્યું છે, તે જોઇ મને અફસોસ થાય છે! અરે! મ્હારા પવિત્ર મિત્રોમાં હું તમને કેમ ગણીશ?! તમો સરખા વિષયનો કાળો ડાઘ કપાળે ધરાવતા એક નિકટના સ્નેહિ સંગે ફરતાં મને કેવું લાગશે! હાય!" તેણે એક ઉંડો નિઃશ્વાસ નાંખ્યો! તેની આંખમાં આંસુ આવ્યાં!

"એટલાજ માટે મુંઝાઓ છો! એજ દુઃખનું કારણ છે!" કમળે નમ્રતા સહ ગંભીરાઇથી જણાવ્યું. "તો એનો ઉપાય સ્હેલ છે! હું તમારાથી દૂર થઇશ! તમને હવેથી મ્હારૂં મુખ નહીં દેખાડું, પછી શું? હું તમારી દ્રષ્ટિ આગળથી દૂર થતાં તમે આનંદમાં રહો એમ હોય તો મ્હારી ફરજ છે કે, મ્હારે તેમ કરવુંજ જોઇએ! બસ! ભાઇ હું તમારાથી દૂર થઇશ–સદાને માટે દૂર થઇશ! તમે પણ તમારાં અંતઃકરણમાંથી મને કાઢી નાંખજો—મને વીસરી જજો! બસ! એમજ માનજો કે હું તમને સંસારમાં મળ્યોજ નથી!" તેનું હૈયું ભરાઇ આવ્યું! તે વધારે રડવા લાગ્યો.

"ઓહ! વીપરીત બુદ્ધિ કેમ સુઝે છે! મ્હારાં કહેવાનો ઉંધો ભાવાર્થ કેમ સમજો છો! હું કયાં તમને મ્હારાથી દૂર જોવા ઇચ્છું છું?" હરમુખે રડમસ અવાજે કહ્યું.

"આજ આમ કેમ? હમણા તમારાં મગજમાં સાધારણ ફેરફાર થતો જોઉં છું! ઘડી પહેલાંજ કહ્યું કે, મ્હારૂં મુખ તમને જોવું નથી ગમતું ને વળી આમ કેમ બોલો છો?"

"અફસોસ! આ સર્વ શું થવા બેઠું છે! મને કાંઇ ખબર પડતી નથી! મ્હારા સ્નેહિનું મુખ મને જોવું નથી ગમતું? નહીં નહીં! મ્હારાં મુખમાંથી કદી પણ આવા શબ્દ નીકળે એમ હું કોઇ કાળે પણ માનુંજ નહીં! કમળ! તમારાં હૃદયને તો હું ચાહું છું! તેને તો હું કદી નહીં છોડું! નાં, ના! તમને તો હું મારી દ્રષ્ટિ આગળથી દૂર નહીંજ થવા દઉં!" હરમુખે દ્રઢતાથી કહ્યું.

"હશે! ગમે તેમ હોય, પણ મ્હારી સંગે વાત કરવાથી–મારૂં મુખજ જોવાથી આજ તમે આટલા દુઃખી થયા છો! મ્હારી વાત સાંભળતાં તમે અસહ્ય દીલગિર થશો એમ મારી કલ્પનામાં પણ નહોતું, નહિં તો હું કદી તમને કહેતજ નહીં! પણ હવે શો ઉપાય! કહેવાયું–બસ, તમારાથી છુપાવી ન શકાયું, તે કાંઇ હવે ન કહેવાયું એમ મ્હારાથી બની શકે તેમ નથીજ! અને એ કારણેજ તમે મને જોતાં દુઃખી થાઓ છો, તો એ તમારૂં દુઃખ દૂર કરવાનો ઉપાય છે! અને તે એજ કે મ્હારે તમારાથી દૂર રહેવું! એથી મ્હેં નિશ્ચય કર્યો છે કે હું તમારાથી દૂર થઇશ–દૂર વસીશ–તમો તરફ ખેંચાતા હૃદયને દાબી રાખીશ, ને તમને નહીંજ મળીશ!" કમળ દ્રઢ થઇ બોલ્યો.

"આ શું બોલોછો?" હરસુખે ગ- ળગળો થઇ રડતાં કહ્યું. "કમળ! તમે મ્હારી તરફ કેટલા ઘાતકી થાઓ છો! મ્હારાં કહેવાનો ઉંધો અર્થ કેમ કરો છો?!"

કમળનું દુ:ખી અંતઃકરણ આ જોઇ શક્યું નહીં! તે ગળગળો થઇ બોલી ઉઠયો, "ઇશ્વર! ઇશ્વર! આજનો દિવસ કેવો વિ- પરિત પસાર થયો છે! બોલતાં અને સાંભળ તાં દર ક્ષણે મુંઝવણ વિશેષ વધ્યાજ કરે છે! હરસુખ! ભાઇ! તમે રડો છો શું! શા વાસ્તે? અરે! હુંજ વિષયી-નીચ-પાપી-ક્રૂર તમને રડાવું છું! અરે! તમારી દુ:ખદ સ્થિ તિ મ્હારાથી નથી જોઇ શકાતી! તમને દુઃ- ખી થવાનું હુંજ કારણ થઇ પડયો!" તે રો વા લાગ્યો!

"ભાઇ! રડો નહીં! આમ દુ:ખી ન થાઓ! હું તમારાથી દુઃખી નથી થયો! મને દુઃખી થવાનું કારણ લેશ પણ તમે નથી આ પ્યું! પણ હું મુંઝાઉં છું! શા કારણથી મું ઝાઉં છું એ હું પોતે નથી જાણતો! પણ તમે છાના રહો!" આમ કહેતા તેનાથી રડવું રોકી શકાયું નહીં, ને તે પણ મ્હોટેથી રડવા લાગ્યો. થોડીવાર સુધી બેય જણે રડયા જ કીધું!

"બસ! કમળ, તમે અહિંયાંથી જા- ઓ, સત્વર જાઓ!" તે એકાએક બોલી ઉઠયો.

"તમે રડો છો, દુઃખી થાઓ છો, એ નજરે જોતાં હું તમને એવી સ્થિતિમાં છોડી ચાલ્યો જાઉં, એ મને યોગ્ય છે?" કમળે ગદ્‌ગદ્ કંઠે કહ્યું.

"હું કહું છું કે, બસ, એકદમ અત્રેથી જાઓ! વધારે વખત તમારૂં મુખ મને બતા વો નહીં!" ગુસ્સામાં હરસુખથી બોલાઇ ગયું! કમળ થોડી વાર આંખમાં અશ્રુ સહિત નીચું જોઇ ઉભો રહ્યો. હરસુખ પોતાનાં મ- નની મુંઝવણમાં હતો! ક્ષણ વારમાં કમળ ત- રફ ફરી નજર આવતાં વળી મ્હોટેથી બૂમ પાડી ઉઠયો, "હજી ઉભા છો!" કમળની આંખમાંથી આંસુની ધારા જોરથી વહેવા માં- ડી. જવાને પગ ન ઉપડતાં પણ તેણે ધીમે પગલે નીચી નજરે ત્યાંથી ચાલવા માંડયું-દા દરના પગીથીયાં ઉતરવા માંડયા! એક ક્ષણ- માં હરસુખ બદલાઇ ગયો. તેને જતો જોઇ તે ઉતાવળે તેની પાછળ ગયો, ને દાદરમાંથી તેનો હાથ પકડી પાછો પોતાના ઓરડામાં તે- ડી લાવી ગાદીએ બેસાડી ગળગળો થઇ બો- લ્યો. "કમળ! ખરેખર! હું તમને એક કુતરાના તોલનું અપમાન આપું છું! તમા- રી સહનશીલતા માટે હું શું કહું?! બસ! મ્હારાં હૃદયમાં આજ અગ્નિનો ભડકો બળે છે! મને કાંઇ થાય છે! અરે! મને કંઇ થાય છે!" આમ કહેતાં કમળના ખોળામાં મસ્તક મૂકી તે મ્હોટેથી રડવા લાગ્યો! કમ ળ પણ ચોધાર આંસુ ખાળવા લાગ્યો! બેય સ્નેહિ આજ દુષ્ટ દાનવ પ્રતાપે દુઃખી-વિના કારણે દુ:ખી થતા રડવા લાગ્યા! વાંચનાર! આ તેમની સ્થિતિ કોઇ પણ મ- નુષ્યના [illegible] નહીંજ આવી, પણ એક દૈવજ, પોતાના આ બાળકનું દુઃખ જોઇ દુ- ષ્ટ [illegible]જારો શ્રાપ આપતો હતો! થોડી [illegible] હૃદયનો ભાર ઓછો થયો, પણ હજી હરસુખની મુંઝવણ ઘટી નહોતી. તેનું લોહી ફરી ઉકળી આવ્યું! અને ગુસ્સા- માં ઉઠી કમળનો હાથ પકડી તે બોલી ઉ- ઠ્યો, "તમે મ્હારા સંબંધમાં શા માટે આ- વ્યા? બસ! તમે જાઓ! તમને મ્હેં શું- કરવા પાછા બોલાવ્યા! જાઓ, બસ, નીક- ળો અહિંયાથી! તમેજ મારા દુશ્મન છો!"

કમળને આ વાક્ય અસહ્ય લાગ્યાં! તેની આંખમાંથી આંસુ સુકાઇ ગયાં હતાં! તે દ્રઢ થઇ બોલી ઉઠયો, "ભાઇ! તમને આ સ્થિતિમાં આણનાર હુંજ છું... તે મને એમાંથી મૂક્ત કરીશ! બસ! હું તમારી મુંઝવણ ટાળીશ! હું વિષ પીશ, ને સદા માટે તમારાથી દૂર થઇશ! મ્હારે લીધે તમને થતું દુઃખ મ્હારે ગમે તેમ કરીને પણ દૂર કરવુંજ જોઇએ! બસ! તમારાં સુખ માટે મને વિષ પણ અમૃત સમ છે!" આમ હિંમતથી કહી તેણે ત્યાંથી ચાલવા માંડયું.

"પણ સબુર!" એકાએક કાંઇ વિચારમાંથી ચમકી હરસુખ બૂમ મારી બોલી ઉઠયો, "સબુર! શું તમે વિષ પીશો?"

"હા!" કમળે દ્રઢતાથી જવાબ આપ્યો! "જ્યારે મને જોવાથી તમને સંતાપ થાય છે, ત્યારે તમારી દ્રષ્ટી આગળથી સદા માટે દૂર થવાને મને માત્ર એકજ ઉપાય, સુઝે છે, અને તે એજ કે હું વિષ પીશ! એ શિવાય મ્હારી દેહ તમને છોડી શકશે નહીં! માટે ભાઇ, હવે શાંત થાઓ! આ નીચ કમળ-વિષયી કમળ હવે ફરીથી તમારી દ્રષ્ટિ આગળ આવી તમને દીલગિર કરશે નહીં!"

"શું તમે ખરેખર વિષ પીશો?" કંઇક નવું ભાન થતાં હરસુખે ફરી પૂછ્યું.

"હા! તમારા આનંદ માટે વિષ પીધા વિના મને છુટકોજ નથી!

"તમે વિષ પીશો તેથી શું મને આનંદ થશે?" તેના તરફ બારિક નજરે જોતાં હરસુખે પૂછ્યું.

"પણ એથી તમારી મુંઝવણનું કારણ દૂર થતાં તમે આનંદી રહેશો!"

"અફસોસ! કમળ, આજ તમારી મતિ કેમ ફરી ગઇ છે?"

"ભલે જોઇએ તેમ હોય, તોપણ વિષ તો હું પીધા વિના રહેનાર નથી!" કમળે કંઇ વિચિત્ર અવાજે કહ્યું. "તમારે માટે નહીં, તો જગતની અનેક જંજાળોમાંથી દૂર થવાને, જગતના પાપના પાશમાંથી મૂક્ત થવાને, શાંત સુખ ભોગવવાને, અને સદાની શાંત નિંદ્રામાં પડવાને દેખીતું એ વિષ, પણ અમૃત હું અવશ્ય પીશ!"

"વારૂ, ક્યાંથી પીશો?"

"જ્યાંથી મળશે ત્યાંથી!"

"પણ ક્યારે?"

"જ્યારે હું મ્હારૂં સર્વે નક્કી કરી ચૂકીશ ત્યારે!"

"વગર અચકાતાં આનંદે પીશો?"

"જગતનાં દુઃખમાંથી મૂક્ત થઇ અપૂર્વ સુખ મેળવવા શા માટે નહીં?"

"સુખ વિષ પીધાથી મળશે?"

"જગતની પ્રપંચી જાળોમાંથી મૂક્ત થતાં સુખ વિના બીજું શું પ્રાપ્ત થનાર છે? જગત છોડાશે વિષ પીધાથી!"

"વિષ વિષ છે! એનાથી બ્હીશો નહીં? હિંમતથી પીશો?"

"આજનો આ કલેશ મટાડવાને, અને ફરી જગતની જંજાળમાં ન ફસવાને મને હમણા એ વિષ પણ અમૃત સમ લાગશે! તે હિંમતથી—આનંદમાં પીશ! પણ-પણ માત્ર એટલુંજ કે મ્હારાં વિષ પીધાથી 'હું સંબંધી વર્ગ તરફનાં કાંઇ પણ દુઃખને લીધે મુવો છું' એમ જગતમાં જણાવવામાં આવે તેથી હું-" આટલું બોલી તે અચકાઇ ગયો.

"ત્યારે શું ? બોલી, અટકી કેમ ગયા ?"

"મ્હારે હાથે પીતાં પાછળ પડેલ માણસને હું દુઃખી કરૂં છું ! અને એથીજ હું સ્હેજ અચકાઉં છઉં ! મ્હારે લીધે કોઇને લેશ પણ દુઃખ થવું ન જોઇએ ! બસ ! એકનાં મનને સુખી કરી હું આનંદમાં આ દેહનો ત્યાગ કરીશ !" આમ કહેતાં તેણે એક ઉંડો નિઃશ્વાસ નાંખ્યો.

"પણ તે પહેલાં તમે વિષ ક્યાંથી લાવશો ? તમારી પાસે તે છે ?" હરમુખે પૂછ્યું, અને તેની તરફ એક ટસે જોયું.

"હા !" કમળે દ્રઢતાથી જણાવ્યું.

"મને દેખાડશો ?" હરમુખે આશ્ચર્યતા સહે પૂછ્યું.

"શા માટે નહીં !"

"અત્યારે લાવશો ?"

"હા !"

"ત્યારે લાવો !"

વાંચનાર ! વિનાશ કાળે વિપરિત બુદ્ધિ ! કમળ મૂર્ખ થયો ! હરમુખ આજે તેના કરતાં અધિક ! તેના કહેવાથી તરતજ કમળ વિષ લેવા દોડતો ગયો ! વાધિ પરિણામ આણવા પોતાના સઘળા સાથીઓ સહ સજ થવા લાગી ! દુષ્ટ દાનવ જીતમાં આવતાં હરખાવા લાગ્યો ! દેવ હારથી નિરાશ થઇ મૂઢ, વિચાર શુન્ય બની ગયો ! થોડી વારમાં કમળ દોડતો પાછો ફર્યો, તેને જોતાંજ હરમુખ અધીરાઇથી પૂછ્યું "કેમ લાવ્યા ?"

"હા !" કમળે જવાબ આપ્યો, અને પોતાના ખીસામાંથી પ્રવાહી પદાર્થથી ભરેલી બે ન્હાની શીશી અને એક કાચનું ગ્લાસ કાઢી તેના હાથમાં આપ્યાં.

"આ શીશીઓમાં વિષ છે ?" હરમુખે તે હાથમાં લેતાં પૂછ્યું "આ બે શીશી શા માટે ? એકમાં લાલ અને બીજીમાં લીલું પાણી, એ શું ? બેય વિષ છે ?"

"હા ! આ લાલ પીધાથી માણસ એક કલાકમાં મૃત્યુ પામે છે, પણ તેની અસર થતાં થતાં અસહ્ય દુઃખ ખમવું પડે છે ! અને આ લીલું પાણી પીધાથી માણસ એક આખો દિવસ બેશુદ્ધ રહી શકે છે, અને મૃત્યુ પામતાં તેને લેશ પણ દુઃખ થતું નથી ! બેયની અસર જુદી જુદી છે ! મૃત્યુ જલદી મેળવવું, અને તે પણ જરા કષ્ટ પામ્યા વિનાજ, તેથી આ બે પ્રવાહી પદાર્થ લાવ્યો છું, કેમકે બેય એક બીજાને પરસ્પર બંધ બેસતાં છે !"

"ઠીક !" હરમુખે ગંભીરતાથી કહ્યું, ને પળવાર કંઇ વિચારમાં પડી ફરી તે બોલ્યો, "તમે જ્યારે વિષજ પીવાનો નિશ્ચય કર્યો છે, ત્યારે ચાલો હુંજ તમને પીવરાવીશ ! એકલા એકાંતમાં પીઓ તેનાં કરતાં હું તો જોઉં કે તમે કેમ પીઓ છો ! લ્યો આ લીલું પાણી !" આમ કહેતાં તેણે તે પાણી પ્યાલામાં રેડયું. "મૃત્યુ વખતે કષ્ટ ન આપવાને એ તમને પુરતું મદદગાર થઇ પડશે ! એ પીતાં તમે બેશુદ્ધ થશો એટલે આ લાલ પાણી તમારાં મુખમાં રેડતાં હું લેશ પણ વિલંબ નહીં લગાડું !" આમ કહેતાં તેણે કાચનું પ્યાલું તેને આપવા હાથ લંબાવ્યો.

"હમણાંજ ?" કમળે આશ્ચર્યતાથી પૂછયું.

"થોડો વખત પછી અંત આણવો, અને હમણાંજ આણવો; એ બધું સરખુંજ છે !", હરમુખે દ્રઢતાથી જણાવ્યું.

"પણ—" આટલું બોલી કમળ અચકી ગયો.

“પણ શું ? બોલો, કહેવું હોય તે કહો!”

“માત્ર એટલુંજ કહેવા માગું છું કે મ્હારી સુબુદ્ધિ, હું જેની સંગે પવિત્ર પ્રેમગાંઠથી સંધાયલો છું-શાસ્ત્રાનુસાર બંધાયલો છું, તે મ્હારી સુબુદ્ધિને છેવટની એક વાર મુલાકાત અથવા છેવટનો એક પત્ર-ત્યાર પછી હું શાંતિથી વિષ પી આ દેહનો ત્યાગ કરીશ!” આટલું કહેતાં કમળની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં.

“એક ભાવ, એક શાંતી, એક પ્રેમ, એક રસ, એકાકાર વૃત્તિ થતી હોય તો મરવું-મોત એ મોત નથી! એ એક સાંત નિંદ્રા છે! કમળ! આમજ છે ત્યારે સંસારમાં મન પરોવી મોહમાં ફરી કાં પડો છો? ઐક્યમાં સહેજ જુદા પડતાં, તેમાં જરાક ભીન્નતા આવતાં, ક્યાંય પણ પ્રેમમાં સહેજ વધારે ઓછું-પ્રેમના જુદા જુદા ભાગ જોતાં તમે બંધનમાં પડશો! અરે! જ્યાં છેવટનો નિશ્ચય કરીને બેઠા છો ત્યાં ‘આમ કીધાથી શાંતી મળશે, ને આથી નહીં મળે’ એવું શા માટે માનો છો?! ઇચ્છા મારી, ઐક્ય પ્રેમનો ઘુંટડો નિશાની ધુનમાં સર્વત્ર આનંદમય જોતાં લઇ લ્યો ’તો આનંદ મળશે! લ્યો! આ પ્યાલું હાથમાં ધરો!” આમ કહેતાં તેણે વિષનું પ્યાલું કમળને આપ્યું.

“ઠીક!” પોતાના ઠરાવમાં ભંગ પડતાં, હૃદયની મનાઇ છતાં કમળે પ્યાલું હાથમાં લેતાં એક ઉંડો નિઃશ્વાસ નાંખી કહ્યું.

વાંચનાર! કમળને તેની પત્નિને છેવટનો પત્ર લખવાની હરમુખે ના પાડી ત્યારથી તે પોતાના ઠરાવમાં અસ્થિર થઇ ગયો! તેની પતિવ્રતા પત્નિની મૂર્તિ તેની દ્રષ્ટિ આગળ આવી ખડી થઇ. મુંઝવણમાં તેણે લીલાં પાણીનું પ્યાલું પોતાના હાથમાં ઝાલ્યું. પળે પળ મન પાછું હઠવા લાગ્યું! ‘પોતાની પત્નિનું પાછળથી શું થશે? તેણીની કેવી દુઃખદ સ્થિતિ થશે? તેણી કોને આધારે જીવશે? જગતમાં તેણી શું મુખ બતાવશે?’ [illegible] વિચારોથી મન ડગમગવા લાગ્યું, તોપણ તે દ્રઢ થવાને પ્રયત્ન કરવા લાગ્યો. જેમ તેમ કરીને સ્થિર થવા લાગ્યો-છેવટે મારે ઇશ્વરમાં ચિત્ત પરોવવા લાગ્યો, અને એકાકાર વૃત્તિ કરવા પ્રયત્ન કરવા લાગ્યો! વાંચનાર! આ સ્થળે વિશેષ જણાવવાની જરૂર છે કે, હરમુખના નિશ્ચયથી કમળ તદન અજાણ્યો હતો, તેમજ તેની મુખમુદ્રા ઉપરથી પણ તેનો મનોભાવ જાણી શકાય તેમ નહોતું! વળી કમળ અત્યારે પોતાના ધ્યાનમાં હતો. હરમુખ અત્યારે શું કરતો હતો તેનુ તેને લેશ પણ ભાન નહોતું. તેણે રાતું વિષ પોતાનાં મુખમાં રેડવાનું તેને કહ્યું, ત્યારે પોતાનો કાંઇ વિચાર ન જણાવતાં, હરમુખે તેમ કરવાની હા પાડી. તેણે તે શીશી પોતાના હાથમાં રાખી ને બારી આગળ કમળને લઇ જઇ લીલું વિષ પીવાને સુચવ્યું! અસ્થિર કમળે હિંમતથી પ્યાલું પોતાનાં મુખ આગળ આણવાને હાથ ઉંચો કીધો. ઇશ્વરે પ્રાર્થના કરવામાં રોકાતાં બીજીજ ક્ષણે તેનાં શરિરમે એક આંચકો લાગ્યો. પ્યાલું છલકાઇ ગયું, ને તેના હાથપર વિષ પડવાથી બળવા ઉઠી! આંચકો લાગવાથી બળતાં હાથની લેશ પણ દરકાર ન કરતાં તેણે ફરી પ્યાલું મોં આગળ ધર્યું, પણ ફરી આંચકો લાગતાં પ્યાલું તેના હાથમાંથી છટકી નીચે ગટરમાં પડ્યું! મન ની અસ્થિરતામાં આ સર્વ શું થયું તે ક્ષણ વાર તો કમળને જણાયું નહીં, કિંતુ એક પળ વધુ જતાં તેણે શું જોયું? પોતાના હાથમાંનું પ્યાલું હરમુખે આંચકો મારી પાડી

નાંખ્યું હતું, અને તેના હાથમાંની શીશીનું વિષ જે બેશુદ્ધ અવસ્થામાં આવતાં પોતાને પીવરાવવા તેણે હા પાડી હતી, તે તેણે પોતેજ પી લીધું હતું !

## પ્રકરણ ૫ મું.

### હરસુખની ભયંકર સ્થિતિ !

### બ્હાવરો કમળ !

અફસોસ ! વાંચનાર ! થવાનું હતું શું અને થયું શું ? વિષ પીવાનું હતું કોણે અને પી લીધું કોણે ? ! એક પળમાં તદન ઉંધો જ બનાવ આપણી દ્રષ્ટિ આગળ બની ગયો ! હરસુખે પોતાનું ધાર્યું કમળને જણાવ્યા શિવાય આજ કીધું ! અને કમળને કપાળે જગતમાં હંમેશની કાળી ટીલી લગાડી ! અરેરે ! જગતમાં સુખ ક્યાં છે ? ! કોઇ બતાવો ! સુખ પૈસામાં હોય તો તેમાં કોટી આફતો છે ! સુખ સ્ત્રીમાં હોય તો તેમાં કરોડો શંકા પળે પળ ઉઠે છે ! સુખ માતાપિતામાં હોય તો તે સ્વાર્થથી વધુ દૂર નથી ! સુખ સંબંધી વર્ગ તરફનું હોય તો તે તમારી દાંભિક મ્હોટાઇમાં રમે છે ! છેવટે સુખ સ્નેહમાં—સમાન વયના બે હૃદય મીલનમાં મનાતું હોય તો તે આવું હતું ! હરસુખ અને કમળના આજ સુધીના સ્નેહમાં સુખ જગતમાં દેખાતું હતું ! અત્યારે જગતની નજરમાં એ સ્નેહમાં સંકટ જણાય છે ! પછી હૃદય ઉંડાણની પરીક્ષા કરવાની શક્તિ અમારામાં નથી ! હરસુખે વિષ પીધું, એ કમળ જાણતાં તે આ અણધાર્યા બનાવથી બ્હાવરો બની ગયો ! "ભાઇ ! આ શું-શું ?" આમ મ્હોટેથી બુમ પાડી તે હરસુખના હાથમાંથી શીશી ઝુંટવા ધસ્યો, પણ તે પહેલાં તો વિષ હરસુખનાં ઉદરમાં ઉતરી ગયું હતું ! તેણે શીશી ઝુંટવી લીધી પણ તેથી શું ફાયદો ? "અરે ! તમે આ શું કીધું ?" હરસુખનો હાથ પકડી હલાવતાં તેણે ગભરાટથી પૂછયું. કંઇ પ્રત્યુત્તર મળ્યો નહીં ! હરસુખની આંખ સામે ફરી જોયું ! મુખ ઉપરનો સઘળો ભાગ સફેદ થઇ ગયો હતો ! વખત જતાં હવે તેને લાગ્યું કે, નક્કી હરસુખે પોતાને ભૂલમાં નાંખી વિષ પી લીધું હતું ! તે વિચારશુન્ય થઇ ગયો ! "હવે શું કરવું ! હરસુખે પીધું ! હું મરનાર હતો તે જીવતો ચંડાળ પાપી ઉભો રહી જોયા કરૂં છું ! હવે કંઇ પાસે નથી ! શું પીઉં ? હવે કયાંથી વિષ મેળવું ? વિષ કયાંથી લાવું ? પીઉં ? વિષ પી હું પણ એની સંગેજ જાઉં !" આમ બડબડતો કમળ કોઇને પણ તેનાં વિષ પીધાની વાત જણાવ્યા શિવાય પોતાને માટે બીજું વિષ લેવા દોડયો ! જે સ્થળેથી પેલી બે શીશી લાવ્યો હતો તે અત્યારે બંધ હતું ! ત્યાં તાળું મારેલ હતું ! "વિષ કયાં ! વિષ કયાંથી લાવું ? ઘેર જઇ કુંચી લાવી તાળું ઉઘાડું ? કેમ કરૂં !" આમ વિચાર કરતાં 'ઘર' શબ્દ યાદ આવતાં ઘરની વસ્તુઓ તેની દ્રષ્ટિ આગળ તરવા લાગી ! પોતાની પતિવ્રતા પત્નિ, જેણે હૃદયમાં હવે પૂર્ણ માર્ગ લીધો હતો તેણીની તરફ મન દોડવા લાગ્યું ! પણ જે પળ જાય છે તેમાં કંઇક ભયંકર થશે—અશુભ બનાવ બનશે, એવું લાગવાથી સંસારમાં દોડતી નજર સહ પત્નિમાં પરોવાયલાં મનસહ તે પાછો હરસુખને ત્યાં દોડતો ગયો. વિષ પીવાનો પોતાનો નિશ્ચય અચળ રહ્યો નહીં ! વાંચનાર ! અત્યારે કમળને તમે મૂર્ખ કહો, બ્હાવરો કહો, અકકલહીન કહો, વીશ્વાસ-

ઘાતી કહો, પાપી કહો, નીચ કહો, મિત્ર ખુની કહો, જે તમારી ઇચ્છામાં આવે તે કહો ! તમને છુટ છે !

બ્હેબાકળો કમળ હાંફતો હાંફતો હર-મુખને ત્યાં ઠોકરો ખાતો જેમ તેમ પહોંચ્યો. હરમુખ લેશ પણ ઉત્પાત શીવાય, મૃત્યુથી નહીં ડરતાં ઉપાધી રહીત શાંત–સ્થિર દ્રષ્ટિએ, ઇશ્વરને પોતાનાં હૃદયમાં પૂરતી જગ્યા આપતો જમીનપર પડયો હતો ! સંસારની મોહક માયામાં, કશામાં તેનું અત્યારે ચિત્ત પરોવાયલું નહોતું ! શાંત, ગંભીર મુર્તી હર-મુખને અત્યારે એક દૈવી માણસ કહીએ તો લેશ પણ ખોટું નથી ! જે વિષ આખું શરિર બાળી નાંખે તેજ તેનાં શરિરના અંદરના ભાગમાં દાખલ થતાં પણ તેનો જરા પણ ઉત્પાત જણાતો નહોતો ! જે વિષનું નામ સાંભળતાં પણ માણસને કંપારી છુટે તેજ વિષ આજ તેનાં પેટમાં ઉતરી ગયું હતું, છતાં તે શાંતીમાં પડયો હતો ! પળે પળ જતાં હર-મુખના અંતનો વખત સમિપ આવતો હતો ! એક પળ પણ અત્યારે ખોવી વ્યર્થ હતી ! પણ આ વિષ પીધાની ખબર હરમુખનાં માતપિતા, તેની પવિત્ર સ્ત્રી, અથવા કોઇ પણ જાણતું નહોતું ! કમળને કલંકિત કરવાને તેનું મન સંસારમાં પડતાં મૃત્યુથી ન્હાસવા લાગતું હતું ! હવે તેણે તેનાં માતપિતાને ખબર આપવાની, તથા તેને સારો થવા માટે ચાંપતા ઉપાય સત્વર લેવાની જરૂર જોઇ ! આમ વિચાર કરતાં તો પા કલાક નીકળી ગયો ! તે દ્રઢ ઠરાવ કરી જલદીથી દાદર ઉતર્યો ! એક દાદર ઉતરતાંજ તેને હરમુખની માતા સામે મળ્યાં, તેને ગભરાટમાં સર્વ વિગત ઉતાવળે જણાવી ! સ્નેહાર્દ્ર માતાને આ શબ્દ વજ્રઘાત સરખાં હૃદયમાં વાગ્યાં ! તેણીના હોંસ કોંસ ઉડી ગયાં ! “અણચીતવ્યું એકાએક આ શું થયું ?” એ પ્રશ્ન સાથે એક મ્હોટી ચીશ પાડતાં તે બ્હાવરી સરખી ઉપર હર-મુખના ઓરડામાં દોડી ગઇ. કમળ પણ ત્યાં ક્ષણ ભર ન રોકાતાં ત્યાંથી દોડતો ગયો. સર્વ કામ હવે તેણે જલદીથી કરવા માંડયું !

એકાએક ઓચિંતો આ અણધાર્યો ઘા લાગવાથી બ્હાવરી બનેલ હરમુખની માતા તેની સમીપ જતાં બૂમો પાડવા લાગી ! “શું છે ? શું છે ?” એમ કહેતાં આસપાસનાં પડોશીઓ દોડી આવ્યાં ! થોડી વારમાં ત્યાં મ્હોટો કોલાહલ થઇ રહ્યો ! હરમુખની નિર્દોષ બાળપત્નિ પણ ઉપર દોડી ગઇ. “નાથ ને આ શું થયું ? કાલની રાત્રિએ દીલગિર થયા તે આ માટેજ શું ?!” એમ મ્હોટેથી બોલતી આસપાસ ઉભેલ સર્વ મુરબ્બીની શરમ તજી, તેણી પોતાના પતિને જઇ ભેટી પડી ! આ વખતે પુરૂષ વર્ગમાં ત્યાં કોઇ નહોતું. “અરે ! કોઇ એમને તેડી આવો ! અરે ! જાઓ ! એ દુઃખી પિતાને કોઇ આ ખબર પોંચાડો !” એમ મ્હોટેથી કરૂણાજનક સાદે બૂમો પાડતી હરમુખની માતા ઘડીકમાં તેનું શરિર તપાસતી, ઘડીકમાં દ્વાર ભણી દોડી જતી બ્હેબાકળી થઇ રડવા લાગી ! હરમુખ શુદ્ધિમાં હતો, પણ એક પણ શબ્દ બોલ્યા શિવાય ઇશ્વર સ્તવનમાં નિમગ્ન હતો. નિર્દોષ નંદાને પોતાના નાથ તરફથી કાંઇ પણ પ્રત્યુત્તર ન મળતાં તેણી અતિશય નિરાશ થઇ, આફતથી બ્હાવરી બની ગઇ ! ત્યાં ભેગી થયેલ પડોસી સ્ત્રીઓ તેને દૂર લઇ ગઇ. અનહદ દુઃખના અણધાર્યા બોજા નીચે દબાઇ જતાં ‘નાથ હવે સારા થવાના નથી’ એમ અનિષ્ટ શંકા જતાં, પાસે પડેલ એક મ્હોટી છરી ઉપાડી લેતાં “હે નાથ ! આ આવી !” એમ મ્હોટેથી બૂમ પાડતાં પોતા

મા પેટમાં ને એોકવા તેણીએ હાથ ઉંચકયો! એવું પાસે બહેનસ એક સ્ત્રિની એકાએક નજર પડતાં ધસી આવી તેણીએ તેણીના હાથમાંથી તે છીનવી લઇ, મહા મહેનતે પાસેના ઓરડામાં તેણીને ઘસડી જઇ શાંતી આપવા લાગી. હરમુખને હજી ઝેરની અસર થવા માંડી નહોતી; પણ આખું ઘર ધાસ્તિથી શોકમય રૂદન કરી રહ્યું હતું બ્હાવરી બનેલ માતા જે કાંઇ ધ્યાનમાં આવે તે, અને જે કોઇ કંઇ પણ કહે તે ઉપચાર કરવા લાગી! પવનના વેગની માફક શ્હેરમાં દરેક સ્થળે આ ખબર પ્રસરી ગઇ!

ભાન ભૂલેલ બ્હાવરો કમળ પોતાનાં શરિરનાં કંઇ પણ ભાન વિના, ઉઘાડે માથે કાળબાદેવીના રસ્તામાં માર્ગમાં ચાલતા માણસો સામે અથડાતો, ઠોકરો ખાતો કોઇ ડૉકટર કે વૈદને શોધવા દોડતો ચાલ્યો જતો હતો, એટલામાં સામેથી હરમુખના પિતા કોઇ માણસ સંગે વાત કરતા ચાલ્યા આવતા હતા તેનાપર તેની નજર પડી. તરતજ તેમની પાસે દોડી જઇ ભાંગા તુટા શબ્દોમાં જે થયું હતું તે તેમને તેણે કહ્યું. તે આ ઓચિંતો ધા લાગતાં હબકી ગયા. ને રસ્તામાંજ મૂર્છા ખાઇ પડત, પણ સાથેના માણસે તેમને પકડી લીધા, ને તે પણ બ્હાવરા સરખા ઘર તરફ ઉતાવળે દોડયા. ઘેર આવતાં ત્યાંનો શોર બકોર જોતાં તેમના પણ હોંસકોંસ ઉડી ગયા, ને સૌ સાથે ઉપચાર કરવા લાગ્યા.

રાત્રીના સવા નવ વાગ્યાનો સમય હતો. કમળ ડૉકટરની શોધમાં દરેક ડૉકટરનાં દવાખાનામાં આથડતો હતો, પણ કમનશિબે કોઇ પણ ડૉકટર કે વૈદ પોતાનાં દવાખાનામાં હાજર નહોતો. તે બહુજ અકળાયો-વિચારશુન્ય થઇ ગયો! "હવે શું? હું કલંકિત થયો! બસ! હવે મરવું બ્હેતર!" એ દશાવપર આવતાં કાળબાદેવીના રસ્તાપર એક ડૉકટરનાં ઘરની પાછળના કૂવામાં તે પોતાનું શરિર અંદર ઝુકાવતો હતો, એટલામાં પાછળથી કોઇએ તેનો હાથ પકડયો, અને પૂછયું, "આ શું કરો છો? તમારી આત્મઘાત કરવાની કોશિષ માટે તમને પોલીસને સ્વાધિન કરવા જોઇશે!"

"અરે!" પોતાને અટકાવનાર પુરૂષ સામે ચમકીને જોતાં કમળ બોલ્યો, "પોલીસને સ્વાધિન કરવામાં આવે, અથવા ગમે તે કરવામાં આવે તોપણ હવે આ દેહને શું છે?! અત્યારે જ્યાં હરી ઉડી જાય છે, ત્યાં આ પાપી દેહનું શું કામ છે?"

"હરી! હરી કોણ?" પેલા પુરૂષે વિસ્મયતા સહ પૂછયું.

"આ નીચ મૂર્ખનો એક પવિત્ર સ્નેહિ!" કમળે નિરાશાથી માથું કુટતાં જણાવ્યું.

"તેનું શું?" તેની દુઃખદ સ્થિતિ માટે હૃદય ખેંચાતાં પેલા પુરૂષે આતુરતાથી પૂછયું.

"એ પવિત્ર સ્નેહિ પોતાનું ધાર્યું પાર પાડી આ અભાગી દેહને હંમેશનો કલંકિત કરી આ દુનિયા છોડી જાય છે! હાય! મારે પીવાનું વિષ તેણે પીધું! અરે! ઇશ્વર શું થવાનું હતું ને શું થયું!" કમળ ... પડયો!

"શું છે? બોલો! રડો નહીં! ધીરજથી સઘળું સ્પષ્ટ કહો! મ્હારાથી બનશે તો હું તમારૂં દુઃખ દૂર કરી શકીશ!" પેલા પુરૂષે ઉતાવળે કહ્યું.

"અરે! પ્રભુ! તો તો તમેજ મ્હારા ઇશ્વર! મરણાંત સુધી પણ હું તમારો આ-

ભાર નહીં ભુલું ! પણ આપ કોણ છો ?" કમળે અધીરાઇથી પૂછયું.

"હું એક ડૉકટર છું !"

"પ્રભુ ! કેવી સ્હાય !" કમળને કંઇક હિંમત આવી ને તે ડૉકટર પ્રત્યે બોલ્યો, "સાહેબ ! અત્યારે હું કંઇ વિશેષ કહી શકતો નથી ! મ્હારા સ્નેહિએ વિષ પીધું છે ! અને એને માટે અત્યારે હું ડૉકટરની શોધમાં જ નીકળ્યો હતો ! મ્હારે કમનશિબે હમણાં સુધી કોઇ વૈદ્ય અથવા ડૉકટર મને ન મળવાથી મ્હારે આ ચંડાળ મ્હોં લઇ રીબાતા સ્નેહિ સમિપ જઇ શું કરવું ? ! તેના કરતાં મને મરવું બ્હેતર લાગ્યું, તેથી આમ મ્હારો અંત આણવા આવ્યો હતો ! પણ એટલામાં પ્રભુએજ મ્હારાપર મેહેર કરી ! મુરબ્બી ! તમે મ્હારી સાથે સત્વર ચાલો ! વિષની અસર દૂર કરે એવું ઔષધ લઇ જલદી ચાલો, ને મ્હારા મૃત્યુનાં મુખમાં સપડાયલા સ્નેહિને ઉગારો ! પ્રભુ ! તમારી મહેનત ફળીભૂત કરો !"

તે ભલો ડૉકટર જરૂર પડતી દવાઓ સાથે લઇ તેની સંગે જવાને તરતજ તૈયાર થયો, અને એ સાથે માણસ આવતાં મંગાવવામાં આવે તે ઔષધ એકદમ તાકીદે મોકલાવાનું પોતાના કંપાઉન્ડરને સુચવતો ગયો. કમળ અને ડૉકટર હરમુખને ત્યાં ઉતાવળે આવ્યા. હજી કોઇ વૈદ્ય કે ડૉકટર ત્યાં આવ્યો નહોતો. સર્વ ત્યાં બ્હેબાકળાં સરખાં બુમરાણ અને દોડધામ કરતા હરમુખને ઉપચાર કરવામાં રોકાયલાં હતાં, અને ડૉકટરને બોલાવવાની કોઇને પણ મતિ સુઝી નહોતી. કમળ તેડી આવેલ ડૉકટરને જોતાં સર્વ એક બાજુએ થઇ ગયાં, ને તેને માટે હરમુખ સમિપ જગ્યા કરી, અને જેમ સર્વ પોતાના ધ્યાનમાં આવે તેમ ડૉકટરને કહેવા લાગ્યા. તેમની તે સમયની સ્થિતિનો વિચાર કરતાં, તેમના કહેવાપર કંઈ પણ લક્ષ ન આપતાં ડૉકટરે હરમુખના બચાવ માટે તરત ઉપાય કરવા માંડયા. તેણે એક શીશીમાંથી એક આઉંસ દવા કાઢી તેને પીવરાવી દીધી. ડૉકટર આવ્યો અને તેને દવા પીવરાવી ત્યારે હરમુખની સ્થિતિ સ્હેજ ભયંકર હતી, પણ આપેલ દવાથી અજાયબ જેવી અસર થઇ ! તે તરતજ બેઠો થયો, અને આંખમાંથી આંસુ સારતાં કમળનો હાથ પકડી તેને પોતાની પાસે બેસાડયો ! તેની સ્થિતિમાં આ ફેરફાર થતાં સર્વને કંઇક ધીરજ આવી, પણ તેને કમળને પોતાની પાસે બેસાડતો જોઇ સર્વ અજાયબ થઇ ગયાં. સઘળાને એમજ શક હતો કે, કમળેજ તેને દગો દઇ વિષ પીવરાવ્યું હતું, પણ ત્યારે 'હરમુખે તેને આમ છતાં પોતાની પાસે કેમ બેસાડયો ?' એ કોઇથી સમજી શકાયું નહીં ! બીજો અરધો કલાક જતાં હરમુખને વધુ આરામ થતો જણાયો. વિષની અસર ઉતરવા લાગી, અને તેણે વાતચીત કરવા માંડી. બ્હાવરા બનેલ માતપિતાને હવે ઠંડક વળી. પણ હરમુખના વિષ પીધાના સમાચાર બ્હાર ફેલાતાં તેની જ્ઞાતીના ઘણા માણસો ત્યાં આવવા લાગ્યા. અને કલાકેકમાં તો મ્હોટું જ્ઞાતિ મંડળ ત્યાં ભેગું થઇ ગયું. અને કમળ અને હરમુખને જોતું તેમને માટે ધીમે ધીમે અનેક વાતો કરવા લાગ્યું. હવે ડૉકટરે હરમુખને થોડું ઘી પીવરાવ્યું. ઘી પેટમાં જતાંજ તરત વિશેષ ફાયદો જણાયો. તેને એક આરામ ખુરસી ઉપર સુવરાવવામાં આવ્યો. ત્યાં પણ તેણે કમળને હાથ પકડી પોતાની પાસે એક ખુરસી ઉપર

બેસાડયો, ને પોતે ધીમે સાદે બોલ્યો, "આ ત્મજ માણસનો શત્રુ અને મીત્ર છે!"

હવે ભલો ડૉક્ટર પોતાનું કામ કરી રહ્યો હતો. હરમુખની જીંદગીની ધાસ્તિ હવે રહી નહોતી. તેણે મમતાળુ સાદે હરમુખને પૂછયું, "હવે તમને કેમ જણાય છે?"

"સદાય આરામ છે, ને અત્યારે પણ આરામ છે!" હરમુખે ધીમે પણ દૃઢ અવાજે કહ્યું.

"જરા તમારાં સુરખ્ખી માતપિતા તરફ જુઓ! તેઓ તમારી આવી સ્થિતિ જોઇ કેવાં બની ગયાં છે!" ડૉક્ટરે કહ્યું, અને તેમની તરફ ફરી જણાવ્યું. "હવે તમો તમારા પુત્રની લેશ પણ ચિંતા કરશો નહીં! ઇશ્વર કૃપાએ સર્વ સારૂં થયું છે! પ્રભુએ તમારો પુત્ર તમને ફરી બક્ષ્યો છે!" હરમુખે પોતાનાં માતપિતા સામે જોયું. માયાળુ માતપિતાનાં અંતઃકરણ આનંદથી ઉભરાઇ ગયાં, અને પોતાના પુત્રનો પુનર્જન્મ થયેલ જોઇ હર્ષાશ્રુથી ભરેલી આંખો સહ તે ભલા ડૉક્ટરનો ઉપકાર માનવા લાગ્યા.

"ઉપકાર માનવાની કંઇ જરૂર નથી! અને મ્હેં એવું કંઇ કર્યું પણ નથી! જગતમાં કોઇ કોઇના ઉપર ઉપકાર કરતું નથી! સૌ પોતાની ફરજ બજાવે છે! અને તેમ મ્હેં પણ મ્હારી એક ફરજ બજાવી છે! આ સમયે હું પોતે ઇશ્વરનો આભાર માનું છું કે, આજ મ્હારે હાથે આવું રૂડું કાર્ય એ મહાન પિતાએ પાર પાડયું છે!" ભલા ડૉક્ટરે પોતાની લાયકી દેખાડતાં જણાવ્યું.

ત્યાર પછી થોડી વાર બેસી હરમુખને પીવરાવવાની થોડી બીજી દવા આપી ડૉક્ટર કમળને મળી પોતાને ઘેર જવાને ઉઠયો. હરમુખનો પિતા તથા કમળ તેને બાહર સુધી મૂકવાને ગયા. કમળ તેનો અનહદ ઉપકાર માનવા લાગ્યો, અને ડૉક્ટર ત્યાંથી વિદાય થયો. તેના આ આભાર માટે કમળે શું કીધું, તે કમળ શિવાય બીજા કોઇએ પણ જાણ્યું નહીં!

## પ્રકરણ ૬ ઠું.

### "નિંદાખાનું!"—કમળનું ગુમ થવું!

"દુરજનો લાજવાળા પુરૂષને જડ કહે છે, શુરવીરને નીર્દય કહે છે, સરલ પુરૂષને બુદ્ધિહીન કહે છે, પ્રીય બોલનારને દિન–ખુશામતીયો કહે છે, તેજસ્વીને ગર્વીષ્ટ કહે છે, બોલવામાં ચતુર હોય તેને બહુ બોલો કહે છે, ત્યારે ગુણવાન પુરૂષનો એવો કયો ગુણ છે કે જેમાં દુરજનોએ દોષ મૂકયો નહીં હોય!"

"કબીર પોતાની નિંદા કરનારાઓને બહુ માન આપતો હતો અને પોતાની નિંદા જેમ બને તેમ વધારે થતી જોવાને બહુ ખુશી હતો, કારણ કે એથી તેને એક અત્યુત્તમ લાભ થતો હતો."

"કેમ ભાઇ! આ જોયું કે! કમળ અને હરમુખની મિત્રતાનું પરીણામ? કેવી મૂર્ખાઇ!!" રસ્તામાં ચાલતાં એક પુરૂષ મંડળમાંથી એક જણ બોલી ઉઠયો.

"હારે, ભાઇ, હા! આજ કાલ કંઇ વખત આવ્યો છે!! અંગ્રેજી ભણ્યા એટલે મ્હોટા જાણે વીદ્વાન થઇ ગયા, પણ ભણ્યા ને ગણ્યા નહીં તેનું આ પરીણામ!" અ.

સત્તીદાસે પોતાનું મત રજુ કીધું.

"પણ ભાઇ, એમ થવાનું કાંઇ કારણ જાણ્યું? જરા જાણીએ તો બે વાતો કરવાની મઝા પડે!" પોપટભાઇએ વચમાં ટહુકો પૂર્યો!

"ભાઇ હોય શું બીજું વળી? દારૂ પીધો હશે! બીજુ શું વળી? નહીં તો આવું તે કાંઇ થાય!" ગપ્પીદાસે ગપ ફેંકી!

"અરે! દારૂ બારૂ કંઇ નહીં! એ તો હું માનું નહીં, પણ સટો કીધો હશે! તે વિના એમ કરેજ નહીં!" તર્કશંકરે તર્ક દોડાવી!

"હા ભાઇ, એમજ! હું પણ એજ મતને મળતો છું!" હાંજીહાંદાસે 'મીયાંકી ચાંદે ચાંદ' કીધું!

"અરે નહીં, નહીં! એ બધું ખોટું! બાકી ખરૂં કહું તો હોવું જોઇએ એમ કે, ઘરમાં કંઇ કલેશ થયો હશે, એટલે ભાઇ છેલે પાટલે જઇ બેઠા!" વિચારશંકરે વિચાર જણાવ્યો.

"અરે! એમ કંઇજ નથી! ખરેખર! એમણે દારૂ નહીં તો ભાંગ પીધી હશે! અને ઘેનમાં ઝેર પીવાઈ ગયું હશે, તેનું ભાન રહ્યું નહીં હોય!" ગપ્પીદાસે બીજો ગપાષ્ટક ગોળો ફેંકયો.

"નહીં, નહીં! આમ ભરીને ગપ ન ઠોકો! એ છોકરા એવા તો નથી, પણ એ બધાં આજકાલના નાટકનાં પરિણામ સમજી મુકવાં!" અવિચારિદાસે અટકળ બાંધી.

"અરે! નાટકને ચેટકનો એમાં વાંક શનો કાઢવો?! ભાઇ, આજના ઉંચા ઉંચ વિચારોની વાત નજ કરવી! એ અહમ્મકજાનું પરીણામ, સમજયા?" મૂર્ખશંકરે મગરૂબીથી જણાવ્યું.

"હવે એ બધુંય ઠીક! ગમે તેમ થયું હોય! આપણને તો વાત કરવાનો વિષય ઠીક હાથ લાગ્યો! એ બેય ફક્ત છોકરાઓ મગજમાં બહુ રાઇ રાખી ઉંચું માથું રાખી ફરતા હતા! સર્વની વાત કરવાનું કંઇ કંઇ મળી આવતું પણ એમની કંઇ વાત કરી શકાતી નહીં, તે હવે તો હાથમાં અચ્છી તક આવી છે! આપણા તો દીવસ પણ પસાર થતા નહોતા તે હવે સ્હેજ પસાર થઇ જાસે! ચાલો, ભાઇ, મ્હારે તો આજ મહાજન વાડીમાં સપ્તા બેઠી છે તેમા જવું છે! ત્યાં પણ આજ વાત કહાડશું! પછી જોઇ લ્યો વાત કરવાની છટા! બધાયનાં મન હરી લેતાં વાર શી!" ગપ્પીદાસે ફુલાઇ જણાવ્યું.

"પણ યાદ રાખજો કે, વાત કરતાં કયાં તમારૂં પોતાનું તોલ ન થઇ જાય?! સૂર્ય તરફ ગમે તેટલી ધુળ નાંખવા જશો, પણ તે તમારી પોતાની આંખમાં આવી પડશે! એ છોકરા ગમે તેવા પણ તમારા કરતા વધુ સારા છે!" પ્રભુરાય બોલ્યા.

"જાઓ, જાઓ! એમના જેવા હત અહંકારી છોકરાઓ તે કોણ મ્હોટા થઇ આવ્યા?! અમારે કયાં કોઇને છાંયડે બેસવા જવું છે? મ્હોટા હોય તે તેના ઘરના! અમને કાંઇ કોયની પરવા છે?" ગપ્પીદાસ ગુસ્સે થઇ ગયા.

"પરવા બરવાનું તમને કોણ કહે છે? કોયને કોઇની પરવા નથી! પણ એમના સંબંધમાં વાત કરતાં તમારૂં પોતાનું વજન ઘટશે! એમને માટે તમે સારૂં અથ

વા નરસું બોલશો તેથી કાંઇ લોકોમાં એમને માટે જે વિચાર હશે તે ફરનાર નથી ! ઇ તો જેને જેવો પ્રસંગે જેવો અનુભવ મળે છે, તેવું માણસ માને છે ! તમારાં વચનો દ્વેષથી નીકળેલાં મનાશે, અને એથી તેમના કરતાં તમને પોતાનેજ વધું ગેરલાભ થવાનો સંભવ છે !" પ્રભુરાયે જણાવ્યું.

"જાઓ, જાઓ ! તમારૂં ડહાપણ તમારી પાસેજ રહેવા દીયો ! તમને એ કંઇ રોટલા બોટલા પહોંચાડતા હશે, એટલે તમે શું કામ એમનું સારૂં ન બોલો ? અમે તો હવે વાત કરવાનો વિષય હાથ લાગ્યો છે, એટલે બેધડક એનો ઉપયોગ ઇચ્છા પ્રમાણે કરશું !" ગપ્પીદાસે વધારે ઉશ્કેરાઇ જઇ જણાવ્યું.

"ત્યારે પડો મ્હોટા દરિયામાં ! મ્હારૂં શું જાયછે !" પ્રભુરાયે સ્હેજ ઉશ્કેરાઇ જઇ કહ્યું.

"ઠીક, ઠીક ! બહુ સારૂં ! જોશું હવે !" ગપ્પીદાસે ગુસ્સામાં જણાવ્યું, ને પોતાને રસ્તે ચાલ્યો ગયો.

વાંચનાર ! આ પ્રમાણે કંઇક ખોટી વાતો પ્રસરી રહી. ઠેક ઠેકાણે નવિન રૂપમાં વાત થવા લાગી. હરસુખ અને કમળના દ્વેષીઓ, અને નિંદાખોરોએ અનેક ગપ ઉડાવી દીધી, અને થોડા સમય માટે તો એજ વારતાનો વિષય થઇ પડ્યો. તેમના સ્નેહની ઇર્ષા કરનારાઓ તો "સારૂં થયું, સારૂં થયું !" એમ કહેવા લાગ્યા ! વૃધ્ધો જમાનાને દોષ દેવા લાગ્યા ! પ્રૌઢો મૂર્ખાઇ જાણવા લાગ્યા ! અનુભવીઓ કંઇ જુદાજ વિચારપર આવ્યા ! યુવાનો હસવા લાગ્યા ! અને બાળકો પણ અંદર અંદર વાતો કરવા લાગ્યા ! નવરાઓને વાતો કરવાનો અચ્છો વિષય મળ્યો ! અને સ્ત્રીઓમાં પણ પ્રપંચી નિંદાખાનાનું પ્રકરણ ચાલ્યું !

હરસુખની તબીયત સુધરતી જતી હતી. કમળ તેનાં મુખ સામે જોતો, મનમાં પોતાને હજારો શ્રાપ આપતો, રડતો, તેને ચોકસાઇથી દવા પીવરાવતો તેની પાસેજ બેસી રહેતો હતો. મુરબ્બી વર્ગ ત્યાંથી દૂર જતાં બેય સ્નેહિ એકલા પડતાં આંખમાંથી આંસુ સારી રડી પોતાનો હૃદયભાર ખાલી કરતા હતા. અને વિધિના પ્રબળ લેખ શિવાય વીશેષ કંઇ નહીં, એમ ધારતા હતા. બીજે દીવસ જતાં હરસુખની તબીયત વધુ સુધરી ગઇ કમળ તેના પાસેજ બેસી રહેતો હતો, અને માત્ર ખાવા માટેજ પોતાને ઘેર જતો. આ બનાવ બનતાં કમળની પ્રકૃતીમાં મ્હોટો ફેરફાર થઇ ગયો. તે બહુ બોલતો નહીં, પુરૂં અન્ન ખાતો નહીં, કોઇના પ્રશ્નનો જવાબ આપતો નહીં, ને મ્લાન મુખે તે હરસુખ પાસે બેસી રહેતો, અથવા પોતાને ઘેર ગયો હોય ત્યારે ગાંડા માણસની માફક હાથ તથા મુખના વિચિત્ર ચાળાં કરતો પોતાના ઓરડામાં આમ તેમ આંટા મારતો હતો. 'તે આવી સ્થિતિમાં વધારે દિવસો રહેશે તો કાંઇ અણધાર્યું પરીણામ આવશે' એવું તેના મુરબ્બી વર્ગને લાગવાથી, તેને હરસુખથી છુટો પાડવાનો તથા મુંબઇથી દૂર કોઇ સ્થળે લઈ જવાનો વિચાર સુઝ્યો. અને આગલા પ્રકરણમાં બનેલ બનાવને ત્રીજેજ દિવસે તે અમલમાં મૂકવાનો તેમણે નીશ્ચય કર્યો. કમળ આથી તદન અજાણ્યો હતો તે હરસુખ પાસે બેઠો હતો, તેવામાં કાંઇ ઉતાવળનાં કામ માટે તેને ઘેરથી એક માણસ બોલાવવા આવ્યું. "હમણાં પાછો આવું છું !" એમ કહી કમળ હરસુખની રજા લઇ તે માણસ સાથે ઘેર ગયો, તો ઘર આગળ બે ઘોડાગાડીઓ તઇયાર ઉભેલ

તથા કાકા, મામા વિગેરે ઓટલા ઉપર ઉભા હતા. તેમની સમીપ જતાં થોડા સમય માટે મુંબઇ છોડી જવાને તેને આજ્ઞા થઇ, અને તેનેજ માટે આ સઘળી તઇયારી રાખેલ હતી. રાત્રીના આઠ વાગ્યાનો સમય હતો. મુંબઇનો મેલ લઇ જતી ગાડી બારોબર મદ્રાસ નવ વાગે કોલાબાના સ્ટેશનેથી ધારા પ્રમાણે ઉપડનાર હતી. માત્ર અરધો કલાકજ વચમાં બાકી હતો. કમળ હજી જમ્યો ન હતો, એટલે તેને જલદીથી ભોજન કરી લેવાનું ફરમાવવામાં આવ્યું. તે ચુપચુપ ઉપર ગયો, ને વસ્ત્ર ઉતારી જમવા બેઠો ! જમતાં જમતાં તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં, ને તે ખોરાક સાથે મીશ્ર થઇ જતાં તેનું પણ તેને ભાન નહોતું. બે ત્રણ મિનીટમાં તે ભોજન કરી ઉઠયો, ને કપડાં પહેરી લીધાં, અને એક વાર હરસુખને મળી આવવા માટે તેણે મુરબ્બીઓની આજ્ઞા માગી. રજા મળતાંજ તે તેના ઘર તરફ આતુરતા સહ ઉતાવળે દોડયો. આંસુ ભરી આંખે તે હરસુખને મળ્યો, પણ તે કંઇ બોલી શકયો નહીં. માત્ર "જાઉં છું !" એટલુંજ તેનાં મુખમાંથી નીકળ્યું ! "કયાં?" એ પ્રશ્ન હરસુખનાં મુખમાંથી નીકળતાં તો તે ત્યાંથી બ્હાર નીકળી પડયો ! માંદો હરસુખ પ્રત્યુત્તર ન મળતાં બીછાનામાંથી ઉઠયો, અને તેને પકડવા તેની પાછળ ઓરડામાથી બ્હાર નીકળ્યો !

"અરે કયાં જાય છે ?" તેને લથડીયાં ખાતો ઓરડામાંથી બ્હાર જતો જોઇ તેની માતાએ પૂછ્યું.

"કમળ કયાં ગયો ?" તેણે સામો પ્રશ્ન કીધો.

"એ તો આજ દેશમાં જાય છે ! જોયો તારો ભાઇબંધ ? હવે પોતાનું કાળુ મ્હોં લઇને એ આંઇ શું બેસી રહે ?" માતાએ જણાવ્યું. ને કમળ તરફ પોતાનાં હૃદયનો ઉભરો ખાલી કરવા માંડયો !

પોતાના સ્નેહિ માટે માતાનાં આવાં કઠોર વચન હરસુખથી સહન થઇ શકયાં નહીં. તેની આંખમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં, ને એક ઉંડો નિઃશ્વાસ નાંખતો તે પાછો બીછાનાપર જઇ પડયો. દસેક મીનીટ જતાં કમળને ઘેરથી એક માણસ ઉતાવળો દોડતો આવ્યો, ને હરસુખના ઓરડામાં પ્રવેશ કરી ઉતાવળે પૂછવા લાગ્યો, "કમળ કયાં છે ? પોણાનવ થઇ ગયા તેનું કંઇ એને ભાન રાખ્યું ? કયાં ? કયાં છે એ ? અક્કલ વિનાનો !"

"આંઇ તો કાંય નથી !" બૂમ પાડતા માણસને અટકાવતાં હરસુખની માતાએ ગુસ્સામાં કહ્યું, "એ આંઇથી તો કયારનોએ ગયો છે ! તમારા કમળનું અમારા હરી પાસે હવે કાંઇ કામ નથી ! એને અમારે ત્યાં ફરી મોકલશો નહીં !"

"શું અહિંયાંથી ગયા ?" માણસે આશ્ચર્યતાથી પૂછ્યું "ત્યાં તો આવ્યા નથી ! ત્યારે એ કયાં ગયા ?"

"અમને શું ખબર ? મ્હારા દીકરાને ઝેર આપ્યું પીટયાએ ! મુવો એ ! કોણ જાણે કયા કુવામાં જઇ પડયો હશે ! અમે શું જાણીએ ?" હરસુખની માતાએ ફરી પોતાનો ઉભરો ખાલી કરવા માંડયો !

માણસ ઝંખવાણો પડી ત્યાંથી એકદમ નીચે ઉતર્યો. માર્ગમાં તેને કમળને તેડવા જતો બીજો માણસ સામો મળ્યો. "કમળ હરસુખ પાસે નથી." એ જાણતાં બેઉ જણ કમળને ઘેર ખબર આપવા દોડયા. નવ વાગ્યા ! કમળ હજી પાછો ફર્યો નહીં ! ઘરના ઓટલા-

પર તેના મુરબ્બી વર્ગ તેની રાહ જોતાં બેસી જ રહ્યા, એટલામાં કમળને બોલાવવા ગયેલા માણસ હાંફતા હાંફતા ત્યાં આવ્યા અને જણાવ્યું કે, કમળ ત્યાં નથી! આ સાંભળી સર્વે ગભરાટમાં પડયાં! અને તેને શોધવાને માણસો નીકળી પડયા! કમળનાં કુટુંબમાં ગભરાટ થઇ રહ્યો!

## પ્રકરણ ૭ મું.

### કમળનો અંત!—છેવટ.

શોધ કરતાં દસ બાર દિવસ વીતી ગયા, પણ કમળની કયાંયથી પણ ભાળ મળી નહીં. ઠેકાણે ઠેકાણે બ્હાર ગામોમાં પણ તેની તપાસ માટે માણસો મોકલવામાં આવ્યા, પણ તેમની તરફથી પણ નિરાશાનાજ ખબર મળ્યા! દુઃખી માતપિતા તથા સંબંધી વર્ગનો ઉત્પાત ત્યાં દિન પ્રતિ દિન વધતોજ ગયો. નિરાશાની છાપ દર પળે તેમનાં મુખપર વધારે પડતી જતી હતી. કમળની બ્હાવરી બનેલ માતા તથા પત્નિનું છાતી ફાડી નાંખે તેવું કલ્પાંત ન જોઇ શકાય તેવું હતું! વાંચનાર! ટુંકમાં કમળનાં આ સંબંધીઓની સ્થિતીનું વર્ણન કરવા અમારી કલમ અશક્ત છે!

પ્રાતઃકાળનો સમય હતો. કમળને ગુમ થવાને આજ બાર દિવસ થઇ ગયા હતા. કમળના પિતા ઉદાસ ચ્હેરે "હવે શું કરવું?" એનો વિચાર કરતા પોતાના બે ત્રણ સંબંધી સાથે પોતાના ઘરમાં બેઠા હતા. એક જણ તરતનુંજ આવેલ "ભીમસેન" પત્ર વાંચતો હતો. એકાએક તેની નજર "એક મળી આવેલી લાશ" એવા મથાળા નિચેના લખાણપર પડી, અને તે એકદમ બોલી ઉઠયો, "અરે, અરે! આ શું?"

સર્વનું ધ્યાન તે તરફ ખેંચાયું, અને તે ઉતાવળે વાંચવા લાગ્યો:—

શાંતાપુરી તા૦ * * *

"**એક મળી આવેલી લાશ**—નામ ઠામ નહીં જણાયલા એક ઓગણીશેક વર્ષના યુવાનની લાશ આનંદસાગરના તળાવમાંથી મળી આવી છે. શરિરનો બાંધો સ્હેજ નબળો છે. કદ સાધારણ ઉચું છે તળાવની પાળપરથી કપડાનું એક પોટલું મળી આવેલું છે, તેમાંથી તેના સંબંધીઓપર લખેલા ત્રણ કાગળો મળી આવ્યા છે. પણ તેમાં કોઇનું નામ લખેલું ન હોવાથી તે હાલ તો ઉપયોગ વગરના છે. લાશ કોઇ ઉંચ વર્ણના હિંદુની હોવાથી ઓળખાવા માટે શાંતાપુરીની સરકારી હોસ્પીટલમાં ખુલ્લી મૂકવામાં આવી છે."

આ ખબર સાંભળતાં સાંભળતાં કમળના પિતાને એક સખત ધા લાગ્યો. તેને મૂર્છા આવી ગઇ! મૂર્છા વળતાં ત્યાં શોક છવાઇ રહ્યો. તરતજ એક માણસને શાંતાપુરી લાશ ઓળખવા માટે મોકલવામાં આવ્યો. અને અફસોસ! અમારે દીલગિરી સાથે કહેવું પડે છે કે, તે કમળનીજ લાશ હતી! વસ્ત્રની ગાંસડીમાંથી મળેલાં તેનાં માતપિતા, તેની પત્નિ અને સ્નેહિ હરસુખ ઉપર લખેલ ત્રણ પત્રોથી કમળનાં કુટુંબીઓની કેવી દુઃખદ સ્થિતિ થઇ હશે તે વાંચનારેજ વિચારી લેવાનું છે! કમળના આત્મઘાત સંબંધી ખરૂં કારણ બ્હાર ન આવતાં લોકોમાં કંઇક પ્રકારની અફવાઓ ચાલી રહી, અને જેમ જેનાં મનમાં આવ્યું તેમ બોલવા લાગ્યાં, પણ આપણી

વાર્તા સાથે હવે તેને શો સંબંધ છે ! વાર્તાના નાયકનો સંસારમાંથી અસ્ત થતાં હવે તેની પાછળ લોકો શું બોલવા લાગ્યાં, તે જ જણાવી વાંચનારનાં કોમળ અંતઃકરણને દુઃખવવા અમે ઇચ્છતા નથી. કમળનાં દુઃખી માતપિતા તથા પત્નિ વિગેરેની શોકમય સ્થિતિનો વિશેષ ચિતાર વાંચનારને ન આપતાં આ વાર્તામાં આવેલ અન્ય પાત્રોની પૂર્ણતા કરી અમે આ લેખથીજ વાર્તાની સમાપ્તિ કરીશું.

નીચ, વ્યભિચારિણી અને આ વાર્તાનું આવું દુઃખદ પરિણામ આણવાને મૂળ કારણ રૂપ થઇ પડેલ કેશર, સંસારમાં પોતાને સુખી થયેલ માને છે, અને એક પુત્રને મ્હોટા આનંદથી આજ પોતાના ખોળામાં રમાડે છે.

**સુશીલા** પોતાના પિતા સંગે **જબલપોર**માં ગયા પછી થોડા સમયમાંજ કમળને વીસરી ગઇ, અને પોતાની સંગે ભજન ગાનાર આવેલ **નમાલો** સુધરી જઇ માલુમ(?) થવાથી તેની સંગે પુનર્લગ્ન કરી સંસારમાં જોડાઇ તેની સંગે સુખી જીંદગી ગુજારે છે! વાંચનાર ! આ શું સંસારની વિચિત્રતાનું જ પરિણામ નહીં ?

પોતાનો મિત્ર ખોયાથી **હરસુખ** અનહદ દુઃખી થયો, પણ જેમ તેમ પોતાનો વિદ્યાભ્યાસ આગળ વધારી છેવટે યુનીવર્સીટીની ચ્હડતામાં ચ્હડતી **"એમ. એ."** ની પરિક્ષા પસાર કરી, પોતાના મૂળ વતન **સુદામાધામ**માં મ્હોટી પદ્વીની સરકારી નોકરીમાં જોડાયો! પણ સ્નેહિ કમળ અને તેના સંબંધમાં બનેલ બનાવની છાપ તેનાં હૃદયમાંથી ગઇ નહીં. કમળની છબી ઉપરથી એક મ્હોટી છબી ચીતરાવી પોતાના રીડીંગ રૂમમાં તેણે રાખી હતી, અને ઘણી વાર તેની સામે એક નજરે જોઇ તે એકાંતમાં આસું સારતો હતો.

કમળની સ્ત્રી **સુબુદ્ધિ** ભક્તિમાર્ગમાં લીન થઇ ગઇ, અને થોડા સમયમાં પતિના પુનઃર્જન્મમાં પગ સેવવાને આ સંસાર છોડી ગઇ !

કમળના માતપિતાનું દુઃખદ વર્ણન કરવાને અમે કેવળ અશક્તજ છઇએ !

વાંચનાર! એજ અલબેલી મુંબઇ નગરી હજી છે! એજ કમળના પિતા પોતાનો ઉદ્યોગ ચલાવે છે! એજ તેની માતા પોતાના પુત્ર શોકમાં રાત્રીદિવસ અશ્રુ સારે છે! એજ **દયાળદાસ** પોતાના બાળક પુત્રને રમાડતો, પોતાની પત્નિની કૂચાલને વીસરી જઇ આનંદમાં કાળ નિર્ગમન કરે છે! એજ વ્યભિચારિણી કેશર જેવી ને તેવીજ છે! એજ **મનહર** અને **મોતીરામ** સંસારની વિચિત્રતામાં રમતાં મુંબઇમાં મહાલે છે! ટુંકમાં આપણી આ નવલ કથાની રંગભૂમિપર આવેલ સર્વ પાત્રો જેવાં ને તેવાંજ છે! પણ માત્ર એકલો કમળજ પોતાના સંબંધી, સ્નેહીવર્ગને હંમેશ માટે છોડી ગયો છે!

વાંચનાર! હવે વિશેષ શું જોઇયે ! વાર્તાનું છેવટે આવું શોકજનક પરિણામ આણવા, માટે અમે ખરેખર દીલગિર છઇએ. અને તે માટે સુજ્ઞ વાંચકવર્ગની ક્ષમા માગીયે છઇએ! તથાસ્તુ!

**સમાપ્ત.**